
Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# ચૈતન્યામૃત રસિયા



## પૂજ્ય શાન્તાબેન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# ચૈતન્યામૃત રસિયા પૂજ્ય શાન્તાબેનની અમૃતમય વાણી

—: પ્રકાશક :—

શ્રી જૈન મુમુક્ષુ મહિલા મંડળ

કહાનનગર, લામ રોડ,

દેવલાલી

અંતર્ગત

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ

કહાનનગર, લામ રોડ, દેવલાલી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦

કિંમત રૂા. ૨૫--૦૦

વીર સંવત ૨૫૩૫; વિ.સં. ૨૦૬૫
પૂજ્ય શાન્તાબેનની ૧૦૦ મી જન્મજયંતિ
ફાગણ સુદી ૧૧, પ્રસંગે ૭ માર્ચ ૨૦૦૯

**પ્રાપ્તિસ્થાન :**

(૧) પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
કહાનનગર, લામ રોડ, દેવલાલી
ફોન નંબર : ૯૫૨૫૩--૨૪૯૧૦૪૪

(૨) શ્રી દિગંબર સીમંધર જિનાલય
૧૭૩--૧૭૫, મુંબાદેવી રોડ,
મુંબઈ--૪૦૦ ૦૦૨ (ફોન નં.--૨૩૪૨૫૨૪૧)

ટાઈપ સેટીંગ
અશોક મહેતા : શ્રી કહાન કોમ્પ્યુટર્સ—મુંબઈ
ટે. નં.-- ૨ ૮ ૨ ૮ ૦ ૮ ૭ ૨

મુદ્રક : મરક્યુરી પ્રિન્ટર્સ,
બી—૨૦૨, ઓક્ષફર્ડ એવન્યુ, સી. યુ. શાહ કોલેજ સામે,
આશ્રમ રોડ, પોસ્ટ નવજીવન અમદાવાદ--૩૮૦ ૦૧૪.
(મો) ૯૩૨૭૦ ૦૭૦૧૬.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# અમારી વાત

## અનુભવ ચિન્તામણી રતન, અનુભવ હૈ રસકૂપ
## અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ

## ધન્ય તે સમ્યક્દષ્ટિ ધર્માત્માઓને

પરમ વીતરાગી સર્વજ્ઞ દેવાધિદેવ શ્રી સીમન્ધર સ્વામીનો સાક્ષાત્ સંદેશો લાવનાર શ્રી કુન્દકુન્દાચાર્યદેવની મધુર કૃતિઓ શ્રી સમયસારાદિ અનેક ગૂઢ રહસ્યોથી ભરેલા લિપીબદ્ધ શાસ્ત્ર, જિનાગમો આપણા હાથમાં આવી ગયા. તે આપણા સૌના અહો ભાગ્ય ખીલ્યા છે.

આ વિષમ પંચમકાળમાં પણ ચોથો ધર્મકાળ સમાનમાં એક મહાપુરુષનો ઉદય થતાં સોનગઢને સોનાના ગઢને સોનાના વર્કથી લેપાય જવાથી સુવર્ણપુરી તીર્થધામ દિપી ઉઠ્યું છે.

પૂજ્ય શ્રી કાનજીસ્વામીની વાણી પરમ વીતરાગમય, વૈરાગ્યમય, ગંભીર રહસ્યમય ઝરતી ભેદજ્ઞાનના સૂર સંભળાવતી મુમુક્ષુઓને મુગ્ધ કરે છે, ભવ્ય જીવો તેનું રસાસ્વાદન કરે છે.

આ સિંહ સમાન ગર્જના કરતી વાણી સાંભળવા માટે પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન જેવા નિકટ મોક્ષના મોતીઓ સોનગઢમાં સ્થાયી થયા હતા. પૂજ્ય ગુરુદેવ કહેતા કે બંને બેનો એવી ટગટકી લગાવીને સાંભળે છે ! તેઓ મોક્ષના મોતી છે. નિકટ ભવી જીવો છે. તેઓની આંખોની ચેષ્ટા ઉપરથી તેઓનો ઉત્સાહ અને વિનય દેખાઈ આવે છે.

સોનગઢનના સંત કહાનગુરુદેવના શાસન પ્રભાવનાને દિવ્યપણે નિશ્ચય અને વ્યવહારથી બંને બેનોએ ખૂબ જ દીપાવ્યું છે. તેઓને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અપાર ભક્તિ હતી.

પૂજ્ય ગુરુદેવની ભેદજ્ઞાનરૂપી અમૃત વાણીથી બંને માતાઓએ આત્મા—સાક્ષાત્કાર કરી સ્ત્રી પર્યાયનો છેદ કરી લીધો છે.

**'ધન્ય છે તેઓની આત્મીય દશાને'**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આ બંને ધર્માત્માઓની નિશ્રામાં બાલ બ્રહ્મચારી બહેનોને પણ આત્મીય સંસ્કારનું સિંચવન મળતા બેટી તુલ્ય વાત્સલ્ય પ્રેમ મળ્યો છે.

જ્ઞાની ધર્માત્મા પુરુષોના જીવન પણ ધન્ય છે કે જેને પ્રત્યક્ષ સમાગમ મળ્યો છે. ભગવતી માતાઓની હર એક પ્રવૃત્તિમાં અમોને ભેદજ્ઞાન જ ભાસીત થતું હતું. તેઓશ્રીના સમાગમમાં શ્રી દેવ-ગુરુ-શાસ્ત્ર ગુરુ પ્રત્યે તન-મન-ધનથી ભક્તિનું તથા પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અહોભાવથી ભક્તિ કરતા અમોને શીખવાડતા હતા, તથા શાસ્ત્રસ્વાધ્યાય, કંઠપાઠ તેમજ અનેકવાર તત્ત્વચર્ચાનો લાભ અપૂર્વ મળતો.

જ્ઞાનીઓના વચનામૃતની તથા સ્વયંની નિજી ડાયરીમાં ઘણા ઘણા પ્રસંગોની યાદીઓ વગેરેની મહિમા આવવાથી આ પુસ્તક તૈયાર થયેલ છે.

પૂજ્ય બેન 'શાન્તાબેન'—જેવું નામ તેવા ગુણો જોવા મળતા, તેવો ઉલ્લેખ બાબુ યુગલજી (કોટા) કહેતા હતા.

ધર્મમાતા પૂ. શાન્તાબેનની ૧૦૦ મી જન્મ જયંતિના ઉપલક્ષમાં— ''ચૈતન્યામૃત રસિયા'' પૂ. શાન્તાબેનનું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જે આત્માર્થીને પુરુષાર્થમાં પ્રેરણારૂપ થાશે એ હેતુથી આ પ્રકાશન કર્યું છે.

આ પુસ્તકમાં પંડિત અભયકુમાર શાસ્ત્રી તથા બ્ર. હેમચંદ્રજીએ યથાયોગ્ય સલાહ સૂચન કર્યું છે તેમજ બંને પંડિતોએ પ્રુફ રીડીંગ બહુ ટૂંક સમયમાં કરી આપ્યું છે તે બદલ તેઓના અમે આભારી છીએ.

પુસ્તકના ટાઈપ સેટીંગ માટે અશોકભાઈ મહેતાએ યથાશ્રમ લઈને ચીવટથી કાર્ય કરી આપ્યું તે બદલ આભારી છીએ, તથા સમય પર મુદ્રણ કામ માટે મરક્યુરી પ્રિન્ટર્સ અમદાવાદે કરી આપ્યું તે બદલ આભારી છીએ.

અંતમાં 'ચૈતન્યામૃત રસિયા પૂજ્ય શાન્તાબેનના' પુસ્તકમાં જ્ઞાનીઓએ અનુભવ કરવાની વિધિ બતાવી છે તે ભાવો વાંચી આપણે સૌ ચૈતન્યામૃતનું રસ પાન કરી આપણું જીવન સાર્થક બનાવીએ એ જ ભાવના છે.

**અમે આપના બાળકો—**

**જૈન મુમુક્ષુ મહિલા મંડળ, કહાનનગર, લામ રોડ, દેવલાલી.**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પેઈજ નંબર |
|---|---|---|
| ૧. | શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર | ૧ |
| ૨. | સાધકની તીવ્ર ઝંખના | ૨ |
| ૩. | શ્રી જિનેશ્વરની દિવ્ય ધ્વનિ | ૨ |
| ૪. | ધન્ય શ્રી મુનિરાજની વૈરાગ્યદશા | ૪ |
| ૫. | પરમ કૃપાળુ ગુરુદેવનો મહિમા | ૧૨ |
| ૬. | જ્ઞાયકદેવમાં લીનતા | ૧૩ |
| ૭. | પૂજ્ય શાન્તાબેનના હસ્તાક્ષરની કોપી | ૧૪ |
| ૮. | પૂજ્ય શાન્તાબેનના હસ્તાક્ષરો | ૧૫ |
| ૯. | નિર્વિકલ્પદશામાં શુદ્ધાત્માનો અદ્ભૂત મહિમા | ૧૬ |
| ૧૦. | પૂજ્ય બેન શાન્તાબેન—નિર્વિકલ્પદશા પહેલાની સવિકલ્પદશાની સ્થિતિ | ૧૮ |
| ૧૧. | પૂજ્ય બેનશ્રી ચંપાબેને પૂજ્ય ગુરુદેવ ઉપર લખેલો પત્ર | ૨૧ |
| ૧૨. | આત્માર્થીઓને મધુર સંબોધન | ૨૨ |
| ૧૩. | પૂજ્ય બેન શાન્તાબેનના હ્રદયોદ્ગાર | ૨૮ |
| ૧૪. | શ્રુતપંચમી | ૩૫ |
| ૧૫. | આત્મ અનુભવ કરવાની વિધિ | ૩૬ |
| ૧૬. | શ્રી કહાન ગુરુવર જીવન દર્શન | ૩૮ |
| ૧૭. | પરિવર્તન સંબંધી પૂજ્ય બેને લખેલા પત્રો | ૫૧ |
| ૧૮. | આસો વદ ચોથના પૂજ્ય ગુરુદેવના પ્રવચનનો અંશ | ૮૧ |
| ૧૯. | ધર્મમાતાઓ પૂજ્ય બેનશ્રી તથા પૂજ્ય બેન | ૮૪ |
| ૨૦. | પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષર | ૮૪ |
| ૨૧. | પૂજ્ય બેન શાન્તાબેનના હસ્તાક્ષર | ૮૫ |
| ૨૨. | પૂજ્ય શ્રી કૃપાળુ ગુરુદેવના મુખે નિકળેલ અમૃતમય વચનો | ૮૮ |
| ૨૩. | પૂજ્ય ગુરુદેવે બંને બેનોના સમ્યગ્દર્શન માટે કરેલી કસોટી (પાંચ પ્રશ્નો) | ૮૯ |
| ૨૪ | સમ્યગ્જ્ઞાન બંને બેનોને છે. (પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તાક્ષર) | ૯૦ |
| ૨૫ | પૂજ્ય ગુરુદેવે પૂછેલા પાંચ પ્રશ્નો (હસ્તાક્ષરમાં) | ૯૧ |


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

૨૬. પજ્ય ગુરુદેવે પૂછેલા પાંચ પ્રશ્નોની કોપી .................. ૯૨
૨૭ પૂજ્ય ચંપાબેન દ્વારા લખાયેલા ઉત્તરો........................ ૯૩
૨૮ પૂજ્ય શાન્તાબેન દ્વારા લખાયેલા ઉત્તરો...................... ૯૬
૨૯. પૂજ્ય બેન સાથે તત્ત્વ ચર્ચા.................................. ૧૦૧
૩૦. બ્રહ્મચર્ય વિષે બંને બેનોનું સંબોધન ........................ ૧૩૫
૩૧. વૈરાગ્ય પ્રસંગે પ્રેરણા.......................................... ૧૪૨
૩૨. પૂજ્ય બેન શાન્તાબેન જીવન કથા .......................... ૧૫૪
૩૩. પૂજ્ય ગુરુદેવના હ્રદયોદ્ગાર ................................ ૧૬૭
૩૪. પ્રતિકૂળ સંયોગમાં અકંપ જ્ઞાની.............................. ૧૬૮
૩૫. ધીરજ સ્વભાવી દેવ.... ભજન પૂ. બેન ................... ૧૭૩
૩૬ કર્મનો તીવ્ર ઉદય આવતાં પણ જ્ઞાનીની અકંપદશા...... ૧૭૪
૩૭. પૂજ્ય ગુરુદેવના સ્વાધ્યાયમાંથી ચૂંટેલા સિદ્ધાંતો .......... ૧૭૭
૩૮. પૂજ્ય ગુરુદેવની ઉપસ્થિતિમાં થયેલ
દિગંબર જૈન મંદિરોની પ્રતિષ્ઠા............................. ૧૯૧

❁

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ॐ

પૂર્ણજ્ઞ પ્રાપ્ત ણમો અરિહંતાણં
અનંત જ્ઞાન અનંત આનંદ–
અશરીરીપદ પ્રાપ્ત ણમો સિદ્ધાણં
પરમ રત્નત્રય પ્રાપ્ત વિશિષ્ઠ
જ્ઞાન પ્રાપ્ત ણમો આયરિયાણં
પરમ રત્નત્રય પ્રાપ્ત દ્વાદશાંગના
જ્ઞાતા ણમો ઉવજ્ઝાયાણં
પરમ રત્નત્રય પ્રાપ્ત પરમ આત્મ–
સમાધિ પ્રાપ્ત ણમો લોએ સવ્વ સાહૂણં

**પંચ પરમેષ્ઠી ભગવંતોને વારંવાર નમસ્કાર હો.**

ધન્ય છે તે અરિહંત–સિદ્ધ ભગવાન જેઓ પોતાની પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરીને કૃતકૃત્ય થયા છે, તેમને વારંવાર નમસ્કાર હો.

આચાર્ય–ઉપાધ્યાય–સાધુ ભગવંતો પણ પોતાની પૂર્ણ શુદ્ધતાની નજીક પહોંચી ગયા છે, તેમને વારંવાર નમસ્કાર હો.

શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ આત્માર્થતા–વિશેષપણે વધારવા યોગ્ય છે. શ્રી સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે પોતાના ઉપયોગને વારંવાર અવિનાશી ધ્રુવપદમાં જોડવા યોગ્ય છે. પંચ પરમેષ્ઠીનું સાચું સ્વરૂપ પોતાના આત્માને જાણવાથી જ જણાય છે.

પ્રથમ શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ નો આદર બહુમાન આવે ત્યારે જીવ પાત્ર થઈ શકે. શાસ્ત્ર સ્વાધ્યાય અને વૈરાગ્યથી મિથ્યાત્વના રસ મંદ પડે છે. આત્માર્થીએ જેમ બને તેમ શાસ્ત્ર સ્વાધ્યાય-ભક્તિ-વૈરાગ્ય વધારવા જેવા છે. દરેક આત્માર્થીએ બધા પ્રત્યે ઉપેક્ષા ભાવ જ રાખવા યોગ્ય છે.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## સાધકની તીવ્ર ઝંખના

હે સિદ્ધ ભગવાન! આપ સિદ્ધ થઈ ગયા, અને અમારી સિદ્ધતા માટે આપ સાધ્ય બનો એવી ભાવના ભાવતાં અમે સિદ્ધ થઈએ તે પૂર્ણ થાવ. અમારો આત્મા આપના જેવો સિદ્ધ થઈ જાય અને અશરીરી થઈએ—વ્યાધિ રહિત થઈ, જન્મ-મરણ રહિત થઈ, એકલો જ્ઞાનથી જ્ઞાયકનો આનંદ સ્વરૂપ એ જ હોજો. હે સિદ્ધભગવાન! હે નાથ! આપે જે પ્રગટ કર્યું તે અમને શીઘ્ર પ્રગટ હો તે જ અમારી ઝંખના.

## શ્રી જિનેશ્વરની દિવ્ય ધ્વનિ

શ્રી જિનેશ્વરદેવની વાણી મહાભાગ્યથી તથા મહાપુણ્યોદયે મળે છે. માટે હવે અવિચ્છિન ધારાએ—તીક્ષ્ણ ધારાએ જ્ઞાનમાં લઈ લેજો, હવે તું પ્રમાદ નહીં કરતો, આ પ્રમાદ ચોર ઉભા છે. પ્રમાદનો આશ્રય નહિં લેતો પરંતુ સ્વભાવનો આશ્રય કરી જિનેશ્વરદેવના માર્ગનો આશ્રય કરજે.

મોહ શત્રુ ઉપર અતિ દ્રઢતાથી પ્રહાર કરજે. દ્રઢતામાં પોતાના ચૈતન્ય આત્માની શ્રદ્ધા તીવ્રતાથી કરજે, કે જિનેશ્વરનો માર્ગ આ જ છે અન્યથા, બીજો કોઈ માર્ગ નથી.

‘ઉપયોગને ચૈતન્ય તરફ વાળવો તે જ અસિધારા છે.’

અનંતવાર જિનેશ્વરદેવની વાણીને પામ્યો, પરંતુ તેં તારા સ્વભાવનો પુરુષાર્થ કર્યો નહીં, અસિધારાએ જે પુરુષાર્થ કરવો જોઈએ કે જે મોહ-રાગ-દ્વેષ પર ઉપયોગને પટકવો જોઈએ, તે તેં ન કર્યો, અંદર સ્વભાવમાં પટકાવવો—ઉપયોગને અંદરમાં ઝંપલાવવો; બહાર ઉપયોગ દોડે છે, ત્યાંથી પાછો વાળીને પોતા તરફ ઝંપલાવવો, ત્યારે મોહ-રાગ-દ્વેષ ક્ષય પામે છે. અનાદિથી તેં આ કર્યું નથી. બાકી તારા પુણ્યે આ બધું પ્રાપ્ત થયું, હવે આ કરી લે તે જ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

બાકી રહ્યું છે. આ કરવાથી તારા સંસારનો અલ્પકાળ જ રહેશે, – ભવસાગરનો કિનારો સામે દેખાય છે તેનો અંત આવી જશે અને તારા સ્વરૂપની પ્રાપ્તિ થશે, આ રીતે જિનેશ્વરની વાણીમાં આવ્યું.

**''જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.''**

મહાપુરુષનો યોગ થવો તે મહાભાગ્ય છે, તેમની તત્ત્વરસથી ભરપૂર ભરેલી વાત સાંભળવા મળી તે પણ મહાભાગ્ય છે. આપણે તેમની વાણીમાં કહેલ તત્ત્વને ગ્રહણ કર્યું તે મહદ્ મહદ્ ભાગ્ય છે. અહો! ગુરુદેવે આપણા ઉપર પરમ પરમ ઉપકાર કર્યો છે. શ્રી જિનેન્દ્રદેવનું અદ્‌ભૂત સ્વરૂપ સમજાવ્યું, એટલું જ નહિ પરંતુ સાક્ષાત્ શ્રી જિનેન્દ્રદેવના ભેટા કરાવ્યા. બનારસીદાસજી કહે છે કે **''કહત બનારસીદાસ અલ્પભવ સ્થિતિ જાકી–સો જિન પ્રતિમા પ્રમાણી જિન સારખી.''**

''એવા સાક્ષાત્ જિનેશ્વરદેવના ચરણોમાં આવ્યા, દિવ્ય ધ્વનિમાં આવેલા ભાવોથી શાસ્ત્રો ભર્યા હતા, તે ચારે અનુયોગના સૂક્ષ્મ ભાવો અનોખી રીતે અપૂર્વ રીતે સમજાવ્યા. નિર્ગ્રંથ દિગંબર ગુરુઓનું સ્વરૂપ અનોખી રીતે સમજાવ્યું. આ રીતે આપણને શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુઓનું સ્વરૂપ ગુરુદેવે ઘણી જ કરુણા કરી હૃદયના ભાવો ખોલીને બતાવ્યા. તે ગુરુદેવનો ધન્ય ઉપકાર કોઈ કાળે ભૂલાય તેમ નથી.

ભગવાન સર્વજ્ઞદેવની વાણીમાં શું આવ્યું? તેમ પાત્ર જીવો તલસે છે, એવી જિજ્ઞાસાથી ચાતકની જેમ તલસે છે. 'જેમ ચાતક મેઘની વાટ જુએ છે.' તેમ એવી જિજ્ઞાસાથી મુમુક્ષુતાથી આત્માર્થી તૈયાર હોય છે, લાયક જીવ હોય તે ગ્રહણ કરે છે. તેવા જીવો માટે ભગવાનની વાણીમાં એવા ભાવ આવે છે. તેવા જ ભાવ ગણધરોની વાણીમાં પણ છે. આચાર્ય પરંપરા ભગવાનની વાણી આવે છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ બધા મુનિરાજે શાસ્ત્ર રચના કરી

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



છે, તે જાણે ખાસ કરીને આપણા ગુરુદેવ માટે જ કરી હોય!! આ બધા શાસ્ત્રો તે દિગંબર આચાર્યોના શાસ્ત્ર છે. તેમાં કેટલા ભાવો ભર્યા છે, તે વાંચન કરી, ગ્રહણ કરી ભાવ કાઢી માલ ગ્રહણ કરી આપણને આ શાસ્ત્રોમાં આટલો માલ ભર્યો છે તેવા ભાવ બતાવ્યા છે. ગુરુદેવે વાંચતા શીખવાડ્યા, વિચારતા શીખવાડ્યા, ખાતા શીખવાડ્યા, આનંદ લેતા બધું ગુરુદેવે શીખવાડ્યું આટલો બધો માલનો ખજાનો તારામાં ભર્યો છે. ૪૫ વર્ષમાં થોકેથોક માલ આપણને આપ્યો છે, તે આનંદપૂર્વક એની આરાધના કરવી, એનું ચિંતવન—મનન કરવું અને સતત આરાધના કરવી. આચાર્યદેવો તે માલ આપણા ગુરુદેવ માટે મૂકી ગયા છે.

જેમ કાંડુ (હાથ) પકડીને જગાડે તેમ આપણને જગાડ્યા છે કે આ દિગંબર માર્ગ તે જ સત્ય માર્ગ છે.

**શ્રુતાનંદી જ્ઞાન-ગંગા વહેવડાવનાર શ્રી ગુરુદેવના ચરણોમાં ભક્તિથી નમસ્કાર હો.**

## ધન્ય શ્રી મુનિરાજની વૈરાગ્યદશા

ભગવાન શ્રી વીતરાગદેવ તો ગંભીર છે. પરંતુ આચાર્ય ભગવાન પણ સાગરવર ગંભીરા એવા ગંભીર હોય છે. રોમરોમમાં ગંભીરતા ભરી છે, બધી વાત પોતામાં સમાવી દે છે. ઉપસર્ગ આવે તેનો કાંઈ ડર નથી. અનંતી સમતા ધારણ કરીને બેઠા છે. ‘જેમ હાથી પર કાંકરી’ સહજપણે સમતાને ધારી લીધી છે. ધણા ગુણના ધારક આચાર્ય શાસનના નાયક કહેવાય છે.

**ઉપાધ્યાય** :—પઢે અને પઢાવે તેમના વચન સાંભળતા મિથ્યાત્વ અને કષાય નાશ થઈ જાય એવા અમૃત વચન તેઓના હોય છે. ભણે અને ભણાવે; બીજાને એકદમ શાંતિ થાય. અતિશયયુક્ત વચન પુણ્ય પ્રભાવવાળા અને ગુણ પ્રવર્તકવાળા છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સંઘને ધર્મ પ્રભાવના થાય. ધર્મની વૃદ્ધિ થાય, એવા યોગ્ય દેશ-કાળને જાણવાવાળા છે.

**સાધુ** :—પ્રવર્તક સાધુ : એમના ગુરુ તો ભગવાન જ હોય બીજા કોઈ ન હોય, અંગ પૂર્વના જાણનાર જે આચાર્યમાં હોય તે બધા ગુણો હોય છે. ગંભીરપણું છે. મુદ્રા પરથી લાગે કે આ સંઘના **મહાન નેતા** છે. ધીર ગંભીર છે એવા વિચક્ષણ હોય, ગુણવાન હોય, પુણ્યશાળી હોય એવા બુદ્ધિશાળી હોય, ચારિત્રવાન—શીલવાન હોય, એમ થાય કે શરીર પરથી જ આચાર્યાદિ મુનિરાજ જણાય આવે. મુદ્રા પરથી જ ભવિજીવ સમજી જાય કે આ મહા સમર્થ આચાર્ય છે. **આખો સંઘ તેઓને સ્વીકારે છે.** ચારે સંઘ પ્રત્યે વાત્સલ્ય હોય છે. ઉપશાંત, ધૈર્યવાન વગેરે ગુરુપદને યોગ્ય હોય છે. આત્મ ધ્યાનની કેવી સુંદરતા અને કેવો દેખાવ લાગતો હશે? આવા આચાર્યદેવના દર્શન કરવાનો પણ સુઅવસર ક્યારે પ્રાપ્ત થાય? આજે વર્તમાનમાં પણ આવા ટોળા વિચરતા હોય છે. ભાવ બહુ શુદ્ધ.....શુદ્ધ.....શુદ્ધ તેવા ભાવલિંગી મુનિરાજના સંગમાં રહેવાનું તો ન મળ્યું પરંતુ તેમના દર્શન પણ ન મળ્યા, આ પંચમકાળમાં આવી ગયા, પ્રભુ! ભાવથી નમસ્કાર કરીએ છીએ અમારા ભાવ આપના ચરણમાં છે, હવે અમારું દ્રવ્ય આપના ચરણોમાં પહોંચી જશે.

વનમાં વિચરતાં કોઈ ચિંતા જ નથી, આ શરીરથી છૂટા થઈ વનમાં બધા ભેગા થઈ બેઠા છે, એવી અપરિગ્રહીદશા, એવી અકષાયદશા, કેવી વીતરાગી દશા, એવી જગતથી નિરપેક્ષ દશા પ્રાપ્ત થાય ત્યારે વીતરાગતા પ્રાપ્ત થાય. પોતે સ્વયં વિચારે છે કે હવે વિલંબ કરવો પોષાય તેમ નથી. વિલંબ કરવાનો સમય નથી.

ધ્યાનાદિમાં જતન કરી ધીરે-ધીરે આ સંન્યાસ તરફ જવું એ જ મારું કાર્ય છે. એવો નિશ્ચય કરવો કે મારે સમાધિમાં લીન થવું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જ છે. આ દેહ છૂટવાનો જ છે. માટે ભક્તપ્રત્યાખ્યાન વિધિથી મારે સમાધિપૂર્વક દેહ છોડવો તેમાં મારું કલ્યાણ છે. મારી સ્મૃતિ તરુણ તાજી રહે એ નિર્જરા થાય, મારું મન જરાપણ વિચલિત થાય નહિ એવી આરાધના વિશેષ વધે એ સલ્લેખના ધારણ કરવી. રત્નત્રયની ભાવના વૃદ્ધિગત થાય એવી સરસ વાત છે.

મહામુનિરાજો પોતે આવી સલ્લેખના ભાવના કરે છે તે સાંભળતા સાંભળનારને પણ સલ્લેખનાની ભાવના વૃદ્ધિ થાય એવું બળ મળે છે. ચારિત્રની રક્ષા કરી છે, સંયમ પાળ્યો છે, શિષ્યો વધાર્યા છે, હવે હું સલ્લેખનામાં પ્રવેશ કરું છું. એમાં મારા સમ્યક્ત્વ આદિની પ્રતીતિ નિર્મળ રહે! એવી રીતે આગળ વધું છું, બધા કર્મો ક્ષય થઈ જાય તેવો ઈચ્છુક છું.

**જગતને ધર્મ સન્મુખ પ્રવર્તન કરનાર મહામુનિનો જય હો.**

**શરીરને ચલાવીને સમાધિનગર પહોંચાડી દઈએ. એ જ ભાવના.**

**ધન્ય તે આરાધક સંતોનો જય હો.**

મહામુનિરાજ એવી પ્રતિજ્ઞા કરે છે તે પ્રમાણે જો આહાર મળે, શ્રાવક ભક્તિભાવ દ્વાર—પ્રેક્ષણ કરે અને એના ઘરમાં જો કળશ હોય, મહિલા કળશ રાખીને બહાર ઉભી હોય, તે પ્રમાણે જો આહાર દે, લુખા આહારની જ વધારે ભાવના હોય તેવા દંડ સહિત આહાર લે છે. કેવી નિઃસ્પૃહતા છે. આત્માના સ્વભાવનો આનંદનો એટલો બધો રસ વધી ગયો છે કે કેવળજ્ઞાનની ભૂમિકા છે. મુનિરાજ એટલે કેવળજ્ઞાનની તળેટી છે, કેવળજ્ઞાન પામશે કે પામ્યા, એટલી બધી ધ્યાનમાં લીનતા છે. આ મહાતપસ્વી એવી દશાને પ્રાપ્ત થયા છે એ વન જંગલમાં વિચરતા મુનિરાજને ચિદાનંદનો રસ, જ્ઞાયકનો રસ વધી ગયો છે, એટલે શરીરનો રસ ઘટી ગયો છે. શરીર પ્રત્યે ઉપેક્ષા થઈ ગઈ છે, કે વાઘ-સિંહ શરીરને ખાય તો પણ આર્તધ્યાનના પરિણામ થતા નથી. પરંતુ શુક્લધ્યાનમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



લીન થઈ કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે એવી ભૂમિકા છે. એ દશાને ધન્ય છે. એવા મુનિરાજ જ્યાં વિચરતા હશે તે દેશને પણ ધન્ય છે! તે ગામને પણ ધન્ય છે! તે કાળને પણ ધન્ય છે.

ખરેખર આવા સાચા તપસ્વી જ સાચા ગુરુ કહેવાય, તે પાંચ ઇન્દ્રિયોની આકાંક્ષાથી નિવૃત્ત છે, કોઈ પ્રકારની લોલુપતા, તૃષ્ણા, આકાંક્ષાથી રહિત નિરાકુળ અતીન્દ્રિય આત્માના સ્વરૂપને પ્રાપ્ત થયા છે.

* ચૈતન્યધારી મહાપુરુષો જે સિદ્ધ થવાના કામી છે, તે જ આત્માની પૂર્ણતાને પ્રાપ્ત કરવાના કામી છે. બીજી વસ્તુ પ્રત્યે ઉદાસીનતા છે, લગની એક આત્માને જ પ્રાપ્ત કરવાની છે, કે દિવસ-રાત આત્માના જ ઉપયોગમાં લીનતા રહે છે. ગુરુદેવ કહેતા હતા એ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની ભૂમિકા હોય તો જ મુનિપણું હોય. નિર્ગ્રંથપણું એ ભૂમિકા છે. આ ભૂમિકામાં જ કેવળજ્ઞાન પ્રગટ કરે છે, એવા પુરુષાર્થની લગની, તે જ ધૂન છે. આત્મામાં જ એટલો બધો રસ, એટલી બધી મીઠાશ લાગી છે કે ટૂંક સમયમાં જ કૃતકૃત્ય થાસે જ.

* પૂજ્ય ગુરુદેવ વારંવાર ફરમાવતા હતા કે મુનિદશામાં ઉપયોગ અંતર્મુહૂર્તમાં અંદર જાય અને અંતર્મુહૂર્તમાં બહાર આવે એટલી બધી ઉગ્રદશા છે, અને જ્ઞાન-દર્શન-ચારિત્રની ઉગ્રતા થઈ છે. એ ઉગ્રતા ક્યારે થાય કે સ્વરૂપની સ્થિરતાની લગની લાગી હોય ત્યારે. કૃતકૃત્યપણું પ્રગટ કર્યું છે. એમાં જ સુખ-શાંતિ લાગે છે.

* રાજકુમાર સુપાર્શ્વનાથ એક દિવસ બનારસમાં મહારાજ સુપ્રતિષ્ઠિતના રાજમહેલ પાસે ગંગા નદીના કિનારે ગયા ત્યાં રાજકુમાર સુપાર્શ્વનાથને જલ-ક્રીડા કરવાનું મન થયું અને તે નૌકામાં બેસીને પોતાના મિત્રો સાથે જલ-ક્રીડા કરવા લાગ્યા. ત્યાં એક દેવે જોયું કે અહો! આ બાલ તીર્થંકરના દર્શન કરવા જઈએ અને તે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



નૌકાની પાસે પાસે મગરમચ્છનું રૂપ ધારણ કરીને માનો બાલ તીર્થંકરની પરિક્રમા દેવા લાગ્યા, થોડીવારમાં તે મગરમચ્છ નૌકાની સામે આવીને માથું ઊંચું કરી અને બે હાથ જોડી દર્શન કરવા લાગ્યા અને એની સાથે નદીના ઘણા જીવો પ્રભુના દર્શન કરવા લાગ્યા અને નૌકાની ચારેય બાજુ પ્રદક્ષિણા દેતા હોય તેવું દશ્ય લાગતું હતું, એવી જ રીતે જ્ઞાની એમ વિચારે છે કે આ જાણનાર તત્ત્વ હું છું. આ આત્મા હું જ છું. બીજું કોણ જાણે? બસ ઉપયોગ એની પાછળ ફેરવવો.

તિર્યંચ પંચેન્દ્રિય અનુભવી—મગરમચ્છ સમ્યક્દષ્ટિ જીવને ભગવાનને જોઈને એટલો બધો વિનય આવે છે કે આ અનુભવી જીવ છે.

**પુરાણમાં આવે છે! શ્રી શાંતિનાથ ભગવાનનો દીક્ષાકલ્યાણક :—**

મહારાજા શાંતિનાથ ચક્રવર્તીના ૭૫ હજારમો જન્મદિવસ ઉજવવાનો હતો, ત્યારે સજી-ધજીને પોતાના અરીસામાં (દર્પણ) પોતાનું રૂપ જોતા હતા કે અચાનક એક આશ્ચર્ય ચકિત કરી દેવાવાળું દશ્ય જોયું, તેમાં એક ચક્રવર્તીનું રૂપ અને એક મુનિરાજનું રૂપ દેખાયું બસ, હવે ચક્રવર્તીને વૈરાગ્યનું નિમિત્ત મળી ગયું અને ત્યારે જ તેમને સંસારની અનિત્યતા અને અશરણતાનો બોધ થયો અને પોતે કેવળજ્ઞાનની સાધના માટે જિનેશ્વરી દીક્ષા લેવા માટે તૈયાર થઈ ગયા.

સમાધિસ્થ મુનિરાજ સમાધિ મરણ માટે સારો કાળ, સારું ક્ષેત્ર, સારું ચોઘડીયું પોતે જોઈને નિર્યાપક આચાર્ય મુનિરાજના સાન્નિધ્યમાં જાય છે. નિર્યાપક આચાર્ય મુનિરાજ ક્ષેમકુશળતા પૂછે છે કે રત્નત્રયની આરાધના વર્તી રહી છે ને? આનંદની વિશેષતા થાય તેવો મોટો મહોત્સવ ઉજવે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**પૂજ્ય બેન કહે છે** કે આવા મુનિરાજના ટોળામાં વાસ કરીએ એવો પ્રસંગ ધન્ય છે, આવો અપૂર્વ અવસર ક્યારે આવશે. કેવી ભાવનાવાળા અને કેવી સેવા કરવાવાળા! ધન્ય અવતાર તે સમાધિસ્થ મુનિરાજને કાંઈ વિઘ્ન ન થાય અને સર્વ પ્રકારે સમાધાન થઈ જાય, એવા હોંશિયાર કુશાગ્ર બુદ્ધિવાળા મુનિરાજ છે, તેને નિર્યાપક આચાર્યદેવ એવી ભક્તિથી તત્ત્વજ્ઞાનની રુચિ થઈ જાય તે પ્રમાણે આચાર્યદેવ સમજાવે છે. આચાર્યદેવ પોતે સેવા કરવા લાગે છે. ધન્ય કાળ....ધન્ય ઘડી.....ધન્ય અવતાર!

સમાધિ કરનાર મુનિરાજ એક છે અને તેને સંબોધન કરનાર મુનિરાજનો સંઘ છે. સમાધિ કરનાર મુનિરાજ પોતે આચાર્યપદે હતા. તે આચાર્યપદ છોડી–પોતાનો સંઘ છોડી મરણ નજીક જાણી બીજા સંઘમાં સમાધિ કરવા આવ્યા છે, જેથી નિર્યાપક આચાર્યદેવ બીજા મુનિરાજને કહે છે કે ચાલો આપણે પણ તેઓની સેવા કરીએ. કેવો સરસ કાળ! કેવા સરસ ભાવ! મુનિરાજ કેવા સરસ લાગતા હશે? **''મૃત્યુનો મહોત્સવ આદર્યો.''** ધર્મસ્તંભની જેમ ૪૮ મુનિરાજનો સંઘ છે, તેમાં ચાર મુનિરાજ દ્વારે બેઠા હોય કારણ કે બીજા લોકો આવી જાય તો મુનિરાજની સમાધિ ન બગડે માટે તેવા આવનારને રોકે—સમજાવે. કેવી સરસ વાત! આ પંચમકાળમાં મુનિરાજની શ્રદ્ધાવાળા મળે તે પણ ભાગ્ય છે આવું સમાધિમરણ કરવું સર્વ શ્રેષ્ઠ છે.

પૂજ્ય ગુરુદેવે આવો મુનિમાર્ગ બતાવ્યો તે ગુરુદેવનો પરમ–પરમ ઉપકાર છે. ગુરુદેવની વાણીરૂપી દેહ જીવંત છે, તે સજીવન મૂર્તિ છે. તેમની વાણીના વચનથી આપણા આત્માની આવી આરાધના કરવી. આજનો દિવસ ગુરુદેવની સમાધિનો દિવસ છે. બધાને ભગવાન કહીને કોણ બોલાવશે? ગુરુદેવે તત્ત્વની રેલમછેલ કરાવી છે. મુનિપદ પ્રાપ્ત કરવાની ભાવનાવાળા, પોતે સર્વજ્ઞપદ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પ્રાપ્ત કરવાને લક્ષે, **''પૂર્ણતાને લક્ષે શરૂઆત''** કરવાવાળાને સર્વજ્ઞ પ્રત્યે બહુમાન અને ભક્તિ આવ્યા વગર રહે નહિં.

પૂજ્ય ગુરુદેવની સમાધિ પછી પૂજ્ય બેને ભગવતી આરાધના શાસ્ત્રજી આદ્યોપાંત બ્ર. બેનો સાથે સ્વાધ્યાય કરેલો, જેથી આવી સમાધિ થાય તેવી ખૂબ ભાવના ભાવતા હતા અને અંતમાં પણ એવી ભાવનાપૂર્વક સમાધિમરણ સંલ્લેખનાપૂર્વક કર્યું કે જેણે નજરે જોયું છે, તેને અનુભવ છે.

સમાધિસ્થ મુનિરાજ પાસે લાયક જીવો જ જઈ શકે છે. ઘણા આહાર ખાધા અને ઘણા પાણી પીધા, હવે તો આ આત્મારૂપી અમૃતમાં લીન થઈ વેદના ઉપર જય પ્રાપ્ત કરીએ, સ્વાધીન થઈ વેદના સહન કરો તો દુઃખ નહીં લાગે. જ્ઞાયકમાં લીન થાય છે. જ્ઞાતા-દૃષ્ટા છું, મારે આહાર-પાણી સાથે શું પ્રયોજન?

મહામુનિરાજને આવો સંઘ પોતાને ગુણોરૂપી સમૂહ જ દેખાય છે. સર્વોત્કૃષ્ટ તપ, સમાધાનરૂપી તપ, વૈરાગ્ય તેનાથી જેને સમાધાન વર્તે છે, તેઓ ક્ષપક શ્રેણી ચડે છે. મુનિરાજ એક સમયમાં બધા કર્મો ખપાવી નાખે છે. આત્માના સ્વરૂપનું ધ્યાન તે જ ખરો સ્વાધ્યાય છે. સ્વાધ્યાય તે જ ખરું તપ છે. તેમાં બધા કર્મોનો ક્ષય થાય છે. અમૃતના (ડકાર) ઓડકાર આવે. વિધિ સાંભળતાં-સાંભળતા આત્મામાંથી અમૃત આવે છે. વિધિ પણ એવી મીઠી લાગે છે. તત્ત્વની શ્રદ્ધા કરીને રત્નત્રયની શુદ્ધતા કરીને લીન થઈ જવું. બધા ઉપરથી મમતા હટાવીને સંયમના સાગરથી સલ્લેખના કરવી. અંતર—બાહ્ય શુદ્ધિ કરી સલ્લેખનાને પ્રાપ્ત થાવ.

હે મુનિરાજ! ગુરુને ખબર છે કે તેમના શરીરની સ્થિતિ આવી છે. આરાધનાની ભાવના કરો, સમ્યક્ત્વની આરાધના કરો, સંસાર દુઃખને ધારણ કરવાવાળા શરીરનું વમન કરો. સમ્યક્ત્વની આરાધના કરો. સમ્યક્ચારિત્રને ઉજ્જવલ કરો, દૃઢ થાય એવો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



નિરંતર ઉદ્યમ કરો. ચારિત્ર-જ્ઞાન-વીર્ય બધાને પ્રવેશ કરવાનું દ્વાર સમ્યક્દર્શન છે. સમ્યક્દર્શનરૂપી આભૂષણ દ્વારા આ બધા શણગાર શોભે છે. પરમ સુખને દેનારું સમ્યક્દર્શન છે.

✻ મુનિરાજના ગુણો યાદ કરતાં કરતાં આત્માના ગુણો યાદ આવી જાય છે. યાત્રા કરવા તીર્થક્ષેત્રમાં જઈએ તો ભગવાનના ગુણોનું સ્મરણ થાય. જ્યાંથી ભગવાન મોક્ષે પધાર્યા; મુનિરાજો મુક્તિ પધાર્યા તે મુનિરાજ ગત કાળમાં અહીં વિચરતા હતા, તે યાદ આવતાં મુનિરાજનું પદ મને પ્રાપ્ત હો, જેથી તીર્થયાત્રાએ જવાનું બહુમાન આવે છે, તીર્થ એટલે તરવાનું સ્થાન, ગુરુદેવ તો પોકારી પોકારીને કહેતા હતા કે તરવાનું તારા આત્મામાં છે. તીર્થોમાં ભાવ કોઈ જુદા જ આવે છે, જે ભૂમિથી ક્રોડ-ક્રોડ મુનિરાજ મોક્ષે પધાર્યા હોય તે ધન્ય કાળ ધન્યક્ષેત્ર છે. આપણો આત્મા પણ ધન્ય બને.

સંપૂર્ણ સમાધિસ્થ પરિણામી આત્માઓને ધન્ય છે, વારંવાર નમસ્કાર છે. તદન એકાંત વસતા સર્વસંગ પરિત્યાગ સ્વરૂપી મહા સમાધિસ્થ થયેલા આત્માઓને પણ વારંવાર ધન્યતા છે.

મહામુનિરાજનું સ્વરૂપ સમજાવનાર પરમ ઉપકારી ગુરુરાજને વારંવાર વંદન હો.

卐 卐 卐

આચાર્ય ભગવંતો શાસ્ત્રમાં ચૈતન્ય આત્માનું સ્વરૂપ ઘણું ઘણું મૂકી ગયા છે, પોતાના અચિંત્ય શ્રુતજ્ઞાન વડે જેઓ આપણને સાક્ષાત્ ચૈતન્યનું સ્વરૂપ હાથમાં આપતા ગયા છે કે લો ભાઈ! તું જો તારો આત્મા આવો અદ્ભુત ચૈતન્ય ચિંતામણિ સ્વરૂપ છે. તેનો અનુભવ કર જેથી તારા જન્મ-મરણના ફેરા ટળી જશે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## પરમ કૃપાળુ ગુરુદેવનો મહિમા !

✻ પરમ કૃપાળુ ગુરુદેવનો પરમ ઉપકાર છે; પૂજ્ય ગુરુદેવે આત્માનું અપૂર્વ સ્વરૂપ સમજાવ્યું છે. તે સ્વરૂપ તેમના પ્રતાપે અનુભવપૂર્વક સમજાણું. આત્માના સ્વરૂપનું સાક્ષાત્કાર પૂર્વક સમજાયું. જ્ઞાન-આનંદાદિ અનંત ગુણના વેદનપૂર્વક સમજાયું. તેથી ભવચક્રનો અંત આવી ગયો. તે શ્રી પરમ કૃપાળુ ગુરુદેવના ચરણોમાં અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો.

આ કાળે પૂજ્ય ગુરુદેવ અલૌકિક પુરુષ હતા, યુગ પુરુષ હતા, ગુરુદેવ જેવા મહાશક્તિશાળી પુરુષ થવા બહુ દુર્લભ છે. અંતરમાં શ્રુતજ્ઞાનની ઘણી ઘણી શક્તિ અને વાણીમાં પણ પ્રભાવના શક્તિ. શ્વેતાંબરમાં દેવચંદજી કહી ગયા છે :—તત્ત્વરસિક જન થોડલાજી......પણ અત્યારે ગુરુદેવના પ્રતાપે તત્ત્વ રસિકજન બહુલા દેખાય છે. તે ગુરુદેવની કોઈ અનુપમતા છે. ગુરુદેવે જ્ઞાયકદેવને હથેળીમાં આમળા સમાન પ્રત્યક્ષ બતાવ્યો છે. જ્ઞાયકદેવ પોતે હાજરાહજૂર છે. જ્ઞાયક સામે નજર કરી તો જ્ઞાયકદેવ પોતે સાક્ષાત્ પોતે દેખાય છે. જ્ઞાયકદેવનું સ્વરૂપ ગુરુદેવ અપૂર્વ રીતે બતાવી ગયા છે. તે માર્ગે આપણે ચાલીએ અને સિદ્ધપદને ઝટ પામીએ.

✻ પૂજ્ય ગુરુદેવનું ભેદજ્ઞાન તો એટલું બધું તીક્ષ્ણ હતું કે જેને તે તીક્ષ્ણ–ધારા લાગે તેના મિથ્યાત્વના ચૂરેચૂરા થઈ જાય. ગુરુદેવની સુવાસ સારા ભારતભરમાં ફેલાણી. ભેદજ્ઞાન તે જ સાચો ધર્મ છે. તે જ ખરો તરવાનો ઉપાય છે, બીજો કોઈ છે જ નહિ, તેમ ગુરુદેવે ઢોલ પીટી પીટીને નગારાં વગાડ્યાં તથા ભેદજ્ઞાન દ્વારા આત્માના અમૃત સરોવર ઉછાળ્યા. અમૃતરસ પીધો અને આપણને અમૃતરસ પીવડાવ્યો. પૂજ્ય ગુરુદેવનો આત્મ–અનુભવ તેમની વાણીમાં ઝળકતો હતો. આત્માર્થી જીવો ગુરુદેવનો નિર્વિકલ્પ અનુભવ ઓળખી શકતા હતા. આત્મ–અનુભવ તેમની વાણીમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તરવરતો હતો. તે પ્રખર આત્માનુભવી પુરુષ હતા, તેઓએ બતાવેલી શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ અને તેઓએ બતાવેલા ચૈતન્ય આત્માની આરાધનામાં નિત્ય જાગૃત રહેવું એ મુખ્ય પ્રયોજન છે.

આવા યુગ પ્રધાની પુરુષ ગુરુદેવને વારંવાર નમસ્કાર હો.

જયવંત હો કહાન ગુરુદેવની વાણી તથા કહાન ગુરુદેવ જયવંત હો.

卐 卐 卐

## જ્ઞાયકદેવમાં લીનતા

જ્ઞાયકદેવ (આત્મ) તરફ ઉપયોગ આરુઢ થાય છે, ત્યારે તેમાં લીનતા વધતાં એકદમ પરથી ખેંચાઈને પોતાના જ્ઞાયકમાં લીન થાય છે અને અનંત ગુણો ઉછળે છે, અનંત આનંદ તરંગો ઉછળે છે. ચૈતન્યદેવ ચમત્કારી છે તે સાક્ષાત્ અનુભવાય છે, વેદાય છે, સાક્ષાત્ સિદ્ધ સ્વરૂપનો અંશે અનુભવ થાય છે. એક ચૈતન્યદેવનો જ અનુભવ થાય છે. રાગાદિ–શરીરાદિ કોઈપણ ભાવ ત્યારે દેખાતા નથી. એકલો ચૈતન્યદેવ જ અદ્ભૂત અનંતગુણ સ્વરૂપ વેદાય છે.

卐 卐 卐

આત્મા એવો પરથી જુદો પડી જાય છે કે જેમ પહાડ પર વીજળી પડતા બે ફાડ પડી જાય છે તેને રેણ દેવાતા ફરી સંધાતો નથી, તેમ આત્મામાં ભેદજ્ઞાન–પ્રજ્ઞારૂપી વીજળી પડી તે પડી, પરથી જુદો પડ્યો તે હવે ફરીથી પર સાથે એકત્વબુદ્ધિથી એકમેક થતો નથી.

સત્ પુરુષ શ્રી કાનજીસ્વામી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય બેન શાન્તાબેનના હસ્તાક્ષરની કોપી

સંવત ૧૯૯૦ રાજકોટ સદર (ઈ.સ. ૧૯૩૫) પૂજ્ય બેનને નિર્વિકલ્પદશામાં શુદ્ધાત્મા જેવો જણાયો તેની કોપી.

સં. ૧૯૯૦ ના આસો વદી ચોથ ને શુક્રવારે લગભગ રાત્રે દસ વાગતા એકદમ ''ઉપયોગ પરથી છૂટીને જ્ઞાયક આત્મામાં લીન થયો ને અદ્ભુત આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો.'' ''અચિંત્ય આનંદ અનુભવાયો.'' ''ચૈતન્યનું અનુપમ સ્વરૂપ અનુભવાયું'' આત્માનું ખરેખરું સ્વરૂપ અનુભવાયું. ખરો આનંદ અનુભવાયો. સાક્ષાત્ ચૈતન્યસ્વરૂપ અનુભવાયું. સાક્ષાત્ સિદ્ધ સ્વરૂપ અનુભવાયું. ''અનંત અનંત ગુણ ઉછળી નીકળ્યાં.'' ''અનંતગુણ સ્વરૂપ ચૈતન્ય અનુભવાયો!'' ખરેખરો આનંદ અનુભવાયો, ખરેખર સમભાવ સ્વરૂપ સમાધિ સ્વરૂપ જ્ઞાયક આત્મા અનુભવાયો. ''જાજ્વલ્યમાન ચૈતન્ય જ્યોતિ જાગૃતિરૂપે દેદીપ્યમાન કરતી અનુભવમાં આવી.'' સાક્ષાત્ જ્ઞાયક જ્ઞાયકરૂપે અનુપમ પરિણમન કરતો અનુભવાયો.

વાહ! ચૈતન્ય વાહ! તારું સ્વરૂપ તો ખરેખર અદ્ભૂત છે. આ રીતે સાક્ષાત્ ચૈતન્યનો અનુભવ થતાં જ્ઞાયકધારા દઢપણે પરિણમવા લાગી, ઉપયોગ બહાર આવતાં એમ થયું કે જેના માટે વેદન થતું હતું, જેના માટે પ્રયત્ન હતો તે સ્વરૂપ પ્રાપ્ત થયું. આ સ્વરૂપ પ્રાપ્ત થયે જ આત્મા પોતાની પૂર્ણદશા પ્રાપ્ત કરીને પૂર્ણતાને પહોંચી શકે છે.

જે પુરુષાર્થથી સમ્યક્દર્શન પ્રાપ્ત થયું તે એવી વિશેષતાપૂર્વક પ્રાપ્ત થયું છે—જે સમ્યક્દર્શનના ફળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થશે, એવી અપ્રતિહત ધારાએ સમ્યક્દર્શન પ્રાપ્ત થયું છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com


Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂ. બેન શાન્તાબેનના હસ્તાક્ષર

૧૯૯૦ રાજકોટ સદર

પૂ. બેનને નિર્વિકલ્પદશામાં શું ભાસ્યું તેઓએ જણાવ્યો તે તેમના જ હસ્તાક્ષરમાં વાંચો...



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# નિર્વિકલ્પદશામાં શુદ્ધાત્માનો અદ્‌ભૂત મહિમા

સંવત ૧૯૯૦ ના આસો વદી ચોથ—રાજકોટ

આત્માના સ્વરૂપનું લક્ષ થયું કે આત્મ સ્વરૂપ આ જાતનું જ છે તેમ નિઃશંકતા આવી પછી તે આત્મા લક્ષમાં જ્ઞાન અને ધ્યાન વડે આગળ વધતાં વધતાં આસો વદી ચોથને શુક્રવારે રાત્રે દશના ટાઈમે લગભગ.

શ્રી સદ્‌ગુરુદેવની કોઈ અપૂર્વ મહિમા વડે :—

પૂજ્ય બેનશ્રીના સમીપે તેમની કોઈ અદ્‌ભૂત કૃપા વડે.

આત્માના તથા આ જીવનના સર્વસ્વ આધાર સર્વસ્વ વિશ્રામજ્ઞાન ખજાનો આપવામાં પરમાર્થપણે પરમ ઉપકારભૂત થનાર પરમપદ આરાધક અતીન્દ્રિય યોગાતીત અચિંત્ય અને અગમ્ય સ્વરૂપને ગમ્ય કરાવનાર વહાલા ગુરુદેવ! અહો ભાવમાં વૃદ્ધિ કરનાર તે આત્માને મારા નમસ્કાર છે.

‘‘આત્મ ઉપયોગ’’ પોતાના સ્વ સ્વરૂપ તરફ વળતા વળતા સહજપણે ઝડપથી તીવ્રતાએ ઉપયોગ પરથી ‘‘છૂટીને સ્વ સ્વરૂપમાં થંભી’’ પોતાનું સહજ નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવાયું, ત્યારે ચૈતન્ય પ્રભુ જાજ્વલ્યમાન જ્યોતિ સ્વરૂપે ‘‘એકલા’’ પોતાના નિજ સ્વરૂપમાં રમી રહ્યા હતા. ‘‘નિજાનંદમાં’’ ડોલી રહ્યા હતા, ઉછળી રહ્યા હતા.

‘‘વાહ! વાહ! તે સ્વરૂપ તો કોઈ અદ્‌ભૂત છે.’’

તે સ્વરૂપનું કોઈ અદ્‌ભૂત મહાતમ આવે છે, ખરું આત્મ સ્વરૂપ તો તે જ છે નિઃશંકપણે તે જ છે.

આ પ્રતાપ હે શ્રી સદ્‌ગુરુદેવ આપનો જ છે.

પરમ કૃપાળુ ગુરુદેવનો પરમ ઉપકાર છે. પૂજ્ય ગુરુદેવે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આત્માનું સ્વરૂપ સમજાવ્યું, તે સ્વરૂપ તેમના પ્રતાપે અનુભવપૂર્વક સમજાણું. આત્મા સાક્ષાત્કાર પૂર્વક સમજાયો. જ્ઞાન-આનંદાદિ અનંતગુણના વેદનપૂર્વક સમજાયું.

તે પરમ કૃપાળુ ગુરુદેવના ચરણોમાં
અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો.

卐 卐 卐

આ મહાપુરુષના પ્રતાપે આત્મા જ્ઞાનમાં પકડાયો, પરંતુ તેની સાથે જ્ઞાનની સત્તા પકડવી જોઈએ. સત્તા સ્વરૂપ પદાર્થ પોતામાં જ છે તેને ગ્રહણ કરવો. ''હું મારાથી જ રક્ષિત છું,'' મારી રક્ષા કોઈ કરી શકે જ નહિ. શરીરની રક્ષા માટે કોઈ આવે—પરંતુ આત્માની રક્ષા કોઈ પણ કરી શકતું નથી.

પૂજ્ય ગુરુદેવના જ્ઞાનની સૂક્ષ્મતા એટલી બધી છે કે અંદરથી સૂક્ષ્મ—સૂક્ષ્મભાવો નીકળ્યા જ કરે છે. શ્રુતજ્ઞાનની શક્તિ ખૂબ જ છે. તેમની વાણીનો આપણને યોગ મળ્યો તે આપણા મહાભાગ્ય છે.

**''કોઈ કોઈ કાળે જ આવા મહાપુરુષો જન્મે છે.''**

સંયોગ વસાત જેમ બને છે, તે તેમ જ બને છે. ઉદય બધા જુદા જુદા પ્રકારે ભજ્યા કરે છે. ને જ્ઞાતા પોતે તે બધા ઉદયને જોયા કરે છે. જેટલી વિભાવ પરિણતી ઉભી છે, તે જુદી જુદી અવસ્થા સ્વરૂપે અસ્થિરપણે પરિણમ્યા કરે છે, પણ જ્ઞાતાનો સ્વભાવ સ્થિર હોવાથી પોતે જેટલે અંશે સહજ સ્થિર થયો છે, તેટલે અંશે તે સ્થિરપણે પરિણમતો અને સ્થિર—અસ્થિર બધાને જાણ્યા જ કરે છે. પુરુષાર્થ કરી પોતે જેટલી સ્થિરતા પ્રગટ કરી છે, ને પુરુષાર્થની મંદતા એ જ અસ્થિરતા બાકી છે. તેમાંથી પોતે પુરુષાર્થ કરી જેટલો જેટલો સ્થિર થતો જશે તે જ પોતાને સુખરૂપ છે, બાકી તો બધું ઉપાધિરૂપ જ છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



એ જ રીતે ભેદજ્ઞાન થતાં જ્ઞાયક આત્મા આખો લક્ષમાં આવતાં પુરુષાર્થનો દોર સમ્યક પ્રકારે ચાલુ થયો.

પુરુષાર્થનો દોર હાથમાં આવ્યો એટલે ઉપયોગને સ્વરૂપમાં લીન કરવાનો પ્રયત્ન ચાલુ થયો–ભેદજ્ઞાન થયું. આત્મા લક્ષમાં આવ્યો પણ હજી નિર્વિકલ્પદશા પ્રાપ્ત થઈ નહોતી, તેથી ઉપયોગને સ્વરૂપમાં લીન કરવાનો પુરુષાર્થ કરવા માટેની લગની લાગી. ને રાત-દિવસ એમ જ થાય કે જ્યાં સુધી નિર્વિકલ્પદશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી કાચું છે. જ્યારે નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય ત્યારે જ ખરું સમ્યક્દર્શન પ્રાપ્ત થાય. ત્યારે જ નિશ્ચય દશા પ્રાપ્ત થઈ કહેવાય.

લક્ષગતની પહેલી પહેલી દશા એટલે પ્રયત્ન સારી રીતે કરવો પડ્યો, જ્યાં સુધી તે ખરેખર દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ક્યાંય ચેન પડતું નહોતું. જ્ઞાયકને જ્ઞાયકરૂપે રાખવા માટે પ્રયત્ન કરતાં કરતાં અઢી મહિના લગભગ પ્રયત્ન થયો.

卐 卐 卐

## પૂજ્ય બેન શાન્તાબેનની નિર્વિકલ્પદશા પહેલાની સવિકલ્પ ધારા :—

માર્ગ સ્પષ્ટ થઈ જાય છે. ખ્યાલમાં આવી જાય છે કે બસ આ જ "હું જ્ઞાયક" એમ ખ્યાલમાં આવવા છતાં હજી નિર્વિકલ્પઅનંતગુણની રાશી એવા જ્ઞાયકનો અનુભવ નહીં.

નિર્વિકલ્પ પછીની જે સવિકલ્પદશા તેની જેમ આ સહજ નહીં. પરંતુ પુરુષાર્થથી થાય છે–જેનો જેવો પુરુષાર્થ. તીવ્ર પુરુષાર્થ તે તુરત જ સવિકલ્પને તુરત જ નિર્વિકલ્પ થાય, કોઈને લાંબો ટાઈમ પણ જાય. લાંબા ટાઈમે અખંડ સવિકલ્પતા રહે જ એમ ન કહી શકાય. **વારંવાર પ્રયત્ન કરતાં કરતાં પુરુષાર્થની ઉગ્રતાએ**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**નિર્વિકલ્પદશા થઈ જાય. માટે એને જ્ઞાયકના અંતઃસ્થલમાંથી ખૂબ મહિમા આવવી જોઈએ.**

પૂજ્ય ગુરુદેવની વાણીમાં અને મોક્ષના માર્ગમાં અપૂર્વતા ભાસવી જોઈએ. અપૂર્વ અપૂર્વ લાગે.....ઉપલક ઉપલક વાંચન વિચાર આદિથી કાંઈ ન થાય. અંતરમાંથી ભાવના ઉઠે તો માર્ગ સરળ થઈ જાય. વધારે મુંઝવણ થાય તો માર્ગ મળે જ......ન મળે એમ નથી, પરંતુ જેટલું કારણ આપે એટલું જ કાર્ય થાય ઉપલક ભાવના નહીં, પરંતુ અંતર વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે જ.

કોઈ કોઈવાર શાસ્ત્ર વાંચે તો સાવ ઉપલક ઉપલક વાંચતા હોય એમ પોતાને પકડાય અને કોઈકવાર સહેજે સહેજે બહુ સરસ ભાવ આવે.

આ તો ક્ષયોપશમધારા છે ને? માટે એક સરખી સ્થિતિ ન રહે. સવિકલ્પદશામાં માર્ગ ખ્યાલમાં આવવા છતાં ભવાન્તર પણ ચાલ્યા જાય. જો પુરુષાર્થ ન કરે તો. "કરૂં કરૂં" એમ થાય અને તે ઘણો પુરુષાર્થ લાગે કે મેં કેટલો પુરુષાર્થ કર્યો, પરંતુ તે બધું ઉપલક જ હોય. આ તો અંદરના વેદનથી જ ઉપડે.

સ્વપ્નમાં કોઈવાર આંખ ઉઘાડવા બહુ પ્રયત્ન કરે અને તેને એમ પણ થાય કે હું કેટલી મહેનત કરૂં છું? આંખ ખુલતી નથી, પણ તે મહેનત ખોટી હોય. આંખ ખોલે ત્યારે સહેજે વગર મહેનતે ખુલી જાય છે. તેમ આ પ્રયત્ન જાણવો. એમ કહીને એમ નથી કહેવું કે પ્રયત્ન ન જ કરવો, પણ ઉતાવળ ન કરવી. પ્રયત્ન તો કરવો જ.......ધીરજ અને શાંતિથી કરવો. **ધીરજ અને શાંતિથી માર્ગ સહેજે પ્રાપ્ત થઈ જાય છે, વસ્તુ સહજ છે.**

ધારણામાં તો સાચો નિર્ણય કર્યો હોય અને તેમાં અને આ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સવિકલ્પ ધારામાં અંતર હોય. આમાં તો પરિણતી અંશે નિરાળી થઈ જાય છે.

ચિત્તને વ્યાવૃત્ત રાખવું. પ્રથમ નિર્ણય થાય પણ નિર્ણય પછીની આ દશામાં તો એને માર્ગ ખ્યાલમાં આવી જાય......પુરુષાર્થની ગતિ ખ્યાલમાં આવે, વિકલ્પ હોવા છતાં વિકલ્પથી છૂટો પડ્યો નથી પણ અંશે પરિણતી જુદી પડી જાય છે. જ્યાં સુધી આવી દશા ન આવે ત્યાં સુધી એને ઘણી જ બેચેની હોય—ક્યાંય ચિત્ત લાગે નહીં.

રાત-દિવસ-ખાતા-સુતા બધામાં ચેન ન પડે. "આ તત્ત્વ શું?" "આ હું જ્ઞાયક કેવો?" આ દુઃખ ક્યાં છે? "સુખ ક્યાં છે?" એકેય વાતનું યથાર્થ જ્ઞાન કેમ ખ્યાલમાં આવતું નથી? એમ એને અંદરથી ખૂબ બેચેની ને દુઃખ વેદાતું હોય.

આ સવિકલ્પ—ધારા થવા છતાં આટલી બધી બેચેની ન હોય; આમાં તો એને અમુક માર્ગ ખ્યાલમાં આવે માટે થોડો સંતોષ હોય પરંતુ પુરુષાર્થ નિર્વિકલ્પ માટે ઉપડતો ન હોય તેનું દુઃખ હોય તે પણ સહજ......

જો કે નિર્વિકલ્પ પછીની સવિકલ્પતા સહજ હોય અને આમાં તો વસ્તુનો આધાર નહીં મળ્યો હોવાથી પુરુષાર્થ થાય.

卐 卐 卐

## સવિકલ્પદશા

કારણ હોય ત્યાં કાર્ય જરૂર આવે જ મોક્ષના દ્વાર ખુલ્લા થઈ ગયા. પરંતુ સવિકલ્પદશામાં સંતોષ મનાઈ જતો નથી. જેમ "હું" અને "તું" જ્ઞાનમાં સ્પષ્ટ જુદા જણાય છે, પછી પણ નિર્વિકલ્પદશા માટે ઘણો જ પ્રયત્ન કરવો પડે છે.

આવા સરસ સુંદર ચૈતન્યદેવ આગળ વિકલ્પ આવે છે, તે (બાઘડા) અસુહામણા લાગે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય બેનશ્રી ચંપાબેને–પૂજ્ય ગુરુદેવ ઉપર લખેલ પત્ર.

## પૂજ્ય શાન્તાબેનને ''આત્મસ્વરૂપ''ની પ્રાપ્તિ.

પ્રભો! ઘણા દિવસ થયા કહેવાના ભાવ આવતા હતા, આજે ભાવના વધી જવાથી લખવાના ભાવ થઈ જાય છે.

શાન્તાબેનને આપની પાસે વ્યવહાર પ્રસંગે આવવાનું બન્યું હતું, તેમની દશા આપ સ્વીકારશો.

**શાન્તાબેનને અષાડ વદ અમાસથી કોઈ અલૌકિક પુરુષાર્થ ધારા વર્તી રહી હતી, તે પુરુષાર્થથી આસો વદ ચોથની રાત્રે કોઈ અપૂર્વ ફળ આવ્યું છે. અનંત અવ્યાબાધ સુખને આપનાર એવું ''આત્મ સ્વરૂપ'' પ્રાપ્ત થયું છે.** પ્રભુ! હૃદય ઉલ્લસીત થઈ જવાથી લખી જવાય છે. શાન્તાબેન પ્રત્યે રાગને લઈને મને આમ લાગ્યું નથી પણ ખરેખર છે. મેં રાગદૃષ્ટિથી જોયું નથી પણ મધ્યસ્થ ભાવથી જોતાં નિઃશંકતા પૂર્વક મને સ્થિતિ બરાબર લાગે છે. તે જ આપની સમક્ષ મૂકું છું. તે વિષે લક્ષ આપતાં આપને એમ જ લાગશે તેમ મને લાગે છે.

પ્રભુ! અમારા વિષે આત્મા જાણીને લક્ષ આપવા નમ્ર વિનંતિ છે. આપને જેમ અને જ્યારે પરીક્ષા કરવી યોગ્ય લાગે તેમ કરો તે થવામાં અમો અત્યંત ઉત્સાહિત છીએ.

પ્રભુ! શ્રી સમયસાર વાંચીને તો અથાગ ઉપકાર કર્યો છે. આત્માને ઘણો લાભ થયો છે.

卐 卐 卐

| |
|---|
| આત્મા સત્ત વસ્તુ છે તે જ્ઞાયક આત્માને ઓળખવાથી આત્મા સિદ્ધિને પામે છે. પૂ. શાન્તાબેન |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## આત્માર્થીઓને મધુર સંબોધન

શ્રી સિદ્ધ ભગવાન તથા અરિહંત ભગવાનની ભક્તિ અંતરંગમાં વિશેષપણે પ્રગટ કરવા યોગ્ય છે.

આચાર્ય-ઉપાધ્યાય-મુનિરાજ પંચપરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ આત્માર્થતા પૂર્વક વિશેષપણે વધારવા યોગ્ય છે.

કષાયની મંદતાપૂર્વક ઈન્દ્રિય વિજેતા થઈ સાધર્મી વાત્સલ્યભાવ વધારવા યોગ્ય છે. સાથે આત્માની રુચિ ઉર્ધ્વપણે વૃદ્ધિ કરવા યોગ્ય છે.

જ્ઞાન—આનંદાદિ અનંતગુણોનો પિંડ આત્મા છે. આત્મા જ્ઞાનનો પિંડ વસ્તુ છે, તે આત્માને પરથી ભિન્ન અસ્તિપણે એકલા શુદ્ધ ચૈતન્ય માત્ર આત્માને જ્ઞાનમાં ગ્રહણ કરવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ.

જે ગુરુદેવના પરમ પ્રતાપે આ આત્માએ, પોતે પોતાના સત્ સ્વરૂપે ઓળખ્યો. પોતે જ્ઞાયક, પોતે જ્ઞાન અને પોતે જ્ઞાતા ત્રણે પોતાના એકરૂપ—અભેદરૂપ થઈને પરિણમ્યા. અનંતગુણ ઉછળીને આત્મા પ્રત્યક્ષપણે દેખાય તેમ આત્માના દર્શન થતાં આનંદ અનુભવાયો.

આત્મજ્ઞાનની પ્રબળતા વિશેષપણે કરવાને અર્થે નીચેનો કાર્યક્રમ આચરવો :—

દેહથી આત્માનું ભિન્નપણું અનુભવવા અર્થે પ્રબળ વિચારણા રાખવી, તે વિચારણા દૃઢ રહે તેવી જાતનું વાંચન કરવું અને તેવી જાતનો સંગ કરવો. ★જેટલી શક્તિ હોય તેટલા પ્રમાણમાં દેહની

★ ફૂટ નોટ :---જીવ પ્રતિકૂળતામાં તીવ્ર અશાતાના ઉદય સમયે વીર્ય વિશેષ પણે જાગૃત રાખે છે, પરંતુ અનુકૂળતામાં પાંચ ઈન્દ્રિયના વિષય સંબંધી રાગરંગમાં ફસાઈ જાય છે, માટે કહે છે કે અનુકુળતામાં કોઈ પણ પ્રકારના કષ્ટ ઉઠાવી અનુકુળતામાં પણ પ્રતિકુળતા ઉભી કર જેથી આત્મ પુરુષાર્થ ઉપડશે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મુશ્કેલીઓ ન હોય તો ઉભી કરવી અને તેમાં દેહથી આત્માનું જુદા પણું અનુભવવાનો ક્રમ રાખવો અને દેહની મુશ્કેલીઓ ઊભી કરી તેમાં પોતાની શક્તિથી વિજય મેળવવામાં આનંદ માણવો. આ પ્રમાણે જો થશે તો અનુક્રમે શક્તિ વધતાં દેહ ભાનથી રહિત પ્રબળ આત્મ–જ્ઞાનની દશા પ્રાપ્ત થશે અને સાથે નિર્વિકલ્પતા પણ પ્રાપ્ત થશે.

**સત સંગ** :—એટલે અનુભવી પુરુષો અને મુમુક્ષુઓનો સંગ.

**સત વાંચન** :—જેમાં આત્માનું સ્વરૂપ મુખ્યપણે વર્ણવાએલું હોય અને સત્ય સમજણની વિશુદ્ધિને અને મુમુક્ષુતાની તીવ્રતાને પોષે તેવું વર્ણન ખાસ કરીને હોય તેવું વાંચન હોવું જોઈએ.

**વિચાર** :—પોતાની સત્ય સમજણની વિશુદ્ધિમાં અને મુમુક્ષુતાની તીવ્રતામાં જે જે ખામીઓ દેખાતી હોય તેને તે ખામીઓથી રહિત થવા માટેના ઉપાયો યોજવાનું ચિંતવન.

**ધ્યાન** :—તે ચિંતવનમાં આત્મવીર્યની અખંડ સ્થિરતા રાખવી તે ધ્યાન.

**કોઈની જોખમદારી આપણે માથે લેવી નહિ, જીવ પોતે પોતાને ભોગવે છે, એ જાતનો અનુભવપૂર્વકનો નિશ્ચય વિશેષ દ્રઢ રાખવો.**

## આત્માની જીજ્ઞાસા

તમારે આત્માની જીજ્ઞાસા વધારવી; મારું આત્મ કલ્યાણ કેમ થાય તેના વિચારો વારંવાર કરવા.

પૂજય શ્રી ગુરુદેવના વ્યાખ્યાનમાંથી પોતાને હિતરૂપ વાક્યો ગ્રહણ કરી લેવા અને પૂજ્ય ગુરુદેવના 'પ્રવચન રત્નાકર'– 'મોક્ષમાર્ગ પ્રકાશક' વગેરે શાસ્ત્રો વાંચવા અને તેમાંથી હિતરૂપ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વાક્યો ગ્રહણ કરી તેના પર વિચાર ચલાવવા જોઈએ.

હાલતાં ચાલતા કામની પ્રવૃત્તિમાં પણ એ લક્ષ રાખવું કે "હું તો જાણનાર તત્ત્વ છું." આ બધાને જાણ્યા કરું છું તે "જાણનાર તત્ત્વ હું જ છું" બહારના કાર્ય જે બધા થાય છે તે ઉદય આધીન થાય છે. શરીરથી જે કાર્ય થાય તેનો કર્તા પણ હું નથી, શરીર તેનો કર્તા છે. શરીરરૂપી પુદ્‌ગલનું કાર્ય શરીર જ કરે છે. આત્મા ચેતન સ્વભાવી–જડસ્વભાવરૂપ શરીરનું કાંઈ કરી શકે જ નહીં.

જેમ મ્યાનથી તલવાર જુદી છે તેમ આ શરીરરૂપી મ્યાનથી આત્મા ચૈતન્ય જ્યોતી તદ્દન જુદો છે, પ્રત્યક્ષપણે જુદો છે, જેમ નાળીયેરની કાચલીથી તેના મીઠા ટોપરાનો ગોળો જુદો છે, તેમ આ શરીરરૂપી કાચલીથી ચૈતન્ય ગોળો જાગતી જ્યોત તદ્દન તદ્દન જુદો છે.

જ્ઞાની તો ચૈતન્યગોળાનો જ અનુભવ કરી રહ્યા છે, જ્ઞાનીને દેહથી તદ્દન જુદો આત્મા આત્માપણે સ્પષ્ટ પ્રગટ જાજ્વલ્યમાન જ્યોતિનો અનુભવ નિરંતર વર્ત્યા જ કરે છે.

જ્ઞાનીને ઉદયધારા અને જ્ઞાનધારા જુદી જ નિરંતર વહે છે, બંને ધારાનો જુદો જ અનુભવ નિરંતર હોય છે. પરમ કૃપાળુ ગુરુદેવનો પરમ ઉપકાર છે.

સાક્ષાત્ તીર્થંકરદેવ તો સાક્ષાત્ કેવળજ્ઞાન આપનાર છે. પોતાનું ચેતનાનું સ્વરૂપ પૂજ્ય ગુરુદેવ પાસે સાક્ષાત્ અનુભવથી સમજાણું તે પરમ કૃપાળુ ગુરુદેવનો (અત્યંત) પરમ ઉપકાર છે. મહાવિદેહમાં શ્રી તીર્થંકરદેવ તો સાક્ષાત્ બિરાજે છે, તેમના ચરણોમાં અનંત અનંત ભક્તિ પૂર્વક નમસ્કાર હો.

'આત્મા તો જ્ઞાયક સ્વરૂપ છે' જ્ઞાયક પોતે સમતા સ્વરૂપે સામ્ય સ્વરૂપે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



'સમયસાર નાટકમાંથી પણ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે :—

સમતા રમતા ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખ ભાસ,
વેદકતા ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.

ગમે તેવા પ્રસંગે આવા સૂત્રો યાદ કરવા.

ગમે તેવા પ્રતિકૂળ સંયોગમાં પણ આત્મા સમતા રાખી શકે છે, તે સમતા સ્વરૂપે આત્મા મૂળ જ્ઞાયક સ્વભાવ છે.

આવા આવા મૂળ સૂત્રો પૂજ્ય ગુરુદેવે કહેલા સૂત્રોનું ચિંતવન કરવું, મનન કરવું, વારંવાર તેનું મનન કરવું, તે જ આ મનુષ્ય જન્મમાં આત્માને હિતરૂપ છે. માટે તે જ વિચાર વારંવાર કરવા યોગ્ય છે.

બધા ગુણોની પૂર્ણપણે આરાધના કરવાની ભાવના કરી પૂર્ણતાને પ્રાપ્ત કરીએ એ જ ભાવના હો. અંતરથી તૈયારીની ભાવના રાખવી. ક્યા સમયે શરીરની સ્થિતિ પૂરી થાય, તેનો ત્યાગ તો થવાનો જ છે, પરંતુ ચૈતન્ય આત્માની આરાધના પૂર્વક દેહ છૂટે, તે આ મનુષ્ય ભવની સફળતા છે.

(૧) દેહ સે ભિન્ન આત્મા કે અનુભવ કે લિયે પ્રબલ વિચાર રખના ચાહિયે.

(૨) વહ વિચાર દૃઢ બના રહે ઈસકે લિયે સ્વાધ્યાય કરના ચાહિયે એવં ઉસી પ્રકાર કી સંગતિ ભી કરની ચાહિયે.

(૩) અનુકૂલતામેં શક્તિ પ્રમાણ મેં જિતની પ્રતિકૂલતા બન સકે ઉતની પ્રતિકૂલતા ખડી કરની ચાહિયે ઔર દેહ એવં આત્માકા ભિન્ન અનુભવ કરના. ઐસા ક્રમ જરૂર રખના ચાહિયે.

(૪) દેહમેં પ્રતિકૂલતા લાકર સ્વયં કી શક્તિ પ્રગટ કરકે આનંદ ઉત્પન્ન કરના ચાહિયે.

❀

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આત્મા પોતે જેટલો સહજ સ્વરૂપે સમભાવ પરિણામે પ્રગટ પ્રણમે છે. તે જ આનંદ છે અને વિશેષ વિશેષ સમભાવ સ્વરૂપે સ્થિત પ્રણમે, તેમ ભાવના રહ્યા કરે છે.

અહા! આ જીવનમાં જે સફળતા મેળવવા યોગ્ય છે તે મેળવી તે જ શ્રી સદ્ગુરુનો જ પ્રતાપ છે. તે શ્રી સદ્ગુરુને બહુમાનથી વારંવાર વંદન હો, નમસ્કાર હો.

ધન્ય છે જે આત્માઓ બાહ્ય લક્ષ વિશેષપણે ચૂકી વિશેષપણે વિશેષ સ્વરૂપ ઉપયોગ સર્વથા પલટાવીને સર્વથા પ્રગટ સહજ સ્વરૂપે પ્રણમી જે ''મહા'' આનંદને ભોગવે છે તેવા આત્માઓને ધન્ય છે, વારંવાર ધન્ય છે. તેવા આત્માઓના જેમને દર્શન છે તેમને પણ ધન્ય છે. સહજ સ્વરૂપ સ્થિત દશાના આનંદને ધન્ય હો.

અહો અહો હું મુજને નમું, નમો મુજ નમો મુજ રે.....
અમીત ફળ દાન દાતારની જેથી થઈ તુજ ભેટ રે.......(શ્રીમદ્જી)

શ્રી સદ્ગુરુદેવના પ્રતાપને ધન્ય છે.

અદ્વિતીય શ્રી ગુરુદેવની જોડ આ જગતમાં મળેથી આપણા મહાભાગ્યે આ અમૂલ્ય રત્ન ગુરુદેવ આપણને મળ્યાં છે, હવે તો નિરંતર એમના ચરણમાં વાસ હો.

જીંદગીની સાફલ્યતા કરાવે તેવા સદ્ગુરુદેવને વંદન હો. હે ગુરુદેવ! આપે આ પામર ઉપર અનહદ કૃપા કરી છે.

આત્મા........આત્મા કરતાં મને તો આત્માની જ ધૂન બહુ જોરદાર હતી. જેવું સાંભળ્યું તેવું જ તુરત જ અંદરમાં ચૈતન્યમાં પરિણમન થઈ જતું. **''પાત્ર એવું જ હતું અને સામે દેવાવાળા પણ એવા જ હતા.''** મારામાં જ મને વિશ્વાસ હતો. તેથી ગુરુદેવના પ્રવચનમાં અનુસંધાન અને સમાધાન થતું હતું.

આપણે બધા મહાપુરુષોના દાસ છીએ એટલે દાસ થઈને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



રહેવું ગમે. પુરુષાર્થ એટલો જોરદાર કર્યો કે પછી શરીર બગડી ગયું, પુરુષાર્થ કર્યો પછી ઊંઘ ન આવે, ખાવું ન ભાવે, આસો મહીનામાં દિવાળી આવી ત્યારે શરીર લથડી ગયું—ભલે લથડી ગયું આપણે શરીરનું શું કામ છે?

**''જે કરવાનું હતું તે કરી લીધું.''**

卐 卐 卐

પરમ દિગંબર મહામુનિરાજને
પરમ ભક્તિથી નમસ્કાર હો.

卐 卐 卐

## આત્માર્થીનું જીવન કેવું હોય?

આત્માર્થીની તીવ્રતા હોય, વૈરાગ્ય હોય, જેમ બને તેમ આત્માની તીવ્રતાની લગની હોય, વૈરાગ્યભાવ હોય, આત્માની સ્થિરતા હોય.

કષાયને મંદ કરી દીધા હોય, માત્ર વીતરાગતા-વીતરાગતા ઝલકતી હોય એમ એની જ આરાધના હોય.

એક આત્માર્થીનો જ સમાગમ હોય, એક જ ધ્યેય હોય બીજે ક્યાંય રુચતું ન હોય તે જીવ પાત્ર છે.

હવે બધાનો સમય જીવનનો થોડો જ છે. સંયોગ ઢીલા થઈ ગયા છે, માટે ચેતી જાવ....ચેતી જાવ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય બેન શાન્તાબેનના હૃદયોદ્‌ગાર

✍ આત્મા જ્ઞાનનો અવતાર છે, જ્ઞાનનો પિંડ છે, સમતા સ્વરૂપ છે. આત્મા આનંદ આદિ અનંતગુણ સ્વરૂપ છે. ૧.

✍ આત્મા પોતે પરથી નિરપેક્ષ સ્વરૂપે છે, પરની અપેક્ષા આત્માને કલંક રૂપ છે, પોતે પોતાના ગુણોથી જ ભરપૂર છે; પછી પરની અપેક્ષા તેમાં ક્યાં આવે? એવા નિરપેક્ષ સ્વરૂપ ને નિહાળતાં શાંતિ–સમતા–આનંદ ઉછળે છે. ૨.

✍ જેમ સિદ્ધ ભગવાન બધાને જાણે–દેખે છે છતાં રાગ-દ્વેષ કરતાં નથી. તેમ આ આત્મા પણ સિદ્ધ સ્વરૂપે જ છે, જાણવું તારો સ્વભાવ છે, સ્વભાવમાં રાગ-દ્વેષનો અભાવ છે. ૩.

✍ જ્ઞાયક મન-વચન-કાયાની ક્રિયામાં હર સમયે તે જુદો જ્ઞાયકપણે પરિણમન કરે છે. રાગ-દ્વેષના ભાવો વિભાવ પરિણામ આત્માની અશુદ્ધ પરિણતિમાં છે, પણ તે ગૌણપણે વેદાય છે. ૪.

✍ જ્ઞાયક મન-વચન-કાયાની ક્રિયામાં હર સમયે પરિણમન કરે છે. રાગ-દ્વેષના ભાવો જ્ઞાયકદેવના વેદનમાં છે જ નહીં. વિભાવ પરિણમન આત્માની અશુદ્ધ પરિણતિમાં છે, પરંતુ તે ગૌણપણે વેદાય છે. જ્ઞાયકનું પરિણમન મુખ્યપણે વેદાય છે. ૫.

✍ સાચો આનંદ અને સાચું સુખ પોતાના ચૈતન્યમાં જ છે, બીજે ક્યાંય છે જ નહીં. પોતાના ચૈતન્યમાં સુખ-શાંતિ-સમતા આનંદ વેદાય છે, તે અપૂર્વ છે. ૬.

✍ ચૈતન્યદેવની શુદ્ધતા પૂર્ણતા તરફ ઝૂકી રહી છે. પોતાનો જ્ઞાયકદેવ જ્ઞાનમાં તરવરે છે. પોતાની સામે મોજુદ છે. સાક્ષાત્ પોતે ઝળકી રહ્યો છે. નિરંતર જ્ઞાયકદેવનું જ્ઞાયકપણે પરિણમન વેદાય તે જ આનંદ છે. ૭.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



✍ આત્મા જ્ઞાનનો અવતાર છે, આત્મા પોતે પરથી નિરપેક્ષ છે, નિરપેક્ષ સ્વરૂપ પોતે જ છે, પરની અપેક્ષા તે આત્માને કલંકરૂપ છે. પોતે પોતાના ગુણોથી ભરપૂર છે, પછી પરની અપેક્ષા તેમાં ક્યાં છે? એવા નિરપેક્ષ સ્વરૂપને નિહાળતાં શાંતિ-સમતા-આનંદ ઉછળે છે, તેમાં રાગ-દ્વેષ થતાં નથી. તેમ આ આત્મા પણ સિદ્ધ સ્વરૂપે જ છે. જાણવું દેખવું તેનો સ્વભાવ છે, સ્વભાવમાં રાગદ્વેષનો અભાવ જ છે. ૮.

✍ સમ્યગ્દર્શન પોતે જ મહિમાવંત છે. શ્રદ્ધામાં આખું દ્રવ્ય આવી જાય છે. પોતે જ આવા મહિમાવંત દ્રવ્યને દેખે તો પર્યાય મહિમાવંત થાય એવો ચૈતન્ય પદાર્થ જ મહા મહિમાવંત છે. તેના પ્રત્યે શ્રદ્ધા કરે, દ્રષ્ટિમાં લ્યે તો આખું દ્રવ્ય આવે. એટલે તેની પર્યાયમાં મહિમા આવે કે અહો! હું આવો છું! અને આ જ મારું શરણ છે કે આવો પદાર્થ હું જ છું, બધું જ સુખ મારામાં છે. આ સુખની જ લીનતા પ્રાપ્ત કરવી છે. ૯.

✍ **જ્ઞાયકને ગ્રહણ કરવો એ જ સમ્યગ્દર્શન છે. જાણનાર ઉપર એક જ લગની લગાવવી તો બીજા વિકલ્પ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં માર્ગ મળ્યો, મોક્ષના દરવાજા ખુલી ગયા. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં ભગવાનની નાતમાં ભળી ગયો. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં ઝળહળતી જાજ્વલ્યમાન જ્યોતિ પ્રગટે છે, પછી ચારિત્રદશાનો પુરુષાર્થ ઉપડે છે. ૧૦.**

✍ સમ્યગ્દર્શન ધારણ કરવામાં પ્રમાદી ન થાવ! સમ્યગ્દર્શન ઉજજ્વળ થાય, દ્દઢ થાય એવો નિરંતર ઉદ્યમ કરો. સમ્યગ્દર્શનરૂપી આભૂષણ હોય તો જ્ઞાન-વૈરાગ્ય-તપ-ચારિત્ર શોભે છે, માટે તેનો અનુરાગ કરો. ૧૧.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



✍ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તેણે મોક્ષના પાયા નાખ્યા અને અવશ્ય મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ થવાની જ. ૧૨.

**શુદ્ધ ચિદ્રૂપોઽહં**

✍ જેમ બાળકને દૂધ મળતાં આનંદ થાય–તેમ મને 'શુદ્ધ ચિદ્રૂપ' સાંભળતા દૂધ મળે તેવો આનંદ થાય છે. આ વાંચતા ધૂન ચડી જાય છે. ૧૩. (તત્ત્વજ્ઞાનતરંગીણી)

**'શુદ્ધ ચિદ્રૂપ તે જ આનંદનું મંદિર છે.'**

✍ અનુભવ તે જ મોક્ષનું કારણ છે, અનુભવથી જ મોક્ષની ધારા વહે છે. ૧૪.

✍ જેને એક પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે છે, તે એવી અનંત પ્રતિકૂળતા આવી પડે તો તેને સમાધાન કરતાં આવડે છે. જ્યાં એક પોતાનો આત્મા જ સમાધાન સ્વરૂપ છે. ૧૫.

✍ વ્યવહારે મોટા પુરુષોના બહુમાન–વિનય કરવાથી પોતાના આત્માનું બહુમાન થાય છે, તેમાં આત્માનું બહુમાન આવે છે. જેમ ધર્મચક્ર મુખ્ય આગળ આગળ ચાલે છે તેમ દેવ-શાસ્ત્ર-ગુરુને મુખ્ય આગળ રાખે તો આત્મા સન્મુખ આગળ વધે. ૧૬.

✍ શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુના દર્શનની નિત્ય ભાવના રાખવી અને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ ચડિયાતી રાખવી. તે દૃઢ નિશ્ચય બરાબર રાખવો. તેમાં જ પોતાનું હિત છે. ૧૭.

✍ સાચા આત્મ-જ્ઞાનના અને સાચા આત્મ-કલ્યાણના સંસ્કાર તો આ મનુષ્યભવમાં જ પડે છે. આ મનુષ્યભવ આત્મ-કલ્યાણ કરવા માટે ઊંચું સાધન છે. ૧૮.

✍ આવો ઉત્તમ મનુષ્યભવ ઘણાં પુણ્યથી પ્રાપ્ત થયો તેમાં વળી આવા વીતરાગીદેવે પ્રરૂપેલો સત્ય-ધર્મનો યોગ મળ્યો વળી ઘણાં પુણ્યે આ પંચમકાળે આવા સદ્ગુરુદેવનો યોગ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આત્મકલ્યાણ માટે મળ્યો છે. તે મહાન પુણ્યનો ઉદય ઘણો દુર્લભ યોગ અત્યારે સુલભયોગ થઈ ગયો છે, તો બધાએ આ જ રુચિ અને પ્રેમ વધારે વધે તેવી ભાવના રાખવી અને બાળકોને પણ આવા જ સંસ્કાર રેડવા જરૂરી છે. ૧૯.

✍ શાસ્ત્રોના ગહન અભ્યાસથી કઠિન શાસ્ત્રો પણ સરળ અને સુગમ લાગે છે. તેવી રીતે ધ્યાનના સતત અભ્યાસ વડે ધ્યાન પ્રથમ થોડું અસ્થિર હોય પરંતુ તુરત સ્થિર થાય છે. ત્યારે તેના ચમત્કારો પ્રગટ થાય છે. માટે શિથિલ કે હતોત્સાહ ન થતાં શ્રદ્ધા સહિત વૃદ્ધિ કરવી તેમ જ શ્રી જિનવાણી માતા કહે છે. ૨૦.

✍ આત્માને ઓળખવા માટે રુચિ ખૂબ જોરદાર પ્રગટ કરે તો આત્મદેવ અંદરથી જાગ્યા વગર રહે જ નહિ. રુચિ આત્મદેવને પણ ખૂબ આવકાર આપે છે. તો આત્મદેવ અંદરથી જાગ્રત થાય જ. માટે સર્વે મુમુક્ષુ જીવોએ આત્માની રુચિ ખૂબ જ વધારવા જેવી છે.

✍ **આત્મદેવ જાગ્રત થાય એટલે તો તેના આનંદનો પાર ન રહે. ભવનો અંત આવી જાય અને આત્મદેવ જાગતા ને જાગતા હોય. પરથી ભિન્ન જ પોતાની જ્ઞાનજ્યોતિને અનુભવે તેને આત્મદેવની પૂર્ણ પ્રાપ્તિ નજીક જ છે. ‘‘તેમાં સંશય છે જ નહીં.’’ ૨૧.**

✍ શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થાય તે શુદ્ધ ઉપયોગમાં વારંવાર લીનતા કરવાનો પ્રયત્ન રહે છે, તે શુદ્ધ ઉપયોગનું કોઈ હરણ કરી શકતું જ નથી. ૨૨.

✍ ઉપયોગને સ્થિર રાખવો તે પ્રસંગ ધન્ય છે. તે ચૈતન્યની કુશળતા છે. તે કુશળતા મહા કુશળતા છે. તે કુશળતામાં કોઈ ખામી નથી, મહા મુનિરાજ ધ્યાનમાં કેવા કુશળ હોય છે. ૨૩.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



✍ પોતાના ચૈતન્યને અંતર્મુખ જોવે તો પોતાને જોઈ શકે એવો તેનો સ્વભાવ છે. સ્વભાવનું અસ્તિત્વ ધરતું એવો અસ્તિત્વવાળો—સત્તાસ્વરૂપવાળું દ્રવ્ય છું. તે અકારણ હોવાથી સ્વતઃ સિદ્ધ છે. બહિર્મુખ અને અંતર્મુખ પ્રકાશવાળો હોવાથી સ્વપરનો જ્ઞાયક છે, જે સ્વને પણ જાણે છે અને પરને પણ જાણે જ છે. ૨૪.

✍ મરણ સમયે કેટલી પીડા અને ભીંસ હોય, તે શરીરને થાય છે, તે સમયે પોતે આત્માનો પુરુષાર્થ કરીને સમાધિને વધારી શકે છે. તે સમયે થાક નથી લાગતો—તે સમયે આત્મ સમાધિમાં લીન થઈ શકે છે. શરીરને ઊભું થવું હોય તો ક્યાં થઈ શકે છે. પરંતુ આત્મા તે સમયે પુરુષાર્થ કરી શકે છે. ૨૫.

✍ અંત સમયે અનંતા મુનિવરોએ પુરુષાર્થ કર્યો ને કેવળજ્ઞાન પ્રગટ કરી લીધું ત્યાં થાક નથી લાગતો આનંદની વૃદ્ધિ થાય છે. સહજ સ્વભાવ પ્રગટે છે અને અનંતકાળનો થાક ઊતરી જાય છે. ૨૬.

✍ ઉપયોગને આત્મા તરફ વાળ તો તને શ્રમ નથી, શ્રમ વગરનો છે. બીજા બધા કાર્ય કરવામાં શ્રમ લાગે છે, અતિ પુરુષાર્થમાં શ્રમ નથી તેમાં આનંદ છે, અને સરળ છે. પોતાના ચૈતન્યમાં જવાનો અનંત પુરુષાર્થ છે, થાક તો શરીરને લાગે છે આત્માને લાગતો નથી, શરીર તો જડ છે. ૨૭.

✍ ચૈતન્ય આત્મા ચેતના સ્વરૂપ છે આ શરીરાદિથી ભિન્ન છે. બાહ્યવસ્તુથી ભિન્ન છે. જ્ઞાની ચૈતન્ય ભગવાનને પ્રત્યક્ષપણે દેખે છે, અનુપમ નેત્રોથી દેખે છે. જન્મ—મરણ રહિત એક ઉત્કૃષ્ટ સ્થાન છે, સર્વ પ્રકારના વિશેષણો રહિત થઈ આત્માને આત્મા દ્વારા જાણે તે જ આત્મા સ્થિત થાય છે. **આત્મા મન-વચન-કાય કોઈ પદાર્થ કે શાસ્ત્ર દ્વારા નથી જાણતો,**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**આત્મા આત્મા દ્વારા જણાય છે. આત્મા પોતાના જ્ઞાન દ્વારા જણાય છે, જ્ઞાન તે આત્મા છે માટે આત્મા આત્મા દ્વારા જણાય છે. ૨૮.**

✍ જાણવા યોગ્ય ચૈતન્યને જાણતાં બધું જણાઈ આવે છે, આ જગતમાં જાણવા યોગ્ય બીજો કોઈ પદાર્થ છે જ નહિ.

ચૈતન્ય આત્માને જાણતાં બીજું શું ન જણાયું?

✍ એક આત્માને જ્ઞાન-દર્શનથી દેખ્યો—જાણ્યો, ત્યાં કાંઈ બાકી રહ્યું નથી, બધું પૂરેપુરું જણાયું. અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપ આત્માને પોતે જાણી લીધો છે. દેખી લીધો છે, સાંભળી લીધો છે, અનુપમ આત્માને ઓળખી લીધો છે. તેને જાણતાં બધું જણાય છે. ૨૯.

✍ આશ્ચર્યકારી પદાર્થ પોતે જ છે—એમાં તું આશ્ચર્ય કર કે આવો ચૈતન્ય પદાર્થ છે. આવું મારું સ્વરૂપ છે. એવો કુતુહલ કર એમાં આશ્ચર્ય કર કે આવી ચેતના મારી છે. વાહ! આવું મારું સ્વરૂપ છે. અનંતકાળથી આવા સ્વરૂપને હું ભૂલીને બેઠો હતો. સર્વજ્ઞદેવ દ્વારા—ગુરુદેવ દ્વારા મારા જ્ઞાન દ્વારા આત્માના સ્વરૂપને જાણ્યું. તે જાણતાં બધું જણાઈ ગયું માટે આત્માના સ્વરૂપનું ધ્યાન કર, અને આ ચૈતન્યને સાંભળ સાંભળ.....બીજાનું સાંભળવાનું છોડી દે. ૩૦.

✍ પોતાના સ્વરૂપને જાગૃત રાખવા માટે નિરંતર પ્રયત્નશીલ છે, તે જ્ઞાની જીવો ધર્માત્મા જીવો પોતાના સ્વરૂપને જાગૃત રાખવા માટે નિરંતર પ્રયત્નમાં રહે છે. તેમાં આળસુ નથી, તેમાં પ્રમાદ નથી આવતો. નિરંતર નિષ્પ્રમાદીપણે જાગૃત રહી પુરુષાર્થરૂપી તેલ હંમેશા નાખ્યા કરે છે. તેને કારણે જ્ઞાનરૂપી દીવડો હંમેશા પ્રગટ ઉદ્યોતરૂપ જ રહે છે. પ્રકાશપણે રહે છે. આ શાસ્ત્રોમાંથી આત્મા નથી મળતો, હંમેશા જાગૃતરૂપે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



રહેવાની વાત આત્મામાં છે. ભગવાન કેવળીમાં છે. હંમેશા પ્રયત્નશીલ રહેવું તેમાં નિઃશંકતા છે, તેમાં પોતાના સ્વાદને અનુભવે છે. અનુભવથી પોતાનો ઉપયોગ ખસતો નથી. ભલે નિર્વિકલ્પ ઉપયોગ વારંવાર ન થાય પરંતુ ભેદજ્ઞાનરૂપી જ્યોત નિરંતર ઝગમગે છે. ૩૧.

✍ અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે, ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુ સમૂહને. (શ્રી પ્રવચનસાર) શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ આત્માર્થતા–વિશેષપણે વધારવા યોગ્ય છે. શ્રી સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે પોતાના ઉપયોગને વારંવાર અવિનાશી ધ્રુવપદમાં જોડવા યોગ્ય છે. પંચપરમેષ્ઠિનું સાચું સ્વરૂપ પોતાના આત્માને જાણવાથી જ જણાય છે. ૩૨.

✍ આ આત્મા સિદ્ધ સ્વરૂપે છે તેમાં ઉપયોગને જોડી તેમાં લગની લગાવ. આવા ચિદાનંદ ચૈતન્ય દ્રવ્ય જેવું બીજું કોઈ દ્રવ્ય નથી. આત્માને જાણ્યો ત્યારે જ અરિહંતજી–સિદ્ધદેવનું સાચું સ્વરૂપ જણાય છે. આત્માર્થીનું ધ્યેય સિદ્ધપદની આરાધનાનું જ ધ્યેય હોય છે. ૩૩.

✍ આ જગતમાં ઊંચામાં ઊંચું 'જ્ઞાન' જ પ્રધાન છે, 'જ્ઞાન' નો સ્વભાવ જ શાશ્વત છે. 'જ્ઞાન' કદી પણ ચૈતન્યનો સાથ છોડતું નથી, સાથે રહે છે. આ જગતમાં જાનન સ્વભાવી આત્મા સર્વશ્રેષ્ઠ પદાર્થ છે. ૩૪.

✍ કષાયની મંદતાપૂર્વક ઈન્દ્રિય વિજેતા થઈ, સાધર્મી વાત્સલ્યભાવ વધારો. સમ્યગ્જ્ઞાન થયા પહેલાનાં પરિણામમાં બહારમાં ઉદાસીનતા હોય છે. આત્માની પ્રાપ્તિ તરફનો રસ વધુ હોય તેને બહારનો રસ ઘટી જાય છે. મુખ્યપણે આત્મજ્ઞાન, સ્વરૂપનું ચિંતવન વધારે હોય તે નજીકનું કારણ છે. ૩૫.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# શ્રુત પંચમી (જેઠ સુદ પાંચમ)

આજે ધરસેન આચાર્યદેવ દીધેલું જ્ઞાન તેને અપૂર્વ રીતે ગ્રહણ કરીને ભૂતબલી મુનિરાજ તથા પુષ્પદંત મુનિરાજે તેની શાસ્ત્રોક્ત રચના કરી. આજે તેનો અંકલેશ્વરમાં ઉત્સવ કર્યો જેથી આજના દિવસનું શ્રુતપંચમી નામ સ્થપાયું છે.

ધન્ય છે તે ધરસેન આચાર્યદેવ ભૂતબલી મુનિરાજ, પુષ્પદંત મુનિરાજ, જેમણે આત્માના જ્ઞાનની આરાધના કરતાં કરતાં સાથે સાથે શ્રુતજ્ઞાનનો પણ આટલો પ્રચાર કર્યો.

ધન્ય છે તે કુંદકુંદાચાર્યદેવ અને અમૃતચંદ્રાચાર્યદેવ જેમણે આત્માના સ્વરૂપની કેવી મસ્તી લગાવીને કેવા સરસ ભાવો શ્રી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય વગેરે શાસ્ત્રોમાં ભર્યા છે, જે વાંચતા આત્મા અનંતગુણ સ્વરૂપે ઉછળે છે. અસંખ્ય પ્રદેશમાં આનંદ—આનંદ થાય છે.

卐 卐 卐

સંપ્રદાયમાં પૂજ્ય ગુરુદેવના પ્રવચનોમાંથી કરેલી યાદી રૂચી અનુયાયી વીર્ય—

જ્ઞાનીના વચન ધારવા તે પણ જુદી વાત છે અને

જ્ઞાનીનો આશય જાણવો તે પણ જુદું જ છે.

ધારણાં કરતા જ્ઞાનીનો આશય જણાય ત્યાં તો લાઈન ફરી જાય. દેહથી આત્મા જુદો જણાય છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# આત્મ અનુભવ કરવાની વિધિ

આત્માની લગની લાગવી જોઈએ....ઈસકે પીછે લગના ચાહિયે......દિનરાત ઉસકા ચિંતવન—વિચાર કરી કરી નિર્ણય કરવો જોઈએ. સાચી જિજ્ઞાસા હોય તે આત્માને ધ્યેયરૂપે રાખી નવા નવા અનેક પ્રકારથી વિચાર કરે છે. શંકા ઉઠે તેનો નિર્ણય કરતો જાય છે. અમુક વિચાર થયા પછી ‘‘આગળ શું કરવું’’ તેનો પોતાને ખ્યાલ આવતો જાય છે.

‘‘આગળ વધતાં શું થાય છે?’’ ત્યારે ઘણી જ ગંભીરતા તથા પ્રમોદથી કહે છે કે અહો! આ તો અનુભવની વાત છે, એની પોતાને જ ખબર પડે, પછી માર્ગ ખૂલી જાય છે, મોક્ષનો માર્ગ ખૂલી જાય છે. એના પહેલાં ઘણો જ પુરુષાર્થ માંગે છે. આ એવી ચીજ નથી કે એમને—એમ અંદરથી પ્રગટી જાય. એને તો દિનરાત સતત પુરુષાર્થ જોઈએ.....લગની લાગવી જોઈએ.

અંતરમાં લગની અને આત્માના હિત માટે ખટક લાગે, એટલે પુરુષાર્થ પણ કરે.....હું જ્ઞાયક છું, મન-વચન-દેહ બધાથી જુદો જ્ઞાયક જ છું—એમ વારંવાર જુદા જુદા અનેક પડખેથી વિચાર કરીને એક જ્ઞાયકનો નિર્ણય કરે.

એ પુરુષાર્થ કઈ રીતે થાય?

એ તો પુરુષાર્થ કરે અને એને જ એની ખબર પડે! એની પોતાને ખબર પડી જાય; હું પોતે કોઈ અચિંત્ય અદ્‌ભૂત અપાર મહિમાવાળી વસ્તુ છું એમ પોતાને અંતરમાં ભાસે, તેમાં જેટલી રુચિ અને પ્રયત્નરૂપ કારણ આપે, તેટલું કાર્ય થાય. કારણ આપે અને કાર્ય ન આવે એમ બને નહીં.

આત્માના કેવા વિચાર કરવા?

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જિજ્ઞાસુને અમુક જ વિચાર હોય—એવું ન હોય, કોઈને કોઈ પ્રકારના વિચાર હોય, બીજાને બીજા પ્રકારના વિચાર હોય પણ વિચારથી જ્ઞાયક આત્માનો નિર્ણય કરે—ધ્યેય તો એક આત્મા જ હોય.

આત્માને ધ્યેયમાં રાખવો.......તેના મહિમાના જ વિચાર કરવા. આત્મા કેવો મહાન છે અને મારું હિત કેમ થાય? કેમ હું આત્માને ઓળખું? એમ લગની વધારીને પ્રયત્ન કરવો, કોઈને તુરત થઈ જાય, કોઈને ધીમે ધીમે કાર્ય થાય.....પરંતુ એ જ પ્રકારની લગની અને પ્રયત્ન હોય તેને કાર્ય થાય જ! માટે હર સમયે લગની વધારવી......ધીરજ રાખવી.

પરમ ધીરજથી એવો પ્રયત્ન કરતાં કરતાં એક ક્ષણે જરૂર આત્માનો અનુભવ થાય છે. શીઘ્ર જ થાય છે.

દ્રષ્ટિમાં આખું દ્રવ્ય આવે ત્યારે એની પર્યાયમાં મહિમા
આવે છે કે, અહો! હું આવો છું.

卐 卐 卐

પ્રશ્ન : આત્માનું જ્ઞાન કરવા માટે શું પુરુષાર્થ કરવો?

ઉત્તર : આત્માનું સ્વરૂપ જાણવા માટે પહેલા તો દેહ અને આત્મા જુદા પાડવાનો પ્રયત્ન કરવો અને "હું" કોણ છું અને મારું સ્વરૂપ શું છે? એવો તીવ્ર પુરુષાર્થ કરવો.

"આ પુરુષાર્થ નિરંતર રાખવો" એક આત્માની જ રુચિ કરી બહારની રુચિ છોડવી જોઈએ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# શ્રી કહાન ગુરુવર જીવન દર્શન

“માતાને સ્વપ્ના લાધ્યાં ને ઝબકીને જાગ્યા ઉજમબા
સ્વપ્ના એ મીઠડાં લાગ્યા ને દુદુંભી વાગ્યા ઉજમબા.”

ઉમરાળાની ભૂમિ એવી મહા પવિત્ર છે કે જ્યાં ઉજમબા માતાને કેટલી જાતના સ્વપ્ન આવ્યા ત્યારે વિદેહક્ષેત્રમાંથી ચ્યવીને ઉજમબા માતાના ગર્ભમાં આવ્યા.

સ્વામીજીનો જન્મ ૧૯૪૬ ની સાલમાં (ઈ.સ. ૨૧ એપ્રિલ ૧૮૯૦) વૈશાખ સુદ ૨ ના દિવસે રવિવારે નાનકડા ગામે ઉમરાળામાં (સૌરાષ્ટ્ર) મોસાળમાં થયો હતો.

તેઓશ્રીનું મૂળ ગામ ગઢડા હતું. તેમના માતાજીનું નામ ઉજમબા તથા પિતાજીનું નામ મોતીચંદભાઈ હતું.

માત-પિતાને હર્ષ ન માયો ને જોષીને તેડાવ્યા ઉજમબા
જોષીએ જોષ એમ જોયાં ને મનડાં મોહ્યાં ઉજમબા
કાં કોઈ નગરીનો રાયા કે જગ તારણહારો ઉજમબા
તેજ દેખીને માત મોહ્યા ને કાન નામ રાખ્યા ઉજમબા
માતાને કાનુડા પ્યારા કે, અજબ બાળ લીલા ઉજમબા.

તેઓ ચાર ભાઈઓ તથા બે બહેનો હતા. મોટાભાઈ દીપચંદભાઈ, બીજા નંબરના ખુશાલભાઈ, ત્રીજા ભાઈ મગનભાઈ અને ચોથા નંબરના ગુરુદેવ. બહેનો ગુરુદેવ કરતાં મોટા હતા અને તેઓને ગુરુદેવ પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો.

ગુરુદેવ કહેતા હતા કે અમારા ઘરમાં મેડી ઉપર જે બારી છે તે બારીમાં મારી બેન તેડીને બેસતા હતા, ત્યારે હું બે વરસનો હતો.

માતાને પણ લાગતું હતું કે મારો “કાનુડો” બહુ તેજસ્વી છે,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તેમનું શરીર સુંદર અને રૂપવાન હતું, ઊંચાઈ તથા બાંધો પડછંદ હતો તથા મુદ્રા સૌમ્યતામય અને વૈરાગ્ય ઝળકતો હતો. સ્વભાવમાં તેઓ નિઃસ્પૃહ હતા, બુદ્ધિશાળી તો એટલા હતા કે નિશાળમાં ભણવા ગયા ત્યાં સૌથી પ્રથમમાં પ્રથમ ''સિદ્ધોવર્ણસમામ્નાય'' શબ્દ માસ્તરે શીખવેલો (આ શબ્દ મોક્ષમાર્ગ પ્રકાશક પાના નં. ૧૧ માં છે) તીક્ષ્ણ બુદ્ધિ હોવાથી સ્મરણશક્તિ પણ તેજ હતી કે એકવારમાં બધું યાદ રહી જતું હતું.

માતાજી કહેતા હતા કે બાળપણથી જ ઘણા વિચક્ષણ, ''જ્ઞાન'' નો પ્રેમ ઘણો જ હતો. કાનાનું બાળપણ બધા કરતાં જુદું જ હતું એમ પાડોશીને કહેતા હતા, અને 'પુત્રનાં લક્ષણ પારણામાં' બાળપણથી જ અધ્યાત્મની ધૂન હતી. ૧૩ વરસની વયે છઠ્ઠી પાસ કરેલ.

## માતા-પિતાનો વિયોગ

૧૧ વરસની વય થઈ ત્યારે ગુરુદેવને માતાનો વિરહ થયો.

૧૩ વરસની વય થઈ ત્યારે ગુરુદેવને પિતાજીનો વિરહ થયો અને લૌકિક અભ્યાસ પરથી મન છૂટી ગયું.

૧૭ વરસની વયે પાલેજમાં કુંવરજીભાઈ (ફઈના દીકરા) સાથે ભાગીદારીમાં વેપાર કર્યો. દુકાન ઉપર પણ અધ્યાત્મના પુસ્તકો વાંચતા હતા. કોઈ કોઈ વખત વડોદરા નાટક જોવા જતા હતા. તેમાં તેમને સતી અનસૂયાનું નાટક જોઈને વૈરાગ્ય આવી જતો, અને રાતના ઉંઘ ન આવતી. આ નાટકમાં સતી અનસૂયા તેના પુત્રને પારણામાં ઝૂલાવતાં ઝૂલાવતા ગાતી કે બેટા તું શુદ્ધોસિ, બુદ્ધોસિ, ઉદાસીનોસિ, નિર્વિકલ્પોસિ આ વાત ગુરુદેવને અતિ પ્રિય લાગતી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પરણી મારા પિયુજીની સાથ કે
બીજાના મીંઢોળ નહિ રે બાંધું રે....(૨)
તેના ઉપર પૂજ્ય ગુરુદેવનું અધ્યાત્મ
પરણી મારા આતમદેવની સાથ કે
હવે રાગના મીંઢોળ નહિ રે બાંધુ રે.......

જ્યારે ગુરુદેવ નાટક જોવા જતાં ત્યારે તેઓને કહે કે અમને તમારી ચોપડી આપો કે તમે શું બોલો છો તે ખબર પડે. આ રીતે ૧૨ આનાની ચોપડી હાથમાં રાખીને નાટક જોતાં અને તેમાં રસ પડતો.

પછી એક વાર પાલેજમાં રાતના રામ-લક્ષ્મણ અને સીતાનું નાટક જોવા ગયા. ગુરુદેવ કહેતાં કે જાણે અસલ રામ-લક્ષ્મણ હોય તેવા જ લાગતા અને તેનો વૈરાગ્ય જોઈને ગુરુદેવે આ કડી પોતે બનાવી કે :—

'શિવ રમણી રમનાર તું, તું હી દેવનો દેવ,'
આ સ્ત્રી તે તારી નહીં, પણ શિવ રમણીને વરવાનું છે.

પાંચ વરસ પછી વ્યાપાર કરતાં કરતાં એમ લાગ્યું કે આ વ્યાપાર મને ન જોઈએ. મારે તો મારા આત્માનો વ્યાપાર કરવો છે. વ્યાપાર કરતાં તેમના પાલેજમાં જો કોઈ સાધુ સંતો આવે તો વ્યાપાર છોડીને તેમની સાથે જતા. જ્યારે પર્યુષણ આવે ત્યારે પોતે પ્રતિક્રમણ કરતા, અને ભજન ગાતાં. લોકો તેમને ભગતના નામથી બોલાવતા. પર્યુષણમાં કુલ ચાર ઉપવાસ કરતા. પર્યુષણમાં પૂ. ગુરુદેવ લલકારતા હતા કે **'જુવો રે જુવો કેવા વ્રતધારી'** એવું સ્તવન ગાતા હતા અને સાધુ સંતોના પરિચયમાં આવ્યા પછી દીક્ષાના ભાવ થયા. ત્યારે તેમના ભાઈને કહ્યું કે મારે લગ્ન કરવા નથી અને વ્યાપાર ધંધા તથા કુટુંબ પરિવાર પ્રત્યે ઉદાસીનતા આવી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ગઈ. મને સાચો જ ધર્મ જોઈએ છે. જ્યારે લગ્ન કરવાની ના પાડી ત્યારે ખુશાલભાઈએ કહ્યું કે તું સંસ્કૃતનો અભ્યાસ કર. અભ્યાસ માટે ગારિયાધાર ગયા અને ત્યાં સંસ્કૃતના માસ્તર ભણાવવા ઘરે આવતા. થોડા દિવસ સંસ્કૃત ભણ્યા અને પંદર દિવસ પછી ખુશાલભાઈ ખબર લેવા આવ્યા તો કહે શું કર્યું? ત્યારે ગુરુદેવે જવાબ આપ્યો કે મને આમાં કાંઈ રસ પડતો નથી અને રોવા લાગ્યા કે મારે જે જોઈએ છે તે આમાં મળતું નથી માટે આવું શીખવું નથી. એટલે ખુશાલભાઈ તેમને ઉમરાળા લઈ ગયા.

દુકાનમાં વેપાર કરતાં ત્યારે મુંબઈ માલ લેવા જતાં તો તેમણે ૪૦૦ ગુણી ચોખા ખરીદ્યા, તે બસ અંતિમ ખરીદી હતી તે શુકનવંતા ચોખા અક્ષયપદની પ્રાપ્તિનું સૂચક બતાવે છે. ત્યાર પછી વેપાર છોડીને દીક્ષાના ભાવની ધૂન હોવાથી ગુરુની શોધમાં નીકળ્યા. ઘણી શોધ કરતાં કરતાં બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજ પસંદ કર્યા, કારણ કે તેઓ સરળ અને શાંત પ્રકૃતિના હતા. તેમની પાસે પહેલાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવા ગયા ત્યારે ગુરુએ પૂછ્યું કે મોટાભાઈની રજા લીધી છે? એટલે ગુરુદેવે કહ્યું કે હું સ્વતંત્ર છું, મારા પર કોઈનો પ્રતિબંધ નથી.

ત્યાર પછી ૨૪ વરસની વયે સંવત ૧૯૭૦ (ઈ.સ. 1914) ના માગશર સુદી ૯ ના રવિવારે દીક્ષા ગ્રહણ કરવાનું નક્કી કર્યું. ધામધૂમપૂર્વક હાથીના હોદે દીક્ષા લેવાનું નક્કી કર્યું. હાથી ઉપર ચડતાં ધોતીયું ફાટ્યું ત્યારે સ્તબ્ધ થઈ ગયા અને બોલ્યા કે આ અપશુકન થાય છે, તેમને મનમાં થયું કે આ દીક્ષા લઉં છું પણ સાચો માર્ગ નથી; આ સૂચવે છે કે વસ્ત્ર વગરના સાધુ હોવા જોઈએ, એમ વિચાર્યું કે હું સત્યધર્મને શોધીશ, ત્યારથી દરેક શાસ્ત્રમાં ખૂબ ઝીણવટથી સંશોધન કર્યું.

દીક્ષા લીધા પછી ગુરુદેવ એકાંતરા ઉપવાસ કરવા લાગ્યા,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



નિવૃત્તિ લઈને સત્ય શોધવા માટે આખો દિવસ શાસ્ત્ર વાંચ્યા કરતા. પહેલાં શરૂમાં સ્થાનકવાસીના બધા શાસ્ત્રો વાંચ્યા, દીક્ષા લીધા પછી એક વરસ થયું ત્યારે ખુશાલભાઈ મળવા આવ્યા. તેમને જોઈને તેમના ગુરુ હીરાજી મહારાજને પૂછ્યું કે આ અમારા કાનજીમહારાજ કેમ આટલા બધા સૂકાઈ ગયા છે? ત્યારે ગુરુએ કહ્યું કે તેને મારા કરતાં પણ પહેલાં મોક્ષે જવું છે, માટે બહુ જ પ્રયત્ન કરે છે એટલે ખાતાં પીતાં નથી.

**કહાનગુરુ બ્રહ્મચર્યમાં એવા ભડવીર હતા કે કોઈ બેનો તેમની પાસે જઈ શકતા નહિ, એવો તેમનો પ્રભાવ હતો.**

ગુરુદેવે તેમના ગુરુને કહ્યું કે અરે! આ પાત્રાને રંગ કરવાના, તેમને સૂકવવાના, આમાં તો ઘણો સમય લાગે છે. તે ગમતું ન હતું. ત્યારે બોલ્યા કે આ શું? સ્વાધ્યાય છોડીને આવું કરવું? ત્યારે હીરાજી મહારાજ રોષમાં બોલ્યા કે પાત્રા વિનાના સાધુ શોધી લાવજે. તે હીરાજીમહારાજને થયું કે શું કોઈ પાત્રા વિનાના સાધુ હોતા હશે? આવું સાંભળીને પાત્રા વિનાના સાધુની શોધ કરવા માંડી.

સંવત ૧૯૭૧ (ઈ.સ. 1915) ની સાલમાં વેજલકામાં રાત્રીના પહોરમાં સ્વપ્ન આવ્યું કે આખું આકાશ શાસ્ત્રોથી ભરેલું જોયું અને શાસ્ત્ર લખેલાં પાટીયાં ઉતરતા જોયા. તે બતાવે છે કે સોનગઢના પરમાગમ મંદિરનો સંકેત હોય! અને વીર નિર્વાણ ૨૫૦૦ માં આ સ્વપ્ન સાકાર થયું.

સંપ્રદાયમાં રહીને મારે જ નક્કી કરવું પડશે કે સત્ય વસ્તુ શું છે? ત્યાં શાસ્ત્ર વાંચતા વાંચતા તેમાં આવ્યું કે પ્રતિમાજી છે, ત્યારે ગુરુને બતાવ્યું કે આ શું? તો ગુરુ કહે આપણે પ્રતિમાજીને માનતા નથી, એટલે કહાનગુરુએ કહ્યું કે આ શું? અંદર માનવું કાંઈક અને બહારમાં માનવું કાંઈક, ના.....ના......ના..... આ પણ સત્ય પંથ નથી. આ શ્રદ્ધા જ ખોટી છે, આ માર્ગ સાચો નથી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ધીરે ધીરે સૂક્ષ્મતાથી વસ્તુનું સ્વરૂપ શાસ્ત્ર દ્વારા જાણ્યું ત્યારે હીરાજી મહારાજે કહ્યું કે તું સભામાં વાંચ, તને વાંચતા વાંચતા તર્ક ઊઠશે અને તારું જ્ઞાન ખીલશે. ગુરુની આજ્ઞા અનુસાર ૧૯૭૪ (ઈ.સ. 1918) માં ભરી સભામાં વાંચવાનું શરૂ કર્યું અને ૧૯૭૪ (ઈ.સ. 1918) ના ચૈત્ર વદ ૮ મે તેમના ગુરુ હીરાજી મહારાજ કાળધર્મ પામ્યા.

સંવત ૧૯૭૭(ઈ.સ. 1921) માં વાંકાનેરમાં ૐકાર નાદનો આભાસ થયો અને પૂર્વ ભવના રાજકુમારનું સ્વપ્ન આવ્યું અને હું તીર્થંકર છું એવો ભાસ થતા, આવા સ્વપ્ના ઘણીવાર આવતા.

સંવત ૧૯૭૮(ઈ.સ. 1922) માં વૈશાખ વદ ૮ ના વીંછીયામાં વડલા નીચે સ્વાધ્યાય કરતા હતા તેમાં ૐ કારનો નાદ ફરી આવ્યો, અને સાથે સાડા બાર કરોડ વાજિંત્રોના નાદ સાંભળ્યા.

તર્કવાદી હોવાથી પોતાનો સ્વભાવ એવો હતો કે તર્કની કસોટી પર ઉતર્યા પહેલાં કોઈ પણ વાત માનવી નહીં. એટલે સત્ય પ્રાપ્તિની જિજ્ઞાસા ઉગ્રથી ઉગ્ર થતી ચાલી, તેઓની ખ્યાતિ વિસ્તૃત હોવાથી મુમુક્ષુ સમાજના ટોળેટોળાં ઉમટ્યા. પરંતુ અંતરમાં ખટક રહેતી કે મારે જે જોઈએ છે તે આ નથી. સાચી ભાવના હોય તો તે ફળે જ છૂટકો. તીવ્ર ઝંખના જાગી—લગની લાગી. લગની લાગે અને પ્રાપ્ત કેમ ન થાય?— થાય જ.

સંવત ૧૯૭૮(ઈ.સ. 1922) માં ફાગણ માસમાં દામનગરમાં દામોદર શેઠે **''શ્રી સમયસાર''** હાથમાં આપ્યું. ત્યારે ગુરુદેવ બોલ્યા કે શેઠ! **''આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.''** પૂજ્ય ગુરુદેવે કહ્યું ઓ હો હો.......! આ સમયસાર તો અશરીરી દશા પ્રાપ્ત કરવાનું શાસ્ત્ર છે. પૂજય ગુરુદેવના જ્ઞાનમાં એટલી બધી શ્રુતલબ્ધિ પ્રગટી ગઈ કે એમના જ્ઞાનચક્ષુ બધા શાસ્ત્રોને ઓળખતાં શીખી ગયા, કોઈ ગુરુ પણ ન હતા, કોઈ સત્ સંગ પણ ન હતો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પરંતુ ગયા ભવની એટલી લાયકાત કે તેમણે સ્થાનકવાસી–શ્વેતાંબરના શાસ્ત્રો વાંચ્યા અને જ્યાં દિગંબર શાસ્ત્રો હાથમાં આવ્યા ત્યારે થયું કે આ શાસ્ત્રો જ સાચા છે, અને આ શાસ્ત્રો જ અશરીરીદશાને પ્રાપ્ત કરાવે તેવા છે. એવી દૃષ્ટિ જ્ઞાનમાં ઉઘડી ગઈ અને ખરેખરી આગમની પરીક્ષા કરી તથા આગમની સાચી શ્રદ્ધા કરી કે આ આગમ જ સાચા છે.

અહાહા! જે જોઈતું હતું તે મળી ગયું, અને અપૂર્વ આનંદ આવ્યો. ત્યાર પહેલાં સં. ૧૯૭૭(ઈ.સ. 1921) માં બોટાદમાં શ્રી સમયસાર મળેલું પણ ત્યારે વાંચ્યું નહિ. **''અહો! આજે મને પાત્રા વગરના ગુરુ મળી ગયા, જે ગુરુની શોધમાં હતો તે આ કુંદકુંદાચાર્યદેવ મને મળી ગયા.'' બાકીના સમયે ગામની બહાર તળાવ આગળ બેસીને એકાંતમાં સમયસારનો સ્વાધ્યાય કરીને પૂરું વાંચ્યું. ત્યારથી જ પર્યાય ક્રમસર—ક્રમબદ્ધ થાય છે તેમ અંદરથી આવ્યું હતું.**

પૂજ્ય ગુરુદેવને સમયસારની બહુ જ મહિમા આવતી ત્યારે બોલ્યા અહો! અધ્યાત્મના ગૂઢ રહસ્યોથી ભરેલા આ પરમાગમના એક એક શબ્દમાં પદ્યમાં તથા વાક્યોમાં 'અપૂર્વ ચૈતન્યરસને જ્ઞાન નેત્રથી નિહાળ્યો; અને ઘૂંટડે ઘૂંટડે પીધો.'' અને સર્વે શંકાનું સમાધાન થઈ ગયું અને સર્વે શાસ્ત્રોનો ઉકેલ થવા લાગ્યા. ત્યાર પછી પ્રવચનસાર મળ્યું, તેમાં આત્માનો અનુભવ તે જ વસ્તુ છે એમ જાણ્યું. સં. ૧૯૮૨(ઈ.સ. 1926) માં મોક્ષમાર્ગ પ્રકાશક મળ્યું અને વાંચતા વાંચતા એવી ધૂન ચડેલી કે ખાવું-પીવું કે કોઈ પણ પ્રવૃત્તિ જરા પણ ગમતી ન હતી. સં. ૧૯૮૩(ઈ.સ. 1927) માં વીરજીભાઈ વકીલે રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પૂજ્ય ગુરુદેવને જામનગરથી દામનગર દેવા માટે આવ્યા, પણ મળી નહિ.

સં. ૧૯૮૪(ઈ.સ. 1928) માં અમરેલીમાં રહસ્યપૂર્ણ ચિઠ્ઠી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મળી. સં. ૧૯૮૪(ઈ.સ. 1928) માં દ્રવ્યસંગ્રહ પણ વાંચ્યું. સં. ૧૯૮૪ (ઈ.સ. 1928) માં મોક્ષમાર્ગ પ્રકાશકનો સાતમો અધ્યાય વાંચતા વાંચતા તે ખૂબ જ ગમી ગયો, ત્યારે શાસ્ત્રો સાથે રાખતા નહિ. તેથી સાતમો અધિકાર અજવાળી રાતના અગાસીમાં બેસીને પેન્સીલથી **પોતાના હાથે લખી લીધો.** સાથે વાંચવા માટે લઈ ગયા. દામોદર શેઠને ત્યાં દિગંબર શાસ્ત્રોના ભંડાર ભર્યા હતા અને કબાટના કબાટ ભરેલા હતા. લાયબ્રેરીનો શોખ હતો. અમરેલીમાં હંસરાજભાઈ કામાણી હતા, તેઓને પુસ્તક વસાવવાનો શોખ હતો. પૂજ્ય ગુરુદેવ પગે ચાલીને જતા ત્યારથી જે ગામમાં દિગંબર શાસ્ત્ર હોય તે ગામમાં ચોમાસુ કરતા એટલે બધા શાસ્ત્રો વંચાઈ જાય. જે ગામમાં જતાં ત્યાં પ્રવચન ન આપતા, અને શાંતિ માટે નદી કિનારે એકાંતમાં બેસીને શાસ્ત્રો વાંચતા. તેમાંથી દોહન કરીને કાઢ્યું અને તેમાંથી તત્ત્વ કાઢી પોતાના આત્માને ઘૂંટ્યો. ૧૯૮૬(ઈ.સ. 1930) ની સાલમાં અમરેલી પૂજ્ય ગુરુદેવ પધાર્યા ત્યારે **ચોમાસામાં વ્યાખ્યાનમાં શ્રી સમયસારજી સૌ પ્રથમ વાંચ્યું** અને કહે મને આમાં બહુ જ રસ આવે છે તથા સાંભળનારને પણ ખૂબ જ રસ આવતો, તેથી પૂજ્ય ગુરુદેવને વિનતી કરી કે સાહેબ આ જ સમયસાર વાંચવાનું ચાલુ રાખો. અમરેલીમાં કોઈ વિરોધ કરનારા હતા જ નહિ, તેથી કોઈ પ્રકારનો ભય નહોતો. આ ગામ પૂજ્ય શાન્તાબેનનું હોવાથી ત્યાં બહારગામથી ઘણા માણસો આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવ સાથે નારણભાઈ હોવાથી તત્ત્વની રેલમછેલ ચાલતી હતી. ત્યારે ગુરુદેવને ઘણો ઉલ્લાસ હતો અને તત્ત્વની ચર્ચા નારણભાઈ સાથે થતી હોવાથી આનંદમય દિવસો જતા, અને પૂજ્ય શાન્તાબેન ચર્ચા સાંભળીને ઉછળી પડતા.

અમરેલીથી પૂજ્ય ગુરુદેવ વીંછીયા પધાર્યા. ત્યાં બંને બેનોનો (પૂજ્ય શાન્તાબેન તથા પૂજ્ય ચંપાબેન) સંગમ થયો, અને મહાવિદેહની વિખૂટી પડેલી ત્રિપૂટી અહીં ફરી ભેગી થઈ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સંવત ૧૯૮૭ (ઈ.સ. 1931) માં પોરબંદરમાં ચાતુર્માસ થયું હતું, ત્યાં પણ પૂજ્ય શાન્તાબેન ગયા, પૂ. ગુરુદેવની વાણીમાં આવ્યું કે **ભેદજ્ઞાન–સમ્યગ્દર્શન વગર બધું જ નકામું છે,** આવી પહેલેથી જ પુરુષાર્થ પ્રેરક પૂજ્ય ગુરુદેવની વાણી હતી.

સંવત ૧૯૮૮ (ઈ.સ. 1932) માં જામનગર પધાર્યા ચાતુર્માસ કરવા, ત્યાં પણ વીરજીભાઈ વકીલ હોવાથી દિગંબર શાસ્ત્રો વાંચવા માટે મળી ગયા.

સંવત ૧૯૮૯(ઈ.સ. 1933) તથા ૧૯૯૦(ઈ.સ. 1934) બંને વખતે રાજકોટમાં ચાતુર્માસ કરવા માટે પધાર્યા. રાજકોટના સમાજને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણો જ પ્રેમ હતો અને ત્યાંના લોકો બુદ્ધિશાળી હોવાથી અધ્યાત્મ શાસ્ત્ર વાંચતા. તેથી પૂજ્ય ગુરુદેવે નિર્ણય લીધો કે આપણે અહીં જ પરિવર્તન કરવું. આવો નિર્ણય કરવાનો ભાવ સંવત ૧૯૮૭, ૮૮, ૮૯ (ઈ.સ. 1931-32-33) અને ૧૯૯૦(ઈ.સ. 1934) માં દૃઢ નિર્ણય કર્યો કે બસ મારે પરિવર્તન જરૂર કરવું છે. ત્યારે પોરબંદરવાળા દેવીદાસભાઈ ઘેવરીયા રાજકોટમાં હતા. તેમને પૂજ્ય ગુરુદેવે કહ્યું કે મારે ફેરફાર કરવો છે, કે અંદરમાં કાંઈક અને બહારમાં કાંઈક તે મને સહન નથી થતું. એટલે તેની મને બહુ ખટક છે, તેથી આ ફેરફારનો નિર્ણય કર્યો છે. ત્યારે દેવીદાસભાઈ બોલ્યા કે કરો.....કરો. હું તમારી સાથમાં જ છું. તેઓ બહુ પ્રમોદી હતા, તેમણે થોડુંક બહારથી તો સાંભળ્યું જ હતું કે ગુરુદેવ ફેરફાર કરવાના છે પણ પૂજ્ય ગુરુદેવે જ્યારે પોતે કહ્યું ત્યારે તેમને માન્યમાં આવ્યું.

૧૯૯૦(ઈ.સ. 1934) ની સાલમાં તો નક્કી જ કરી લીધું હતું કે આ વરસે તો ફેરફાર જરૂર કરવો જ છે. તે સમયે બંને બેનો ત્યાં હતા તેથી પૂજ્ય ગુરુદેવે તેમને પણ આ વાત કરી, પછી બંને બેનો છૂટા પડી ગયા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પણ પૂજ્ય ગુરુદેવને ખાસ વાત કહેવાની હતી તે રહી ગઈ, એટલે નાનચંદકાકાને કહ્યું કે શાન્તાબેન ક્યાં છે? કાકાએ કહ્યું કે સાહેબ, પૂજ્યબેન અમરેલી ગયા. ત્યાંથી નીકળીને નાનચંદકાકા અમરેલી આવ્યા અને પૂજ્ય બેનને કહ્યું કે બેન! આપને ગુરુદેવે યાદ કર્યા હતા. પૂજ્ય ગુરુદેવે કહ્યું કે મારે થોડી વાત કરવી છે. ત્યારે બેને કાકાને કહ્યું કે ચાલો અત્યારે જ આપણે રાજકોટ જઈએ, કારણ કે પૂજ્ય ગુરુદેવ કોઈકવાર જ બહેનો સાથે વાત કરતા, એટલે તરત બીજે દિવસે પાછા રાજકોટ ગયા અને કાકાએ પૂજ્ય ગુરુદેવને કયું કે સાહેબ શાન્તાબેન આવ્યા છે તો ક્યારે મળવા આવીએ? પૂજ્ય ગુરુદેવે ૧૨ વાગે બોલાવ્યા અને અમે ત્યાં ગયા અને પૂજ્ય ગુરુદેવ પાસે બેઠા ત્યારે પૂજ્ય ગુરુદેવે કહ્યું કે સાંભળ્યું ને? જી હા, પણ આપના મુખથી સાંભળીએ તો વધારે સારું—**'ઘણો જ ફેરફાર કરવાનો છે તો તમે ભડકશો નહિ ને?'** પૂજ્ય બેન બોલ્યા કે ના સાહેબ ભડકીએ તેમ નથી, પરંતુ આપ જે કરો છો તે અમારા માટે સત્ય જ છે. અમને આપના પ્રત્યે એટલો વિશ્વાસ છે કે આપ જે કહેશો તે કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવ કહે હું તો ક્યાંયનો ક્યાંય પણ ચાલ્યો જઈશ, હું તો જંગલમાં પણ ચાલ્યો જાઉં. ત્યારે પૂજ્ય બેન શાન્તાબેન બોલ્યા કે અરે ગુરુદેવ! આપ જંગલમાં ચાલ્યા જાવ તો અમારું શું થાશે? સાહેબ! અમે જંગલમાં ક્યાં જઈએ? હું તો ક્યાંનો ક્યાંય ચાલ્યો જાઉં અમારું કાંઈ ઠેકાણું નહિ એમ પૂજ્ય ગુરુદેવ બોલ્યા. પૂજ્ય બેનના આવા પ્રશ્નથી પૂજ્ય ગુરુદેવને બહુ પ્રમોદ આવી ગયો અને એવા શબ્દો બોલ્યા કે **''જ્યાં અમે ત્યાં તમે''** ત્યારે પૂજ્ય બેનને થયું કે હવે ભલે જંગલમાં ચાલ્યા જાવ એમ સાંભળતાં હું તો એવી લાંબી થઈ ગઈ અને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અમે પહેલાંથી જ ગુરુ તરીકે આપને જ સ્વીકાર્યા છે, આપની વાણી એ જ અમારું જીવન છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



એક સ્થાનકવાસી મહારાજને પૂ. ગુરુદેવે પૂછ્યું કે તમે લોકો પ્રતિમાજીને કેમ માનતા નથી? પરંતુ શાસ્ત્રમાં તો પ્રતિમા છે. એ મહારાજ કહે કે બોલાય નહીં; સ્થાનકવાસી શાસ્ત્રમાં જ આવે છે કે અકૃત્રિમ પ્રતિમા છે. પૂજા થાય છે એવું આવે છે. ત્યારે ગુરુદેવ બોલ્યા કે અંદરમાં કાંઈક ને બહાર કાંઈક, આ તો માયાચારી થઈ. એ વાત અંદરમાં બહુ જ ખટકતી હતી.

卐 卐 卐

## પરિવર્તન પહેલાં લખેલ પૂજ્ય ગુરુદેવનું નિવેદન

**પૂજ્ય ગુરુદેવને પરિવર્તન કરવું હતું ત્યારે આવી ભાવના વ્યક્ત કરી કે ધર્મની વિશાળ સ્થિતિને હું પ્રરૂપણ કરી શકતો નથી તેથી મારું મન અચકાય છે, માટે આ નિર્ણય લીધો છે.**

**ૐ શાંતિ—ૐ શાંતિ**

**શ્રી પરમ સહજ સ્વરૂપ જિનેન્દ્ર વીતરાગાય નમઃ**

**નિવેદન**

વર્તમાન સ્થિતિનું પરિવર્તન :—આમાં મારું આત્મહિતના વિશેષ વૃદ્ધિનાં કારણો મને ન લાગતાં સં. ૧૯૮૯(ઈ.સ. 1933) ના પર્યુષણમાંથી ફેરફાર કરવાની વિશેષ વૃત્તિ જણાઈ. જો કે સં. ૧૯૮૭ (ઈ.સ. 1931) થી જ તે સામાન્યપણે વિચારો આવતા હતા. તેના કારણોમાં ધર્મની વિશાળતાનું સ્વરૂપ બહાર મૂકતાં અચકાવું પડતું તે ચિત્તમાં આઘાતરૂપ લાગતું. તેમજ બહારની કેટલીક મનની સંકુચિતતાના લીધે જે સ્થિતિમાં છું તેમાં વિરુદ્ધતા ન થાય તો ઠીક, તેમ કેટલોક વખત (સમય) વીત્યો. સં. ૧૯૮૭(ઈ.સ. 1931) ની સાલથી નિવૃત્તિ એવી, પ્રતિબંધ ઓછા કરવા તેમ વારંવાર વિચારો આવ્યા કરતા હતા. તેમાંથી ૧૯૮૯(ઈ.સ. 1933) પછી તુરત જ નિવૃત્તિ લઈ ક્યાંક વિશેષ રોકાવું તેવા ઘણા જ વિચારો આવતા પણ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ક્યાં રોકાવું તે નક્કી થતું નહિ. પછી તેમ વિચારો થયા કે ૧૯૯૦ (ઈ.સ. 1934) ની સાલ રાજકોટ રહેવું પછી નિર્ણય ઉપર આવવું.

હવે.......મારું હિત વર્તમાન સ્થિતિમાં વિશેષ વૃદ્ધિરૂપ ન લાગતાં આ પરિવર્તન થાય છે. મને આ સંપ્રદાયમાં દીક્ષિત થયા ૨૧ વરસ થયા. તેમાં મારી યથાશક્તિએ સૂત્રો–ગ્રંથો વાંચી વિચારી જાણીને મને આ રીતે અનુકૂળતા જણાઈ તે માટે આ પરિવર્તન છે.

(પૂજ્ય ગુરુદેવના હસ્તાક્ષરની કોપી)

પૂજ્ય ગુરુદેવ પ્રત્યે રાજકોટના મુમુક્ષુઓનો અતિ પ્રેમ હોવાથી એક મુમુક્ષુભાઈએ તો પરિવર્તન કરાવવા માટે મકાન પણ લઈ લીધું હતું. જ્યારે ચાતુર્માસ પૂરું થવા આવ્યું એટલે પૂજ્ય ગુરુદેવ ભક્તોને કહેવા લાગ્યા કે હવે મારે પરિવર્તન કરવું છે. એ વાત 'વા' લઈ ગઈ, એમ કરતાં કરતાં સ્થાનકવાસીમાં આ વાત પહોંચી ગઈ એટલે ખૂબ વિરોધ થયો અને ચાતુર્માસ પૂરું થયું અને કારતક સુદ ૧૫ ને દિવસે પ્રાણજીવન માસ્તરે એવું ગીત ગાયું કે—

"ઉમરાળાથી ૐકાર નીકળ્યો હો કાનજી
રાજકોટના રોમ ખડા થાય હો કાનજી."

એવી રીતે લલકારીને ગાયું. પછી જ્યારે ખબર પડી કે સ્વામીજી મુહપત્તી છોડવાના છે, ત્યારે જ પ્રાણજીવન માસ્તરે ખૂબ વિરોધ કર્યો. એટલે ગુરુદેવ કહે કે હવે અહીં રાજકોટમાં રહેવા જેવું નથી. જોતાં જોતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હશે ત્યાં રહીશું. જોતાં જોતાં ભાવનગર જઈએ. ભાવનગર સુધી ન જતાં ચાલતાં ચાલતાં ઉમરાળા આવ્યા અને ત્યાં સ્થંભી ગયા અને કહ્યું કે અહીં આપણે વિચાર કરીએ કે ક્યાં જવું. ઉમરાળામાં બધા સ્થાનકવાસીના શેઠીયાઓનું સંમેલન થયું તેમાં, દામોદર શેઠ, રાજકોટના શેઠીયા ચુનીલાલ નાગજી વોરા વગેરે બધા અગ્રેસરો આવ્યા. આવીને કહે મહારાજ! અમારી એક વિનંતી છે કે તમે સમયસાર વાંચો,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પ્રવચનસાર વાંચો, બધું વાંચો–વ્યાખ્યાનમાં દિગંબર શાસ્ત્રો પણ વાંચો પરંતુ આ મુહપત્તી રાખો; મહારાજ સાહેબ કહે કે મારે આનો જ વાંધો છે, મારે બીજો કોઈ વાંધો નથી આના કારણે હું સ્થાનકવાસી સાધુ ગણાઉં, મને કોઈ સ્થાનકવાસી સાધુ માને, હું સ્થાનકવાસીને માનતો જ નથી અને હું સ્થાનકવાસીનો સાધુ છું જ નહિ–**''હું તો બ્રહ્મચારી છું.'' મારાથી અંદરમાં કાંઈક અને બહારમાં કાંઈક બોલવું એવું અસત્ય મારાથી થાય નહિ, તેથી મારે મુહપત્તી જ પહેલાં છોડવી છે.** બધા શેઠીયાઓ નારાજ થયા અને બોલ્યા કે મહારાજ તમને આહાર નહિ મળે આહાર. પૂજ્ય ગુરુદેવ કહે કે આ શરીર નભવાનું હશે તો આહાર મળી રહેશે. તે સમયે પૂજ્ય ગુરુદેવના મોટાભાઈ ખુશાલભાઈ બેઠા હતા તે બોલ્યા કે શેઠીયાઓ તમારે આવું બોલવાની કાંઈ જરૂર નથી, આ તો મારા 'ભાઈ' છે હું જીવનપર્યંત તેમનું પોષણ કરીશ. અહીં મેડી ઉપર વાંચશે અને હું સંભાળીશ. તમારે કોઈએ રોટલા નહિ મળે એવું બોલવાની જરૂર નથી. ત્યાર પછી બધા શેઠીયાઓ રોયા કે તમારે કારણ અમારો સ્થાનકવાસી સંઘ ઊંચો આવ્યો છે. કાનજીસ્વામીને કારણે સ્થાનકવાસી સંઘ આટલો બધો આગળ આવ્યો, એ અમારા સ્થાનકવાસીને લાત મારી જાવ છો તો તેની શું કિંમત?

પૂજ્ય ગુરુદેવ બોલ્યા કે મને જે અંદર લાગે તે કહું છું, મને તો કુંદકુંદાચાર્યદેવના શાસ્ત્રોથી લાગ્યું કે આ જ સાચું છે સત્ય છે અને તે જ સત્ય છે. તે મારે પ્રગટ કરવું છે. હું અંદરમાં આરાધના એની કરું અને બહારમાં ઉપદેશ બીજો આપું, એવું મારાથી નહિ બને. કોઈને આવવું હોય તો આવે, સાંભળવું હોય તો સાંભળે, ન સાંભળવું હોય તો ન સાંભળે. બધા શેઠીયાઓ રોતા રોતા ચાલ્યા ગયા.

પૂજ્ય ગુરુદેવ જ્યાં જ્યાં ચાતુર્માસ કરતા ત્યાં ત્યાં પૂજ્ય શાન્તાબેન તથા તેમની માસીબા દૂધીબેન વગેરે બહેનો પણ જતા,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ત્યારે પૂજ્ય ગુરુદેવના પરિવર્તનની વાત આવી કે કયા ગામે રહેવું અને પરિવર્તન કરવું તેમ પૂજય ગુરુદેવ વિચારતા હતા. ત્યારે દૂધીબેને પૂજ્ય શાન્તાબેનને કહ્યું કે અમારા ગામમાં એક પણ સ્થાનકવાસીના ઘર નથી તો આપણે વિનંતી કરીએ. ત્યારે પૂજ્ય શાન્તાબેન ખૂબ ઉત્સાહથી—પ્રમોદથી કહ્યું કે તમારા ભાઈને પત્ર લખો અને કહો કે મહારાજ સાહેબને વિનંતી કરે કે સાહેબ! આપ અમારા ગામે પધારો.

## પરિવર્તન સંબંધી પૂજ્ય બેને લખેલા પત્રો

16th Feb 1935, ગુરુવાર.

અમરેલી.

ધર્મપ્રેમી ભક્તિવંત દૂધીબેન તથા હરગોવિંદભાઈ,

સતપુરુષ પ્રત્યે ઘણી જ ભક્તિ ભરેલો કાગળ ગઈકાલે વાંચ્યો, તે વાંચી ઘણો જ આનંદ થયો છે. ખરેખર સત્પુરુષ પ્રત્યે ભક્તિ હોય તે આત્માને મહા કલ્યાણનું કારણ થાય છે. દૂધીબેનની ભક્તિ તો હોય જ પણ ભાઈ હરગોવિંદભાઈની ભક્તિ જોઈ અમે બંને બેનો ઘણા ખુશી થયા છીએ. અન્ય સમાજમાં ગણાતા છતાં સત્પુરુષ પ્રત્યે ભાવ—ઉલ્લસતાં લાભ લેવામાં સમાજ આડે આવતો નથી. સત્પુરુષ પ્રત્યે ખરી ભક્તિ ઉલ્લસે તે ખરેખર આ મનુષ્ય જીવનનું સાફલ્યપણું છે. તમારો કાગળ આવ્યા પછી અમે મગનભાઈને ખબર આપ્યા છે, પૂજ્ય મહારાજ સાહેબને પણ ખબર આપ્યા છે. ત્યાંથી જે ખબર આવશે તે તમને જણાવશું અને સોનગઢ ક્યારે પધારશે તે પણ જણાવશું. તમે લખ્યું કે હું પૂજ્ય સાહેબ પધાર્યા પહેલાં પંદર દિવસ અગાઉ દેશમાં આવીશ તો જેમ બને તેમ તમે વહેલાસર આવવાનું રાખશો અને તમે દેશમાં આવો ત્યારે અહીં અમરેલી એક-બે દિવસ આવી જશો એટલે આપણે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



રૂબરૂમાં બધી વાતચીત થઈ જાય. આવો એટલે અમારે ત્યાં જ ઉતરવાનું રાખશો. હરગોવિંદભાઈ વગેરે બધા પૂજ્ય સાહેબ પધાર્યા પહેલાં એક બે દિવસે આવો તોપણ હરકત નથી. વિગતવાર કાગળ બધા ખબર મળ્યા પછી લખીશું. અમારે બંને બેનોની તબિયત ઠીક છે.

લી. બેન શાન્તાના યથાયોગ્ય વંદન.

卐 卐 卐

શનિવાર—વાંકાનેર

સત્પુરુષોના ચરણ સેવનને નિરંતર ઈચ્છનાર દૂધીબેન,

વાંકાનેરથી લી : શાન્તાના યથાયોગ્ય.

એક મહિનો થયો હું તથા બેનશ્રી જામનગરથી—વાંકાનેર આવ્યા છીએ. પરમ પૂજ્ય કૃપાળુદેવ વાંકાનેર હતા. અહીં અગિયાર દિવસ રહી મહાસુદ બીજને અહીંથી વિહાર કરી થાન પધાર્યા છે, અને ત્યાંથી આજકાલમાં ચોટીલા પધારશે. તમારો મુંબઈથી લખેલ કાગળ જામનગર કસ્તુરબેન ઉપર હતો તે ગઈકાલે મળ્યો છે.

બહેન! બીજું તમને ઘણી જ ખુશાલી સાથ લખવાનું કે જામનગરથી ગામડે પૂ. સાહેબ પધાર્યા હતા, ત્યારે હું તથા બેનશ્રી ગયા હતા અને ત્યાં કેટલીક વાતચીત પૂજ્ય સાહેબ સાથે થઈ તેમાં પૂજ્ય સાહેબે એક વાત એવી કરી કે જોરાવરનગર ગામે મને બરાબર અનુકૂળ લાગતું નથી કારણ કે જોરાવર માથે વઢવાણ અને કાંપ તે બંને ગામોમાં સ્થાનકવાસીઓનો મોટો જથ્થો તેને લઈને જોરાવરમાં શાન્તિ ન રહે. તે બંને મોટા શહેરોમાં કેટલાક સાધુ, આરજાને દુઃખનું કારણ થાય માટે ક્યું ગામ અનુકૂળ કહેવાય? એમ પૂજ્ય સાહેબે અમને વાત કરી એટલે અમને વિચારતાં એમ લાગ્યું કે પ્રભુ! સોનગઢ ગામ બધી રીતે અનુકૂળ છે, કારણ કે ત્યાં આગળ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પાછળ કોઈ સ્થાનકવાસીનું મોટું ગામ નથી, તેમ તે ગામમાં પણ કોઈ સ્થાનકવાસીનું ઘર નથી. તેમજ તે ગામના હવાપાણી પણ ઘણા સારા એટલે શારીરિક અને માનસિક બધી રીતે શાન્તિવાળું ગામ તે સોનગઢ ગણાય. તમે મને પહેલાં વાત કરેલી હતી તે વાત પણ મેં સાહેબને કરી કે દૂધીબેન એકવાર કહેતા હતા કે મારા ભાઈ એમ કહેતા એ જો પૂ. સાહેબ અહીં પધારે તો એમને આપણાં ઘર રહેવા આપીએ—આવી રીતે દૂધીબેન એકવાર મને કહેતા હતા. આ બધી વાત કરવાથી પૂ. સાહેબને એમ લાગ્યું કે તે સોનગઢ ગામ આપણે માટે બધી રીતે હમણાં તો અનુકૂળ છે. ત્યાં ચારિત્રવિજયનો આશ્રમ છે એટલે બધી રીતે સારું છે. તેમ જાણી પૂ. સાહેબે સોનગઢ તરફ જવા વિચાર નક્કી કરી તે તરફ વિહાર કર્યો છે. વઢવાણથી મગનભાઈ, દાસભાઈ અને ત્રંબકભાઈ અહીં બે ત્રણવાર આવી ગયા. તેઓએ વઢવાણ પૂ. સાહેબને પધારવા ઘણી વિનંતી કરી કે સાહેબ જોરાવર નહીં તો કાંપ પાસે એક દૂધરેજ ગામ છે ત્યાં પધારો તો પૂ. સાહેબે તેઓને ના પાડી ને સોનગઢનું જ હાલ તો નક્કી કર્યું છે. હવે ચોટીલાથી વીંછીયા અને ત્યાંથી ઉમરાળા થઈને સોનગઢ પધારશે. ત્યાં પધારતાં લગભગ મહિનો તો સ્હેજે થશે. હવે મગનભાઈ અહીં આવ્યા હતા તેઓ સાથે વાતચીત થઈ કે પૂ. સાહેબને ત્યાં પધારતા ભલે મહિનો લાગે પરંતુ આપણે તે પહેલા મકાન વગેરેની સગવડ રાખવી જોઈએ. તો મગનભાઈએ કહ્યું કે આઠ દિવસમાં આપણે બધી તૈયારી રાખવી અને ઉમરાળા પૂજ્ય શ્રી પધારે ત્યાં આપણે બધા ખબર આપવા કે સાહેબ સોનગઢમાં બધી તૈયારી મકાન વગેરેની છે. હવે તમને જણાવવાનું એ છે કે તમારા ભાઈનું મકાન છે તે બધા ગૃહસ્થના મકાનની સાથે સાથે છે કે એકાંતમાં છે અથવા તો તે મકાનમાં પૂ. સાહેબ બે મહિના—ચાર મહિના અગર તો વરસ બે વરસ કદાચિત રહે તો તમારા ભાઈને કાંઈપણ અડચણ નથી ને? જોકે કેટલો ટાઈમ તે મકાનમાં રહેવું તે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કાંઈ હાલ તો નક્કી નથી. હમણાં તો બે–ત્રણ મહિના માટે જોઈએ છે. આ તો તમારા ભાવ શું છે? તે જાણવા માટે લખ્યું છે. પૂ. સાહેબને રહેવાની હા પાડે તો તેમાં કોઈ પણ રીતે તેમનું મન દુભાવવું ન જોઈએ, ઉત્સાહપૂર્વક ભાવથી જો તે મકાનમાં રહેવાની હા પાડતા હોય તો જ આપણે તે મકાન જોઈએ છે, નહીં તો બીજા ભાડે મકાન લેવાની સગવડ થઈ શકશે. અઠવાડીયા પછી મગનભાઈ, દાસભાઈ બધી સગવડતા જોવા માટે સોનગઢ આવશે, જેથી તમો તુરત દેશમાં આવવાનું રાખશો. બહેન તમારી ઘણા દિવસની ભાવના સફળ થઈ છે અને અપૂર્વ લ્હાવાનો સમય આવ્યો છે, આવો લાભ મળવો ઘણો જ મુશ્કેલ છે, તેમાં કેટલો લાભ છે તે બધું તમારા ભાઈને જણાવશો. અને તે સમયે દેશમાં તમારા ભાઈ આવે તો સારું એમ અમને લાગે છે. હમણાં એક-બે મહિના હરગોવિંદભાઈ જો આવી જાય તો વધારે સગવડતાવાળું ગણાય. પૂ. સાહેબ સોનગઢમાં જ ફેરફાર કરશે તે હજી નક્કી નથી. ત્યાં પધાર્યા પછી શું અનુકૂળતા રહે છે તે ઉપરથી બધું નક્કી થશે. હું તથા બેનશ્રી આવતીકાલે અમરેલી જવાના છીએ અને હમણાં તો ત્યાં જ રોકાવાનું છે, આ બધી વાત તમને રૂબરૂ કહેવાના ભાવ હતા. આ પ્રમાણે તમારા ભાઈને પૂછીને તમે ક્યારે દેશમાં આવો છો, અને ભાઈ ક્યારે આવે છે તે વિગતવાર ખબર અમરેલી મારા સરનામે તુરત જ મને જણાવશો. તમારો કાગળ આવ્યા પછી મારે મગનભાઈને જણાવવાનું છે.

આ બધી વાત તમે મને પહેલા કરી હતી જેથી મને વિચારવાથી ઠીક લાગવાથી મેં પૂજ્ય સાહેબને કહ્યું. તમારા પુણ્ય અત્યારે ખીલ્યા! અને ભાવનાનું પરિણામ આવવાનો કાળ આવી ગયો, એટલે બધું સરખું ઉતરી ગયું છે. તમારા પુણ્યને કારણે આ બધું બન્યું એટલે આ હાથથી તમને કાગળ લખાય છે, નહીં તો આત્મદશાને કારણે આવી કાંઈ પ્રવૃત્તિ થતી નથી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મારી તથા પૂ. બેનશ્રીની શારીરિક સ્થિતિ સાધારણ રહે છે. તદ્દન તંદુરસ્ત નથી.

આ કાગળમાં જેટલાં જવાબ માગ્યા છે તેમાંથી કાંઈ પણ ભૂલ્યા વગર વિચારીને ભાઈને પૂછીને બધા વિગતવાર જવાબ અમરેલી તુરત જ લખશો.

એજ. સદ્‌ગુરુનો શિષ્ય.

અમરેલીનું સરનામું
શાન્તાને આપશો
મણીલાલ જેચંદ ખારા
ગોખલાણાવાળા
મુ. અમરેલી

卐 卐 卐

## હરગોવિંદભાઈએ બંને બેનો પર લખેલ પત્ર.

ભક્તિવંત પૂજ્ય બંને બેનોના ચરણોમાં વંદન,

અમારા અહોભાગ્ય છે કે આપે આવો ઉત્તમ સંબોધન ભર્યો પત્ર લખ્યો, જે જાણી ઘણો જ આનંદ થાય છે.

અમારા ગામે સોનગઢમાં પૂજ્ય સાહેબજી પધારે અને અમારા જ ઘરમાં તેઓ બિરાજે એવો સુઅવસર જલદી આવે. અમારા ઘરમાં જ રહે એવી અમારી અંતરંગ ભાવના છે અને અમો જરૂર આઠ દિવસ પહેલા સોનગઢ પહોંચી જશું, ત્યાર પહેલા ઉમરાળા ગામે પૂજ્ય સાહેબને વિનંતી કરવા જશું.

**આવા મહાપુરુષોના જ્યાં ચરણ પડે તે અમારી ભૂમિ પણ ધન્ય બની જશે અને ભાવિમાં તીર્થધામ બની જશે.**

ભલે પધારો ભલે પધારો સાહેબ.

લી. હરગોવિંદભાઈ—મુંબઈ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



10th Mar 1935, રવિવાર
અમરેલી.

સત્તપુરુષોની સેવાને સદા ઈચ્છનાર ભક્તિવંત દૂધીબેન,

તમારો કાગળ ઉમરાળાથી લખેલ ભાયાણી સાથે મળ્યો હતો. પૂજ્ય ઉપકારી કૃપાળુ ગુરુસાહેબ શુક્ર અગર શનિવારે સોનગઢ પધારવાના હતા, તો હવે પૂ. પ્રભુશ્રી ત્યાં સોનગઢ સુખ શાન્તિથી પહોંચી ગયા હશે. ત્યાં સોનગઢમાં કેટલી સ્થિરતા છે તે જણાવશો અને પૂ. પ્રભુશ્રીના શરીરે હવે સારી રીતે સુખ શાન્તિ હશે. બાકી કાંઈ નવીન સમાચાર હોય તો જણાવશો. શાન્તિભાઈને કહેશો કે અહીં અમને બધા વિગતવાર ખબર આપે તમારા જાણવામાં જે આવ્યું હોય તે જણાવશો. ત્યાં કેટલી સ્થિરતા છે ? પૂ. સાહેબને કેમ છે વગેરે સમાચાર જણાવશો. અહીં પૂ. બેનશ્રીની તબિયત સારી છે, આ શરીરે પણ સારું છે.

પૂજ્ય પ્રભુશ્રીને અમારા ભક્તિભાવે વંદન હો.

પત્રનો જવાબ તુરત જ આપશો. એજ.

લી : બેન શાન્તાના યથાયોગ્ય વંદન.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પરિવર્તન પછીનો પત્ર

ભક્તિવંત બ્હેન દૂધીબેન,

તમારો પત્ર મળ્યો શ્રી કૃપાળુ ગુરુદેવના વેષનું પરિવર્તન ચૈત્ર સુદ તેરસના થયું તેવા સમાચાર તમે જણાવ્યા તે જાણી આનંદ થયો છે.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાન્તિમાં બિરાજતા હશે, તેઓશ્રીને અમારા અત્યંત ભક્તિભાવે વંદન પહોંચે.

તમે તથા હરગોવિંદભાઈ પૂજ્ય સાહેબની આજ્ઞા પ્રમાણે વર્તન રાખો છો તે ઘણું સારું અને લાભરૂપ છે, હજુ પણ તેમજ વર્તન રાખવું તે વિશેષ લાભરૂપ છે.

પૂજ્ય ગુરુસાહેબ ક્યાં સુધી નિવૃત્તિમાં રહે છે અને ક્યારથી વાંચન શરૂ કરશે તે જણાવશો. માણસો ત્યાં કોણ–કોણ દર્શને આવે છે તે જણાવશો.

હરગોવિંદભાઈ વગેરે પૂજ્ય સાહેપ પ્રત્યે પ્રેમ ભક્તિથી સારો લાભ લે છે તો ત્રણેકાળને માટે સત્‌પુરુષો પ્રત્યે પ્રેમ ભક્તિ લાભરૂપ જ હોય તે વસ્તુસ્થિતિ છે.

પરિવર્તન શાંતિપૂર્વક થઈ ગયું તે ઘણું સારું થયું છે. પૂજ્ય સાહેબની શારીરિક સ્થિતિ સારી હશે.

અમારા બંનેની તબિયત સાધારણ રહે છે.

લી :<br>
સત્‌ની છાયા ઈચ્છનાર<br>
બેન શાન્તાના યથાયોગ્ય.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



卐 સંવત ૧૯૯૧ (ઈ.સ. 1935) ના ફાગણ વદ ૩ ને દિવસે પૂજ્ય ગુરુદેવ સોનગઢ પધાર્યા અને બે–ચાર મકાન જોયા, અને સોનગઢની પોસ્ટ ઓફિસ પાસે હરગોવિંદભાઈના મકાનમાં રહ્યા. બે–ત્રણ દિવસ પછી સોનગઢમાં રહેતા હીરાભાઈ દામાણીએ (ભગતે) પૂજ્ય ગુરુદેવને વિનંતી કરી કે સાહેબ! અમારું મકાન જુઓ આપને કેવું લાગે છે? પૂજ્ય ગુરુદેવ પોતે એકલા સાંજે જોવા ગયા. તેઓને બહુ જ ગમ્યું આ તો સારું છે, અને અહીં કોઈ પણ સ્થાનકવાસીનું ઘર નહિ, એટલે આપણે તો અહીં જ પરિવર્તન કરવું છે. આ સ્ટાર ઓફ ઈન્ડિયાનું મકાન જોતાં મન ઠરી ગયું અને એમ થયું કે હવે મને મારું ઘર મળ્યું. અહીં એકાંત–અને ખૂબ જ શાંતિ છે. ત્યાર પછી પૂજ્ય ગુરુદેવે કહ્યું કે ખુશાલભાઈ, હરિભાઈ ભાયાણી, પ્રેમચંદભાઈ તથા બંને બહેનોને તમે બધા મકાન જોઈ આવો અને બધાને જોઈને સારું લાગ્યું. તે મકાન વાંસની જાળીવાળું હતું. બંગલા જેવું હતું. બધાએ કહ્યું કે સાહેબ! અહીં આપને ઘણી શાંતિ રહેશે. બસ, હવે બધા વિકલ્પો છોડો મારે તો અહીં જ રહેવું છે. ત્યાર પછી બંને બેનોને કહ્યું કે તમે બીજા ગામ જતા રહો, તમો હશો તો બધા બહુ ટીકા કરશે ત્યારે છાપામાં બહુ જ વિરોધ આવતો હતો તેથી જવાનું કહ્યું. અને બંને બેનો અમરેલી ચાલ્યા ગયા. પછી જ્યારે વિરોધ શાંત થયો એટલે બંને બેનો આવી ગયા.

卐 પૂજ્ય ગુરુદેવની સાથે તેમના ચાર ગુરુભાઈઓ આવ્યા હતા. ૧. જીવરાજજી, ૨. રાજપાલજી, ૩. કસળચંદજી, ૪. જીવણલાલજી. આ બધા સ્ટાર ઓફ ઈન્ડિયાના બંગલામાં આવી ગયા અને પૂજ્ય ગુરુદેવે નક્કી કર્યું કે સારો દિવસ અને સારા વારે પરિવર્તન કરવું. ત્યારે બોલ્યા કે દિગંબર પ્રતિમાજી તો સાક્ષાત્ નથી પણ ભગવાનનો ફોટો તો લાવી આપો. ત્યારે ભાવનગરથી હરિભાઈ ભાયાણીએ શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ફોટો લાવી આપ્યો અને ચૈત્ર સુદ ૧૩ ને મંગળવારે મહાવીર ભગવાનના જન્મ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કલ્યાણકે ભગવાન શ્રી પાર્શ્વનાથજીના ચિત્રપટ સામે મુહપત્તિનો ત્યાગ કર્યો અને બોલ્યા કે આ ખોટા ધર્મનો ત્યાગ કરું છું. આજથી હું દિગંબર ધર્મ ધારણ કરું છું. હું મુનિ નથી પણ બ્રહ્મચારી શ્રાવક છું.

પૂજ્ય ગુરુદેવે કહ્યું કે આપણે પણ મોટા અક્ષરોમાં છાપામાં આપી દ્યો કે કાનજીસ્વામીએ સ્થાનકવાસીનું ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કર્યો છે અને સત્ય સનાતન દિગંબર ધર્મને અંગીકાર કર્યો છે. ત્યારે છાપામાં બહુ જ વિરોધ આવવાથી આપણા મુમુક્ષુ સમાજને થયું કે આપણા ગુરુદેવનો આટલો વિરોધ કરે છે તો આપણે તેનો સામનો કરીએ. ત્યારે પૂજ્ય ગુરુદેવ બોલ્યા કે બિલકુલ નહિ, મારો અભિપ્રાય છે કે આપણે શાંતિ રાખવી અને જવાબ ન દેવો એ જ આપણો સિદ્ધાંત છે. એની મેળે એ લોકો શાંત થઈ જશે. પૂજ્ય ગુરુદેવ સ્ટાર ઓફ ઈન્ડિયામાં ૩ વર્ષ, ૩ માસ, ૩ દિવસ રહ્યા અને સં. ૧૯૯૪(ઈ.સ. 1938) માં સ્વાધ્યાય મંદિરની જગ્યા લેવાણી અને સ્વાધ્યાય મંદિરની સ્થાપના થઈ, ત્યારથી જ પૂજ્ય ગુરુદેવનું મન ઠરી ગયું અને જાણે મૂળ સ્થાને આવ્યા હોય તેવું લાગ્યું. સ્વાધ્યાય મંદિરમાં જિનવાણીની સ્થાપના વૈશાખ વદ ૮ ના દિવસે પૂજ્ય બેન ચંપાબેનના હસ્તે કરાવી.

卐 卐 卐

卐 પૂજય ગુરુદેવ પરિવર્તન કર્યા પછી હીરાભાઈના બંગલામાં ત્રણ વરસ, ત્રણ માસ, ત્રણ દિવસ રહ્યા અને ત્યાર પછી **સ્વાધ્યાય મંદિરમાં પધાર્યા.** રામજીભાઈ માણેકચંદ દોશીએ પૂજ્ય ગુરુદેવને કહ્યું કે આપે પરિવર્તન તો કર્યું પણ સોનગઢમાં જ રહેવું અને બીજા ગામે ન જવું એવો કોઈ પ્રતિબંધ નથી હોતો—અમારા રાજકોટમાં આવવું જ પડશે. એટલે ગુરુદેવે કહ્યું કે આવશું. ત્રણ વરસ પછી બહાર પહેલવે'લા નીકળીએ છીએ તો શત્રુંજયની યાત્રા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કરી ભગવાનના દર્શન કરી પછી બહાર નીકળશું. યાત્રા કરવા નીકળ્યા ત્યારે ગાંધીજીની લડાઈ ચાલતી હતી તેમાં રામજીભાઈ, બેચરભાઈ વગેરે પકડાયા, એટલે ગુરુદેવ બોલ્યા કે આપણે યાત્રા કરીને સોનગઢ પાછા આવી જઈએ, તે બધા પકડાયા એટલે આપણે આગળ નથી જવું. તે બધા છૂટા થશે ત્યારે જાશું. પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત પગપાળા શત્રુંજયની યાત્રા કરવા નીકળ્યા, શત્રુંજયની યાત્રા કરી ત્યાં મંદિરમાં દિગંબર પ્રતિમાજીના—ઉપર શાંતિનાથ ભગવાન તથા પાંચ પાંડવોની પ્રતિમાજીના દર્શન પહેલ વે'લા કર્યા. ઓહો.....હો આપણને ભગવાનની મુદ્રાના દર્શન કરતાં કેટલો આનંદ આવે છે, ત્યારે બંને બેનો એકબીજા વાર્તા કરે છે કે આપણને કેટલો આનંદ આવે છે કે આપણે પૂર્વે તો સાક્ષાત્ ભગવાનના દર્શન કર્યા હતા, પણ અત્યારે અહીંયા ભગવાનનો વિરહ તો પડ્યો પણ આ ભવમાં ભગવાનની પ્રતિમાજીના દર્શન પણ નહીં? આપણે એવા યુગમાં જન્મ્યા કે આપણને પ્રતિમાજીના દર્શન પણ નહીં? તેમ બંને બેનો ચર્ચા કરતા હતા કે આપણે રાજકોટ જઈએ ત્યારે વિચાર્યું કે આપણે શું કરીએ તો જિનમંદિર બંધાય? આવી ભગવાનની મહિમાની વાત પૂજ્ય ગુરુદેવ પાસે પહોંચી ગઈ. ત્યારે ગુરુદેવે કહ્યું કે વાત તો સાચી છે, ભાવના ભાવો.

બંને બેનો ચર્ચા કરે છે કે સ્વાધ્યાયમંદિર બંધાયું ત્યારે બે ચાર ભાઈઓએ મળીને રૂપિયા આપ્યા. તે સમયે ૧૩ હજારમાં સ્વાધ્યાયમંદિર બંધાયું હતું. અમારી પાસે તો કાંઈ નહોતું. તો પછી જિનમંદિર બાંધવાના રૂપિયા ક્યાંથી કાઢવા? યાત્રા કરીને સોનગઢ પાછા આવી ગયા. યાત્રા કરીને સીધા રાજકોટ જવું હતું પરંતુ ગયા નહિ. એક મહિના બાદ રામજીભાઈ વગેરે છૂટા થયા એટલે રાજકોટ ગયા. (સં. ૧૯૯૫) (ઈ.સ. 1939)

પછી બંને બેનો વિચારે છે કે આપણે જ જિનમંદિર કરવાનું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



છે, ગુરુદેવ તો કાંઈ બોલે નહિ. એટલે પછી અમે બંને બેનોએ વિચાર કર્યો કે આ નાનાલાલભાઈ બહુ હોંશીલા છે.

અમે તેઓના ઘરે ઊતર્યા હતા. ત્યારે અમે વિચાર્યું કે આ માણસ બહુ ઉત્સાહિત છે. તેમના પત્ની જડાવબેન પણ બહુ ઉત્સાહિત છે એટલે અમે બંને બેનોએ એક ગીત ગાયું કે—

સોનગઢમાં મંદિર બંધાવો રે નાનાલાલભાઈ,
જિનેન્દ્રોના પ્રતિમાજી પધરાવો રે નાનાલાલભાઈ,
ભક્તોને આનંદ મંગળ કરાવો રે નાનાલાલભાઈ.

તે બંને માણસો ખૂબ સરળ હતા. એ ગાયું ત્યાં તો બંને જણાના રોમરોમ ઉલ્લસવા લાગ્યા કે અહોહો!! આપણને મંદિર બંધાવવાનું બેનો કહે છે? તો નક્કી આપણે મંદિર બંધાવશું. આવા આપણા સદ્ભાગ્ય ક્યાંથી? કે મંદિર બનાવીએ......પછી નાનાલાભાઈ તથા જડાવબેન પૂજ્ય ગુરુદેવ પાસે ગયા કે **''સાહેબ!! સોનગઢમાં અમારે જિનમંદિર બંધાવવું છે.''** એટલે ગુરુદેવ કહે મને નહિ રામજીભાઈને કહો. હું કોઈ વાતમાં પડતો નથી. ત્યાર પછી રામજીભાઈને કહેવા ગયા. રામજીભાઈ કહે બહુ સારી વાત છે, જિનમંદિર બંધાવો!! એમાં અમે બહુ ખુશી છીએ, અમે તમને મદદ કરીશું.

રાજકોટમાં પૂજ્ય ગુરુદેવ ૧૦ મહિના રહ્યા. રાજકોટ સમાજ બહુ બુદ્ધિશાળી એટલે પૂજ્ય ગુરુદેવને ત્યાંથી નીકળવાનું મન જ ન થતું. ત્યાંથી માંડમાંડ નીકળીને સીધા ગિરનાર આવ્યા.

શત્રુંજયની તો યાત્રા કરી, ગિરનાર ગિરીમાં તો સાક્ષાત્ નેમિનાથ ભગવાનનાં દર્શન કરતાં એટલા ભાવ આવ્યા—એટલા ભાવ આવ્યા. સહેસાવનમાં અમે બેઠા અને અમે બંને બેનોએ ભક્તિ કરાવી ત્યારે બધાને એટલા ભાવ આવ્યા કે ગુરુદેવ તો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. આ......હા......હા!! નેમિનાથ ભગવાન! આપની આ તપોભૂમિ છે. ગુરુદેવને એટલા ભાવ આવ્યા અને સાથે બધા ભક્તોને પણ એટલા જ ભાવ આવ્યા કે આ નેમિનાથ ભગવાનની તપોભૂમિ છે. ગુરુદેવ બોલ્યા કે આજની યાત્રા સફળ થઈ. આજે આખા સંઘની યાત્રા સફળ થઈ.

ત્યાંથી પાંચમી ટૂંકે બધા ગયા, ત્યાં પણ એટલા જ ભાવ આવ્યા કે ત્યાં ભક્તિની ખૂબ જ ધૂન મચાવી. પૂજ્ય ગુરુદેવ ઉપર **આંગળી બતાવીને કહેતા કે આ જ જગ્યાએ નેમિનાથ ભગવાન સિદ્ધ સ્વરૂપે બિરાજે છે** અને સિદ્ધોની મહિમા ગાતા. ત્યાંથી નીચે ઉતરીને જિનમંદિરમાં ખૂબ જ ભક્તિ કરાવી. અમારે ગીત ગાવાનું પ્રયોજન તો એક જ હતું કે સોનગઢમાં જિનમંદિર બને. નેમિનાથ ભગવાન પ્રત્યે ખૂબ જ ભક્તિભાવ આવતા—ત્યારે નાનાલાલભાઈ પણ હાજર હતા એટલે તેમના ભાવો પણ દૃઢ થતા ગયા. આપણે મંદિર કરો....કરો......મંદિર કરો. સોનગઢ આવ્યા ત્યારે નાનાલાલભાઈએ કહ્યું કે મંદિર બનાવવા માટેની જગ્યા નક્કી કરી દ્યો. ત્યારે અમને બંનેને થયું કે 'હાશ' આપણી ભાવના ફળી આપણે કોઈને કહેવું પડ્યું નહિ. વારેવારે કહેવું તે સારું ન લાગે. ચાલો જિનમંદિર માટે જગ્યા બતાવો અને ચાલો શિલાન્યાસનું નક્કી કરીએ, ત્યારે અમો બંને બેનો બોલ્યા કે મહાભાગ્યની વાત છે.

સ્વાધ્યાય મંદિરની જગ્યા લીધી ત્યારે આ બધી જગ્યા સાથે જ લઈ લીધી હતી. જેમાંથી મંદિરની જગ્યા બતાવી અને એક પંડિતને બોલાવ્યો અને શિલાન્યાસ થયું. શિલાન્યાસના પાયામાંથી ધૂળ ખોદી અને પાયો પાછો પૂર્યો ત્યારે ધૂળ બહુ જ વધી એટલે જે કારીગર આવ્યો હતો તે કહે કે આ બહુ સરસ શુકન છે—પાયો ખોદી અને ધૂળ જે વધે તે બહુ સારા શુકન કહેવાય. આ ઘણું જ શુકનવાળું છે તમારે આમાં ધર્મનો ઘણો જ પ્રચાર થશે, થવાનો જ હતો તો કેટલો પ્રચાર

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



થયો. શિલાન્યાસ શ્રાવણ સુદ તેરસના દિવસે (સં. ૧૯૯૬) (ઈ.સ. 1940)ના કર્યું. પછી નાનાલાલભાઈની તબિયત નરમ થઈ ગઈ, એટલે તેને એમ થયું કે મેં મારા ભગવાન પધરાવ્યા નહીં અને તબિયત નરમ થઈ ગઈ એટલે પૂજ્ય ગુરુદેવે આજ્ઞા કરી કે તમે બંને બેનો ભગવાન લેવા જાવ અને બેચરભાઈ અહીં રહ્યા કે ભાઈની તબિયત નરમ છે એટલે એક મહિનામાં ૧૦૦ કારીગર રાખ્યા અને **એક મહિનામાં મંદિર પૂરું કર્યું** કે મારે તો ભાઈની હયાતીમાં મંદિર પૂરું કરવું છે, એટલું ભાઈ પ્રત્યે બહુમાન હતું.

અમને બંને બેનોને પૂજ્ય ગુરુદેવ જયપુર પ્રતિમાજી લાવવા માટે કહ્યું કે વીતરાગી પ્રતિમાજી તો તમે જ પારખી શકશો. બીજા કોઈ વીતરાગી મુદ્રાની પરીક્ષા નહીં કરી શકે. અમે કહ્યું : સાહેબ જેવી આપની આજ્ઞા. અમે બંને બેનો તથા નાનાલાલભાઈના પત્ની જડાવબેન તથા તેમના દીકરા આણંદભાઈ એમ અમે ચાર જણા જયપુર ગયા. અમને ખબર હતી કે મંદિર આટલું જલ્દીથી કરવાનું છે તો પ્રતિમાજીનો ઓર્ડર આપીશું તો તો કેટલા મહિના નીકળી જાય? ભગવાનની કૃપાથી સારું થવાનું કે અમે જયપુર પ્રતિમાજીને ત્યાં ગયા ત્યાં તેના ઓરડા હોય ત્યાં સામા જ ત્રણ પ્રતિમાજી જે હાલમાં સીમંધર ભગવાન, શાંતિનાથ ભગવાન અને પદ્મપ્રભુજી સામે જ લાઈનમાં બેઠા હતા. અમે કહ્યું કે આ ભગવાન તો બહુ જ સરસ છે. એટલે આપણે તૈયાર જ લઈ લઈએ, નવા કરાવવાનો તો ટાઈમ જ નથી. પછી અમે ત્રણેય ભગવાનનું ખૂબ નિરીક્ષણ કર્યું તો શાંતિનાથ ભગવાનને જરા ડાઘ હતો તો કહે કે આ તો લાખુ કહેવાય એ શુકનવાળું કહેવાય, સીમંધર ભગવાનને તથા પદ્મપ્રભુ ભગવાનને ચહેરામાં થોડો ફેરફાર કરવો પડે તેમ હતો, જેથી જયપુરમાં ૪-૫ દિવસ રોકાણા, ત્યાં એટલી ઠંડી અમે પોષ મહિનામાં ગયા હતા. ત્યાંથી પ્રતિમાજીને સોનગઢ લાવવા માટે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ખોખામાં એવા પેક કરાવ્યા કે કઈ રીતે લઈ જાશું ૧૭ મણ વજન છે. તેઓ કહે ગુડસ્‌માં—અમે તો કહ્યું કે ના, અમે ભગવાનને અમારી સાથે જ લઈ જાશું. અમને ગુડસ્‌નો ભરોસો ન આવે પણ રજા મળે તો સાથે લઈ જવાય ને. તો અમે કહ્યું રજા નહીં મળે ત્યાં સુધી અમો અહીં બેઠા છીએ. જ્યારે પરવાનગી મળશે ત્યારે જાશું. એમ કહીને અમે તો બેઠા. હરગોવિંદભાઈ સાથે આવ્યા હતા, તેમણે ખૂબ મહેનત કરી અને અજમેર ગયા પરવાનગી મેળવવા માટે અને અમે હજી તો જમ્યા ન હતા ત્યાં જવાબ આવ્યો કે પરવાનગી મળી ગઈ છે અને ભગવાન આપણી સાથે જ આવશે, એટલે અમો બહુ જ ખુશી થયા ભગવાનને સાથે ને સાથે જ લઈ જવા છે. પછી અમારી સાથે ભગવાનની પેટીને લઈ તૈયાર થઈ ગયા. અમારી સાથે બીજા ભાઈ ચુનીભાઈ શેઠ હતા. ઉજમબેનના વર એમ અમે ભગવાનને ચડાવ્યા પછી અમે ટ્રેઈનમાં બેઠા અને અજમેર આવ્યા ત્યાં તો કોઈએ અમને રોક્યા નહીં કે જાવ, ત્યાર પછી મહેસાણા આવ્યું ત્યાં ગાડી બદલે એટલે પાછી ભગવાનની પેટી ઉતારી દીધી, અમે કહ્યું કે પેટી ઉતરી જાય તો અમે પણ ઉતરી જાશું અમે અમારા ભગવાનને મૂકીને નહીં જઈએ. અમને ગુડ્‌સનો ભરોસો એવો નથી આવતો તો પેલા મજુરો કહે કે અહીંથી તો આવી કેટલીક પેટી જાય છે. આ તમારા ભગવાન કેવા? અમે કહ્યું અમારા ભગવાન અપૂર્વ છે. અમને તો ભગવાન મળ્યા જ નથી આ પહેલ વહેલા ભગવાન મળ્યા છે. માટે અમે તો અમારા ભગવાનને સાથે જ લઈને જાશું, મૂકીને નહીં. તો તેઓ એવા ખુશી થયા કે આ લોકોને ભગવાન પ્રત્યે કેવા ભાવ છે. અમને તો કોઈનો વિશ્વાસ નથી આવતો. રજા નહીં મળે તો અમે નહીં જઈએ. તો ત્યાં પણ ખૂબ જ મહેનત કરી હરગોવિંદભાઈ, ચુનીભાઈએ, તો ત્યાંથી પણ મંજુરી મળી ગઈ. મહેસાણાથી રાત્રે રવાના થઈ ગયા અને રામજીભાઈને તાર કરી દીધો હતો એટલે બધાને ખબર હતી કે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સવારે મીક્ષ ટ્રેઈનમાં આવે છે. એટલે બધા સ્વાગત માટે સ્ટેશને ઢોલ–ત્રાંસા–નગારાં લઈને સવારે સ્ટેશને આવ્યા. અમે તો કોઈ દિવસ ઢોલ–ત્રાંસા કે વાજાં જોયા ન હતા, ધજા વાવટા કાંઈ પણ કોઈ દિવસ જોયા ન હતા. સ્થાનકમાં એક ભીંતડું જોયું હતું આવું કાંઈ નહીં, આવું બધું જોઈને એટલો હરખ આવે–એટલો આનંદ આવે. રામજીભાઈ બધાને લઈને સ્ટેશને આવ્યા હતા.

પહેલા સ્વાધ્યાયમંદિરની આજુબાજુ મકાન કોઈ ન હતા એટલે મીક્ષ ટ્રેઈન આવે એ દેખાય, એટલે ગુરુદેવ કહે આ ગાડીમાં બેનો ભગવાન લઈને આવે છે. ત્યારે ગુરુદેવ કહે મને ત્રણ લાઈટ એવી ઝગમગ ઝગમગ એકદમ પ્રકાશથી દેખાઈ ત્યારે મેં નક્કી કર્યું કે ત્રણ ભગવાન ખૂબ સરસ લઈને બેનો આવે છે, મારી નજર ત્રણ ઝગમગતી લાઈટ પર ગઈ અને ત્રણ ભગવાન ખૂબ જ સરસ છે.

અમે ત્યાંથી મુહૂર્ત જોવડાવીને આવેલા કે ગામ પ્રવેશ ભગવાનને ક્યારે કરાવવો. એટલે મુહૂર્ત જોઈને કહ્યું કે મહાસુદ બીજને ગામ પ્રવેશ કરાવવો. અમે આવ્યા અમાસને દિવસે એટલે અમે કીધું કે ભગવાનને સ્ટેશન પર રાખવાની વ્યવસ્થા કરો. કોઈ એક રૂમમાં રાખવાની. મહાસુદ બીજને દિવસે બધા ધામધૂમ વાજતે ગાજતે સામે સ્ટેશને ગયા અને મહાસુદ બીજને દિવસે ભગવાનને લાવ્યા. બેચરભાઈને આ દિગંબર ધર્મ બેસતો ન હતો, નાનાલાલભાઈને ભલું મનાવવા બધું કરતા હતા, પણ જ્યાં ભગવાન પધાર્યા સ્વાગત જોરજોરથી થયું એટલે તેમને એવો ઉત્સાહ આવ્યો કે આ....હા....હા......હા! આવા ભગવાન કોઈ દિવસ જોયા ન હતા. એ તો ગાડામાં સારથી થઈ ગયા, સારથી થઈને બેસી ગયા કે મારે જ ગાડું એટલે બળદ–ગાડી ચલાવીને આવ્યા અને જ્યાં સ્વાધ્યાયમંદિરમાં પેટી મૂકી અને ખોલવા ગયા ત્યાં અમે કહ્યું કે પહેલા નીચે નહીં ઉપરથી ખોલો. ઉપરથી ધીરે ધીરે ખોલાવ્યું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તેમાં પહેલાં ભગવાન સીમંધરનું મુખ ખોલાવ્યું, જ્યાં પાટીયા ખુલ્યા અને ઘાસ આઘું લીધું અને સીમંધર ભગવાનની મુદ્રા દેખાણી ત્યાં બધા એવા રાજી થયા—એવા રાજી થયા કે છોટાલાલ રાયચંદ તો પૃથ્વી પરથી ૪ ફૂટ ઊંચે કૂદકો—ઠેકડો માર્યો કે આ....હા... હા...! આવા ભગવાન!! અને ગુરુદેવ તો એકદમ સ્થિર થઈ ગયા કે આ...હા...હા..! નાથ!! તમારો વિરહ અમને હતો તે હવે આ પ્રતિમાજીના દર્શન કરી શાંતિ માનીશું. આંખો મીંચીને કહે કે આહાહા આપણને ભગવાન ભેટ્યા, વાજતે—ગાજતે સ્ટેશનેથી ભગવાન ગામમાં પધાર્યા અને ભગવાનનું સ્વાગત સ્વાધ્યાયમંદિરના ચોકમાં થયું અને પૂજ્ય ગુરુદેવ રહે છે તેની સામેની રૂમમાં ભગવાનને બિરાજમાન કર્યા. ત્યાં ભગવાન એક મહિના સુધી મહેમાન તરીકે રહ્યા. ગુરુદેવને બાજુમાં ભગવાન હોવાથી અતિ ઉત્સાહ થતાં એવા ભાવ આવે કે આહાર—પાણીથી નિવૃત્ત થાય એટલે ભગવાનની રૂમમાં જઈને બેસી જાય. ભગવાન પાસે બેસીને એકલા એકલા ભક્તિ કરે અને એવા ખુશી થાય.

**અમીય ભરી મૂર્તિ નિહાળી રે ઉપમા ઘટે નહિ કોઈ**

**સીમંધરજિન દીઠા લોયણ આજ.**

આવી ભક્તિ ગુરુદેવ પ્રતિષ્ઠા સુધી એકલા એકલા કરતા અને કોઈવાર બે ચાર ભાઈઓ બેસતા.

ગામના ભરવાડ નીકળે એટલે બોલાવે એલા નથુ!! તેં ભગવાન જોયા? તો કહે ના બાપા! તો ગુરુદેવ કહે અહીં આવ તને ભગવાન દેખાડું. તેનો હાથ પકડીને ઓરડીમાં લઈ જાય પછી કહે જો આ ભગવાન આવ્યા છે તેં જોયા તા? તો કહે આવા ભગવાન મેં તો જોયા નથી.

પ્રતિષ્ઠાના સમયે ઓરડીમાંથી ભગવાનને મંડપમાં પધરાવતાં... ત્યારે અમને (પૂજ્ય બેનશ્રીબેનને) ડર લાગે, હું અને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બેન સાથે જ રહીએ કે ભગવાનને સંભાળીને મંડપમાં લઈ જાય. ત્યારે ગુરુદેવ પણ સાથે સાથે ફરે કે ભગવાનને બરાબર લઈ જજો, ધ્યાનથી લેશો, સરખી રીતે લેજો એવા બધા ભાવ ગુરુદેવને પણ આવતા. અમારા માટે ભગવાન પહેલવહેલા છે એટલે અમને નવું લાગે, એ લોકો પેટીને ધક્કા મારે તો અમે કહીએ કે ધક્કો માર મા, બધા મજુરો પણ ખુશી થાય એટલે અમે બધાને બે-બે રૂપિયા આપ્યા તે ભગવાનને સંભાળીને લઈ જાય અને આનંદ માનવા લાગ્યા. આહા.....હા આજ તો ભગવાન ભેટ્યા, આવા ભગવાન! આવી જ વીતરાગી મુદ્રાવાળા આપણા ભગવાન છે! હવે ભગવાનનો વિરહ ભૂલી જશું. બધાને એટલો આનંદ થયો કે કોઈ નાચવા લાગ્યા, કોઈ ગાવા લાગ્યા. આવા સરસ ભગવાન આંખોની કીકી રંગાવી એટલે સજીવન જેવા લાગતા—ચૈતન્ય મૂર્તિ લાગતા હતા, સાક્ષાત્ ભગવાન હોય તેવા ભાવ આવતા હતા. બધા કહે છે કે આ કીકી કરાવી એ બહુ સારું કર્યું. પ્રતિષ્ઠાચાર્ય માટે ત્યાં રામચંદ્રજીનું નક્કી કરાવ્યું હતું. અમને થયું કે સોનગઢમાં કોણ કરશે, કોઈને ખબર જ ન હતી કે કોણ પ્રતિષ્ઠા કરાવે, ત્યાં અમને મળ્યા હતા ત્યારે અમે પૂછ્યું કે પંડિતજી તમે પ્રતિષ્ઠા કરાવો? તો કહે હા....અમારા સોનગઢમાં આવશો તો કહે ક્યું નહીં આઉંગા, અમે તમને પત્રિકા લખશું તો આવશો. એટલે અમે સરનામું લઈ લીધું, અમે કહ્યું બીજા પંડિતને ન બોલાવીએ ને? તો કહે નહીં મેં હી આઉંગા, તેને ઉલ્લાસ બહુ હતો કે આટલો ઉલ્લાસ કે પહેલવેલા સ્થાનકને વાળવા તો તે જ કામ આવે તેવો હતો. એ પણ સમજી ગયો કે બધા મૂંઢ જેવા છે, કોઈને કાંઈ આવડતતું નથી. અમે તો મેંઢા જેવા લાગીએ, અમને કોઈને કાંઈ ખબર જ પડે નહીં. અમે તેને સમાચાર આપ્યા તો તે એક મહિના પહેલા આવ્યો અને કહે મારે દરજી, સુથાર, કડિયો, લુહાર જોશે, અમે કીધું ઠીક. પૂરા પ્રતિષ્ઠાનો ખર્ચ નાનાલાલભાઈ, બેચરભાઈ વગેરે ત્રણે ભાઈઓનો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



એટલે અમે બેચરભાઈને બધું લીસ્ટ કરીને આપ્યું. ત્યારે બેચરભાઈ કહે અરે તારે છોકરા કેટલા છે? પછી તું આનું શું કરીશ? તો કહે મેં લે જાઉંગા. તો કહે અરે તારે કેટલા છોકરા છે તો આટલું બધું લખાવીને લઈ જઈશ. ત્યારે તેણે કહ્યું કે મેં તો બાળબ્રહ્મચારી હું મેરે કોઈ લડકા નહીં હૈ. એ તો હમારી રીત હૈ ઈસીલિયે લે જાઉંગા. એક મહિના અગાઉ દરજી બેસાડ્યો અહીં તો કોઈ જાણે જ નહીં. શુભ તિથિએ પ્રતિષ્ઠા શરૂ કરી તો કોઈ કાંઈ જાણે જ નહીં. ઉદક–ચંદન બોલે એમાં કાંઈ સમજીએ નહીં. ઉદક–ચંદન કોઈ દિવસ બોલેલા નહીં કે સાંભળેલું નહીં એટલે કોઈ કોઈ તો તેના ચાળા પાડે.

અમે બંને બેનોએ કહ્યું કે તે કેવા ભાવથી પૂજા કરાવે છે તો આપણે પણ ભાવથી પૂજા કરવી. અમને તો આવડે નહીં એટલે શું કરીએ? અમે આણંદભાઈને કહ્યું અને પંડિતજીને કહ્યું કે આ ભાઈ પાસે બધું કરાવજો અમે સોંપી દીધા. આણંદભાઈ ભક્તિવાળા અમે કહ્યું ભાઈ પાસે તમારે જેટલી પૂજા કરાવવી હોય તેટલી કરાવજો. આણંદભાઈ આખો દિવસ ઊભા રહેતા. કલોલવાળા ભાઈઓ આવ્યા હતા, સોમચંદ અમથાલાલ, વાડીભાઈ વગેરે આખી મંડળી એટલી સરસ પૂજા કરે સાથે વાજા–તબલાના તાલથી કરે, ત્યારે અમને એમ થાય કે આ થાય છે સરસ. પણ અમે કાંઈ સમજતા નહીં.

મંડપમાં આપણે જેમ એક વેદી કરીએ તેમ પાંચ વેદી નાની નાની જુદી જુદી કરી, એક માતા-પિતાની ચર્ચા, એક ઈન્દ્ર-ઈન્દ્રાણી, એક મંડલ વિધાનની વેદી, એક ભગવાન બિરાજમાન કરવાની વેદી એમ પાંચ અલગ અલગ વેદી દેરાસરના ચોકમાં કરેલી, બધી વેદીમાં અલગ અલગ કામ કરતા હતા, પ્રતિષ્ઠા તો એવી સરસ કરાવે કે જન્મકલ્યાણક થવાનો હતો તો આપણને તો ખબર જ ન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પડે, એટલું કહે કે તમારે વહેલા સવારે બધાએ આવવાનું છે અને રાત્રે બધું તૈયાર કરી લ્યે. અમે સવારે જોઈએ ત્યારે એમ થાય કે અરે તેણે આવું ક્યારે તૈયાર કર્યું. બધા અમે તો એવા આશ્ચર્ય પામીએ કે નાચવા માંડી જઈએ કે અહો.....હો આટલું સરસ કરે છે. ભગવાનના કલ્યાણક સાક્ષાત્ હોય તેવા ભાવ અમને આવતા હતા કે આપણે તો સાક્ષાત્ કલ્યાણક થાય છે. ગર્ભ કલ્યાણકમાં નાનાલાલભાઈ અને જડાવબેન બેઠા તો એવા સરસ લાગે કે આ ગર્ભ કલ્યાણક કેવો સરસ લાગે. ઈન્દ્રો પણ એના ને એમના ઘરના પણ એવા સરસ લાગે. બધા પુણ્યશાળી શોભે એવા સુંદર કે જાણે સાક્ષાત્ ઈન્દ્રો ઉતર્યા છે. પછી જન્મ કલ્યાણક કરાવ્યો કે બધા એક બીજા વાતો કરે છે કે આવું તો ક્યારેય જોયું નથી. જન્મ કલ્યાણકે અમને કહ્યું કે સવારે સાડા પાંચ વાગે આવજો એટલે અમે તો જઈને બેઠા ત્યાં તો એકદમ ઘંટ વાગવા લાગ્યા, એકદમ ઝાલર વાગવા લાગી, બેન્ડ-વાજા વાગવા લાગ્યા ત્યારે બધાને એમ થયું કે આ શું થયું? એમ એકદમ જયજયકાર થવા લાગ્યા. આ કેવું સરસ અમને બધું નવું લાગે. પ્રથમવાર જોયું એટલે બધું બહુ જ નવું લાગે, અમે પોતે ગાંડા-ઘેલા થઈ જતા. એમ કરતાં કરતાં પંચ કલ્યાણક પૂરા થયા અને ભગવાનની પ્રતિષ્ઠા મંદિરમાં કરવાનો સમય આવી ગયો. જિનમંદિરમાં જ્યાં ભગવાન પધાર્યા ત્યાં બધા ખૂબ જ આવકાર આપતા, રામજીભાઈ બોલ્યા પધારો ભગવાન પધારો ભગવાન, એમ એક સાથે દશ જણા બોલવા લાગ્યા. એ સાંભળીને ગુરુદેવ પણ બોલ્યા કે આજ આપણા ભગવાન છે કે જેનો આપણને વિરહ હતો તે જ ભગવાન સામે આવ્યા. અને ગુરુદેવે સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સાષ્ટાંગ નમસ્કાર તો કર્યા અને શરીર એટલું બધું ધ્રુજે અને આંખોમાંથી ચોધારા આંસુ ચાલ્યા જાય, અને ઊભા જ ન થઈ શકે એટલા ચોધારા આંસુ ચાલ્યા જાય, ત્યારે સાક્ષાત્ સીમંધર ભગવાન યાદ આવ્યા કે અરે ભગવાન અમે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આપનો વિરહ કરીને આવ્યા. હવે અમારે તમારા પ્રતિમાજીમાં સંતોષ માનીએ એમ કહેતાં હૃદય ભરાઈ ગયું અને ખૂબ જ અશ્રુધારા વહી. પછી રામજીભાઈએ ગુરુદેવનો હાથ ઝાલીને ઊભા કર્યા, પછી અંદર ભગવાનને વેદીમાં બિરાજમાન કર્યા. એટલા બધા ભાવપૂર્વક પ્રતિષ્ઠા થઈ, તેમાં જુવારા વાવ્યા હતા તે એવા ઊંચા થઈ ફાલીને એકદમ બહાર આવ્યા. ત્યારે રામચંદ્રજી (પ્રતિષ્ઠાચાર્ય) કહે દેખો—આ શુકન છે કે આ ભગવાનનો ધર્મ આવો ફેલાવાનો છે. તમારો આ ધર્મ ખૂબ જ ફેલાવાનો છે. એ વાત તદ્દન સાચી પડી. ભગવાનની પ્રતિષ્ઠા થયા પછી તો આનંદ મંગળ થઈ ગયો. પછી ગુરુદેવને બહારગામ જવાનું હતું તો ગુરુદેવ બોલ્યા કે એક વરસ સુધી હું પ્રતિજ્ઞા કરું છું કે બહારગામ નહિ જાઉં. અને એક વરસ સુધી પોતે બહારગામ ન ગયા. મારે ભગવાનની ભક્તિ કરવી છે, એમાંથી ભક્તિનો પ્રોગ્રામ ચાલુ થયો. અમને આજ્ઞા કરી કે તમે બંને બેનો ભક્તિ ગવરાવો અને બધા ઝીલે. એમ આ કાર્યક્રમ ચાલ્યો પણ ગાતાં ગાતાં એવા ભાવ આવે! એટલા ભાવથી ઉછળી જવાય. એવું પેટ ભરાયને ઊછળી જવાય. એક સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા પાછળ તો પૂરા ગુજરાત—સૌરાષ્ટ્ર વગેરે દેશોદેશમાં પ્રતિષ્ઠા થઈ. તે રામચંદ્રજી કહેતા હતા કે જુઓ આ જ તમારું શુકન બતાવે છે.

તેણે સમવસરણની રચના એવા લાકડાંના ટુકડા મંગાવીને કરી, અને એક એક લાકડીમાં ધજા કરીને આ ભૂમિ કરી અને વચમાં ગંધકૂટીમાં ભગવાન બિરાજમાન કર્યા. બધા ભાઈ—બહેનો તો શું ખુશી થયા કે પગે ઘૂઘરા બાંધી પેટે ઢોલકાં બાંધી પ્રદક્ષિણા દીધી અને શું નાચ્યા—નાચ્યા અમે બધા નાચી ઊઠ્યા. બધાને ઉત્સાહ એટલો આવે કે માનો સાક્ષાત્ ભગવાનના કલ્યાણક થતા હોય એવો ઉત્સાહ હતો એવો ભાવ આવે કે આપણે રંગાઈ જઈએ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



રામચંદ્રજી શોભા શણગાર સારા કરે એટલે બહુ ભાવ આવે. નાથુલાલજી શોભા શણગાર કાંઈ ન કરે પણ બોલે સારું ભાષામાં મીઠાશ. રામચંદ્રજી તો એકલા જ હતા કોઈ તેની મદદમાં નહિ, માત્ર એક તેનો માણસ હતો એટલે છેલ્લે બહુ થાકી ગયા હતા. રાજા–રાણી માટે ખુરશી માંગે તો બધા કહે ખુરશીને શું કરીશ તો કહે તમે તે સમયે જોજો, તમારી ખુરશી હું લઈ નહિ જાઉં. ચોવીસો ભગવાનની તો પ્રતિષ્ઠા થાય પરંતુ **સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા જોઈને બધાને આશ્ચર્ય થતું હતું, પરંતુ પ્રતાપગઢમાં સીમંધર ભગવાન પ્રતિષ્ઠિત છે બહુ મોટા સીમંધર ભગવાન છે.**

પ્રતિષ્ઠા તો થઈ ગઈ ભગવાન બિરાજમાન થયા પંડિતો પણ ગયા હવે દરરોજ નિત્ય નિયમ પૂજા તો આવડે નહિ, કોણ શીખવાડે, પાલીતાણાના સાકરચંદજી મુનિમજી અહીં આઠ દિવસ રોકાયા કે હું બધાને પૂજા શીખવાડીશ, અમે બંને બેનો મંદિરમાં જ રહીએ અને તે જેમ કહે તેમ કરતા હતા. પ્રતિષ્ઠા પછી અમે પૂજા કરતા તો શીખ્યા પણ અત્યારે જે ભાવ આવે છે તેવા આવતા નહીં. સંસ્કાર બહુ ખરાબ ચીજ છે, કોઈપણ ખોટા સંસ્કાર પડે તે બહુ ખોટું છે–ખરાબ છે. **તેમાં સાચા સંસ્કાર બદલવા એમાં ઘણો પુરુષાર્થ કરવો પડે છે.**

ગુરુદેવે મુહપત્તી તો છોડી હતી પણ રજોણો કેમે છોડતા ન હતા, એવા સંસ્કાર હતા કે રજોણો મૂકે જ નહીં. અમને બધાને એમ થાય કે શા માટે રાખ્યો છે. પછી સંવત ૧૯૯૯(ઈ.સ. 1943) ની સાલમાં સૌરાષ્ટ્રમાં ફરવા લાગ્યા તો ઝાલાવાડવાળાએ એટલો સખત વિરોધ કર્યો કે લાવો અમારો રજોણો! તો ગુરુદેવે કહ્યું આ લે તારો રજોણો એમ એવો ફેંક્યો કે લે તારો રજોણો! જીવરાજજી મહારાજની હજી મુહપત્તી છોડાવી ન હતી, જીવણલાલજીએ તો છોડી દીધી હતી એટલે સ્થાનકવાળા કહે આમને શા માટે મુહપત્તી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



રખાવી છે? એટલે એની મુહપત્તિનો પણ ઘા કર્યો કે લે આ તારી....સંસ્કાર બહુ ખરાબ ચીજ છે.

સ્થાનકના સંસ્કારના કારણે પૂજામાં ભાવ ન આવે એટલે અમે બંને બેનોએ એક ગુજરાતી પૂજા રચી તેમાં શ્રી સમયસારની ગાથા તથા શ્રીમદ્જીના પદો એમ બધું મીક્સ કરીને એક ગુજરાતી પૂજા—**સન્માર્ગ દર્શિત બોધી દાતા કૃપા અતિ વરસાવતા આ પૂજા રચી.** તે બધાને ખૂબ ગમી એટલે અમને થયું કે હાશ આ સારું થયું, અને અમે બંને બેનો દરરોજ નિયમિત પૂજા કરાવીએ એટલે બધા ઝીલે એમ કરતાં કરતાં સંસ્કાર પડે, હિન્દી પૂજામાં કાંઈ સમજાય નહીં, આ ગુજરાતી પૂજા રોજની એકની એક કર્યા કરીએ, પરંતુ કોઈ દોર—સંચાલન કરવાવાળા આવે તો થાય ને? ત્યારે નેમિચંદજી પાટની આવ્યા ત્યારે એમણે કહ્યું કે નંદીશ્વર મંડલ વિધાન પણ થાય છે. નંદીશ્વરની પૂજા તો બહુ ધામધૂમથી થાય. ધામધૂમ કહે એટલે અમારા રોમરોમ ઉછળી જાય, એટલે કહ્યું અમને પણ શીખવાડો ને? ત્યારે નેમીચંદભાઈ બધું કરી આપતા. નંદીશ્વરના માંડલાનો નકશો તેઓ લાવ્યા હતા પછી નકશો બાંધી દઈએ એ પ્રમાણે પૂજા કરીએ. એમ કરતાં કરતાં શીખ્યા પછી બધો રસ પડવા લાગ્યો. ઘણા સમય (વરસો) સુધી સમૂહ પૂજા ચાલુ ને ચાલુ રહી. પછી બીજા ગામમાં પણ પ્રતિષ્ઠા થવા લાગી. **ખોટા સંસ્કાર ભૂંસાડતા કેટલી મહેનત કરવી પડી, પહેલાથી જ સત્યધર્મમાં જન્મ થયો હોત તો કેટલો ફેર પડે.**

ગુરુદેવ ક્યાંય સુધી પાતરા છોડતા જ ન હતા. ત્યારે બ્ર. દુલીચંદજી, બ્ર. છોટેલાલજી, પુરણચંદજી વગેરે આવ્યા અને બેનોને કહ્યું કે સ્વામીજીએ પાતરા કેમ રાખ્યા છે? ત્યારે અમે તેઓને બતાવ્યું કે તમે મહેરબાની કરીને ગુરુદેવ પાસે જાવ અને કહો કે પાતરા કેમ રાખ્યા છે? પછી એ ત્રણે ગુરુદેવ પાસે ગયા અને કહ્યું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કે સ્વામીજી યહ લકડીકા પાતરા ક્યૂં રખા હૈ? યહ તો શ્વેતાંબરકા ચિહ્‌ન હૈ. ત્યારે ગુરુદેવે કહ્યું કે મને થાળીમાં જમવાનું ન ફાવે! તો કહે કે આપ યહ લકડીકા છોડ દો ઔર સ્ટીલકા રખો. ફાવાભાઈના દીકરાને સ્ટીલના પાતરાને બનાવવાનો ઓર્ડર આપી દીધો, અને પાતરા આવી ગયા અને સ્ટીલના પાતરા લઈને વહોરવા નીકળે પરંતુ તે તો તેનું તે જ થયું. ઝોળી તો હાથમાં ને હાથમાં—અમને તો આ જ ખટકતું હતું, તથા બધાને ખટકતું, પણ છોડે જ નહિ. સંસ્કાર એવી ચીજ છે, ટેવ પડી એ જલ્દી જાય નહિ.

સં. ૨૦૧૩ (ઈ.સ. 1957)ની સાલમાં જાત્રામાં જવાની ભાવના કરી, અમે પહેલા કરી આવ્યા હતા એટલે અમે હોંશ બતાવી એટલે ગુરુદેવને થયું કે આપણે સંઘ સહિત જાત્રાએ જવું છે. બેનો તો પહેલાં કરી આવ્યા.

એક દિવસ શ્રાવણ મહિનામાં ત્યાં બેઠા હતા, ત્યારે ગુરુદેવને સ્વયં વિચાર આવ્યો કે આપણે જાત્રા કરવા જઈએ ત્યારે રામજીભાઈ, ખીમચંદભાઈ વગેરે બેઠા હતા ત્યારે અમે બેનો બહાર ગયા હતા તો કહે બેનોને બોલાવો. અમે આવ્યા પછી બોલ્યા આ વર્ષ પૂરું થાય એટલે દિવાળી પછી જાત્રાએ નીકળવું છે. અમે તો એવી ખુશી બતાવી, એવી ખુશી બતાવી કે ઓહો.....હો ગુરુદેવ આપનું તો સુવર્ણ વચન નીકળ્યું......આપના સુવર્ણ વચન ફળીભૂત થાઓ, ખીમચંદભાઈએ એવા જોરથી જયકાર બોલાવ્યા, ગુરુદેવ બોલ્યા કે આપણે દિગંબર દેશમાં જવું છે, તો કાંઈ પાત્રા ન લઈ જવાય. ત્યારે અમને થયું કે હાશ સારું થયું. એટલે બધે તો ચાલીને જવાય નહિ એટલે મોટરમાં બેસશું. ત્યાં સુધી તો ચાલીને જતા હતા, પછી ગુરુદેવ બોલ્યા કે મોટરમાં બેસશું અને થાળીમાં જમશું, એ ગુરુદેવ બોલી ગયા એ અમે બંનેએ પકડી રાખ્યું. અમે નક્કી કર્યું કે હવે આપણે આ છોડવું નહીં. અમને પાત્રા પ્રત્યે બહુ ચીડ આવતી હતી.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૧૩ ની સાલમાં મુંબઈ ગયા ત્યાં મગનભાઈ સુંદરજીનું ઘર હતું ભીંવડી, ત્યાં અમે ગયા ત્યાંથી જ જાત્રા શરૂ થઈ પછી મગનભાઈને અમે કહી રાખ્યું કે બધી રસોઈ તૈયાર કરો અને વહોરવા આવવાનું નહીં કહેતા, તમે ગુરુદેવને કહેજો કે જમવા પધારો. ત્યારે મગનભાઈ, વજુભાઈ કહેવા આવ્યા કે ગુરુદેવ જમવા પધારો. ત્યારે ચાંદીની થાળીને બધું તૈયાર કર્યું એટલે આહાર લેવા બેઠા અને ત્યાંથી સવાર-સાંજ બંને ટાઈમ ચાલુ થઈ ગયું. ત્રણ મહિના અમે બધેય ફર્યા ત્યારે ચાંદીના વાસણ, જમવા બેસવાના બાજોઠ સાથે લીધા, એક સ્ટેશનવેગન મોટર સાથે હતી તેમાં અમો બધું લઈને નીકળ્યા કે ગુરુદેવને કાંઈ પણ તકલીફ પડે નહીં. જાત્રા તો બહુ જ સરસ થઈ ગયા પછી વળતા સોનગઢ આવ્યા પહેલા સિહોરથી સોનગઢ આવવા રવાના થયા, ત્યારે અમને એમ થયું કે પાછા અહીં આવીને થાળીમાં જ જમશે કે કેમ? આપણે તો પાત્રા કોઈ બી હિસાબે ન લ્યે તો સારું સોનગઢમાં ત્યારે બેચરભાઈ અને હિંમતભાઈ પંડિતને અમે બંને બેનોએ કહ્યું કે ચાલો સિહોર જઈએ અને નક્કી કરી આવીએ કે ગુરુદેવ થાળીમાં જ જમે. અમે બેચરભાઈને કહ્યું કે તમે બોલજો આપ સોનગઢ પધારો આપના માટે એક ઓરડીમાં રસોઈ કરીશું અને એક ઓરડીમાં આપ જમજો એવી વ્યવસ્થા કરી છે, આમ બધું બેચરભાઈને શીખવાડ્યું કે આ બોલવાનું કામ તમારું છે. અમે સિહોર ગયા અને બેચરભાઈએ ગુરુદેવને આ પ્રમાણે કહ્યું તો એવા જોરથી બોલ્યા કે કોઈ પણ બેનો મારી પાસે ન આવે, અમે કહ્યું સાહેબ કોઈ પણ નહીં આવે. કોઈ પણ બેનો આવશે તો હું પાછા પાત્રા લઈ લઈશ, એવો તો ડર બતાવી દીધો કે અરરર......હશે. તેઓની આજ્ઞા અને તેઓનું મન જેમ રાજી રહે તેમ કરવું. તેઓનું બરોબર ધ્યાન રાખવું. વ્યવસ્થા બરોબર રાખવી. તે અમારા બંને બેનોએ માથે લીધું. અને અમે કહ્યું આપને કોઈ પણ જાતની તકલીફ નહીં પડે, પરંતુ આપ થાળીમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જમો એટલે સ્વીકારી લીધું, ત્યારે અહીં તો કોઈ એવું મકાન હતું નહિ, હરિભાઈની ઓરડીમાં રસોડું કર્યું અને ટેપ–વિભાગ છે ત્યાં એક રૂમમાં જમવાનું રાખ્યું. પછી તો બે મહિનામાં તુરત જે અત્યારે હતું તે રસોડું ને રૂમ કરી. કોઈ પણ બાઈઓ–બેનો સામી દેખાય તો કહેવા લાગે બેનો નહીં બેનો નહીં.....અમે કીધું કોઈ બેનોએ જાવું નહીં, થાળીમાં જમવા દ્યોને. પછી એમ ચાલવા લાગ્યું. અમારે તો કોઈ પણ પ્રકારથી પાત્રા છોડાવવા હતા કે જ્યાં આપણે દિગંબર ધર્મ સ્વીકાર્યો પછી આ સ્થાનકનું ચિહ્ન પણ શા માટે રાખવું.

આલોચના બોલે તો એ પણ સ્થાનકવાસીના પર્યુષણ પૂરા થાય ને બોલે, એ શ્વેતાંબરમાં રિવાજ છે કે આલોચના સંવત્સરી–પાંચમને દિવસે તેઓનો છેલ્લો દિવસ હોય ત્યારે બોલે, એ સંસ્કાર કોઈ રીતે જાય નહિ. આલોચના આપણી દિગંબરની બોલે, પરંતુ આપણા પર્યુષણનો તો પહેલો દિવસ હોય. કેટલા ટાઈમ સુધી પાંચમના જ આલોચના બોલે પણ રામજીભાઈ બોલી શકતા નહીં, પછી છેલ્લે છેલ્લે છૂટી ગયું હતું.

જાત્રામાં જઈએ ત્યારે જ્યાં જવાનું હોય ત્યાં આઠ વાગે, નવ વાગે પહોંચીએ એમાં અમારી સ્ટેશનવેગન (મોટર) બહુ જ ધીમી ચાલે. બધા પહોંચી જાય, અમે મોડા પહોંચીએ અને તરત તપાસ કરીએ કે ગુરુદેવનો આહાર ક્યાં છે? કાંઈ ખાધું ન હોય પીધું ન હોય પણ ગુરુદેવ જ્યાં ઉતર્યા હોય ત્યાં અમે પહોંચી જઈએ, અને તરત રસોઈ જોવા જઈએ, અમને ડર લાગે કે જો કાંઈ ફેરફાર થાશે તો તેમનું મન ફરી ન જાય. એમ અમે એટલી મહેનત કરીને આહારદાન એમ રખાવ્યું. જાત્રામાં તો બરાબર ચાલ્યું પરંતુ સોનગઢ આવ્યા પછી પણ એમ જ ચાલે એવી ખૂબ જ દઢતા કરી.

માનસ્તંભમાં પહેલા ઝાડ વાવ્યા હતા, એક દિવસ એક માણસ ત્યાં બધું ખોદીને સરખું કરતો હતો તો ત્યાં બેઠા બેઠા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ગુરુદેવ જોતા હતા પછી કહે કે અરે આવું પાપ કોણ કરે છે. બધું કાઢી નાખો. અમે તો કાંઈ બોલ્યા નહીં. જેમ કહે તેમ કાઢી નાખ્યું, અને વજુભાઈને હુકમ કર્યો કે બગીચા જેવું ટાઈલ્સમાં કરી નાખો, જેમ બગીચા જેવું લાગે. ઝાડ–ફૂલ વાવવા અને તોડવા એ પાપના ધંધા છે, એ સાચી વાત હતી.

ગામે ગામના માણસો અમને પૂછવા આવે કે અમારી પાસે આટલા પૈસા નથી તો કેવી રીતે મંદિર બનાવીએ? અને તેમને કહીએ કે તમે એક ઓરડો ભાડે લ્યો અને નાના પ્રતિમાજી પધરાવો અને એના દર્શન–પૂજન કરો. એના પ્રતાપથી મોટું મંદિર થઈ જશે. બોટાદ, વઢવાણ, સુરેન્દ્રનગર, રાણપુર એમ ઘણા ગામમાં એવી રીતે કર્યું કે જેથી મંદિરની રચના થઈ ગઈ. અહીં અમને બધા પૂછવા આવે તો અમે કહીએ કે એકલું વાંચન કરો તો કાંઈ નહિ થાય, પરંતુ સાથે સાથે એક નાની વેદી બનાવો અને નાના પ્રતિમાજી પધરાવો. સૌથી પહેલા વીંછીયામાં મંદિર બન્યું. તે સોનગઢની પહેલાની (એટલે કે પહેલા સોનગઢમાં નાનું મંદિર હતું) બિલકુલ નકલ કરી હતી. પ્રતિષ્ઠા વખતે અમને બંને બેનોને બહુ જ શ્રમ પડતો હતો કારણ કે કોઈ સમજતું નહોતું. શરીરની શક્તિ તે સમયે સારી હતી. પંડિતજી પ્રતિષ્ઠાના અમને કહેતા હતા કે તમને વિવાહના (લગ્ન) ગીત આવડે છે? ત્યારે અમે કહ્યું કે હા. તો પંડિતજીએ કહ્યું કે તેવા જ ભગવાનના ગાઓ. પછી અમે સવારે પરોઢીએ ગાઈએ......સૂરજ ઊગીઓ રે કેવડીયાની ફણસે રે વેણલાં ભલે વાયારે........એમ ભગવાનના ગીત જોડી જોડીને ગાતા હતા.

દરરોજની ભક્તિ પણ મંદિરમાં ચાલુ કરી તેમાં સ્તવનમંજરી, ભજનમાળા, સ્તવનમાળા, સ્તનાવલીમાં અમારી ઘણી ઘણી જોડેલી ભક્તિ છે. એ ભક્તિ કરતાં કરતાં બહુ સુંદર ભાવ આવતા હતા.

શ્રી સમયસાર શાસ્ત્રજી ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનોના ૧

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



થી ૪ ભાગ જે બહાર પડ્યા છે તે પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન એમ બંને બેનોએ લખ્યા છે.

તે સમયે પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે બંને બેનો વ્યાખ્યાનમાં બેસે છે તો જેમ સિંહ તરાપ મારે તેમ ગુરુની વાણી ઉપર તરાપ મારીને સાંભળતા હતા.

અમને એવો રંગ આવે, એવો રંગ આવે, તો તે પૂજારી કહે કે બેન તમને આટલા બધા ભગવાન પ્રત્યે ભાવ આવે છે એવા બીજાને નથી આવતા, —તમે બંને નિકટભવી છો—નજીકના મોક્ષગામી છો. અમે સાફ સફાઈ પણ ખૂબ રાખતા. એમાં કોઈ બાઈ આવી અને ભગવાન ઉપર ફૂલ ચડાવેલ એવામાં ગુરુદેવને ખબર પડી. ગુરુદેવ સ્વાધ્યાયમંદિરમાં બેઠા હતા અને અમે મંદિરમાં હતા, તો ગુરુદેવ મંદિરમાં આવ્યા કે આ બધા શું કરે છે. ચાંદલા—ફૂલ કાંઈ કરવાનું નથી—આપણે તો શુદ્ધ તેરાપંથી છીએ. બિલકુલ કોઈને કાંઈ કરવા દેશો નહિ. માત્ર શુદ્ધ જળથી અભિષેક કરવો બાકી કાંઈ નહી. સુબોધ—પ્રબોધ એવું કોઈ શાસ્ત્ર વાંચ્યું હતું તેમાં લખ્યું હતું કે જુઓ શુદ્ધ તેરાપંથી આમ્નાયમાં માત્ર શુદ્ધ જળથી જ અભિષેક કરશો. માટે તમો કોઈને પણ ચાંદલા કે ફૂલ ચડાવવા દેશો નહિ, જેવી આપની આજ્ઞા, જેમ કહેશો તેમ કહીશું. ૧૯૯૭(ઈ.સ. 1941) ની સાલમાં ભગવાનની પ્રતિષ્ઠા થઈ. સં. ૨૦૦૩(ઈ.સ. 1947) માં અહી વિદ્વત પરિષદ બોલાવી, એટલે બધા દિગંબર પંડિતો અહીં આવે અને જુએ તો ખરા! રવાણી ઉત્સાહિત હતા, એટલે તેમણે બધા પંડિતોને બોલાવ્યા. અને ત્યારે બધા પંડિતો આવ્યા તેમાં પંડિત ફૂલચંદજીએ ગુરુદેવને કહ્યું કે સ્વામીજી! આપકા અધ્યાત્મ તો બહુત અચ્છા હૈ, લેકિન આપને ભગવાનકી કીકીમેં કાલા રંગ ક્યું લગાયા? યહ હમારા દિગંબર આમ્નાય વિરુદ્ધ હૈ, કોઈ દિગંબર નહીં માનેંગા, એટલે ગુરુદેવે કહ્યું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કે પંડિત ચેનસુખલાલજીને કહા હૈ ઈસલિયે કિયા, ગુરુદેવે પંડિતજીને કહ્યું કે આના માટે હવે શું કરવું? તમો બધા નારાજ થાવ એવું મારે નથી કરવું. અમે તો દિગંબર છીએ અને દિગંબર સમાજમાં ભળવું છે. આનો રસ્તો તમે બતાવો, એટલે ફૂલચંદજીએ પૂછ્યું કે કૈસા રંગ લગાયા હૈ, તો હમને કહા કે કચ્ચા રંગ હૈ—પક્કા રંગ નહીં હૈ. ફીર ભી અભિષેક કરતે—કરતે નીકલ જાય ઐસા કરો એટલે પૂજારીને આજ્ઞા કરી દીધી કે ધીરે—ધીરે ઘસીને લૂછી લેવું એટલે નીકળી જશે, તે સમયે બધા પંડિતો આવ્યા હતા, પંડિત ફૂલચંદજી, પંડિત જગમોહનલાલજી, પંડિત બંસીધરજી, પંડિત કૈલાસચંદજી, પંડિત પ્રકાશચંદજી વગેરે.

તેઓ સોનગઢથી ગયા પછી પંડિત ચેનસુખલાલજીને પૂછવા ગયા કે આપે આવું વિરુદ્ધ શા માટે બતાવ્યું? તો કહે મેરે કો માલુમ નહિ મૈંને ક્યા કિયા.

ત્યાર પછી સર શેઠ હુકમચંદજી આવ્યા તેઓએ પણ કહ્યું કે ઐસા કીકી ક્યું કરવાયા હૈ? યહ હમારા દિગંબર આમ્નાયસે વિરુદ્ધ હૈ. ગુરુદેવે કહ્યું કે યહ બાત પંડિતજી ફૂલચંદજી સાથ હો ગઈ કે રંગ યથા સમય નીકલ જાયેગા.

સર શેઠ હુકમચંદજીના હસ્તે પ્રવચન મંડપનું શિલાન્યાસ થયું હતું. અને તેની ખુશાલીમાં હિન્દી આત્મધર્મ બહાર પાડવા માટે રકમ આપી ગયા હતા.

મૂળ દિગંબર પંડિતો તથા શેઠીયાઓ સોનગઢના સંતની સત્ય—તથ્ય ભરેલી વાણી સાંભળવા આવ્યા. આત્માની વાત સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયા.

વિ. સંવત ૧૯૯૮(ઈ.સ. 1942) માં સૌ પ્રથમ સોનગઢમાં પ્રૌઢ શિક્ષણ શિબિરની શરૂઆત થઈ, તે સમયે ઘણા પંડિતો તથા મુમુક્ષુઓ લાભ લેતા. દરેક શ્રાવણ મહિનામાં પ્રૌઢ શિક્ષણ શિબિર

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ચાલતી ત્યારે દેશદેશના મુમુક્ષુઓ આવતા. ત્યારે પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ તથા શિબિરમાં તત્ત્વનો લાભ. આવો લાભ લઈને મુમુક્ષુઓ દિનરાત ધર્મમય ચર્ચા કરતા. પૂજ્ય ગુરુદેવના જન્મજયંતિ (વૈશાખ સુદ-૨) સમયે બાળશિક્ષણ શિબિર રાખતા. ત્યારે બાળકો દેશોદેશથી આવતા. બાળકોને દેખીને ગુરુદેવ ખૂબ જ પ્રસન્ન થતાં અને કોઈવાર પ્રશ્નો પૂછીને બાળકોને ખુશ કરતા.

સોનગઢથી આત્મધર્મ, ગુજરાતી–હિન્દી, સુવર્ણ સન્દેશ તથા સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ આટલી પત્રિકા બહાર પડતી, તેમાં આત્મધર્મ વાંચી વાંચીને દેશોદેશથી પંડિતો તથા મુમુક્ષુઓ (પાટનીજી, યુગલજી, સોગાનીજી) આ આત્મધર્મથી આકર્ષાઈને પૂજ્ય ગુરુદેવની વાણીનો લાભ લેવા માટે સોનગઢ આવતા.

તીર્થક્ષેત્રની સુરક્ષા માટે પૂજ્ય ગુરુદેવને વિકલ્પો આવતાં ટ્રસ્ટીઓને બોલાવીને વાત કરી, એટલે ટ્રસ્ટીઓએ શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટની સ્થાપના મહાવીર નિર્વાણ ૨૫૦૦ વરસમાં કરી.

卐 卐 卐

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુવર ગુણની ખાણ;
ગુરુ વસે જો અંતરમાં, તો પામો ભવનો પાર.

ગુરુ દીવો એટલે–જેમ દીવો અંધકારનો નાશ કરી અને પ્રકાશ ફેલાવે છે તેમ ગુરુ એ અંધકાર એટલે મિથ્યાત્વનો નાશ કરી અને સમ્યગ્જ્ઞાન પ્રકાશ ફેલાવ્યો છે. ગુરુમાં અનંતા અનંતા ગુણોની ખાણ ભરી છે. એવા ગુરુ જેના અંતરમાં એટલે કે ગુરુએ કહેલું તત્ત્વ જો તેના અંતરમાં જ્ઞાયકને પકડીને વસે તો તેના ભવનો પાર આવી જાય છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**મુનિવર મહિમા ગુરુ ગાતા સંયમની ભાવના ભાતા,**

**જિનેશ્વર મારગે જાતા થશે ગુરુ ધ્યાનના ધ્યાતા.**

ગુરુદેવ મુનિઓની મહિમા કરતાં કરતાં પોતે સંયમની ભાવના ભાવતા અને ઘણીવાર ગુરુદેવ કહેતા કે કોઈ મુનિરાજ તો દર્શન આપો! આકાશમાં ઉપર જોઈને મુનિરાજના દર્શનની ઝંખના ઘણી હતી અને જિનેશ્વરનો પંથ પકડ્યો છે એટલે અલ્પકાળમાં જિનેશ્વર સ્વરૂપ બની જશે.

પૂજ્ય ગુરુદેવે સમાધિ મરણ સહિત સંલેખનાની અંતમાં ભાવના ભાવી હતી, ગુરુદેવને ખ્યાલ આવી ગયો હતો કે હવે આ શરીરનો અંતિમ સમય છે. જેથી અંતરથી બરોબર જાગૃત હતા અને અંતમાં “હું એક જ્ઞાયક છું” તે શબ્દો ઉચ્ચારણ કર્યા હતા.

**આવા અનંત ઉપકારી કહાનગુરુના ચરણોમાં**
**કોટી કોટી વંદન હો.**

કહાન ગુરુદેવનો જન્મ જ આપણાં આત્માને ભવમુક્ત કરવા માટે જ થયો છે.

卐 卐 卐

ગમે તેવા આકરા અસાતાના સંયોગકાળે પણ ધર્માત્મા એમ વિચારે છે કે આ પ્રસંગમાં તો ખરેખર સત્તામાં રહેલું અસાતા કર્મ ખરી ગયું છે, અને પોતાના સ્વભાવ સન્મુખ વૃદ્ધિને પામે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આત્મધર્મ અંક ૧૫૬ (''બ્રહ્મચર્ય અંક''—બીજો)

## (આસો વદ ચોથના પૂજ્ય ગુરુદેવના પ્રવચનનો અંશ)

卐 માનસ્તંભમાં ઊંચે ઊંચે શ્રી સીમંધરનાથ બિરાજમાન છે.......આશ્રમમાં હરતાં ફરતાં ભગવાનનાં દર્શન થયા કરે છે.

''અર્હંતને શ્રી સિદ્ધને ય નમસ્કરણ કરી એ રીતે
ગણધર અને અધ્યાપકોને સર્વ સાધુ સમૂહને;
—તસુ શુદ્ધ દર્શન—જ્ઞાન મુખ્ય પવિત્ર આશ્રમ પામીને,
પ્રાપ્તિ કરું હું સામ્યની જેનાથી શિવ પ્રાપ્તિ બને.''

સમકિતી ગૃહસ્થપણામાં રહ્યા હોય તો પણ તે વૈરાગી છે.......અંતરદ્રષ્ટિમાં વૈરાગ્યનું પરિણમન તેને સદા વર્ત્યા જ કરે છે. અજ્ઞાનીને સાચો વૈરાગ્ય હોતો નથી. હું સમસ્ત પરભાવોથી ભિન્ન જ્ઞાયકસ્વરૂપ છું, મારા અવલંબને જ મારી મુક્તિ છે—એમ જાણીને જે જીવ સ્વભાવ સન્મુખ પરિણમ્યો તે જ સાચો વૈરાગી છે. આવો વૈરાગી જીવ બંધનથી છૂટે છે. જે જીવ વિકારી પરભાવોમાં રાચી રહ્યો છે તે બંધાય છે, અને જે જીવ વિકારથી વિરક્ત થઈને સ્વભાવમાં રત થાય છે, તે મુક્તિ પામે છે, આવો શ્રી જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ છે.

પૂજ્ય બાલબ્રહ્મચારી મહાપ્રભાવી શ્રી કહાન ગુરુદેવ અનેક વર્ષોથી મુખ્યપણે સોનગઢમાં બિરાજે છે, અને ભવ્ય જીવોને આત્મહિતનો અપૂર્વ માર્ગ દર્શાવે છે. તેઓશ્રીના પરમ પાવન ઉપદેશથી આકર્ષાઈને અનેક જિજ્ઞાસુ ભાઈ-બહેનો સોનગઢમાં આવીને રહે છે. તેમાં કુમળી વયના નાના ભાઈ—બહેનો પણ આત્મહિતની ભાવનાથી સોનગઢમાં રહે છે. કેટલાક ભાઈ—બહેનોને એવી ભાવના પણ જાગે છે કે પોતાનું આખુંય જીવન અહીં સંતોની છાયામાં જ વીતે.......

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સં. ૧૯૯૮(ઈ.સ. 1942) માં મુમુક્ષુ બ્રહ્મચારી બેનો માટે ‘‘સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ’’ની સ્થાપના થઈ, પૂજ્ય બંને બેનોની પવિત્ર છાયામાં રહેતા કેટલાક કુમારિકા બહેનોને પણ બાલબ્રહ્મચારી રહીને સોનગઢમાં જ વસવાની ભાવના હતી. તેના પરિણામે સં. ૨૦૦૫ (ઈ.સ. 1949)ના કારતક સુદ તેરસે છ કુમારિકા બહેનોએ આજીવન–બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી; અને તે પ્રસંગે ‘‘સનાતન જૈન કુમારિકા બ્રહ્મચર્યાશ્રમ’’ ની સ્થાપના થઈ, અને તેને માટે લગભગ રૂા. ૧૨૦૦૦ = નું ફંડ થયું. પરંતુ હજી બહેનોના આશ્રમ માટે કોઈ સ્વતંત્ર મકાનનો બંદોબસ્ત ન હતો. ત્રણ ચાર વર્ષ દરમ્યાન બીજા પણ અનેક જિજ્ઞાસુ બહેનો તૈયાર થયા અને તેઓ પણ બ્રહ્મચર્ય જીવનની ભાવના ભાવવા લાગ્યા....

સં. ૨૦૦૭ (ઈ.સ. 1951) માં શ્રી સીમંધર ભગવાનના વાર્ષિક મહોત્સવ પ્રસંગે, કલકત્તાથી શ્રીમાન્ વચ્છરાજજી શેઠ (લાડનુવાળા) તેમના ધર્મપત્ની મનફૂલાદેવી સહિત પહેલી જ વાર સોનગઢ આવ્યા.......ત્યારે પૂજ્ય ગુરુદેવના અદ્ભૂત પ્રવચનો સાંભળીને તથા સોનગઢમાં થતી મહાન ધર્મ પ્રભાવના દેખીને, તેમજ બેનોના મંડળનું સુંદર વાતાવરણ દેખીને, તેઓ ઘણા ખુશી થયા અને વિશેષ ઉલ્લાસ આવતાં શેઠાણી શ્રીમતી મનફૂલાદેવીએ તુરત જ સોનગઢમાં વિશાળ જમીન ખરીદીને લગભગ ૧। લાખના ખર્ચે ‘‘શ્રી ગોગીદેવી દિગંબર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ’’ બંધાવી આપ્યા, સં. ૨૦૦૮ (ઈ.સ. 1952)ના મહા સુદ પાંચમને ઘણા જ ઉત્સાહપૂર્વક તે આશ્રમનું ઉદ્ઘાટન થયું. હાલ પૂજ્ય બંને બહેનો જેવા પવિત્ર આત્માઓની મંગલછાયામાં બાલ બ્રહ્મચારી બહેનો સહિત એકંદરે ત્રીસેક બહેનો આ આશ્રમમાં રહે છે.

આ આશ્રમનું વાતાવરણ ઉપશાંત અને આહ્લાદકારી છે....શ્રી દેવ-ગુરુની નિકટ છાયામાં જ આ આશ્રમ છે......ત્યાંથી હરતાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ફરતાં દેવ-ગુરુના દર્શન થયા કરે છે, ને સંધ્યા સમયે તો માનસ્તંભ સીમંધરનાથની છાયા આશ્રમ ઉપર છવાઈ જાય છે. આવા આ આશ્રમમાં પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન નિવૃત્તિકાળમાં પોતાના ચિંતવન–મનન ઉપરાંત કોઈવાર ભક્તિનો ઉમળકો આવી જતાં આશ્ચર્યકારી ભક્તિ કરાવે છે. કોઈવાર વૈરાગ્ય ભરેલી વાર્તાઓ પણ કહે છે. કોઈવાર ગુરુદેવનો મહિમા ગાય છે.....કોઈવાર તીર્થયાત્રાનું ઉમંગભર્યું વર્ણન કરે છે, કોઈવાર પ્રસંગોચિત્ત હિતોપદેશ પણ આપે છે.....તો કોઈવાર આનંદપૂર્વક ઉલ્લાસ પ્રેરે છે.....નવાનવા શાસ્ત્રોના અભ્યાસ પણ કરાવે છે.......ને કોઈવાર પરીક્ષા પણ લ્યે છે.....ઘણાં ઘણાં પાઠો કંઠસ્થ કરાવતા હતા.

બંને પવિત્ર બેનોનું જીવન ધર્મરંગથી રંગાયેલું છે.....તેઓનું જીવન જ એવા પ્રકારનું છે કે તેમની નિકટ છાયામાં રહેતા હરક્ષણે જ્ઞાન-વૈરાગ્યના સંસ્કારોનું સિંચન સહેજે સહેજે થયા કરે છે. આ ઉપરાંત આશ્રમવાસી બહેનો પણ પરસ્પર વાત્સલ્યપૂર્વક હળીમળીને સ્વાધ્યાય–ભક્તિ આદિ કાર્યો કરે છે. કુટુંબ છોડીને બહારગામથી અહીં આવીને રહેનારા બહેનોને પણ એવું નથી લાગતું કે અમે એકલા છીએ. સંતોની મધુરી છાયામાં સાધર્મીનું એક નવું જ કુટુંબ અહીં રચાઈ ગયું છે.

ભારતભરમાં આશ્રમો તો અનેક ચાલતા હશે. પરંતુ સંતોની શીતળ છાયામાં.......અધ્યાત્મના ઉપશાંત વાતાવરણમાં..... વાત્સલ્યના વહેતા ઝરણામાં.......ચાલતો આવા પ્રકારનો આશ્રમ તો આ એક જ છે.

મુલાકાત માટે બહારથી આવનારા માણસો પણ આશ્રમમાં પ્રવેશ કરતાં જ ત્યાંના શાંતિમય વાતાવરણથી અંજાઈ જાય છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# ધર્મમાતાઓ પૂજ્ય બેનશ્રીબેન
# પૂજ્ય બેનશ્રી ચંપાબેન

તેમનો જન્મ સંવત ૧૯૭૦(ઈ.સ. 1914) ના શ્રાવણ વદ બીજે વઢવાણ શહેરમાં થયો. પિતાશ્રીનું નામ જેઠાલાલભાઈ ને માતુશ્રીનું નામ તેજબા. તે વખતે તે બાળકીના તેજની તેજબાને ખબર ન હતી કે 'આ બાળકી માત્ર મારી પુત્રી તરીકે જ નહિ, પરંતુ ભારતના હજારો ભક્ત—બાળકોની ધર્મમાતા થવા માટે અવતરેલી છે.'

થોડા સમય માટે તેઓ કરાંચીમાં રહ્યા. ત્યારબાદ ૧૯૮૬(ઈ.સ. 1930) ની સાલમાં માત્ર સોળ વર્ષની વયે તેઓ પૂજ્ય ગુરુદેવના પહેલવહેલા પરિચયમાં (વઢવાણ થતા ભાવનગર મુકામે) આવ્યા ને પૂજ્ય ગુરુદેવની આત્મસ્પર્શી વાણી સાંભળતા જ એ વૈરાગી આત્માના આનંદ સ્વભાવની અદ્ભૂત મહિમાભરેલી વાત સાંભળતા તેમને એમ થતું કે 'અહો! આવો સ્વભાવ મારે પ્રાપ્ત કરવો જ છે.' અને એ દૃઢનિશ્ચયી આત્માએ, આત્મમંથનની સતત ધૂન જગાવીને અલ્પકાળમાં જ પોતાના મનોરથ પૂરા કર્યા. માત્ર ૧૯ વર્ષની વયમાં અપૂર્વ આત્મદશા પ્રાપ્ત કરી.

卐 卐 卐

## પૂજ્ય બેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરની નકલ

સં. ૧૯૮૯

વાંકાનેર, આનંદનો દિવસ

ફાગણ વદ દસમને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળથી નહીં સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદ સાગર ઉછળી રહ્યા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્ભૂત છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્યબેન શાન્તાબહેન

તેમનો જન્મ સં. ૧૯૬૬ (ઈ.સ. 1910)ના ફાગણ સુદ અગીયારસે ઢસાઢોલરવા ગામે થયો. પિતાજી મણીલાલભાઈ ને માતાજી દિવાળીબા. સં. ૧૯૮૧(ઈ.સ. 1925) થી તેઓ પૂજ્ય ગુરુદેવના પરિચયમાં (ગઢડા મુકામે) આવ્યા. આત્માની પ્રાપ્તિ માટે એ વૈરાગી આત્મા રાતદિન ઝંખતો હતો.

સં. ૧૯૮૯(ઈ.સ. 1933) માં પરમ પૂજ્ય ગુરુદેવના ચાતુર્માસ વખતે રાજકોટમાં જ્યારે બેનશ્રી ચંપાબેન આવ્યા ને અમુક વાતચીત થઈ ત્યારે આધ્યાત્મિક ઝવેરી ગુરુદેવે એ ચૈતન્યરત્નના તેજ પારખી લીધા ને શાન્તાબેનને ભલામણ કરી કે તમારે આ બેનનો પરિચય કરવા જેવો છે.

બસ, એક તો સંસ્કારી આત્માની તૈયારી ને વળી ગુરુદેવની આજ્ઞા! પછી શું કહેવાનું હોય!! શાન્તાબેનને મહાન આત્મઅર્પણતાપૂર્વક પૂ. ચંપાબેનનો પરિચય કર્યો. પૂ. ચંપાબેને હૃદયના ઊંડા ઊંડા ભાવો ખોલ્યા ને આત્મિક ઉલ્લાસ આપી આપીને છેવટે તેમને 'આપ સમાન બનાવ્યા' એ રીતે આત્મપ્રાપ્તિ માટે ઝૂરતા એ આત્માએ પણ આત્મપ્રાપ્તિ કરી લીધી.

બસ! બંને સાધક સખીઓનું મિલન થયું. પૂજ્ય ગુરુદેવની છાયામાં બંને બહેનો એકબીજાના જીવનમાં એવા ગૂંથાઈ ગયા જાણે કે શ્રદ્ધા અને શાંતિનું મિલન થયું! જાણે કે વૈરાગ્ય અને ભક્તિનું મિલન થયું. જાણે કે આનંદ અને જ્ઞાનનું મિલન થયું!

એ ૮૯ ની સાલથી આજસુધી બંને બેનો ભેગા જ છે. એમની એકરસતા દેખીને જ્યારે કોઈ પૂછે કે 'આપ બંને સગી બહેનો છો?' ત્યારે ગંભીરતાથી મોઢું મલકાવીને તેઓ કહે છે કે ''ના....સગી બહેનો કરતાંય વિશેષ છીએ'' અને ખરેખર એમ જ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



છે. એમના દેહ ભલે બે દેખાય છે, પણ બે દેહ વચ્ચે આત્મા તો જાણે કે એક જ હોય! એવી એમના હૃદયની એકતા છે.

પરમ પૂજ્ય ગુરુદેવને આ બંને બેનો પ્રત્યે પુત્રીવત્ અપાર વાત્સલ્ય છે અને આ બંને બહેનોના રોમેરોમમાં પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અપાર ઉપકારની જે ભક્તિ ભરેલી તેનું વર્ણન કરવાની કાંઈ ચેષ્ટા કરવી તે માત્ર 'દેડકાના ઠેકડા' જેવી જ ગણાશે. ટૂંકામાં એટલું જ કહેવું બસ થશે કે—પૂજ્ય ગુરુદેવના આત્મસ્પર્શી અધ્યાત્મોપદેશને યથાર્થપણે આત્મામાં ઝીલીને, પવિત્ર જ્ઞાનથી અને વૈરાગ્યથી, વિનયથી અને અર્પણતાથી, ભક્તિથી અને પ્રભાવનાથી, સર્વ પ્રકારે તેઓએ પૂજ્ય ગુરુદેવની અને જિનશાસનની શોભા વધારી છે.

પૂજ્ય ગુરુદેવ કહે છે કે આ કાળે આવા બેનો પાક્યા છે તે મંડળની બેનુના મહાભાગ્ય છે. જેનાં ભાગ્ય હશે તે તેમનો લાભ લેશે. એમનું જ્ઞાન, એમનો વૈરાગ્ય, એમની અર્પણતા, એમના સંસ્કારો—એ બધું લોકોને સમજવું કઠણ પડે તેમ છે.

સંવત ૧૯૯૧ (ઈ.સ. 1935)માં પૂજ્ય ગુરુદેવે પ્રગટરૂપે જ્યારે સંપ્રદાયનું પરિવર્તન કર્યું અને સૌરાષ્ટ્રભરમાં ચારે કોરથી વિરોધના ઢોલકાં વાગવા માંડ્યાં, ત્યારે આ બંને બહેનોએ **'એ તો બધા આઠ દિવસ બોલીને બેસી જશે—બધુંય આઠ દિવસમાં ઠરી જશે.'** એમ કહીને જે હિંમત બતાવી છે અને જરૂર પડે તો પોતાના અંગત દાગીના પણ વાપરી નાખવા તૈયાર થઈને જે અર્પણતા બતાવી છે—તેની કથની આજેય ભક્તોના હૈયાંને રોમાંચથી હચમચાવી મૂકે છે!

ત્યારપછી સં. ૧૯૯૩(ઈ.સ. 1937) થી માંડીને આજસુધી તો ઘણાય અદ્ભૂત પ્રસંગો બન્યા છે. પરંતુ તે પ્રસંગોનું વર્ણન અવર્ણનીય છે.

હવે તો, પરમ પૂજ્ય ગુરુદેવના મહાન પ્રભાવથી હજારો જીવો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ભક્તિપૂર્વક ગુરુદેવના પાવન ઉપદેશને અનુસરી રહ્યા છે. ગામેગામ જિનમંદિરો ને મંડળો સ્થપાઈ ચૂક્યા છે. ધાર્મિક પ્રવૃત્તિઓ પણ દિને દિને વૃદ્ધિગત થતી જાય છે. ગામેગામના મુમુક્ષુમંડળો પોતાનું સંચાલન પૂ. બેનશ્રીબેનની (બંને બેનોની) સલાહ–સૂચનાનુસાર કરી રહ્યા છે, તેઓશ્રીની આજ્ઞા બધા ભક્તજનો પ્રમોદપૂર્વક શિરોધાર્ય કરે છે.

પ્રતિષ્ઠા મહોત્સવ વગેરે વિશેષ પ્રભાવનાના કાર્યો તેઓ કેવી કુશળતાથી ને ભક્તિથી શોભાવે છે, તે તો તે પ્રસંગો નજરે જોનારને જ ખ્યાલ આવે.

છેલ્લા કેટલાક વરસોથી સોનગઢમાં શ્રાવિકા–બ્રહ્મચર્યાશ્રમ બંધાયેલ છે; તેમાં પૂજ્ય બંને બહેનો રહે છે. તેઓ જ આશ્રમના અધ્યક્ષ છે અને પૂજ્ય ગુરુદેવના ઉપદેશથી પ્રભાવિત થયેલા અનેક મુમુક્ષુ બહેનો, પોતાના ગામ અને કુટુંબ છોડીને આત્મહિતની ભાવનાથી પૂજ્ય બેનશ્રીબેનની (બંને બેનો) શીતળ હૂંફમાં પોતાનું જીવન વીતાવે છે ને પૂજ્ય બંને બેનો, જ્ઞાન–વૈરાગ્યના સીંચન દ્વારા તેઓના જીવનનું ઘડતર કરે છે. એ ઘડતરના પ્રતાપે ૨૦ કુમારિકા બેનોએ તો બાલબ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લીધી છે. ત્યાર પછી ૧૪ બેનોએ, પછી આઠ બેનો, ત્યારપછી ૯ બેનોએ અને ૧૩ બેનોએ બ્રહ્મચર્યવ્રત લીધેલ હતું. ૬૪ બાલ બ્રહ્મચારી બેનોએ પ્રતિજ્ઞા લીધી હતી.

**જયવંત વર્તો.......આ કાળના શ્રાવિકા–શિરોમણી**
**બંને ધર્મમાતાઓ........**

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય શ્રી કૃપાળુ ગુરુદેવના મુખે નીકળેલ અમૃતમય વચનો

આ બંને બેનોની જ્ઞાનની તાકાતની તો શું વાત? ઓહો! એની જ્ઞાનની તાકાત!! એ જ્ઞાન જ્યારે ફાટશે.......ત્યારે ફડાક કરતું ખીલી જશે. (ક્ષણવારમાં તો કેવળજ્ઞાન લેશે.) દર્શન વિશુદ્ધિ તો ખરી; એ દર્શન વિશુદ્ધિ ઉપરાંત જ્ઞાનની તાકાત પણ ઘણી; જ્ઞાનની નિર્મળતા ઘણી!

વ્યાખ્યાનમાં નવો ન્યાય આવે ત્યારે સાંભળતા સાંભળતા એમની આંખોની ચેષ્ટા ઉપરથી તેઓનો ઉત્સાહ અને વિનય દેખાઈ આવે. એમની આંખોની ચેષ્ટા પણ જુદી જાતની. જાણે થીજી ગયા.

અહો! શાન્તાબેન!! એમના આત્માની કેવી પાત્રતા!! અને સાથે એમના પુણ્ય પણ કેવા કે એમને આવા ચંપાબેનનો યોગ મળી ગયો.

ચંપાબેન સાથે શાન્તાબેન સિવાય બીજું કોઈ ભક્તિમાં ભળી ન શકે. એ બંને બેનો તો એક જ કહેવાય. એમના શરીર બે છે પણ જીવ એક છે.

એક શરીરમાં તો અનેક જીવો હોય, પરંતુ આ તો બે શરીરમાં એક જીવ છે!! એમનો એવો અંતરનો મેળ છે.

卐 卐 卐

આત્માનો નિર્વિકલ્પ અનુભવ થતાં ચૈતન્યનો અચિંત્ય આનંદ અનુભવાય છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય ગુરુદેવે બંને બેનોના સમ્યગ્દર્શન માટે કરેલી કસોટી

## પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેનને પૂછેલા પાંચ સોનેરી પ્રશ્નો.

પૂજ્ય બેનશ્રી તેમજ પૂજ્ય બેન–બંનેને સમ્યગ્દર્શનનું પરિણમન થઈ ગયું. અપૂર્વ આત્મિક નિઃશંકતા જાગી, આનંદનું સ્વસંવેદન થયું અને શ્રી ગુરુકૃપાનું આ ફળ હોવાથી પરમ ભક્તિપૂર્વક પૂજ્ય ગુરુદેવ પાસે તે વાત રજુ કરી.

સંવત ૧૯૯૧ (ઈ.સ. 1935) સોનગઢ–પૂજ્ય બેનશ્રી પૂજ્ય બેનની પાત્રતા માટે પૂજ્ય ગુરુદેવને પૂરો વિશ્વાસ એટલે તેમના સમ્યગ્દર્શનની વાત જોકે પૂજ્ય ગુરુદેવને બેઠી તો ખરી–તે વાત!! ‘‘અસ્તિત્વમાં’’ તો લીધી; –પણ આ પહેલાં અમુક જીવોને ખોટી ભ્રમણાથી સમ્યક્ત્વની કલ્પના થઈ ગયેલી, તે કારણે પૂજ્ય ગુરુદેવે ખાસ બંને બેનોની પરીક્ષા પણ કરી.

લગભગ એક વરસ સુધી ઘણા ઘણા પ્રકારથી છણાવટ કરીને પૂજ્ય ગુરુદેવે પરીક્ષા કરી છે પણ પૂજ્ય બેનોને તો આત્માની નિઃશંકતા જ હતી. આત્મા પોતે જ સમ્યગ્દર્શનનો સાક્ષી હતો એટલે તેમને સંદેહ, ભય કે મૂંઝવણ થતી ન હતી. છેવટે એમ કહ્યું કે ‘‘હમણાં નહિ તો કાળક્રમે એની મેળે આ વાત બેસશે.’’ પૂજ્ય ગુરુદેવે કહ્યું કે : ‘‘આ વાત બહાર (મારી પાસે) આવી એટલે હવે બધોય ખુલાસો કરવો પડશે’’ આમ ખૂબ જ લંબાણપૂર્વક કસોટીકાળ ચાલ્યો.

છેવટે પૂજ્ય ગુરુદેવે છેલ્લી કસોટીરૂપે પાંચ પ્રશ્નો લખી મોકલ્યા અને તે પ્રશ્નોના આ જવાબ બંનેને જુદા જુદા બેસીને લખવા કહ્યું, વળી તે જવાબમાં શાસ્ત્રોની શૈલીથી નહિ પણ આત્માને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org




સ્પર્શીને તે જવાબ દેવાના હતા.

બંને બેનોએ ગુરુ આજ્ઞા માથે ચડાવીને, અંતરમાં ડૂબીકી મારીને આત્માના ભાવો ખોલી ખોલીને એવા ચૈતન્ય સ્પર્શી જવાબો લખ્યા કે...........કે તે વાંચીને પૂજ્ય ગુરુદેવને પણ આશ્ચર્ય થયું અને બંને બેનો કસોટીમાંથી પાર ઊતર્યા.......પાસ થયા!! ગુરુદેવે ધન્યવાદપૂર્વક તેમની શ્રદ્ધાનો સ્વીકાર કર્યો.

આ કસોટીની પૂર્ણાહૂતિ થતાં પૂજ્ય બંને બેનોને પણ ઘણો હર્ષ થયો, અને તે મંગલમય પ્રસંગની કાયમની યાદગીરી માટે પૂજ્ય ગુરુદેવે પોતાના હસ્તાક્ષરે જે પાંચ પ્રશ્નો લખેલાં તે ચાંદીની ફ્રેમમાં કોતરાવ્યાં.

બ્ર. હરિભાઈ




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## પૂજ્ય ગુરુદેવશ્રીએ બંને બેનોને પૂછેલા પાંચ પ્રશ્નો તેઓશ્રીના હસ્તાક્ષરો (ઈ.સ. 1935), સોનગઢમાં

ૐ

સહજ ચિદાનંદ

૧. અગુરૂ લઘુની વ્યાખ્યા શી રીતે કરી શકો છો?

૨. જ્ઞાન સવિકલ્પ છે તો અનુભવ વખતે સવીકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે.

3. સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષાથી કેવી રીતે થઈ શકાય છે,

૪. બીજા વેદાંતાદિ કરતાં જૈનનું જુદાપણું મુખ્ય મુદ્દા સહીત શું માન્યતામાં છે,

૫. આત્મ આનંદ અને નિર્વીકલ્પતામાં ભેદ અથવા કાળનું આંતરૂ શું છે,

તે પ્રશ્ન પાંચે તરત જવાબ આપવા ને લખવા

સર્વજ્ઞપણું પણ તમારી ભાષાથી કઈ રીતે કરો છો,

બન્ને એ જુદું જુદું લખવું.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## પૂજ્ય ગુરુદેવશ્રીએ બંને બેનોને પૂછેલા પાંચ પ્રશ્નો

સહજ ૐ ચિદાનંદ

૧ અગુરુ લઘુની વ્યાખ્યા શી રીતે કરી શકો છો?

૨ જ્ઞાન સવિકલ્પ છે તો અનુભવ વખતે સવિકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે?

૩ સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષાથી કેવી રીતે થઈ શકાય છે?

૪ બીજા વેદાંતાદિ કરતાં જિનનું જુદાપણું મુખ્ય મુદા સહિત શું માન્યતામાં છે?

૫ આત્મ આનંદ અને નિર્વિકલ્પતામાં ભેદ અથવા કાળનું આંતરું શું છે?

બન્નેએ જુદુ જુદુ લખવું.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## પૂજ્ય બેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલા ઉત્તરો

**(પ્રશ્નો વાંચીને તરત જ ગુરુદેવની આજ્ઞા પ્રમાણે સૌથી પ્રથમ આ પ્રશ્નનો જવાબ લખાયો છે.)**

**(પૂજ્ય ગુરુદેવે :—આત્મ આનંદ અને નિર્વિકલ્પતામાં ભેદ અથવા કાળનું આંતરું' વિષે પૂછેલ)**

**ઉ. (૧) પાંચમા પ્રશ્નનો બહેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

નિર્વિકલ્પતા નિર્વિકલ્પ સ્વભાવે વેદાય છે ને આત્મ–આનંદ આનંદ સ્વભાવે વેદાય છે; માટે બંનેમાં ભેદ છે. આત્મા એકરૂપ અભેદ છે. જે ક્ષણે નિર્વિકલ્પતા પ્રગટે છે તે જ ક્ષણે આત્મ–આનંદ પ્રગટે છે. માટે બંનેમાં કાળનું અંતર નથી; બંને એકરૂપ અભેદ છે માટે.

**(પૂજ્ય ગુરુદેવે :—'અગુરુલઘુ' વિષે પૂછેલ)**

**ઉ. (૨) પહેલા પ્રશ્નનો બહેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

શુદ્ધ પરિણામે પરિણમેલા દ્રવ્યના અગુરુલઘુસ્વભાવ વિષે એમ સમજાય છે કે પોતાના સ્વભાવથી બહાર નહિ જતા–સ્વરૂપમાં રહીને–દ્રવ્યના અનંત સ્વભાવોમાં, કોઈ સ્વભાવમાં બીજા સ્વભાવ કરતાં (તારતમ્યતારૂપે) તથા એક સ્વભાવના એક અંશમાં સહજ સ્વભાવે તારતમ્યતારૂપે સહજ પરિણમવાને કારણે કોઈ ગુણની વિશેષતા, કોઈની હીનતા તથા ગુણના કોઈ અંશની હીનતા, કોઈની વિશેષતાપણે દ્રવ્ય પરિણમતું હોવાથી પરિણમન વધી જવાને કારણે ગુણ વધી ગયો દેખાય છે, અંશી વધી ગયા દેખાય છે; પરિણમન ઘટી જવાને કારણે અંશો ઘટી ગયા દેખાય છે. **પરિણમનસ્વભાવ કોઈ અદ્‌ભૂત છે. ગુણ-પર્યાય સર્વ અભેદ છે. હિનાધિકતાએ**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**પરિણમવું એ દ્રવ્યનો સહજ સ્વભાવ છે. વિભાવ પરિણામી દ્રવ્યના પરિણમનની હીનાધિકતા પર–નિમિત્તને કારણે થાય છે, ઉપાદાનપણે પોતે સ્વતંત્ર પરિણમે છે.**

અગુરુલઘુસ્વભાવ ન્યાય રીતે પૂરો આવતો નથી. સ્પષ્ટપણે આવતો નથી, છતાં જે પ્રકારે યથાશક્તિ આવ્યો છે તે પ્રકારે લખ્યું છે.

(પૂજ્ય ગુરુદેવ :—'અનુભવ વખતે જ્ઞાનની સવિકલ્પતા' વિષે પૂછેલ)

**ઉ. (૩) બીજા પ્રશ્નનો બેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

નિર્વિકલ્પતા વખતે ચૈતન્યદ્રવ્યના ભિન્ન ભિન્ન સ્વભાવોના અદ્‌ભૂત–કેલી સ્વરૂપે–તરંગો ઉછળી રહ્યા છે; તેનું વેદન, તેનું જાણવું, તે જ્ઞાનની સવિકલ્પતા છે.

અનુભવ વખતે દ્રવ્યનું જુદા જુદા સ્વભાવે ક્રિયાત્મકપણું તથા જુદા જુદા પ્રકારે ક્રિયાત્મકપણું, તે પરિણમનનું જ્ઞાનમાં સહજ નિર્વિકલ્પપણે વેદન તે જ્ઞાનની સવિકલ્પતા સમજાય છે. એકરૂપ–એકાકાર વેદન છતાં પણ અનેકતાનું વેદન તે જ્ઞાનની સવિકલ્પતા છે; તે અનેકતાનું વેદન જ્ઞાન દ્વારા જણાય છે તે જ્ઞાનનું સવિકલ્પપણું છે. ભેદરૂપ વિશેષ પર્યાયને જાણનાર જ્ઞાન છે. નિશ્ચયથી દ્રવ્યપિંડ અભેદ સ્વરૂપે પરિણમે છે, છતાં પણ ભેદ–અવસ્થાએ વ્યવહારથી પરિણમે છે.

**(પૂજ્ય ગુરુદેવ :—'સર્વજ્ઞની વ્યાખ્યા' વિષે પૂછેલ)**

**ઉ. (૪) ત્રીજા પ્રશ્નનો બેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

સ્વપર પ્રકાશક સ્વભાવવાળું જ્ઞાન, પોતાની સંપૂર્ણ તરંગરૂપ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પર્યાયમાં સહજ પરિણમીને, સ્વ-સ્વભાવમાં કુદરતી તથા કુદરત પ્રમાણે પરિણમે છે, તેનું નામ સર્વજ્ઞતા.

બાહ્યથી પરજ્ઞેયોને જાણવાં છતાં અભ્યંતરમાં પોતાની જ જ્ઞાનતરંગરૂપ પર્યાયમાં પરિણમે છે. કુદરતી જ્ઞાતા પોતે કુદરત પ્રમાણે પરિણમે છે. બાહ્ય કુદરત બીજાં દ્રવ્યો; અભ્યંતર કુદરત પોતે સંપૂર્ણ પર્યાયમાં પ્રગટ પરિણમે છે, જ્યાં કોઈ અંશ અધૂરો નથી, જ્યાં સ્વલક્ષ (સ્વ-ઉપયોગ) પૂર્ણ પરિણમીને જ્ઞાનનું સ્વપર–જ્ઞાયકપણે પૂર્ણ પરિણમવું તેનું નામ સર્વજ્ઞતા.

**(પૂજ્ય ગુરુદેવ :—'વેદાંત કરતાં જિનનું જુદાપણું' વિષે પૂછેલ)**

**ઉ. (૫) ચોથા પ્રશ્નનો બેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

વેદાંત એકલી શુદ્ધતા અને અભેદતાને માન્ય રાખે છે; તેથી અખંડ સ્વભાવોનું ગ્રહણ થતું નથી. વિભાવ–પરિણામીપણું સર્વથા નહિ સ્વીકારતાં સ્વભાવમાં આવવાનો પ્રયત્ન રહેતો નથી.

વેદાંતી એકાંત શુદ્ધતાને માનતા હોવાથી રત્નત્રય પરિણતીને સ્વીકારતાં નથી; અંતરની સાધકદશા તેને પ્રગટ થતી નથી. એકાંત શુદ્ધતા સ્વીકારતાં હોવાથી બીજા પડખાની અશુદ્ધ પરિણતીને સર્વથા સ્વીકારતાં નથી.

卐 卐 卐

## વેદાંત ને જૈનનો મુખ્ય ભેદ

વેદાંતે એકાંતે અભેદતા તથા શુદ્ધતા માન્ય રાખે છે તે યથાર્થ નથી. જૈન કોઈ અપેક્ષાએ, ભેદ તથા અશુદ્ધતાની માન્યતાની અપેક્ષા સહિત, અભેદ દૃષ્ટિ તથા શુદ્ધ–દ્રવ્યદૃષ્ટિને સ્વીકારે છે. તેમાં શુદ્ધ દૃષ્ટિની મુખ્યતા તે યથાર્થ છે; તેથી યથાર્થ સ્વાનુભૂતિ થાય છે,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ચૈતન્યનું અનુપમ સ્વરૂપ પ્રગટ થાય છે.

વેદાંતની માનેલી એકાંત શુદ્ધતા તે યથાર્થ નથી. તેની માનેલી એકાંત અભેદતા તે યથાર્થ નથી. સ્વ અને પર એમ બે દ્રવ્યો હોવા છતાં 'જગતમાં બીજા દ્રવ્યો જ નથી' એમ તેની માન્યતા છે. પર્યાયરૂપ ભેદદષ્ટિને સ્વીકારતાં નથી, અથવા દ્રવ્યનો પરિણમનસ્વભાવ હોવા છતાં તે સ્વીકારતાં નથી.

યથાર્થ જ્ઞાન હોય તો જ ભેદજ્ઞાન અને શુદ્ધ પરિણતી પ્રગટે છે. પર્યાયને (વેદાંત) નહીં સ્વીકારતાં દ્રવ્યના અખંડ સ્વભાવનું ગ્રહણ થતું નથી. દ્રવ્ય અને પર્યાય—બંને પડખાનું ગ્રહણ થતું નથી; તેથી એની માનેલી એકાંત શુદ્ધતા પણ સત્ય ઠરતી નથી.

卐 卐 卐

## પૂજ્યબેન શાન્તાબેન દ્વારા લખાયેલા ઉત્તરો

**(પ્રશ્નો વાંચીને તરત જ ગુરુદેવની આજ્ઞા પ્રમાણે સૌથી પ્રથમ આ પ્રશ્નનો જવાબ લખાયો છે.)**

**(પૂજ્ય ગુરુદેવ 'અગુરુલઘુની વ્યાખ્યા શી રીતે કરી શકો છો?)**

**ઉ. (૧) પહેલા પ્રશ્નનો બેન શાન્તાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

દ્રવ્યની જે હાનિ વૃદ્ધિ સ્વરૂપે પર્યાય પ્રણમે છે, છતાં પણ તે મૂળ સ્વરૂપે હાનિ વૃદ્ધિરૂપે નહિ થતાં, તેમાં જે એકાકારપણું ઊભું છે તે અગુરુલઘુ સ્વભાવ.

બાકી અગુરુલઘુ સ્વભાવની વિશેષ સ્પષ્ટ વ્યાખ્યા થવા તરફ લક્ષ પહોંચતું નથી. અનુભવમાં જ્ઞાન સવિકલ્પ ક્યા પ્રકારે છે, તેની

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જે વ્યાખ્યા આવી છે, તેમાં અગુરુલુ સ્વભાવની વ્યાખ્યા સમાય છે. પણ તેમાંથી અગુરુલઘુ સ્વભાવની વ્યાખ્યા વિશેષ સ્પષ્ટ જુદી પાડવા તરફ લક્ષ પહોંચતું નથી.

પરમ પુરુષ શ્રી સદ્‌ગુરુના જ્ઞાનનું લક્ષ જ્યાં જ્યાં પ્રણમે છે તે સર્વ કાર્યોમાં અથાગ ઉપકાર જ હોય છે. પરમ પુરુષ શ્રી સદ્‌ગુરુદેવને અને તેમના પરમ ઉપકારને વારંવાર નમસ્કાર છે.

**(પૂજ્ય ગુરુદેવ :—'જ્ઞાન સવિકલ્પ છે તો અનભવ વખતે સવિકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે?')**

**ઉ. (૨) બીજા પ્રશ્નનો બેન શાન્તાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

આત્માના નિર્વિકલ્પ અનુભવ વખતે જ્ઞાયક જ્ઞાયક સ્વરૂપે પ્રગટ ઉપયોગપણે સહજ પરિણમે છે. તે વખતે જ્ઞાતા દ્રવ્યમાં પ્રગટપણે કોઈ "અચિંત્ય ને અદ્‌ભૂતતાએ" જુદી જુદી જાતના સ્વભાવ સ્વરૂપ જુદી જુદી અવસ્થાના જુદા જુદા તરંગો અને જુદી જુદી રમત સ્વરૂપે કોઈ "અદ્‌ભુતતાએ" આત્મ દ્રવ્ય પરિણમી રહ્યું છે. તે બધા સ્વભાવો અવસ્થા અને તરંગોને જ્ઞાન જાણે છે, તે જ્ઞાનની સવિકલ્પતા છે. અંતર્મુહૂર્તની અનુભવ સ્થિતિમાં જ્ઞાયક દ્રવ્યમાં ઉપર લખ્યા મુજબ જુદી જુદી જાતના અવસ્થા અને તરંગો ક્ષણે ક્ષણે પ્રણમે છે. તે બધી અવસ્થા અને જાણવા સ્વરૂપે જ્ઞાનમાં જ્ઞાનની જે નવી નવી અવસ્થા સહજ પ્રણમે છે તે જ્ઞાનની સવિકલ્પતા, જ્ઞાનની અવસ્થા અને બીજા બધા ગુણોની અવસ્થા એકી સાથે પ્રણમે છે. અનુભવમાં કર્તાક્રિયા અને કર્મ જે પોતાના છે, તેમાં જ્ઞાનગુણનું પરિણમન થઈને જે જ્ઞાનની નવી અવસ્થારૂપે કાર્ય આવે છે. તે પણ જ્ઞાનની સવિકલ્પતા છે. પોતાની જ્ઞાનની નવી અવસ્થાને બીજા ગુણોની નવી અવસ્થા જાણવારૂપે જે જ્ઞાનનું કાર્ય આવે છે તે જ્ઞાનની સવિકલ્પતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વીતરાગ સ્વરૂપને નમસ્કાર

શ્રી સતપુરુષોને નમસ્કાર

પરમ ઉપકારી જ્ઞાનનિધિ કહાન—ગુરુદેવના ચરણોમાં નમસ્કાર.

**(પૂજ્ય ગુરુદેવ :—'સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષાથી કેવી રીતે થઈ શકાય છે'?)**

**ઉ. (૩) સૌ—પ્રથમ પ્રશ્નનો બેન શાન્તાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

જ્ઞાન ઉપયોગનું પરલક્ષે પરિણમન સર્વથી સર્વથા પ્રકારે છૂટીને જ્ઞાન ઉપયોગનું જ્ઞાન ઉપયોગપણે અખંડ સહજ પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપે પ્રણમી જવું તે સર્વજ્ઞપણું અથવા જાજ્વલ્યમાન જ્યોતિ સ્વરૂપે અખંડ જ્ઞાતા દ્રવ્યને તેના સર્વ ભાવોને પ્રત્યક્ષપણે એકી સાથે પ્રગટપણે જાણવા અનુભવવારૂપ સહજ જ્ઞાનઉપયોગનું પરિણમવું તે સર્વજ્ઞતા.

**(પૂજ્ય ગુરુદેવ :—'બીજા વેદાંતાદિ કરતાં જિનનું જુદાપણું મુખ્ય મુદ્દા સહિત શું માન્યતામાં આવે છે'?)**

**ઉ. (૪) ચોથા પ્રશ્નનો બેન શાન્તાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

જૈન છ દ્રવ્યને માન્ય રાખે છે ને તેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપ ભાવને પણ માન્ય રાખે છે. ત્યારે વેદાંત એક જ દ્રવ્યને માને છે ને એક જ દ્રવ્યને માનતા નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપ ભાવનો નિષેધ થઈ જાય છે. તેનો નિષેધ થતાં નૈમિત્તિકરૂપ જે દ્રવ્યનો સ્વભાવ તેનો નિષેધ થાય છે અને સ્વભાવનો નિષેધ થતાં દ્રવ્ય વસ્તુનો નિષેધ થાય છે. એટલે જૈનના અભિપ્રાયમાં વસ્તુ દ્રવ્યનું અખંડ અસ્તિત્વ રહે છે. ત્યારે વેદાંતના અભિપ્રાય પ્રમાણે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



દ્રવ્યની સ્વાધીનતા વિગેરે બધું ઊડી જાય છે. એટલે વસ્તુ સ્વભાવની કંઈ પણ અવસ્થા કે મર્યાદા રહેતી નથી. તેમ પર દ્રવ્યનું નિમિત્ત પામીને આત્મદ્રવ્યની પર્યાય વિકારપણે પ્રણમે છે. તેને પણ વેદાંત માનતા નથી ને વિકારને અવિકારપણે માને છે એટલે અવિકાર પર્યાયપણે પ્રણમવાનો તેનો પુરુષાર્થ ઉપડી શકતો નથી. એટલે તેના અભિપ્રાય પ્રમાણે તેને સંપૂર્ણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી, અને તે સંપૂર્ણ સુખને અનુભવી પણ શકતા નથી.

અને જૈન પરદ્રવ્યના નિમિત્તે આત્મદ્રવ્યની જેમ ને જેટલાં અંશે વિકાર પર્યાય થાય છે, તે પ્રમાણે તેને માન્ય રાખે છે એટલે અવિકાર પર્યાય પ્રણમવાનો તેનો પુરુષાર્થ ઉપડી શકે છે. એટલે તે સર્વ કાર્ય સિદ્ધિને પણ પહોંચી શકે છે, અને તે સંપૂર્ણ સુખને અનુભવી પણ શકે છે. માટે જૈનનો અભિપ્રાય સત્ય છે અને વેદાંતનો અભિપ્રાય તે સત્ય નથી. આ રીતે વેદાંત અને જૈન જુદા પડે છે. વેદાંત આત્માને સર્વથા શુદ્ધ માને છે અને જૈન પણ દ્રવ્ય દૃષ્ટિએ સર્વથા શુદ્ધ માને છે, એટલે તે અપેક્ષાએ સાધારણ રીતે બેય એક છે તેમ કહી શકાય. પણ વેદાંત શુદ્ધ માને છે તે શુદ્ધનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર શુદ્ધ માને છે. ત્યારે જૈન છે તે શુદ્ધ, યથાર્થ સ્વરૂપ સમજીને શુદ્ધ માને છે, માટે તે રીતે પણ જૈન અને વેદાંત જુદા પડે છે.

**(પૂજ્ય ગુરુદેવ :—'આત્મ આનંદ અને નિર્વિકલ્પતામાં ભેદ અથવા કાળનું આંતરું શું છે'?**

**તે પ્રશ્ન વાંચી તરત જવાબ આવે તે લખવો. સર્વોત્કૃષ્ટપણે તમારી ભાષાથી કઈ રીતે કરો છો. બન્નેએ જુદું જુદું લખવું.)**

**ઉ. (૫) પાંચમાં પ્રશ્નનો બેન શાન્તાબેન દ્વારા લખાયેલ ઉત્તર.**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



(આ પ્રશ્ન વાંચીને તરત લખાયેલો છે. સંવત ૧૯૯૩ (ઈ.સ. 1937) માગશર માસ સોમવારે પાંચથી લખવાની શરૂઆત થઈ તેમાં આ પહેલો લખાયો છે.)

જે વખતે આત્મ ઉપયોગ પર લક્ષથી છૂટી પોતાના જ્ઞાયકમાં એકાકાર નિર્વિકલ્પ ઉપયોગ પ્રણમે છે, તે વખતે જ ખરો આનંદ અનુભવાય છે. ઉપયોગનું નિર્વિકલ્પપણે પ્રણમવું ને આનંદનું અનુભવવું તે બેય એક સાથે જ થાય છે. તેમાં કાળનું અંતર કંઈ જણાતું નથી.

આત્મ ઉપયોગ ત્યારે નિર્વિકલ્પપણે હોય છે ત્યારે જ ખરો આનંદ ને ખરું સુખ વેદાય છે, જે ખરો આનંદ ને ખરું સુખ ત્યારે કે જ્યારે આત્મ ઉપયોગ નિર્વિકલ્પપણે હોય ત્યારે, હવે તેમાં ભેદ તો શું કહેવો પણ તેમાં સ્વભાવ ભેદ અપેક્ષાએ ભેદ લઈએ તો લઈ શકાય.

બાકી તો અભેદ એકાકાર પ્રણમે તેમાં ભેદ તો શું કહેવો.

આ પાંચે પ્રશ્નોના ઉત્તર : શ્રી સદ્ગુરુ પ્રતાપે યથાશક્તિ પ્રમાણે લખ્યા છે.

卐 卐 卐

જો મનુષ્ય જન્મની કિંમત ન કરી તો તે રાખ થઈ જશે. મનુષ્ય જન્મ મોંઘેરો છે—ઊંચો છે. મનુષ્ય જીવનમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ કરી લે એ જ મનુષ્ય જીવનનો સાર છે.

બીજો ભવ હવે ન મળે તેવું બીજ વાવી દે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય બેન સાથે તત્ત્વ ચર્ચા

૧. પ્રશ્ન :—ઉપયોગને અંદર વાળવા સાથે વિકલ્પ પણ આવી જાય છે.

ઉત્તર :—જ્ઞાયક તરફ જ ઉગ્ર પુરુષાર્થ છે, વિકલ્પમાં બહુ ધ્યાન નથી, ત્યારે એ વિકલ્પ ફોતરા જેવા લાગે. વિકલ્પ આવે તો ખરા પરંતુ તે કસ વગરના છે. આ કસવાળો પોતે બેઠો છે ને તે કસવાળો દેખાય એટલે બીજા વિકલ્પ રહે જ નહિ.

૨. પ્રશ્ન :—સમ્યગ્દર્શન પામવા પહેલાં બહુ પુરુષાર્થ કર્યો હતો તો કેવા પ્રકારનો પુરુષાર્થ કર્યો હતો. ?

ઉત્તર :—પુરુષાર્થ તો ઘણો કર્યો, શાન્તિથી નીંદ કરી નથી, નીંદ આવે જ નહીં, નીંદર આવતાં બેઠું થઈ જવાય અને મારો જ્ઞાયક મારો જ્ઞાયક એમ થતું હતું. એ દશા જ્યારે પ્રગટ થઈ ત્યારે એકદમ બધું જુદું ને જુદું થઈ ગયું. એવો આનંદ અને ઉછરંગ આવતા એમ થયું કે ભવનો પાર આવી ગયો—બેડો પાર થઈ ગયો. ગુરુદેવ કેવી રીતે ભેદજ્ઞાનમાં ઊભા છે તે ભેદજ્ઞાન જાણતાં જણાયું. આખું ઉથલ—પાથલ થઈ જાય. જેમ કોઈ રસ્તે જતા હોઈએ ને માર્ગ સૂઝે નહીં તો કેવી મૂંઝવણ થાય, એમાંથી માર્ગ (રસ્તો) દેખાય તો કેટલો આનંદ થાય, તેમ આ મોક્ષમાર્ગની સડક જ મળી ગઈ. હવે આપણા હાથમાં દોરી આવી ગઈ, હવે ચિંતા નથી.

૩. પ્રશ્ન :—પુરુષાર્થ ઉપાડવા શું પ્રયત્ન કરવો ?

ઉત્તર :—લગની લગાડવી—રુચિ વધારવી, ભગવાનના દર્શનનો—પૂજાનો ટાઈમ રાખો છો તેમ ચિંતવન મનનનો ટાઈમ પણ જરૂર રાખવો જોઈએ. અરિહંત ભગવાને પોતાના ચૈતન્યની પૂર્ણતાને પ્રગટ કરી છે તેમ આ આત્માને પણ પોતાના ચૈતન્યદેવની પૂર્ણતા પ્રગટ કરવાની જ ભાવના છે. સાચો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આનંદ અને સાચું સુખ અને શાંતિ પોતાના ચૈતન્યમાં જ છે. બીજે ક્યાંય છે જ નહિ. પોતાના ચૈતન્યમાં જ આનંદ અને સમતા–શાંતિ વેદાય છે, તે દશા અપૂર્વ છે.

૪. પ્રશ્ન :—આપની સમ્યગ્દર્શનની પર્યાય શું કામ કરે છે?

ઉત્તર :—પૂજ્ય ગુરુદેવના પ્રતાપે, મારા આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જે શુદ્ધ ધર્મરૂપ પર્યાય પ્રગટી છે તે નિરંતર ધર્મનું કાર્ય કરે છે. રાગાદિના વિકલ્પ આવે પણ તે ઉપર–ઉપર જ રહે છે; જેમ તેલનું બિન્દુ શુદ્ધ પાણીમાં ઉપર–ઉપર તરે છે તેમ રાગાદિ વિકલ્પ, શુદ્ધધર્મ પ્રગટ્યો છે, તેમાં તે રાગાદિ વિકલ્પ પ્રવેશ કરતાં જ નથી. કુટુંબ પ્રત્યે રાગ છે જેથી વિકલ્પ આવી જાય છે. બાકી ખાતાં–પીતાં–બોલતાં–ચાલતાં તે બધી બહારની પ્રવૃત્તિમાં મારો પ્રગટેલો શુદ્ધ ધર્મ તો નિરંતર પરિણમી રહ્યો છે, અને તે શાંતિ–સમાધિરૂપે જ નિરંતર પરિણમે છે. મારા આત્મામાં જે ધર્મ પ્રગટ્યો છે તે નિરંતર વૃદ્ધિગત છે, અને તે પ્રગટેલી ધર્મરૂપ શુદ્ધપરિણતી, કોઈ રોકી શકે તેમ નથી. જે કોઈ રાગાદિના વિકલ્પ આવે તે પણ રસકસ વગરના અને તુચ્છ હોય છે. બીજાને તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

૫. પ્રશ્ન :—આના માટે કેટલો સમય લાગે?

ઉત્તર :—આના માટે સમયની મર્યાદા નથી. આ મારામાં જ બધું સુખ છે, માટે બહારમાં ઝાંવા નાખે નહી, મારા ઘરમાં જ બધું નિધાન પડ્યું છે. હું જ પૂર્ણ સ્વરૂપ છું. એવો દૃઢ નિશ્ચય છે. આવા શરીરને ધારણ કરવું તે પણ કલંક છે. અશરીરી થઈ જાઉં એવું મારે કરવાનું છે. મારો પુરુષાર્થ ચાલુ ને ચાલુ છે. આખું સ્વરૂપ જોઈ લીધું પછી મારે ક્યાંય જોવા જવું પડતું નથી એટલે મેં આખો સંસાર જોઈ લીધો. જ્યારે જાગ્યા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ત્યારથી સવાર, એકવાર જાગ્યા પછી મારે ઊંઘવું નથી, મારે પૂર્ણ જાગી જવું છે. દરેક આત્માનું સ્વરૂપ આવું છે. આત્માની વૃદ્ધિ થશે જ્યાં ચારિત્રની શરૂઆત થાશે, ત્યાં ક્ષણ એકમાં બધું છોડીને ચાલ્યા જશે. ચક્રવર્તી જેવા પણ ક્ષણમાં છોડીને ચાલ્યા જાય છે. વનરાજાના વનમાં અવિહડ ધ્યાનમાં લીન રહીને એવી સ્થિરતા આવે કે આત્માની પૂર્ણતા પામવાના છે.

મને મારા સ્વરૂપની લીનતા થવાનો સુઅવસર ક્યારે આવે કે જે ધન્ય છે મહામુનિરાજ જેમણે આવો સુઅવસર જોયો છે.

૬. પ્રશ્ન :—સવિકલ્પદશા અને નિર્વિકલ્પદશામાં આનંદમાં શું ફેર હોય?

ઉત્તર :—ઘણો જ ફેર છે. નિર્વિકલ્પદશામાં આનંદની ઘણી જ વૃદ્ધિ થાય છે, નિર્વિકલ્પદશામાં ઘણું જ સ્પષ્ટ અને અભેદ દૃષ્ટિથી વૃદ્ધિ થાય છે. જાતમાં કાંઈ ફેર નથી. અભેદ પરિણતી ઘણી જ વૃદ્ધિને પામે છે.

સવિકલ્પદશામાં આનંદ ઓછો પણ નિર્ણય પાક્કો થયો. મોક્ષમાર્ગ જોયો, "પોતાનું સુખ અને શાંતિનું ઘર જોયું." નિર્વિકલ્પદશામાં ઘણો જ આનંદ થયો અને પોતાના સ્વસ્વરૂપ ઘરમાં પ્રવેશી ગયો.

અભેદ એક ચૈતન્યરસનો જ આનંદ આવે છે. સવિકલ્પદશામાં શરૂઆતમાં નિર્વિકલ્પદશા માટે ઘણો જ પુરુષાર્થ કરવો પડે છે, પછી સહજ થઈ જાય છે. હવે તો ગાઢ થઈ ગયું છે. આવા સુંદર સરસ આત્મા પાસે વિકલ્પ આવે છે તે અસુહામણાં લાગે છે.

૭. પ્રશ્ન :—ઊંઘમાં આનંદ રહે ખરો?

ઉત્તર :—સૂઈ જાય ત્યારે જ્ઞાયકની પરિણતિ એમ ને એમ જ રહે છે, એને ઊંઘ આવે નહિં.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મને ઊંઘ બહુ આવી—તે જાણ્યું કોણે? જાણનારાએ જાણ્યું કે મને ઊંઘ બહુ આવી, તે જ્ઞાયકની પરિણતીને ઊંઘ આવે નહિ. પરિણતી નિરંતર ચાલુ રહે. તે પ્રગટ લબ્ધ રહે, ક્ષયોપશમની શક્તિ તો આપણે યાદ કરીએ ત્યારે યાદ આવે અને આ તો જ્ઞાયકની પરિણતી નિરંતર ચાલુ જ રહે. બોલતા—ચાલતા—ઊઠતા—બેસતા નિરંતર પ્રગટ જ રહે. સમ્યગ્દર્શન—જ્ઞાનની પરિણતી નિરંતર ચાલુ જ રહે, તે પર સાથે એકમેક થાય નહિ, ઉપયોગમાં ન હોય તો પણ ચાલુ જ રહે, વિકલ્પ શુદ્ધ પરિણતીને કાંઈ નુકશાન કરે નહિ. પરિણતિ એવી અડગ થઈ જવી જોઈએ કે એને ગમે તેવા વિકલ્પ પણ કાંઈ કરી શકે નહિ. તે જ પુરુષાર્થ કરવાનો છે, એને કાંઈ અસર થાય નહીં તેવી પરિણતીને અડગપણે રાખવાનો ખૂબ પ્રયત્ન કરવો જોઈએ.

૮. પ્રશ્ન :—અનુભવ સમયે વિચાર કેવા ચાલતા હતા?

ઉત્તર :—ઉપયોગને પોતાની તરફ વાળતાં વાળતાં જ્ઞાયક તરફ એવો વેગ પકડ્યો કે પાકું—અવગાઢ થઈ ગયું.

પરિણામમાં અતિશય લાભ થાય છે, શુદ્ધ ચિદ્રૂપનું ધ્યાન થતાં સર્વોત્તમ આરાધના થાય છે. સર્વોત્તમ આરાધનામાં સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન—સમ્યક્ચારિત્રની ઉત્તમ આરાધના થાય છે. આરાધનામાં આટલું જરૂર લ્યો. પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે ટૂંકુ ને ટચ એટલું બસ. આ ઉત્તમ આરાધના થઈ એટલે મનુષ્યભવની સફળતા થઈ અને ભવોનો નાશ થઈ ગયો. અનુભવ થતાં જુદે જુદા પદાર્થોનું જ્ઞાન થયું તે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની પ્રાપ્તિ થતાં મનુષ્યભવની સફળતા થઈ, એટલે કોઈ પ્રત્યે રાગ—દ્વેષ નહીં અને બધા પ્રત્યે સમતાભાવ છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આવા ગુણોવાળો આવી પર્યાયવાળી ચેતના મારા હૃદયમાં સદા બિરાજમાન હો. આવો અચિંત્ય પદાર્થ ચેતના મારા જ્ઞાનમાં સદાયને માટે બિરાજમાન હો, મારા જ્ઞાનમાં આ ચેતના સદાયને માટે મૌજુદ રહો. મારા જ્ઞાનની દૃષ્ટિમાં આ ચેતના સદા મૌજુદ રહો કે તે ચેતનાને સદા નીરખ્યા કરું–નીહાળ્યા કરું એવી રીતે આ જ્ઞાન–ચેતના મારે માટે સદા બિરાજમાન રહો. જેની ઉપર જેને પ્રીતિ હોય તે સદા નીહાળ્યા જ કરે. એમ જ્ઞાની તો કહે છે કે મને તો મારી ચેતના પ્રત્યે પ્રીતિ છે, માટે મારી ચેતનાને સદાને માટે નિહાળ્યા કરું–જોયા કરું–દેખ્યા કરું એવી ચેતના મારા જ્ઞાનમાં સદાને માટે બિરાજમાન હો, મારા જ્ઞાનમાં સદાને માટે મોજુદ હો, મારા જ્ઞાનમાં સદાને માટે ચૈતન્ય ઝળહળ જ્યોતિરૂપે પ્રકાશમાન હો, એમ આ ગ્રંથ કર્તા ભાવના ભાવે છે. *(તત્ત્વજ્ઞાનતરંગિણી)*

મારા જ્ઞાનમાં મોજુદરૂપે સાક્ષાત્ રહે. જેમ હાથમાં આમળો દેખાય તેમ મારા જ્ઞાનમાં પ્રત્યક્ષ દેખાય, નિહાળતાં નિહાળતાં પૂરું નિહાળાય જાય, જ્ઞાનજ્યોતિ જમાવટ થઈ જાય અને પૂર્ણતાને પામે. ગ્રંથકાર એવી ભાવના ભાવે છે કે મારું જ્ઞાન પૂર્ણ થઈ જાય, એ કેવળજ્ઞાન પામવાની હદ છે. માત્ર ચૈતન્ય જ્યોતિ જ રહી જાય બાકી બધા કર્મોનો સંબંધ છે તે છૂટી જાય.

૯. પ્રશ્ન :—અનુભવ સમયે આત્મા પ્રત્યક્ષ દેખાય છે કે પરોક્ષ દેખાય છે?

ઉત્તર :—તે સમયે ''પ્રત્યક્ષ–પ્રત્યક્ષ–પ્રત્યક્ષ એકદમ પ્રત્યક્ષ દેખાય છે.'' વેદનમાં આવે છે કે પોતે જ આ હું છું અહા.....હા! થાય, તે તો વિકલ્પ પછી થાય છે પણ પહેલાં નથી આવતો–તે સમયે ચૈતન્યનું અદ્‌ભૂત સ્વરૂપ દેખાય છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૧૦. પ્રશ્ન :—ગુરુદેવે કીધો કે ભગવાને કીધો માટે આત્મા આવો છે?

ઉત્તર :—ના, બિલકુલ નહિ, આ રહ્યો હું. આ સાક્ષાત્ હું જ છું, ભગવાને કહ્યું કે ગુરુદેવે કીધું એટલે નહિ. આ રહ્યો હું પોતે, સાક્ષાત્ કેવળજ્ઞાનની અપેક્ષાએ, કેવળજ્ઞાની તો એકદમ પ્રદેશ પ્રત્યક્ષ દેખે છે, તેમ જ્ઞાની પ્રત્યક્ષ દેખતા નથી પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ વેદનમાં તે પ્રત્યક્ષ જ છે, એવો જ્ઞાનીને અનુભવ થાય છે.

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ મોહ અમાપ.

શ્રીમદ્‌જીએ કહ્યું છે કે પોતે પોતાની શંકા કરે તે પોતે જ જાણનાર–દેખનાર પોતે પ્રગટ જ છે.

૧૧. પ્રશ્ન :—કહે છે કે આચાર્યો પાસે શિષ્ય વારંવાર એ જ માગે, કુંદકુંદાચાર્યદેવ પણ આપતા હતા અને આપ પણ ભવિષ્યમાં બનશો ત્યારે આપજો?

ઉત્તર :—આપણે તો આચાર્યના દાસાનુદાસ છીએ–ભગવાનના ગુરુદેવના પણ દાસાનુદાસ છીએ. ભગવાને અને આચાર્યોએ બતાવ્યો એવો આત્મા આપણે જોયો છે એટલે આનંદ છે.

જેમ તમે દૂધમાંથી મલાઈ કાઢો તેમાં માવો–માખણ હોય છે–એમ દઢતા તો ખરી, પણ દઢતર એવું તરવાળું જ્ઞાન. એવી દઢતર શ્રદ્ધા કરવાની–તરની (મલાઈ) કેટલી કિંમત હોય છે કે બેનો તેમાંથી માખણ કાઢી ઘી બનાવે છે. એવી રીતે દઢતામાં પણ તર એટલે સમ્યગ્દર્શન વધારે દઢતાવાળું છે.

ચોથા કાળમાં અંતર્મૂહૂર્તમાં થઈ જતું હતું. આ કાળમાં જીવોની પાત્રતા ઓછી છે એટલે વધારે પુરુષાર્થ કરવો પડે,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પરંતુ તેમાં એક દિવસ કોઈને બે દિવસ ત્રણ દિવસ એક, બે, ત્રણ મહિના છ મહિના થાય, ત્યાર પહેલા તો પામી જ જાય. અમૃતચંદ્રાચાર્યદેવે માપીને જ ટાઈમ આપ્યો છે, વધારેમાં વધારે છ મહિના. ખાસ તો પ્રયત્ન ઉપાડવો જોઈએ. સવિકલ્પદશા હાથમાં આવવી જોઈએ, તો જ સમ્યગ્દર્શન થાય. કોઈએ ના કહેવાનો હક્ક જ નથી. દરેક આત્મા સ્વતંત્ર છે અને આત્માની શક્તિ છે. માટે કરી શકે અને થઈ શકે. લગની છે કે મારે મારા સ્વરૂપની બરાબર વિશેષ વૃદ્ધિ કરવી છે. વિશેષ વૃદ્ધિની જ લગની છે, ખાતા હોય કોળિયા ગળે ઊતરતા હોય પરંતુ તેના ઉપર ધ્યાન જ નથી કે શું ખવાય છે, પેટ ભરાણું ન ભરાણું ઊઠી જાય એવી લગની લાગી જાય.

અઢી મહિના સુધી શું ખાધું ને શું ન ખાધું એ કાંઈ ખબર જ પડી નથી. પુરુષાર્થ કરે છે ત્યારે મૂંઝાતો–મૂંઝાતો કરે છે કારણ કે ક્યાં જવું છે તે તો ખબર નથી. પરંતુ લગની છે એટલે લગની લગાડે છે. સમ્યગ્દષ્ટિને તો માર્ગ મળી ગયો છે, એટલે એને પુરુષાર્થ કરવો સહેલો થઈ ગયો છે. પરંતુ જોરદાર કરે છે, જેમ મોર છે તે પૃથ્વી પરથી ઉડે છે તો જોરથી ઉડી જાય છે અને મગના ઢગલા પરથી ઉડાડો તો તે ઉડી શકતો નથી. તેમ સમ્યગ્દષ્ટિ જોરદાર પુરુષાર્થ કરી શકે છે. એના ચૈતન્યમાં જોર આવી ગયું, મૂંઝવણ તો રહી નથી, દેખતો થઈ ગયો એટલે મૂંઝવણ ટળી ગઈ, હવે પુરુષાર્થ કરવાનો એ તો પછી પુરુષાર્થ કરે જ, એવો તે કોણ મુર્ખ હોય કે પુરુષાર્થ ન કરે. જેના માટે રાત–દિવસ એક જ ઝંખના હતી, એ પોતાને મળી ગયું પછી એ પુરુષાર્થ ન કરે એવો કોણ મુર્ખ હોય કે ન કરે, કરે.....કરે.....ને કરે જ. ઊંઘમાં પણ ઝબકી ઝબકીને જાગે કે મારો આત્મા મારો આત્મા. નીંદર (ઊંઘ) પણ ન આવે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કદાચ બે–ચાર કલાક સૂવે તો પણ પાછો ઝબકીને જાગે કે કોઈને એમ થાય કે શું આને કાંઈ ભૂત વળગ્યું છે? હા, ભૂત વળગ્યું છે, અંદરનું. આરાધના ઓછી કરી હોય એટલે બહુ પ્રયત્ન કરવો પડે. આગલા ભવમાં આરાધના કરી હોય તો સહેલું પડે, આરાધના ઓછી કરી હોય તો આ ભવમાં ઘણો પુરુષાર્થ કરવો પડે. પુરુષાર્થમાં પોતે મહેનત કરે કે પોતે જ છે એટલે પોતાને પ્રાપ્ત કરવું છે. માટે મહેનત કરવી પડે એ થાય....થાય ને થાય. પોતે જ છે, હાજરાહજુર છે, પછી શું? પોતે હાજર જ છે. આ રહ્યો, એવું પણ એકાંતે નથી કે પૂર્વે આરાધના કરી હોય તો સહેલું પડે એવું નથી. આત્માની લાયકાત એકદમ પ્રગટ થઈ જાય તો એને ટૂંક સમયમાં પણ થઈ જાય. વર્તમાનમાં પૂરી તૈયારી કરવી જોઈએ. એની જે પાત્રતા વર્તમાનમાં હોવી જોઈએ, એ થાય તો થઈ જાય.

મહામુનિવરો પોતે પોતાના આત્માનો અનુભવ કરી પુરુષાર્થ કરી કિંમત ભરી પોતાનું સ્વરૂપ મેળવી જ્ઞાયક આત્માને હથેળીમાં નજરે દેખીને વાત કરી રહ્યા છે. મારું પોતાનું નિધાન નજરે જોઉં છું. નજરે દેખીને વાત કરું છું. પારકી વાત નથી, પરની વાત નથી, કોઈની વાત નથી, મારી પોતાની જ વાત છે. આચાર્યદેવ કહે છે કે નગારા વગાડી–વાજા વગાડીને–આત્માનો અનુભવ કરીને આ અમે ઊભા છીએ.

આ પ્રવચનસાર શાસ્ત્રજીને હીરા–મોતીથી વધાવું, એવા ભાવ આવે છે, મારી પાસે હીરા કે મોતી કાંઈ નથી પણ ભાવ મોતી–ભાવ હીરાથી વધાવું છું, નમસ્કાર કરું છું, આ શાસ્ત્રને ધન્ય છે. હે! આચાર્યદેવ આપની આવી સરસ વાત છે.

હું....હું.....હું કરીને અહં કરે છે તે કોણ છે? એ હું....હું.....હુંમાં બહુ કિંમત છે, હું....હું....હું એ બહુ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કિંમતવાળી વસ્તુ છે. આચાર્યદેવ જે 'હું' કહે છે એ જ બહુ જોરદાર છે. મારા આત્માને સકળ ત્રિકાળી ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જ જાણું છું. મારું દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ છે જ્યારે પૂછો ત્યારે છું.....છું....ને છું. આત્મા અને હું બંને એક જ છીએ. એવો મારો ધ્રુવ......ધ્રુવ....ને ધ્રુવ ધ્રુવત્વ ધરતું દ્રવ્ય તેને હું જાણું છું.

ચૈતન્યને ધૂણાવી નાખે છે એવી આ ગાથા છે કે ચૈતન્ય જાગૃત થઈ જા. માટે પરની સામું જોવું છોડી દે. તું પોતે અનંત ગુણોનો પિંડ ભરપૂર ભગવાન છો, ગુરુદેવ કહેતા હતા કે બધા ભગવાન છે એમ તું પોતે ભગવાન સ્વરૂપે બિરાજી રહ્યો છો. તું તારી સામે જો તો અનંતા ગુણનો નિધાન, અનંત શાંતિનું ધામ અનંત નિરાકુળતા બધું અંદર તને દેખાશે. બધી ઋદ્ધિ તારામાં ભરી છે એવો તું ભગવાન છો. ભગવાને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ પ્રાપ્ત કર્યા અને અશરીરીપદ પ્રાપ્ત કર્યું. જેવું કાર્ય ભગવાને કર્યું છે તેવું કાર્ય તારે પ્રગટ કરવાનું છે કે તારી આ ચેતનાને પ્રગટ કરવું એ કામ કરવાનું છે કે તારી ચેતનાને પ્રગટ કર. એ માટે ભગવાનને યાદ કરવાનું છે.

આચાર્યદેવ કહે છે કે હું આવો અનુભવ કરું છું, એવું ભગવાનની વાણીમાં કહી ગયા છે, એવો અનુભવ તમે પણ કરો, તમે પણ સ્વ–પરના વિવેકને પામો, તમારી શક્તિને ગોપવો નહિ એને જગાવો, તમે તેને પામો, એવા હેતુથી આ શાસ્ત્રની રચના કરી છે. જેમ હું ધ્રુવત્વ ધરતો પદાર્થ છું, તેમ બધા ધ્રુવત્વ ધરતા પદાર્થ છો.

૧૨. પ્રશ્ન :—આવો પુરુષાર્થ ઉપાડવા શું કરવું? એમાં અમારી શું કચાશ દેખાય છે?

ઉત્તર :—પુરુષાર્થ કરતાં કરતાં એવો સમય એક દિવસ આવી જાય. એને શોધખોળ કરતાં રહેવું. એમ કરતાં કરતાં પાત્રતા વધતી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જાય. શોધખોળ છે તે પાત્રતા છે. એમ કરતાં કરતાં હળવો થઈ જાય ત્યારે જ્ઞાયક પકડાય જાય છે.

૧૩. પ્રશ્ન :—શોધખોળમાં કેવો પ્રયત્ન કરવો? અને કોનાથી છૂટો પાડવો?

ઉત્તર :—જ્ઞાયક જ્ઞાનમાં પકડાવવો જોઈએ, રાગાદિરૂપ પરિણામથી જુદો છે એમ પ્રયત્ન કરવો. જિજ્ઞાસા તથા પ્રયત્ન ચાલુ જ રાખવો એમ કરતાં કરતાં એવો શુદ્ધ સમય આવી જશે.

અમે પણ પહેલાં કેટલા વર્ષ થયા એ જ કરતાં હતા. પૂજ્ય ગુરુદેવનો પરિચય થયો, ત્યારથી ગુરુદેવ જે ભેદજ્ઞાન કહે છે એ જ પ્રાપ્ત કરવું છે એવી તીવ્ર ધગશ હતી, એના માટે રાત્રે—સવારે એકાંતમાં બેસી એ જ કરતાં હતા. શરૂમાં પુરૂષાર્થનો ઉપાડ ઓછો હોય પાછળથી બહુ જ વધારે હતો કે બીજે ક્યાંય ગમતું ન હતું. પૂજ્ય ગુરુદેવે બતાવ્યું અને આપણે પકડી લીધું કે આ જ કરવાનું છે. ભેદજ્ઞાનના સૂત્રો જે વ્યાખ્યાનમાં આવે તે હું લખી લઉં પછી તેના પર ચિંતવન કરું.

યહ અર્ઘ સમર્પણ કરકે પ્રભુ! નિજ ગુણકા અર્ઘ બનાઉંગા,
ઔર નિશ્ચિત તેરે સદૃશ પ્રભુ! અર્હંત અવસ્થા પાઉંગા.

આ પૂજાની લાઈન બહુ ગમે છે.

હું એક અખંડ છું. જે આ જુદુ જુદુ દેખાય છે, તે ખંડ ખંડ દેખાય છે, તેની સામે હું એક અખંડ છું. જે ખંડ—ખંડ દેખાય છે તે હું નહિ.

અખંડ જ્ઞાયક આત્મા અખંડપણે જાણનારો, અખંડપણે વેદનારો, અખંડપણે રહેનારો. અનાદિ અનંતકાળ ગયો આત્માના એકપણ પ્રદેશનો ખંડ થયો નથી, પર્યાયમાં અધુરાશ અને ઓછપ હતી, પર્યાયમાં ખંડપણું હતું. બાકી મારા દ્રવ્યમાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કે મારા ગુણમાં ખંડપણું નથી. હું તો અખંડ, અખંડ, અખંડ જ્ઞાયક સ્વરૂપ છું.

બાહુબલી ભગવાનને જોઈએ ત્યારે એમ થાય કે પોતાના અખંડ જ્ઞાયકમાં બેઠા છે. તેનો જ્ઞાયક જણાતા અખંડ જ્ઞાયકમાં બેસી ગયા છે—ઠરી ગયા છે. કોઈની સામું જોયું નથી. બાર મહિના સુધી એક જ પગે એકીટસે ખડા રહ્યા પણ ક્યાંય નજર નાખી નથી. પોતાના અખંડ જ્ઞાયક સ્વભાવમાં લીન રહ્યા—એ બાહુબલીના પ્રતિમાજીના દર્શન કરીયે ત્યારે એટલા બધા ભાવ આવે કે વાહ! આવું સરસ ચૈતન્યનું સ્વરૂપ વેદી રહ્યા છે. અનુભવી રહ્યા છે. વેલડીયું, વીંટાણી, સર્પે દર કર્યા, પક્ષીએ માથામાં માળા બાંધ્યા, પરંતુ કેવા આત્માના આનંદમાં મશગુલ હતા કે તેઓ અખંડ એક આત્મ સ્વરૂપનો અનુભવ કરી રહ્યા છે.

જ્ઞાનીઓને પણ અંદર જાય પછી બહાર આવવું ગમતું નથી. છતાં પુરષાર્થની મંદતાના કારણે બહાર આવી જવાય છે. સિદ્ધ ભગવાનને તો બહાર આવવાનું રહેતું જ નથી. અંદરમાં લીન થયા તે થયા. પૂર્ણ થયા તે થયા, હવે આનંદના મહેલમાં મસ્તી કરે છે, આનંદના મહેલમાં ઝૂલ્યા કરે છે. કોઈ પ્રકારનો વિકલ્પ નહિ, ઉપાધિ નહિ, આકુળતા નહિ—નિરાકુળતા એવા આનંદ સ્વરૂપમાં શાશ્વત આનંદમાં નિરંતર રહે છે. આનંદનો સમુદ્ર ઉછળ્યો છે તેમાં આનંદના મોજાં ઉછળે છે કે બહારમાં આવતા જ નથી. અશરીરી સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો.

શુદ્ધનય પ્રકાશે ત્યારથી જ વ્યવહાર દૃષ્ટિ સાચી ઉઘડે છે. શુદ્ધનયથી તું જો તો તને તારામાં અનંત અનંતતા દેખાશે, ભેદરૂપે ન જોવો તો સર્વત્ર અનંતતા દેખાશે, અનંત—અનંત સામર્થ્યવાળો દેખાશે, એકલો શુદ્ધ ચૈતન્ય—એકલો શુદ્ધ જ્ઞાયક

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જ્યારે નિમિત્ત–નૈમિત્તિકભાવ મટી જાય ત્યારે જીવ–પુદ્ગલ જુદા જણાઈ જાય છે.

સિદ્ધ ભગવાન અસંખ્ય પ્રદેશ અને અનંત ગુણો પ્રત્યક્ષ દેખે છે. નિર્વિકલ્પપણું પોતાનું અને પરનું જ્ઞાન સ્વ–પર પ્રકાશક જ્ઞાન છે. ભેદ–અભેદનું જ્ઞાન તો વર્તે છે, પરંતુ વિકલ્પ નથી સાક્ષાત્ નિર્વિકલ્પ અવસ્થા સિદ્ધ ભગવાનને વર્તે છે.

૧૪. પ્રશ્ન :—અનુભવ કરવા માટે શું કરવું જોઈએ?

ઉત્તર :—અનુભવ કરવા માટે અનુભવ પૂર્વક ઝંખના, ધીરજ પૂર્વક પુરુષાર્થ કરી આગળ વધતો જાય, વધતાં વધતાં પહેલા જ્ઞાનમાં પ્રથમ ભૂમિકાને પકડે, જ્ઞાયક અસ્તિત્વમાંથી ઉપડેલો નિર્ણય; જ્ઞાન તે 'હું' એવો સમ્યક્જ્ઞાનનો નિર્ણય ઉપડે છે, તે એ જ જાતનો નિર્ણય હોય છે. પામ્યા પહેલાં, વારંવાર અંદર જવા માટે પ્રયત્ન કરે; ખૂબ જિજ્ઞાસા અને તાલાવેલી પૂર્વક તેની પાછળ લાગે. લૌકિકમાં કહે છે કોઈની પાછળ પડે તેના મૂળ કાઢે તેમ આ મિથ્યાત્વની પાછળ પડે છે, તે મિથ્યાત્વના મૂળ કાઢી નાખે છે.

૧૫. પ્રશ્ન :—આપ કહો છો કે બહુ જ પુરુષાર્થ કર્યો તો કેવા પ્રકારનો પુરુષાર્થ કર્યો હતો?

ઉત્તર :—પુરુષાર્થ તો એવો કર્યો કે સરખી નિંદર કરી નહીં, ઊંઘ આવે જ નહીં–ઊંઘમાં બેઠું થઈ જવાય અને ઉપયોગમાં મારો જ્ઞાયક–મારો જ્ઞાયક એવી લગની હતી, અને એ દશા જ્યારે પ્રગટી ત્યારે એટલું બધું અંદર આખું જુદું ને જુદું જ થઈ ગયું.

જ્ઞાયક આત્માને જાણતાં સર્વજ્ઞ ભગવાનને ઓળખ્યા, અત્યાર સુધી હું સર્વજ્ઞ ભગવાનને ઓધીક નમસ્કાર કરતી હતી, પરંતુ આજથી જ મેં સર્વજ્ઞ ભગવાનને પ્રત્યક્ષ નમસ્કાર કર્યા. કહાનગુરુ કોણ છે? એનો આત્મા શું કામ કરે છે,

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મુનિરાજનું સ્વરૂપ કેવું હોય એ બધું પોતાના ચૈતન્યદેવના દર્શન કરતાં બધાનુ સ્વરૂપ જણાય છે. અંદરથી આખી દિશા જ પલટી ગઈ. અંધારામાંથી અજવાળું થાય તો કેવું લાગે, પહેલાં તો કાંઈ દેખાય નહીં કે હું કોણ છું. એમાંથી એકદમ આ રહ્યો ''હું આત્મા'' એકદમ અંધારામાંથી અજવાળામાં જાજ્વલ્યમાન જ્યોતિ પ્રકાશી. અહો! એવું છે આ ચૈતન્યદેવનું સ્વરૂપ. ઘણાં પૂછે છે કે સમ્યક્દર્શન થાય એ ખબર કેમ પડે? અરે ભાઈ! આ જાગતી જ્યોત પ્રગટે અને ખબર ન પડે એ કેમ બને; આખી દશા જ પલટી જાય એ પોતાને એકદમ ખ્યાલમાં આવી જાય.

૧૬. પ્રશ્ન :—બીજાના આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવી જાય?

ઉત્તર :—હાં બીજાના આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવી જાય કે એ આત્મા કેમ પરિણમે છે, એ પણ ખ્યાલમાં આવી જાય. ખરી વાત તો એ છે કે પોતાના આત્માને જાણતાં બધાના આત્મા જણાય જાય છે. જેમ કોઈ રસ્તે જતા હોય અને જ્યાં જાવું છે તે રસ્તો દેખાય નહીં, ખૂબ ઘનઘોર જંગલમાં ચડી જાય, માર્ગ સૂઝે નહીં અને ભૂલા પડે તો કેવી મૂંઝવણ થાય કે કોઈ રસ્તો દેખાતો નથી, એમાંથી સાચો રસ્તો દેખાય તો કેવા રાજી (ખુશી) થાય. આ તો અંદરની મૂંઝવણ ટળી ગઈ, એમાં આખો મોક્ષમાર્ગ જ મળી ગયો, આખી દિશા જ મળી ગઈ, હાથમાં દોર આવી ગયો, કે હવે આપણે કોઈ પણ ચિંતા રહી નહીં.

૧૭. પ્રશ્ન :—પુરુષાર્થ ઉપાડવા માટે અમારે શું કરવું?

ઉત્તર :—ચૈતન્યદેવની લગની લગાડવી—એના માટે જેમ તમો શ્રી જિનેન્દ્રદેવના દર્શન-પૂજા-ભક્તિનો ટાઈમ કાઢો છો, સ્વાધ્યાય–વાંચનનો ટાઈમ કાઢો છો, તેવી જ રીતે ચિંતવન-મનનનો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ટાઈમ કાઢવો જોઈએ. ઓછામાં ઓછો અડધો કલાક સવાર સાંજ એકાંતમાં બેસીને આત્માને ગોતવાનો ટાઈમ મનનનો ટાઈમ જરૂર કાઢવાનો કે આ દેહની અંદર હું.....હું.....હું કરનારો કોણ છું? એને ગોતવા માટે આ બધું જાણનાર તો હું છું, એ જાણનાર.....જાણનારને ગોતતા ગોતતા જ્ઞાનમાં પકડાય જાય એ જાતનો પ્રયત્ન કરવો, જેમ સ્વાધ્યાયનો નિયમ રાખો છો, દર્શન–પૂજાનો નિયમ રાખો છો, પરંતુ ચિંતવન–મનનનો સમય પણ નિયમથી રાખવો, મનન તો બહુ જ અગત્યની ચીજ છે. એના માટે સવાર–સાંજ જરૂર ટાઈમ રાખવો. એકાંતમાં મનનથી એકદમ નજીક થઈ જવાય છે, મનનથી પોતાની હુંફ ચડી જાય છે, હોંસ આવે છે. મનનથી ઘણો જ લાભ થાય છે.

૧૮. પ્રશ્ન :—આવો પુરુષાર્થ ઉપાડતા પહેલા એવા વિશિષ્ટ પ્રકારના શાસ્ત્રો ક્યા વાંચવા?

ઉત્તર :—શાસ્ત્ર વાંચ્યા વગર તો આગળ જવાતું જ નથી, એમાં એવું છે કે કુંદકુંદઆચાર્યદેવના બધા શાસ્ત્રો, બધા આચાર્યોના શાસ્ત્રો તો અનુભવથી જ ભરેલા છે. પંચાસ્તિકાયની ૧૭૨ ગાથા વાંચતા વાંચતા એવું આવ્યું કે બધા શાસ્ત્રોનું તાત્પર્ય એક જ છે કે "વીતરાગતા" અને એ વીતરાગતા પ્રગટ હો, એ મને એવું ગમ્યું કે મારે શાસ્ત્ર વાંચતા વાંચતા આગળ ચાલે જ નહીં. એ વારંવાર વાંચ્યું. એવી રીતે જેમાં પોતાને રસ ચડે તે શાસ્ત્ર વાંચવું. સમયસાર–પ્રવચનસાર–નિયમસાર પણ અધ્યાત્મ માટે બહુ જ સરસ છે. આચાર્યદેવે અધ્યાત્મના કળશ ચડાવી દીધા છે. પદ્મપ્રભમલધારીદેવે અધ્યાત્મની જ ધૂન મચાવી દીધી છે, એવા એવા શાસ્ત્ર વાંચવા અને તેનો જ વિચાર કરવો, એમાંથી ધૂન લાગી જાય. આચાર્ય ભગવંતોએ કેટલો સરસ એક વીતરાગનો જ સાર બતાવ્યો છે. બધા શાસ્ત્રનો સાર એક

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વીતરાગભાવ જ પ્રાપ્ત કરવાનો, તેમાં સર્વસ્વ આવી ગયું. વીતરાગતા કેવી? માત્ર એક જ્ઞાયકની વીતરાગતા. રાગદ્વેષ મંદ કરવા તે વીતરાગતા નહીં. ચૈતન્યનો રંગ હોય એટલે સામે એવો રસ ચડી જાય.

૧૯. પ્રશ્ન :—ઉપયોગ કોને કહેવાય?

ઉત્તર :—જે ચૈતન્યને અનુસરીને પ્રણમે તે ઉપયોગ. ઉપયોગનું કામ જ ચૈતન્યને અનુસરીને કરવાનું છે. આચારયદેવે બધી અનુભવીને જ વાત કરી છે.

૨૦. પ્રશ્ન :—આપે ચિંતવન કરવાનું કહ્યું તો શાસ્ત્ર વાંચતા વાંચતા ચિંતવન કરવું કે આખું શાસ્ત્ર પૂરું થાય પછી ચિંતવન કરવું?

ઉત્તર :—બધા શાસ્ત્ર વાંચવા જાયે તો તો કેટલો ટાઈમ લાગે, શાસ્ત્ર વાંચતા જવું અને ચિંતવન સાથે સાથે કરતા જવું, માટે શાસ્ત્ર વાંચવાનો ટાઈમ રાખવો અને સાથે સાથે ચિંતવનનો ટાઈમ રાખવો. શાસ્ત્રજીમાં આવે છે ને કે મારે આજે જ કરવું છે, એમાં વિલંબ કરવો નથી. શાસ્ત્ર વાંચીને પછી કરવું, એવો વાયદો તો કરવો જ નહીં. પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે વાયદા કરે તે વાફળ જાય, એટલે વાયદા કરવા નહીં. મારે તો આજે જ કરવું છે. પછી પોતાના પુરુષાર્થ આધીન છે, પરંતુ ભાવના એવી રાખવી એમાં મારે પ્રમાદ કરવો નથી. થાય છે તો ધીરે ધીરે થાય, આ કાળે દુર્લભ છે. ચોથાકાળમાં તો ભગવાનના સમોસરણમાં દિવ્યધ્વનિ સાંભળતા જ સમ્યક્દર્શન પામી જાય, એવો કાળ હતો, એવા પાત્ર જીવો હતા. અત્યારે સદ્‌ગુરુદેવના શાસનમાં પણ સારો કાળ છે કે બધાને પ્રેમ રુચિ સારી છે, એ ઘણું જ સારું છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૨૧. પ્રશ્ન :—પાત્રતા કેવી હોય?

ઉત્તર :—સૌ પ્રથમ તો દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ, દેવ પ્રત્યે બહુમાન, પંચ પરમેષ્ઠી પ્રત્યે બહુમાન એ પાત્રતા હોવી જોઈએ, બાકી મંદ–કષાય હોવા જોઈએ, તીવ્ર કષાય ન હોય, બીજું ક્રોધ–માન–માયા–લોભ બધામાં મંદતા હોય તથા સરળતા હોવી જોઈએ, સરળતા એ પાત્રતાનો મોટો ગુણ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું. આટલા ગુણો જે આત્મામાં હોય તે તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે, એ પાત્ર થવાના ઉત્તમ ગુણો છે. શ્રીમદ્જીને અંદરની લબ્ધિ હતી, શક્તિ ઘણી જ હતી. બીજાના મનની વાત પણ જાણી લેતા એ લબ્ધિ હતી. આત્માના અનુભવમાં શ્રુતજ્ઞાન પણ જબ્બરજસ્ત હતું, શ્રુતની લબ્ધિ હતી.

પૂજ્ય ગુરુદેવના સમયે કાળ બહુ સારો હતો કે સાંભળવાવાળા ટોળેટોળા હતા. પૂજ્ય ગુરુદેવનું જ્ઞાન પણ ઘણું તીક્ષ્ણ હતું કે એ તીક્ષ્ણધારા જેને વાગે તેને મિથ્યાત્વના ચૂરેચૂરા થઈને સમ્યક જ્યોતિ જાગી જાય.

આત્માની તીવ્રતાની લગની હોય; વૈરાગ્યભાવ હોય, આત્માની સ્થિરતા હોય, કષાય મંદ પડી ગયા હોય, માત્ર વીતરાગતા વીતરાગતા જ ઝલકતી હોય અને એની જ આરાધના હોય. માત્ર એક આત્માર્થીનો જ સમાગમ હોય, એક જ ધ્યાન હોય તે જીવ પાત્ર છે.

હવે બધાને જીવનનો સમય બહુ થોડો જ છે અને શરીરના સંયોગ ઢીલા પડી ગયા છે. માટે હવે સાધ્ય આત્માની સિદ્ધિ કરી લેવા જેવી છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવે ભેદજ્ઞાનનો જે મંત્ર આપ્યો છે, તે બરોબર પકડી લેવો, વ્યાખ્યાનમાંથી બે–ચાર સૂત્રો ભેદજ્ઞાનના એવા આવે તે લખી લેવા, પછી તેના જ વિચાર–મંથન આખો દિવસ કર્યા કરવા.

૨૨. પ્રશ્ન :—પ્રથમ ભૂમિકામાં આત્માના વિચારો કરી આગળ વધતો જાય તો તેના પુરુષાર્થનું કેવું રૂપ હશે? કે જેથી નજીક થઈ જાય અને પામી જાય.

ઉત્તર :—જ્ઞાયક આત્માને જાણવાની જિજ્ઞાસા હોય અને ઉપયોગને વારંવાર જ્ઞાયક આત્મા તરફ લઈ જાય. બીજે ક્યાંય એનું લક્ષ ન જાય. તે પુરુષાર્થ જોરદાર થાય તો પામી જાય. મારે તો મારો જ્ઞાયક સ્વભાવ જ દૃઢ કરવો છે. મારે તો મારો જ્ઞાયકભાવ જ જોઈએ છે. ખાતા, પીતા, હાલતા, ચાલતા, ઉઠતા, બેસતા તીવ્ર પુરુષાર્થ હોવો જોઈએ. માત્ર ભાવના ભાવે તો ન ચાલે. વારંવાર ઉપયોગને જ્ઞાયક તરફ લઈ જવો જોઈએ. તીવ્ર પુરુષાર્થ વારંવાર ચાલે. વાતો કરતાં ખાતા પીતા જોરદાર પુરુષાર્થ જોઈએ. ભાવનામાં તો મંદ પુરુષાર્થ છે, પણ પોતા તરફ જ ઉપયોગ કાર્ય કરે.

૨૩. પ્રશ્ન :—ગુરુએ આજ્ઞા કરી કે આત્મા પામી જા. તો તેના પર વજન છે કે પરીક્ષા પ્રધાની થવું?

ઉત્તર :—પોતે પોતાનો પરીક્ષા પ્રધાની થઈ જાય. પહેલાં આજ્ઞા પ્રધાન હોય, દેવે કેવું સ્વરૂપ બતાવ્યું છે. ગુરુ કેવું સ્વરૂપ સમજાવી રહ્યા છે. તેના અનુસાર ચાલે તે આજ્ઞા પ્રધાની પછી અંદર પોતે પુરુષાર્થ કરે તે પરીક્ષા પ્રધાની થાય.

પરમાત્મા એ આત્મા છે. આત્મા એ જ પરમાત્મા છે. બન્ને એક જ ચીજ છે. નામથી જુદા કહેવાય. પોતાના આત્માનો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



અનુભવ થયો તે જ પરમાત્માના દર્શન થયા. જ્ઞાયક આત્માને જ્ઞાનમાં પકડી શકે તો તેને ખ્યાલ આવે કે માર્ગ હાથમાં આવી ગયો છે. પછી પોતે પુરુષાર્થ કરે. જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનમાં પકડાવું જોઈએ. પછી આ જ હું છે એવો પુરુષાર્થ કરે. અનંતકાળથી નહીં આવેલો આનંદ આવે. વેદન થઈ નિરાળો થઈ જાય.

૨૪. પ્રશ્ન :—શું થાય એ વખતે?

ઉત્તર :—સૌથી પહેલાં જ્ઞાયક આત્માને જ્ઞાનમાં પકડે. તેમાં પછી પુરુષાર્થ કરે એટલે એમાં જે હોય તે બધું દેખાય. બધું નિધાન દેખાય. નિધાનનો વિશ્વાસ કરે. પછી નિધાનનું ફળ જણાય. જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનમાં જણાય.

૨૫. પ્રશ્ન :—અનુભવના કાળે શેના વડે પકડાય?

ઉત્તર :—અનુભવના કાળે સાક્ષાત્ દેખાય. પોતાનું જ્ઞાયકપણું જણાય. અનુભવના કાળે સાક્ષાત્ સિદ્ધ ભગવાન જેવો જ દેખાય છે તે પહેલા ન દેખાય. પ્રતીતિ આવી જાય જ્ઞાનથી જ્ઞાયકને પકડે તો દેખાય.

૨૬. પ્રશ્ન :—અનુભવના કાળે દેહની સ્થિતિ કેવી હોય?

ઉત્તર :—દેહની સ્થિતિ કોને ખબર કેવી હોય? પાંચે ઇન્દ્રિય સ્થિર થઈ જાય. ઉપયોગ પોતાના સ્વરૂપમાં લીન થઈ જાય. શરીરની સ્થિતિ સ્થિર હોય તેમાં કાર્ય ન હોય.

૨૭. પ્રશ્ન :—ધ્યાન અવસ્થામાં જ અનુભવ થાય એવું જ હોય કે પછી કોઈને સુતા સુતા પણ થાય? એવો નિયમ ખરો?

ઉત્તર :—સુતા સુતા પણ થાય, બેઠા બેઠા પણ થાય. પણ પોતે પુરુષાર્થ કરવો જોઈએ. સુતા સુતા પણ જ્ઞાયક તરફ ઉપયોગને લઈ જાય.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૨૮. પ્રશ્ન :—પણ એ તો અનુભવીને માટે છે? પ્રથમ જેણે અનુભવ નથી કર્યો તેનું શું?

ઉત્તર :—તે વખતે સુતા સુતા ન થાય, પણ એમ માની લો કે કોઈ જીવને મરણ વખતે એવા પરિણામ આવી ગયા તો સુતા સુતા પણ થાય. કોઈને મરણ વખતે એવો તીવ્ર પુરુષાર્થ ઉપડી જાય, નિર્વિકલ્પ થઈ જાય. એટલે બેઠા બેઠા જ થાય તેવું એકાંત નથી, અનેકાંત છે પણ મુખ્યપણે બેઠા બેઠા જ જાગૃત અવસ્થામાં જ થાય. પુરુષાર્થ મુખ્ય છે. પછી કેવી એ જીવની પાત્રતા એ પ્રમાણે તે કરશે. કોઈને અલ્પ પુરુષાર્થથી થઈ જાય. કોઈને તીવ્ર પુરુષાર્થથી થાય. એ જીવ વીર્ય ગુણ સામું જોઈને થોડો બેઠો છે. એ તો આખા જ્ઞાયક આત્માને સામે જોઈને પુરુષાર્થ કરવાનો છે. એમાં ભેગા અનંત ગુણો આવી ગયા. આખો જ્ઞાયક જ્ઞાનમાં જણાઈ જાય છે.

૨૯. પ્રશ્ન :—પણ અમને દેખાતો નથી, કેવી રીતે જોઈએ?

ઉત્તર :—બધાને આત્મા દેખાય છે. જ્ઞાયક આત્મામાં ઉપયોગ મુકી દે તો હાજર જ છે. ઉપયોગ બદલવાની મહેનત કરવાની છે. તે જ ખરેખરી મહેનત છે. ઉપયોગ પર તરફ જાય છે તેને પોતા તરફ બદલવો તે ખરેખરી મહેનત છે. જાણનારો જ્ઞાનમાં હાજર થાય છે, ટેવ પડી ગઈ છે તેથી આવતો નથી. આમાં ઉપયોગને પોતા તરફ બદલવો તે ખરેખરી મહેનત છે.

આત્માનું સ્વરૂપ દેવ-શાસ્ત્ર-ગુરુએ જ બતાવ્યું છે. તેના પ્રતાપથી જ મહિમા આવે છે. માટે પહેલા—પહેલા દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા તો આવે જ. જેમ ધર્મચક્ર મુખ્ય ચાલે તેમ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા તો મુખ્ય ચાલે જ. તેમનો આધાર લઈને પૂ. ગુરુદેવ આમ કહેતા હતા. આમ કહેતા હતા એમ કરીને ઉપયોગને અંદરમાં વાળે તેમાં કંઈ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ઘટે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



નહિ, પણ પોતાનો મહિમા વધી જાય. ઉપકાર છે એનો. એણે જે બતાવ્યું છે આપણને. આપણને કહાન ગુરુનો તો કોઈને કુંદકુંદ સ્વામીનો હોય. કોઈને જિનેન્દ્ર ભગવાનનો હોય. જેનો ઉપકાર હોય તે તેને મુખ્ય ચાલતું જ હોય. ધર્મચક્ર જેમ આગળને આગળ ચાલે. આત્માનું સ્વરૂપ શું છે? ગુરુ કેવા જોઈએ? મારા ગુરુ શું કરી રહ્યા છે? પહેલાં તો શરીર દેખાતું હતું.

ગુરુનું ભગવાનનું શરીર દેખાય. પોતાના આત્માનું સ્વરૂપ જાણે એટલે ગુરુ આત્મામાં શું કરે છે તે દેખાય, જણાય. ભગવાન શું કરી રહ્યા છે આત્મામાં એ અમુક અંશે જણાય, પૂરણતાથી ન જણાય પણ અમુક અંશે જણાય. મુનિરાજનું સ્વરૂપ અંશે જણાય, સાચું તે યથાર્થ જણાય.

૩૦. પ્રશ્ન :—એવી કઈ ચક્ષુ છે કે બધું જણાય?

ઉત્તર :—આ ચક્ષુ કામ ન આવે. અંદર ચક્ષુ ખોલવાની છે. એને તત્ત્વની રુચિ છે એટલે દેવ-શાસ્ત્ર-ગુરુ આમ કહે છે. આવું તત્ત્વ બતાવે છે તે સાચું છે. એવી પોતાને મુમુક્ષુતા છે. એવી રીતે મભમ—મભમ ઓળખે તો જ એના વચન પર એ આગળ જઈ શકે. તેમાં ચૈતન્યનું સ્વરૂપ કેવું છે તેનો આત્મા ભેદજ્ઞાનપણે શું કામ કરે છે તે પહેલા ન ઓળખાય પછી ઓળખાય. સમ્યક્દર્શન થાય ત્યારે એટલું બધું ન થાય. પણ પોતાનો જે ચૈતન્ય સ્વરૂપ છે તેનો આનંદ સ્વભાવ છે તેનો અનુભવ થાય. તેમાં કાંઈ લોકાલોકની અપેક્ષા આવતી નથી. લોકાલોકની અપેક્ષા કેવળજ્ઞાનમાં આવે છે. આ તો પોતાના સ્વચેતનને ઓળખે તો બધાના પર ચેતનને ઓળખી લે. આ બધા આત્મા શું કરે છે તે જાણી લે.

૩૧. પ્રશ્ન :—એ અનુભૂતિના પ્રદેશો કેવડા હોય?

ઉત્તર :—આઠ પાંખડીના કમળની રચનાવાળું મન છે. તે જગ્યાએ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મુખ્ય થાય છે. કમળની અંદર ચૈતન્ય ભગવાન એમાં અનુભવ કરે છે.

૩૨. પ્રશ્ન :—મનને ખ્યાલ તો આવે ને?

ઉત્તર :—અનુભવ થઈ ગયા પછી અનુભવ વખતે મન ઊભું છે પણ એને ખ્યાલ નથી. પછી ખ્યાલ આવે કે આમ હતું. આમ હતું. આમ હતું.

જીવને લઈને બધું વ્યવસ્થિત ચાલે છે. જીવ પરિણામ કરે તે પ્રમાણે કર્મ બંધાય, કર્મ બંધાય તે પ્રમાણે ગતિ મળે. સુખ દુઃખ મળે. કર્મનો નાશ થાય તો મોક્ષ થાય. એ બધું વ્યવસ્થિત ચાલે છે. એક જીવ ન હોય તો કંઈ વ્યવસ્થિત જ ન હોય.

૩૩. પ્રશ્ન :—બુદ્ધ કોને કહેવાય?

ઉત્તર :—એક અખંડ ચીજ છે, ધ્રુવ ચીજ છે. એવું જીવનું સ્વરૂપ દેખવા છતાં જીવને ન માને પણ પર્યાયને માને એ બુદ્ધ. શાશ્વત આત્મા છે એમ માનવા તૈયાર થયો તે બુદ્ધિમાન.

તમારામાં છે એવું ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે એવું જ જીવનું સ્વરૂપ છે. એવું આપે જાણ્યું છે. તેવા ભગવાન જેવા વિચક્ષણ કોણ હોઈ શકે?

મહાવીર ભગવાનનો જય હો—સીમંધર ભગવાનનો જય હો—કુંદકુંદ દેવનો જય હો—સદ્‌ગુરુદેવનો જય હો—પરમ દિગંબર જૈન ધર્મનો જય હો—મુક્તિ માર્ગ પ્રકાશક ગુરુદેવનો જય હો......

સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય, સાધર્મી સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય. આત્મા તરફનો પુરુષાર્થ તો મુખ્ય હોય જ. સમ્યક્દર્શન હોય તેને દર્શન વિશુદ્ધતા કહે છે. તેમાં વારંવાર જ્ઞાન ઉપયોગ રહેવાથી તેની સાથે બહુશ્રુત ભક્તિ તેનું નામ વિનય. દર્શન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વિશુદ્ધતામાં જીવ તીર્થંકર નામ કર્મને બાંધે છે, કેટલી જવાબદારી છે? અપરિગ્રહિતતા, પરિપૂર્ણતા, શક્તિ અનુસાર તપનું નામ ચારિત્ર વિનય કહેવાય છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયનો વિનય છે તે પ્રવચન વાત્સલ્ય છે. સમાધિ ધારણ કરીને વૈયાવૃતમાં ઉપયોગ લગાવવો. અરિહંત અને જિનને નમસ્કાર તેમના ગુણાનુવાદ તેને વંદના કહેવાય.

પ્રત્યાખ્યાન—વ્રતની શુદ્ધિ અને પ્રતિગૃહ તેનું નામ પ્રત્યાખ્યાન.

ધ્યાન—વચનની પ્રવૃત્તિ હટાવીને, ધ્યેય વસ્તુની તરફ એકાગ્રતા, ચૈતન્યમાં એકાગ્રતા, તેમાં ઉપયોગને લગાવે છે તે ધ્યાન છે.

અરિહંત ભક્તિ, બહુશ્રુત ભક્તિ, પ્રવચન ભક્તિ, પ્રવચન વાત્સલ્યતા, પ્રવચન પ્રભાવના, અભિક્ષણ જ્ઞાન ઉપયોગ, આ બધા ન હોય તો આવશ્યકમાં નિરતિચારતા નથી.

દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણો પ્રગટે છે તે લબ્ધિ સંવેગ છે. ગુણો પ્રગટે એટલે એને સમાગમ થાય. તેમાં સંપ્રાપ્તિ થાય છે. આત્માની પ્રાપ્તિ થઈ આનંદ પ્રગટ્યો. ચેતના સ્વરૂપ આત્માને ઓળખવો તેનું નામ ધર્મ છે. અનંતકાળમાં વ્રત, નિયમ, સંયમ બધું લીધું પણ દેહની અંદર દેહથી જુદો કોણ છે, ચેતના સ્વરૂપ, સુખસ્વરૂપ, અનંતગુણ સ્વરૂપ, આનંદ સ્વરૂપ આત્માને ઓળખવાથી જ સાચી શાંતિ થાય અને આત્માનું હિત થાય, તેના વિના હિત ન થાય. બહારના ગમે તેટલા શુભભાવ કરો તો પુણ્ય બંધ થાય છે. પણ તેથી ભવનો અભાવ થતો નથી. આત્માને ઓળખવાથી જ ભવનો અભાવ થાય છે. સાચા જ્ઞાન અને સાચા સુખની પ્રાપ્તિ થાય છે. હું ચેતન સ્વરૂપ આત્મા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કોણ છું, કેવો છું. તેનું સાચું સ્વરૂપ જ્ઞાનમાં આવવાથી તેને સમ્યક્દર્શન કહે છે. અને તે જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના જીવે અનંતકાળમાં પરિભ્રમણ કર્યું, તેના વિના ધર્મની અને સાચા સુખની પ્રાપ્તિ થતી નથી એટલે આત્માના સ્વરૂપને સમજવા માટે પ્રયત્ન કરવો. તેની જિજ્ઞાસા કરે, રૂચિ વધારે તે જ સાચો ઉપાય છે.

અરિહંત અને સિદ્ધ ભગવાનના ગુણોનું સુંદર સ્મરણ થયું એટલે સુંદર તીર્થયાત્રા થઈ. તેમનું બહુમાન આવ્યું તેમના ગુણોનું પણ બહુમાન આવ્યું. તેમની ભક્તિ થઈ એટલે યાત્રા સફળ થઈ. પૂજ્ય ગુરુદેવની સાથે ગિરનારની જાત્રાએ ગયા ત્યાં સહસ્રાવનમાં ગયા ત્યાં પૂ. ગુરુદેવે સાષ્ટાંગ નમસ્કાર કર્યા. નેમિનાથ ભગવાન પર બહુ ભાવ આવી ગયા. ધન્ય આ ભૂમિને જ્યાંથી નેમિનાથ દીક્ષિત થયા, વૈરાગ્ય આવ્યો. ચાર ઘાતિ કર્મ નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. વાહ આ સિદ્ધ ભૂમિનું બહુમાન આવતાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

૩૪. પ્રશ્ન :—ઉપયોગ બહાર આવે તો આનંદ ઘટી જાય?

ઉત્તર :—નિર્વિકલ્પ દશા વખતે જે આનંદ હોય તેવો તો બહાર આવે ત્યારે ન હોય. આનંદ તો રહે પણ અનુભવના કાળે જે તીવ્ર હતો તે ન રહે.

૩૫. પ્રશ્ન :—એકલી ધારણા હોય અને આત્મસન્મુતાનો પુરુષાર્થ હોય તો તે બેમાં શો તફાવત?

ઉત્તર :—બેમાં તફાવત જ્ઞાની જાણી શકે. અજ્ઞાની ન જાણી શકે કે આ ધારણાવાળો જીવ છે. અને આ નજીકનો જીવ છે. બધું જ્ઞાની જાણી શકે. અજ્ઞાની પણ તીવ્ર જિજ્ઞાસુ હોય તો તે સમજી શકે. તીવ્ર મુમુક્ષુ હોય તો તેના જ્ઞાનચક્ષુમાં તેને ખબર પડી જાય.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૩૬. પ્રશ્ન :—પંચ પરમેષ્ઠિનું સ્વરૂપ જ્ઞાન પ્રગટ્યા પછી વિશેષ થાય?

ઉત્તર :—બરાબર સાચું તો ત્યારે જ જણાય જેવો મને મારા આત્માનો અંશે અનુભવ છે તેવો જ પૂર્ણ અનુભવ વીતરાગ દેવને છે. એવો જ સિદ્ધ ભગવાનને છે. પોતાના વેદન દ્વારા અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય અને સાધુનનું સાચું સ્વરૂપ જાણી શકે છે.

૩૭. પ્રશ્ન :—એટલે જ્ઞાનમાં પંચ પરમેષ્ટી દેખાય ખરા?

ઉત્તર :—હા દેખાય. તેમનું સ્વરૂપ દેખાય.

૩૮. પ્રશ્ન :—તેમની કૃપાથી થાય?

ઉત્તર :—તેમની કૃપાથી ન થાય. જ્ઞાયકની કૃપા થાય તો થાય. પોતે પુરુષાર્થ કરે તો જ્ઞાયકની કૃપા થાય.

૩૯. પ્રશ્ન :—જ્ઞાનીની કૃપાથી થાય કે નહીં?

ઉત્તર :—કોઈની કૃપાથી ન થાય. પોતાના પુરુષાર્થથી જ્ઞાયકની કૃપા થાય તો થાય. જ્ઞાનીની કૃપા ક્યારે થાય, પોતે પાત્રતા તૈયાર કરે ત્યારે જ્ઞાનીની કૃપા થાય. પોતે પુરુષાર્થ કરે, જિજ્ઞાસુ છે, આત્માની ધગશવાળો છે, લગની લાગી છે. તેવું જ્ઞાનીના જ્ઞાનમાં આવે ત્યારે જ્ઞાનીની કૃપા થાય. એટલે ખરેખર જ્ઞાનીની કૃપા થઈ ત્યારે તેને પોતાના આતમની કૃપા થઈ ગઈ. બન્નેની કૃપા સાથે જ છે.

૪૦. પ્રશ્ન :—નિર્વિકલ્પ દશા થાય ત્યારે એકલી પર્યાય પ્રણમી છે કે આખો જ્ઞાયક પ્રણમ્યો છે?

ઉત્તર :—આખો જ્ઞાયક પ્રણમ્યો છે, દ્રવ્ય–ગુણ–પર્યાય આખું અભેદ સ્વરૂપ છે. તેથી આખો જ્ઞાયક પ્રણમ્યો છે. વેદનમાં ક્યાંય ભેદ દેખાતો નથી. આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય એવા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કોઈ ભેદ દેખાતા નથી, અનંત ગુણ અને આખો જ્ઞાયકનો અભેદ અનુભવ થાય છે. ક્યાંય ભેદ દેખાતો જ નથી.

૪૧. પ્રશ્ન :—ત્રિકાળ અને વર્તમાન બે વચ્ચે કોઈ ભેદ રહેતો નથી?

ઉત્તર :—કાંઈ ભેદ નથી. આખો એકાકાર અભેદ ચૈતન્ય ઉછળે છે.

૪૨. પ્રશ્ન :—સૌથી પ્રથમ અમારે સુપાત્ર થવા માટે શું કરવું?

ઉત્તર :—અરિહંત ભગવાનનું બહુમાન કરવું. સર્વજ્ઞ જિનેશ્વર દેવનું બહુમાન કરવું. અનંતા સિદ્ધ ભગવાનનું બહુમાન કરવું. દેવ–શાસ્ત્ર–ગુરુનું બહુમાન કરવું, તે પાત્રતા છે. તે બહુમાન આત્માને પ્રાપ્ત કરવાના હેતુથી કરવું તે પાત્રતા છે. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાન જેવો જ હું છું. પ્રભુ આ ગુણો તમે પ્રાપ્ત કર્યા છે અને મારે પ્રાપ્ત કરવા છે. એવા હેતુથી તેમનું બહુમાન કરે, એવી ભક્તિનો ભાવ ઉછળે, આત્માની જિજ્ઞાસાપૂર્વક આત્માને પ્રાપ્ત કરવાના હેતુપૂર્વક કરે તે સર્વ પ્રથમ પાત્ર થાય. અરિહંત–સિદ્ધનું બહુમાન તો આવવું જ જોઈએ. પંચ પરમેષ્ઠિનું બહુમાન આવવું જોઈએ. ધન્ય પ્રભુ! નાથ ધન્ય તારો અવતાર! તેં જે દશા પ્રાપ્ત કરી એવી દશા મારે પણ પ્રાપ્ત કરવી છે. તેવા ભાવથી પૂજા કરે, ભક્તિ કરે તો હૃદય ઉછળી જાય છે. એમાં એની લાયકાત પ્રગટ થાય છે. આત્માની જિજ્ઞાસાનો દોરો તો સાથે ને સાથે પરોવવાનો છે. એના વગરની ભક્તિ અને બહુમાન માત્ર પુણ્ય બંધનું કારણ થાય. આત્માનો લાભ તે આત્માની લગની. આત્માની જિજ્ઞાસા હોય તો જ લાભનું કારણ થાય.

૪૩. પ્રશ્ન :—આત્માની જિજ્ઞાસાનો દોર સાથે હોય એ વસ્તુ પાછી અલગ? સાથે ભક્તિનો ભાવ પાછો અલગ?

ઉત્તર :—બેય ભાવ જુદા પણ સાથે હોય છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૪૪. પ્રશ્ન :—આપ ઘણીવાર કહો છો ને કે ચારે પડખેથી જીવે તૈયાર થવું જ જોઈએ.

ઉત્તર :—મંદ કષાય, શ્રીમદ્ રાજચંદ્રમાં આવે છે ને કે મંદ કષાય વિશાળ બુદ્ધિ, સાધર્મી પ્રત્યેનો પ્રેમ અને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ભક્તિ આત્માની જિજ્ઞાસાપૂર્વક હોય. તો ચારે તરફથી સુમેળ કરીને તે જીવ લાયક અને પાત્ર થાય છે. ખાલી જિજ્ઞાસા કરે અને કષાયની તીવ્રતા હોય, સાધર્મી પ્રત્યે પ્રેમ ન હોય. દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે અપાર ભક્તિ પણ ન હોય તો તેની જિજ્ઞાસા સાચી નથી. સાચી જિજ્ઞાસા આવે તો સાથે આ બધા જ ગુણો આવી જાય છે. વિશાળ બુદ્ધિ આવે, સરળતા આવે, સાધર્મી વાત્સલ્ય આવે બધું આવી જાય છે. આત્માને પ્રાપ્ત કરવાની સાચી જિજ્ઞાસા પ્રગટે ત્યારે આ બધું સાથે આવી જ જાય.

૪૫. પ્રશ્ન :—આ પંથ છે તે બતાવે કોણ? ૪૫.

ઉત્તર :—પામેલા પુરુષ હોય તે બતાવે. જેણે પ્રાપ્ત કર્યું, જેને ભેદજ્ઞાન વર્તે છે, જેને દિવ્ય શક્તિ પ્રગટ થઈ અને સ્વપરનું જ્ઞાન વર્તે છે. જ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ છે તે બીજાને કહી શકે. બતાવી શકે કે તમે પ્રાપ્ત કરો. કરી શકો તેમ જ છો.

૪૩. પ્રશ્ન :—પ્રાપ્ત ન હોય એમાં જ અમે મૂંઝાઈએ છીએ. એ જાત કઈ હોય જેમાં આત્મા પ્રાપ્ત થાય જ.

ઉત્તર :—આત્માને પ્રાપ્ત કરવાની લગની જ મારગ દેખાડે છે. મારે તો મારો આત્મા જ દેખવો છે. આત્માને જ જોવો છે. તેની લગની તેની ધગશ, તેની જિજ્ઞાસા, તીવ્ર પુરુષાર્થ, માત્ર મોક્ષ અભિલાષથી માર્ગ મળે છે. બીજી કોઈ અપેક્ષા નહીં, માત્ર આત્મ પ્રાપ્તિની જ અપેક્ષા, તેમાં કામ થાય છે. નિસ્પૃહ પુરુષાર્થ કોઈ પર પદાર્થની સ્પૃહા નહીં, વાંછા નહીં. એવો એ જગતથી નિરાળો થઈને પુરુષાર્થ કરે છે. જ્ઞાની તો નિરાળો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



થઈ ગયો છે. પણ જિજ્ઞાસુ પણ એવો નિરાળો થઈ જાય છે કે તેને જગતમાં ક્યાંય રસ ન પડે.

૪૭. પ્રશ્ન :—ગુરુદેવની કૃપાથી અને શાસ્ત્ર અભ્યાસથી અમે એમ જાણ્યું કે શુભ અશુભથી આત્મા જુદો છે છતાં ભગવાન આત્માના દર્શન નથી થતાં તો કરવું શું?

ઉત્તર :—ભગવાન આત્માના દર્શન કરવા માટે જેટલી કિંમત ભરવી પડે તેટલી કિંમત ભરે ને પુરુષાર્થ કરે તો આત્મદેવ દર્શન દીધા વિના રહે જ નહીં. એવો ચૈતન્ય દેવ છે. તેવી જ પોતાની શક્તિ છે. એવો પોતે જાજ્વલ્યમાન દેવ છે કે પોતે આટલી મહેનત કરે અને ચૈતન્ય જાગૃત થયા વગર રહે જ નહીં, પણ પૂરતી કિંમત ભરવી જોઈએ.

૪૮. પ્રશ્ન :—કિંમત ભરવી એટલે કઈ કિંમત ભરવી અને કેવી રીતે ભરવી?

ઉત્તર :—પુરુષાર્થ કરીને, લગની લગાડીને. અંદરમાં રાત અને દિવસ એનું જ રટણ રહે. તેની જિજ્ઞાસા રહે એ એની કિંમત છે.

૪૯. પ્રશ્ન :—રાતના પણ એવું રહે? દિવસના પણ એવું જ રહે?

ઉત્તર :—હા રાતના ઉઠે તો એ જ ઝંખના કે મારે તો મારો આત્મા જોઈએ છે. આ મનુષ્ય ભવ ચાલ્યો જાય છે અને આ મનુષ્યભવમાં જ મને મારો આત્મા સમજાય એવો છે. આવા મહાપુરુષના પ્રતાપથી મને આત્મા સમજાયો છે. માટે મારે હવે આત્મા જ સમજવો છે. એવી રાત–દિવસ ઝંખના રહે તો એવો જીવ ઘણો નજીક થઈ જાય છે. આ ભવમાં પામી જાય. નહીં તો બીજા ભવમાં જલ્દી પામી જાય છે. રાતમાં પણ જાગી જવાય. મારો આત્મા મારો આત્મા એમ ઝંખના હોય.

૫૦. પ્રશ્ન :—અનુભવ પહેલાની માનસિક સ્થિતિ કેવી હોય કે તેની પાછળ અનુભવ થાય જ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ઉત્તર :—એની સ્થિતિ એવી હોય કે તે ચેતન આત્માની સન્મુખ વેગથી જતો હોય, તેને પોતાને પણ ખ્યાલ આવી જાય, ભરોસો આવી જાય કે મારો આત્મા થોડા જ વખતમાં મને જવાબ આપી દેશે. એવો પોતાને અંદરમાં વિશ્વાસ આવી જાય. દિવસ–રાત એવો વેગથી પુરુષાર્થ કરે કે પુરુષાર્થને પણ પોતાના ભણી દોડવાની આદત થઈ જાય છે. આદત પડે એટલે એને એ સિવાય ક્યાંય ચેન પણ પડતું નથી. બીજે ક્યાંય ચેન ન પડે. આત્માના વિચારમાં તેને શાંતિ પડે. જ્ઞાની તેને જોઈને સમજી જાય કે આ જીવ નજીકનો પાત્ર થઈ ગયો છે.

૫૧. પ્રશ્ન :—આત્મા તરફનો વેગ છે, તે વિકલ્પ સહિત જ ને? તેમાં બળ શેનું?

ઉત્તર :—વિકલ્પ પર વજન નથી. વિકલ્પ સાથે જ્ઞાનમાં પુરુષાર્થનું વજન છે. વિકલ્પ તો સાથે સાથે હોય છે, પણ ત્યાં વજન નથી. પુરુષાર્થનું જે જોર છે તે જોર જ પોતા તરફ લઈ જાય છે. વિકલ્પ આવે તેનો કાંઈ વાંધો નથી કારણ કે વિકલ્પ તો છૂટી જ જવાના છે. નિર્વિકલ્પ દશા ન થાય ત્યાં સુધી આવે પણ એ તો છૂટવાના જ છે.

૫૨. પ્રશ્ન :—આત્માને આત્માથી જાણ્યો એ પણ ભેદ છે, તો અભેદ કેવી રીતે છે?

ઉત્તર :—કથનની પદ્ધતિમાં, સમજાવવાની પદ્ધતિમાં એમ આવે કે આત્માને આત્માથી જાણ્યો, પણ એ અભેદ વસ્તુ છે. આત્માએ આત્મા વડે આત્માને જાણ્યો એમાં અનુભવમાં કોઈ ભેદ દેખાતો જ નથી. કોઈપણ જ્ઞાનીને ભેદ દેખાતો નથી, અને દેખાશે પણ નહીં, માત્ર સમજાવવાની એક રીત છે. બધા જ્ઞાનીને એક અભેદ આત્મા જ દેખાય છે. દ્રવ્ય–ગુણ અને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પર્યાયનું સ્વરૂપ સમજાવવામાં વચ્ચે ભેદ આવે. વળી દ્રવ્ય–ગુણ અને પર્યાયમાં ભેદ છે પણ ખરો. પણ અનુભવમાં કોઈ ભેદ દેખાતો નથી. અનંતગુણોનો અભેદ અનુભવમાં કોઈ ભેદ નથી. ભેદ જણાય ખરા પણ તેને જાણવાનું તેને કોઈ પ્રયોજન નથી. દ્રષ્ટિ ભેદમાં રોકાતી નથી.

૫૩. પ્રશ્ન :—જેણે અભેદ આત્માને જોયો નથી, તેણે માત્ર કલ્પના જ કરી છે કે તેના ગુણો તરફ ઉપયોગ દોડાવવો?

ઉત્તર :—માત્ર કલ્પના ન કરવી પણ આત્માર્થીએ તેના ગુણો તરફ ઉપયોગ દોડાવવો. આ જ્ઞાયક આત્મા છે. આ જાણનાર આત્મા છે. જે હું જાણું છું, સમજું છું–તે હું આત્મા છું. જાણનાર મારી સત્તા ભૂમિ છે. એમ વિચારી ઉપયોગને જ્ઞાયક આત્મા તરફ દોડાવવો. કલ્પના કરવી નહીં. ભેદ કલ્પનાથી જ્ઞાયક હાથમાં નહીં આવે. આ દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે, જ્ઞાન છે, દર્શન છે. એ જાણવા માટે છે. અનુભવમાં ભેદ આવતા નથી. અનુભવ પછી એ જાણી શકે છે. અનુભવના વેદનમાં ભેદ કલ્પનાની જરા પણ જરૂર નથી, અંશ માત્ર જરૂર નથી. અને જો ભેદમાં ચડી જાય તો અભેદથી આઘો જાય છે.

૫૪. પ્રશ્ન :—જ્ઞાન માત્ર અંશ છે. તેનાથી કલ્પના કરીએ કે આવો આત્મા હોઈ શકે? અંશને અંશી તરફ દોડાવીએ તો કેવી રીતે અનુભવ થાય?

ઉત્તર :—પોતે પોતાની અસ્તિને પકડવા ઉપયોગ લઈ જવો તે મુખ્ય પુરુષાર્થ છે. એ અસ્તિ જ્ઞાનમાં પકડાઈ ગઈ તો બેડો પાર થઈ ગયો. બધું હાથમાં આવી ગયું. અસ્તિ પકડાણી તો આખું દ્રવ્ય હાથમાં આવી ગયું. ભેદ તો હેરાન કરી નાખે છે, તેમાં જવું નહીં. ભેદ તો જાણવાનો એક વિષય છે અંદર તો અભેદ જ છે. તો તેને જ જાણવું જોઈએ ને! ભેદમાં રોકાવાથી શો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ફાયદો છે? કુંદકુંદ આચાર્યદેવ, અમૃતચંદ્ર દેવે પણ એમ કહ્યું કે અભેદ સ્વરૂપમાં ઉપયોગને લઈ જા, ભેદમાં રોકાઈશ મા.

૫૫. પ્રશ્ન :—જ્ઞાનીઓ જ્યારે ઉપદેશ આપતા હોય ત્યારે તેમને જ્ઞાયક અનુભૂતિ અને જ્ઞાયક બધું દેખાતું હોય? બન્ને ખ્યાલમાં હોય?

ઉત્તર :—ખ્યાલમાં હોય. ઉપદેશ આપતા હોય ત્યારે શુદ્ધ પરિણતીનું વેદન હોય–ઉપદેશ વખતે અનુભૂતિ હોય નહીં. અનુભૂતિનું જ્ઞાન તો રહે જ. અનુભૂતિમાં શું શું હતું તે બધાનો ખ્યાલ તો રહે જ, અનુભૂતિ કેવા પ્રકારની થઈ તેનું જ્ઞાન રહ્યું હોય તો, જે બધાને કહી શકે. અનુભૂતિ તો રહે જ.

૫૬. પ્રશ્ન :—જ્ઞાયક દેખાય ખરો?

ઉત્તર :—પ્રત્યક્ષ દેખાય. જ્યારે તે બોલે ત્યારે જાણે કે આ વચન વર્ગણા છે અને હું જ્ઞાયક છું. વચન વર્ગણાની સામે જ્ઞાયક ઊભો છે. વચન મારા નથી, વચન બોલાય તે હું નથી. હું તો ચૈતન્ય આત્મા છું. બે ને બે ચાર જેવું તેના વેદનમાં રહે.

૫૭. પ્રશ્ન :—આ બહુ મોટી વાત થઈ ગઈ. ઉપદેશ વખતે પણ જ્ઞાયક તરવરે તો બહુ મોટી વાત કહેવાય.

ઉત્તર :—ઉપદેશ દેતાં પણ જ્ઞાયક તરવરે. બધી વાતે ખ્યાલ છે કે હું જ્ઞાયક છું. ભોજન કરતા હોય, ઉપદેશ દેતા હોય પણ ક્યાંય તલ્લીન નથી થતા. જો તલ્લીન થઈ જાય તો જ્ઞાનીની દશા જ ન રહે. દરેક ક્ષણે જ્ઞાયક હાજર જ છે. પણ એને એવો વિચાર કરવો પડતો નથી. એ તો કૃત્રિમ દશા થઈ ગઈ. એને તો સહજ દશા થઈ ગઈ છે કે હું જ્ઞાયક આત્મા છું. સાથે જે વિકલ્પ આવવાના હોય તે આવે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૫૮. પ્રશ્ન :—જ્ઞાનીને આત્મા સંબંધી શંકા અને અસમાધાન કેટલા અંશે રહ્યું?

ઉત્તર :—બિલકુલ નહીં. જરા પણ નહીં. આત્મા પ્રત્યક્ષપણે દેખાણો પછી શંકા કેવી? પૂરેપૂરું સમાધાન વર્તે છે. જરા પણ અધુરું નહીં. કોઈને પૂછવા જવું પડે નહીં. કોઈ કહે તો એની સાથે મારે શો સંબંધ છે? મારો અનુભવ મને પ્રત્યક્ષ વેદાય છે. જેવો સિદ્ધ ભગવાનનો અનુભવ, જેવો અરિહંત ભગવાનનો અનુભવ, તેવો જ મારો અનુભવ છે. એમાં કોઈને પૂછવું પડતું નથી. એમાં શંકા અને સંદેહને કોઈ સ્થાન જ નથી. શંકા સંદેહમાં અનુભવ નિઃશંક હોઈ શકે નહીં. નિઃશંક અનુભવ છે.

૫૯. પ્રશ્ન :—અસ્તિને ગ્રહણ કરવી એમાં નિસ્પૃહ અને નિખાલસ પુરુષાર્થ હોય છે. નિસ્પૃહ–નિખાલસ પુરુષાર્થ એટલે કેવો પુરુષાર્થ?

ઉત્તર :—એમાં કોઈ પર પદાર્થની અપેક્ષા નહીં. પર પદાર્થની ઈચ્છા નહીં. આશા નહીં. મમતા નહીં, પુરુષાર્થમાં આત્માની જ આશા, આત્માની જ ઈચ્છા. આત્માની જ અપેક્ષા અને આત્માની જ મમતા, પર પદાર્થની ભાવના જ નહીં. આમ કરું તો આમ થાય તેવી ભાવના જ નથી થાતી.......આત્માની ઉત્તમ દશા માટે પ્રયત્ન કરે છે. કોઈ બહારના ફળ માટે નહીં. સ્વર્ગમાં જાઉં એવી વૃત્તિ અને ઈચ્છા નથી. મારો તો મોક્ષ થવાનો છે તે નક્કી છે. વચ્ચમાં થોડા ભવ છે. પણ તેમાં મને આવું મળે કે તેવું મળે એવી કોઈ ઈચ્છા જ નહીં. અહીંથી અરિહંત–સિદ્ધના શરણમાં મને મૂકે તો હું મારા આત્માની પૂરણ દશા પ્રાપ્ત કરું. મારે બીજું કાંઈ જોઈતું નથી. એ નિસ્પૃહ દશા છે. પંચ પરમેષ્ઠિનાં સ્થાનમાં કુદરત મૂકે અને મારી આરાધના પૂરી કરી મોક્ષને પામું એવી એક જ ભાવના છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૬૦. પ્રશ્ન :—શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ આત્માનો તો મનોરથ ખરો?

ઉત્તર :—શુદ્ધ ઉપયોગ રૂપે પરિણમું એવો મનોરથ હોય છે. એક એક ગુણ ખીલી જાય છે. અનંત ગુણોને ઘણો સંપ છે. એક ખીલે તો બધા ખીલી જાય.

૬૧. પ્રશ્ન :—છેક તળીયા સુધી પહોંચી જાય! અમે ધ્યાનમાં બેસીએ તો આત્મા મળે?

ઉત્તર :—એકાંતમાં બેસીને ઉપયોગને વાળવા પુરુષાર્થ કરે તો આત્મા મળે. પછી જ્ઞાની થઈ જાય. એટલે ભેદજ્ઞાની થઈ ગયો. પછી એ પ્રવૃત્તિમાં હોય તો એને કાંઈ નુકશાન નથી તેથી જુદી વાત છે. તેની જ્ઞાયક ધારા ચાલુને ચાલુ જ રહે છે. ક્ષણમાં એ તો ધ્યાનમાં લીન થઈ નિર્વિકલ્પ થઈ જાય છે.

૬૨. પ્રશ્ન :—જ્ઞાન ને રાગ જુદા છે તેવું રટણ કર્યા કરીએ તો આત્મા મળે?

ઉત્તર :—જ્ઞાન અને રાગ જુદા છે તેવી ધારણા જુદી ચીજ છે અને જ્ઞાન અને રાગને અંદર વેદનથી જુદા પાડવા એ જુદી ચીજ છે. ધારણાથી નહીં, અંદર પરિણતીથી રાગને જુદો પાડે એ બહુ લાભનું કારણ થાય. એ જ કરવાનું છે.

૬૩. પ્રશ્ન :—પ્રથમ ભૂમિકામાં તો શાસ્ત્રાભ્યાસ જ મુખ્ય હોવો જોઈએ? (આપે જ્ઞાનને મહત્ત્વ આપ્યું માટે)

ઉત્તર :—શાસ્ત્ર અભ્યાસ હિતરૂપ છે. પણ શાસ્ત્ર અભ્યાસમાં પણ પોતાના આત્મામાં ઉપયોગ જાય તેવા શાસ્ત્રોનો અભ્યાસ વધારે હિતરૂપ છે. ભગવાનના શાસ્ત્રમાં પણ ઉપયોગ અંદર કેમ જાય તેવી વાત સાંભળીને પોતાને તેવું પરિણમન થાય તે હિતનું કારણ છે. જે શાસ્ત્ર જ વાંચ્યા કરે અને અભેદનો અનુભવ ન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કરતો હોય તેને કહે કે ભાઈ તું એકાંતમાં બેસીને પુરુષાર્થ કર. જે શાસ્ત્ર વાંચીને એમાંથી ભેદજ્ઞાનનો અનુભવ કરે તો તેને તે લાભનું કારણ થાય. આવું શાસ્ત્ર વાંચવું આવો વિચાર કરવો એવો કોઈ નિયમ નથી. પોતાને જે હિત રૂપ થાય તેવો વિચાર કરે, વાંચન કરે, તેવું હોવું જોઈએ.

૬૪ પ્રશ્ન :—સમાધિમરણ કોને કહે છે? કેવા ભાવ હોય?

ઉત્તર :—તેને ભેદજ્ઞાન ધારા નિરંતર વર્તતી હોય. શુદ્ધોપયોગ વારંવાર આત્મા તરફ જાતો હોય. શુદ્ધોપયોગમાં લીન હોય. બહારનું કાંઈ ધ્યાન ન હોય. એવા શુદ્ધોપયોગની લીનતામાં દેહ છોડે તેને સમાધિ મરણ કહેવાય.

૬૫. પ્રશ્ન :—આ તો જ્ઞાનીની વાત થઈ. પણ સમ્યક સન્મુખ હોય તેવા જીવના કેવા પરિણામ હોય? મરણ વખતે તેણે શું કરવું?

ઉત્તર :—એવા જીવોએ પણ આત્માની સન્મુખતાનો પ્રયત્ન કર્યા કરવો. વારંવાર આત્માની સન્મુખ થવાનો જ પુરુષાર્થ કર્યા કરવો. એમાં તેને આ ભવમાં ન થાય તો બીજા ભવમાં લાભ થાય.

卐 卐 卐

ધ્રુવધામના—ધ્યેયના—ધ્યાનની ધખતી
ધૂણી ધગશને ધીરજથી ધખાવવી
તે ધર્મનો ધારક ધર્મી અન્ય છે.

—પૂજ્ય શ્રી કાનજી સ્વામી.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



હે કૃપાળુ કહાન ગુરુદેવ આ આત્માની યોગ્યતા જ એવી હતી કે જ્ઞાનીના તદ્દન નિકટના સમાગમ વડે ચૈતન્ય પ્રભુ તીવ્રતાએ જાગે અને પરમ તત્ત્વને પામે. તે સર્વ સુયોગ પ્રભુ! આપના પ્રતાપે થયો, આપની મહિમા કોઈ અદ્‌ભુત—અપાર છે.

卐 卐 卐

પૂર્ણજ્ઞ પ્રાપ્ત ણમો ણમો અરિહંતાણં ણમો અરિહંતાણં અનંતજ્ઞાન—અનંત આનંદ અને અશરીરી પદને પ્રાપ્ત ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં. પરમ રત્નત્રય વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત ણમો આયરિયાણં, ણમો આયરિયાણં, ણમો આયરિઆણં, પરમ રત્નત્રય પ્રાપ્ત અંગઉપાંગના જ્ઞાન ધારી ણમો ઉવજ્ઝાયાણં, ણમો ઉવજ્ઝાયાણં. પરમ રત્નત્રય પ્રાપ્ત પરમ આત્મ સ્વભાવને પ્રાપ્ત ણમો લોએ સવ્વસાહૂણં. પંચ પરમેષ્ઠીના એક એક ગુણને લક્ષમાં લઈ નમસ્કાર કરીએ તો ઘણા ભાવ આવે. છદ્મસ્થના જ્ઞાનમાં બધા ગુણો ખ્યાલમાં આવે નહીં. પંચપરમેષ્ઠીમાં તો ઘણા ગુણો છે. આપણે નમસ્કાર કરીએ છીએ આપણને ઘણાં ભાવ આવે.

પૂજ્ય ગુરુદેવે આત્માનું સ્વરૂપ બતાવ્યું છે. દરેક જીવે આત્માનું સ્વરૂપ સમજવા જેવું છે. એ દેહમાં જાજ્વલ્યમાન જ્યોતિ સ્વરૂપ આત્મા છે. સિદ્ધ ભગવાન જેવું જ દરેક આત્માનું સ્વરૂપ છે. દરેક જીવે સમજવા જેવું છે. પોતે ચૈતન્ય આત્મા હાજરાહજૂર છે. જ્ઞાની જીવો રત્નત્રય પ્રાપ્તિ કરી, વૃદ્ધિ કરી અનંત જીવો મોક્ષે ગયા. દરેક જીવે અદ્‌ભુત ચૈતન્ય સ્વરૂપ સમજવા જેવું છે. તેની આરાધના કરવા જેવી છે. પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ સમજી પોતાના આત્માનું સ્વરૂપ આરાધવા જેવું છે. પુરુષાર્થ કરે તો આત્મા જરૂર પ્રાપ્ત થાય.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## બ્રહ્મચર્ય વિષે બંને બેનોનું સંબોધન

એક બ્રહ્મચર્યની રક્ષાથી અનંત ગુણની રક્ષા થાય છે. એક બ્રહ્મચર્યના પાલનથી અનંત ગુણો શોભી ઉઠે છે.

પાત્ર વિના વસ્તુ ન રહે પાત્રે આત્મિકજ્ઞાન;
પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન.

—શ્રીમદ્ રાજચંદ્રજી.

જેમ વસ્તુ પાત્રના આધારે ટકે છે, તેમ બ્રહ્મચર્ય બધા ગુણોનું પાત્ર છે.

જે બ્રહ્મચર્યનો રંગીલો હોય તેને સહજપણે પાંચે ઈન્દ્રિયોની વિભાવથી વિરક્તતા અને સ્વભાવની એકાગ્રતા થાય છે.

જે બ્રહ્મચર્યનો રંગીલો હોય તેને આત્માર્થતા પ્રગટે છે.

એક બ્રહ્મચર્યની રક્ષાથી બધા ગુણો શુદ્ધતાને પામે છે.

સતીઓ એક શીલથી જ શોભે છે, અને આત્માને પ્રાપ્ત થાય છે.

જેમ સોનું કસોટીથી શુદ્ધ થાય છે, તેમ સતીઓની કસોટીથી આત્મા વિશુદ્ધ થાય છે.

એક બ્રહ્મચર્યની રક્ષાથી જ આખો આત્મા શૌચ છે.

જૈન શાસન જ શૌચ છે, અને આત્મા પવિત્ર અને શૌચ છે.

બધા ગુણોનું પાત્ર બ્રહ્મચર્ય છે, બ્રહ્મચર્યના રંગ વિના બધામાં શિથિલતા આવી જાય છે.

જે નિરઅભિમાનપણે બ્રહ્મચર્યના રંગે રંગાયેલો છે, તેના અંતરમાં પવિત્રતા પ્રગટ થાય છે. એક બ્રહ્મચર્યના રંગથી બુદ્ધિ શાસ્ત્રનો અર્થ ઉકેલી લ્યે છે અને થોડું વાંચન વધારે સમજમાં આવે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



છે. બુદ્ધિ વિશારદતાને પામે છે. (વિકાસને પામે છે.)

જેને બ્રહ્મચર્યનો રંગ નથી તેના બધા ગુણો લુલા અને પાંગળા થઈ જાય છે.

એક શરીરથી જ બ્રહ્મચર્ય પાળે તે બ્રહ્મચર્ય નથી પરંતુ મનવચન અને કાયાથી નવ નવ કોટીએ પાલન કરતાં સાથે સાથે ચૈતન્યની આરાધના હોવી જોઈએ. આત્માર્થતા હોવી જોઈએ.

જેને બ્રહ્મચર્યમાં હું બ્રહ્મચારી છું; એવું અહમપણું વર્તે છે, તેમાં ક્રોધ—માન—માયા—લોભ પ્રગટે છે.

બ્રહ્મચર્ય મૂળ ગુણ છે. તેનાથી ચૈતન્યની રુચિ વધે છે. બ્રહ્મચર્યનો રંગ ન હોય તેને ભોજનમાં લોલુપતા (લુબ્ધતા) વર્તે છે. પાંચે ઈન્દ્રિયોમાં લુબ્ધતા વધે છે.

સતી સીતા, અંજના આદિ સતીઓ એક બ્રહ્મચર્યના રંગથી જ શોભતી હતી. સતી શિરોમણી ગણાતી હતી. બ્રહ્મચર્યમાં જેનું ચિત્ત રંગાયેલું છે, તેનો પુરુષાર્થ શ્રી દેવ—શાસ્ત્ર—ગુરુ પ્રત્યે ઉત્સાહ વર્તે છે. ધ્યાન—સ્વાધ્યાય—મનન વિચારમાં ચિત્ત એકાગ્ર રહે છે. સાધર્મી પ્રત્યે પ્રેમ વધે છે.

બ્રહ્મચર્ય તો નીડરપણે રહે છે અને નિઃશંકપણે ફરે છે. શાસ્ત્રજીમાં તો દરેક જગ્યાએ ઠેકાણે ઠેકાણે બ્રહ્મચર્યની વાતો આવે છે.

બ્રહ્મચર્યનું રંગીલું જીવન કોઈ જુદી જ જાતનું હોય છે. બ્રહ્મચર્યના જીવનથી નમ્ર નમ્ર જ થઈ જાય છે, એની વાણી મીઠી અને ગંભીર હોય છે. અને સર્વાંગે જે બ્રહ્મચર્યમાં રંગાયેલા હોય છે, એની મુદ્રા જ જુદી જાતની દેખાય છે. જેમ પક્ષીને ઉડવા માટે જમીન કઠણ હોય તો તે એકદમ ઊડી શકે છે. તેમ બ્રહ્મચર્યરૂપી જમીન મજબુત હોય તો એના જ્ઞાનદર્શન સ્ફુરાયમાનને પ્રાપ્ત થાય છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જે બ્રહ્મચર્યને નવવાડ સહિત પાળે છે એનો આત્મા નિર્મળ થાય છે. એના વિચાર ઉચ્ચકોટીના થાય છે, લંબાય છે. આવું જીવન આત્માને શીઘ્ર પામે છે.

અરે નીતિમાં પણ સ્ત્રી પતિવ્રતા બ્રહ્મચર્યથી રહે તો શોભે છે. તો આ તો લોકોત્તર માર્ગ છે એમાં કેટલો રંગ હોવો જોઈએ. અરે! આ વાત જેને બ્રહ્મચર્યનો નિયમ લીધો છે એના જ માટે નથી, પરંતુ જે જિજ્ઞાસુ જીવ છે, જે આત્મામાં દોષ કાઢવા અને ગુણ પ્રગટ કરવા માગે તે બધા માટે આ વાત છે.

## બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યવ્રત આત્માની નિવૃત્તિ માટે અંગીકાર કર્યું છે, માટે પોતે સંસારના કાર્યથી નિવૃત્ત થઈ આત્માની સાધકદશાના હેતુથી બ્રહ્મચર્યવ્રત લેવું. વ્યવહારે મન–વચન–કાયાથી બ્રહ્મચર્ય પાળવાની ભાવના રાખવી! બ્રહ્મ સ્વરૂપ આત્મામાં ચરવું યાને આત્મામાં લીન થાવું; કોઈ જાતના રાગના વિકલ્પ ન આવે તે ધ્યાન રાખવું અને આત્માર્થતાની મુખ્યતા રાખવી. મારે મારા આત્માની પ્રાપ્તિ કરવી છે, એવા હેતુથી મેં આ નિવૃત્તિ લીધી છે. મારે તો મારું કાર્ય સિદ્ધ કરવું છે, એના વિચાર કરવા, વાંચન કરવું, હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું, જ્ઞાનનો પિંડ છું, હું જ્ઞાનનો અવતાર છું. હું જ્ઞાયક સ્વરૂપી આત્માના વારંવાર વિચાર કરવા. આ શરીર તો જડ છે, વાણી જડ છે, મન–વચન–કાયામાં ક્યાંય આત્મા નથી. હું જ્ઞાન જ છું. આવા વિચાર વારંવાર કરવા. આત્માનું અસ્તિત્વ જ્ઞાન ચક્ષુથી જ દેખાય છે. મારે મારા ચૈતન્યનું અસ્તિત્વ જ્ઞાનચક્ષુમાં ગ્રહણ કરવું છે, તેના ઉપર જોર રાખવું ચૈતન્ય પોતે એક વસ્તુ છે, તે હયાત સ્વરૂપ છે. માટે તેને ગ્રહણ કરવો–જાણનારો હું ચૈતન્ય છું તે જ્ઞાનમાં અસ્તિત્વ ગ્રહણ કરવા માટે શાસ્ત્રમાં વાંચી વિચાર કરવા, એની લગની લગાડવી એનો પુરુષાર્થ કરી તેનું અસ્તિત્વ ગ્રહણ કરવું. હયાતિ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પકડાઈ જાય એટલે કામ થઈ જાય, કેવી રીતે સ્થિરતા કરવી, લીનતા કરવી બધું આવી જાય છે.

તમે બધા બ્રહ્મચારી બેનોએ જીવન એવી રીતે શોભાવવું કે કોઈ પણ જાતનું કોઈ આપણું નામ લઈ શકે નહીં; પુરુષો સાથે વાર્તાલાપ કરવો નહિ તથા સામે બેસવું નહીં. બ્રહ્મચર્યની અખંડપણે રક્ષા થવી જોઈએ.

બ્રહ્મચારી બેનોએ મન–વચન–કાયાથી રક્ષા રહે તેમાં આપણા માતા પિતા અને આપણા ગુરુનું શાસન શોભે તેવી રીતે જીવન પસાર કરવું જોઈએ.

શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ જીવનભર ભૂલવું નહીં. બ્રહ્મચર્ય અખંડ રીતે પાલન રાખી શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની યથાર્થ રુચિ વધારવી.

પૂજ્ય ગુરુદેવના કહેલા વચનો વારંવાર યાદ કરવા. શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની શોભા વધારવી.

બ્રહ્મચર્યમાં કાંઈ પણ વિઘ્ન આવે તો તેને અખંડ રીતે પાલન કરવું અને જરા પણ ડગવું નહીં તેનો સામનો કરવો.

એકાંતમાં તથા એકાંત જંગલમાં અથવા કોઈ પણ જગ્યાએ એક–બીજાના સાથ વગર જવું નહીં. કોઈ પણ ભાઈઓ સાથે ઊભા રહેવું નહીં.

રસ્તામાં સગા ભાઈ સાથે પણ ઊભા રહી વાતો કરવી નહીં. કારણ કે બીજા લોકોને તમારા ભાઈ–બહેનનો સંબંધ ખબર ન હોય!

ટ્રેનમાં અથવા તો બસમાં ભાઈઓ સાથે બેસવું નહીં. ભાઈઓના આસને બેસવું નહીં. જીવનભર બ્રહ્મચર્ય અખંડ રહે તેનું પાલન બરોબર કરવું.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બ્રહ્મચર્યવ્રત ત્યાગ–વૈરાગ્યથી મંદકષાયરૂપ તથા વ્રત–તપ–નિયમરૂપી આભૂષણથી શોભે છે. માટે વ્રત–તપના પરિણામ રાખવા.

જ્ઞાયક સામે નજર કરી તો જ્ઞાયકદેવ પોતે સાક્ષાત્ પોતે જ દેખાય છે. જ્ઞાયકદેવનું સ્વરૂપ ગુરુદેવ અપૂર્વ રીતે બતાવી ગયા છે. તે માર્ગે આપણે ચાલીએ અને સિદ્ધપદને ઝટ પામીએ.

**આવા યુગ પ્રધાની પુરુષ ગુરુદેવને વારંવાર નમસ્કાર હો.**

**જયવંત હો કહાન ગુરુદેવવ તથા તેમની વાણી જયવંત હો.**

સૌએ પોતપોતાની આરાધના વધારવા જેવી છે, અશરીરી દશા પ્રાપ્ત થાય! સર્વથા શરીર રહિત થઈ જવાય ત્યારે જ ધન્ય છે! અશરીરી દશા તો ચોથે ગુણસ્થાનથી જ પ્રગટ થવા લાગે છે. શરીર મળવું સુલભ છે અનંત અનંત શરીર મળ્યા છે પરંતુ અશરીરી થવું દુર્લભ છે. શરીર સાથે સંબંધ છોડ્યે જ છૂટકો છે. ત્યારે જ સુખી થવાય.

પ્રશ્ન :—શરીર પ્રત્યે સંબંધ કેવી રીતે છોડવો?

ઉત્તર :—શરીર સાથે સંબંધમાં કોઈ સુખ નથી, તેનાથી ઉપેક્ષિત થઈ જાય અને પોતાના સ્વરૂપમાં લીન થઈ જાય તો શરીરનો સંબંધ છૂટે છે. તેના સામે જોયા કરે તો સંબંધ છૂટે નહિ. અનંતાનંત શરીર ધારણ કર્યા અને તેનાથી હવે થાક લાગવો જોઈએ. તેના પ્રત્યેથી રાગ ઉઠાવી લેવો.

આ ચૈતન્ય સ્વરૂપ આનંદ સ્વરૂપ છે, તેમાં જ રાગ કરવા જેવો છે. આ શરીરમાં શું રાગ કરવા જેવું છે? આ શરીરમાં પરમ વીતરાગભાવ પ્રગટ કરવા જેવો છે. એવું બધું વિચારીને ભાવના વધારે છે, શુદ્ધભાવમાં વૃદ્ધિ કરે છે. આત્માના ચૈતન્ય સન્મુખતામાં વૃદ્ધિ કરે છે. પર સન્મુખથી વિમુખ થાય છે. આવા વિચાર કરીને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પરિણામમાં એકદમ વૈરાગ્ય આવે છે, શરીરથી પાછો ફરી જા!

આત્માની સન્મુખ–શરીરથી વિમુખ થઈ જાય. કેટલા જન્મમરણ કર્યાં, કેટલું પરિભ્રમણ કર્યું, કેવી કેવી જગ્યાએ ઉત્પન્ન થયો છતાં જીવે વૈરાગ્ય કર્યો નહિ. વીતરાગતા પ્રાપ્ત કરી નહીં, તેને નીહાળ્યો નહિ, ઓળખ્યો નહિ, અનંતકાળથી આ શરીરને મારું માન્યું માટે કેટલા કેટલા શરીર ધારણ કર્યા અને રાગને કારણે શરીર ધારણ થાય છે. હવે તો બસ થા. આ ચૈતન્ય ચિંતામણીની સંભાળ કરીને આત્માના આનંદમાં લીન થઈ જવું બસ! તેમાં લીન થવાથી આ શરીર ન મળે. ચૈતન્ય સાધક સામ્યભાવ થાય એટલે પરથી ઉદાસીનતા આવે. સામ્યભાવમાં પ્રીતિ થાય એટલે એને વૈરાગ્ય થાય. સંવેગ–નિર્વેદાદિની ભાવના કરવા જેવી છે.

સંવેગ :—સમ્યક પ્રકારે વેગ તે સંવેગ.

સંસાર ભ્રમણનો ભય અને મોક્ષમાર્ગનો ઉત્સાહ એવા સંવેગ–જનિત પરિણામ વડે પ્રગટેલી નિઃશલ્ય અને મેરુ પર્વત સમાન નિષ્કંપ એવી દ્રઢ જિનભક્તિ જેને છે.

નિર્વેદ :—શરીર પ્રત્યે ઉપેક્ષા કરવી તે અને વૈરાગ્ય લાવવાની ભાવના.

રત્નત્રયમાં વૃદ્ધિ–હર્ષ–મોક્ષમાર્ગમાં ઉત્સાહ.

વીતરાગ ભાવની વૃદ્ધિ કરવી, મુનિરાજની જેમ મૌન રહેવું. મૌન રહેવાથી ઉપયોગની સ્થિરતા કરી શકાય. “વચન બોલવામાં ઉપયોગનું ખંડન થઈ જાય છે.” મુનિરાજને મોટા ભાગે મૌન હોય છે. **‘એકાંતે સુખી મુનિ વીતરાગી.’**

મૌન રહેવાથી કેટલી સ્થિરતા રહે કે તેના બળે સ્વરૂપમાં લીન થઈ શ્રેણી માંડી કેવળજ્ઞાન પામી શકાય છે.

મારે મારા દુઃખને શાંત કરવા માટે મારામાં પ્રીતિ કરવી, કોઈ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સામે જોવાથી રાગ-દ્વેષનું કારણ થાય માટે મારે તો મારી સામે જોવાથી વીતરાગતા પ્રગટે છે. મેં એકત્વની ભાવના ભાવી નથી. માટે અનંતકાળથી પરિભ્રમણ થાય છે. માત્ર સ્વરૂપનું ચિંતવન પરમ કલ્યાણકારી છે, સમ્યક્દર્શન-જ્ઞાન–ચારિત્ર પ્રાપ્ત કરી વીતરાગ ધર્મને પ્રાપ્ત થાય છે. કર્મની સામે હઠ કરીને જીત મેળવવી છે. તેમાં ધીરજ રાખવાની મર્યાદા ન હોય. ધીરજ તારો સ્વભાવ છે. સ્વભાવની શું મર્યાદા? રાગ-દ્વેષ ક્યાં સુધી કરવા તેની મર્યાદા હોય? રાગ-દ્વેષ ઘણાં કર્યા હવે નથી કરવા; ધીરજ તારો ગુણ છે. તેની કોઈ મર્યાદા નથી. તારો સ્વભાવ પ્રગટ કર તો અવિનાશીપદને પ્રાપ્ત કરીશ તો સાદિ અનંત માટે ધીરજ પ્રગટ થશે. તારો સ્વભાવ શાંતિ અને ધીરજ રાખવી તે જ આત્મિક સુખ છે. નિરાકુળતાની ભાવના હરહંમેશ રાખવી. ધ્યાન પોતાના આત્માનું જ કરવું. આ શરીર તો ઉપાધિ કરવાવાળું છે. શરીરનો નાશ થતાં મારો નાશ થતો નથી. માટે દેહની મમતા ત્યાગવી.

હે આત્મન! મારા ચૈતન્યને ઉજ્જ્વલ કરવો છે, જેને આત્માની લગની લાગી છે તેને સુગમ છે.

જ્યાં સુધી પૂર્ણ મોક્ષ ન થાય ત્યાં સુધી શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુનું શરણ હોજો. ગુરુની નજીક જાય તો આતમની આરાધના થાય છે. એની ભક્તિ મારા હૃદયમાં હોજો.

ગમે તેવા પ્રતિકૂળ સંયોગમાં પણ આત્મા સમતા રાખી શકે છે, તે સમતા આત્માનો મૂળ જ્ઞાયક સ્વભાવ છે. અનુકૂળતાના સંયોગમાં પણ પ્રતિકૂળતા લાવવી, અને તે સમયે પણ સમતા શાંતિ કેવી રહે છે તેનો પુરુષાર્થ આત્મ સન્મુખ કરવો. પૂજ્ય ગુરુદેવે કહેલા સૂત્રોનું ચિંતવન કરવું, મનન કરવું–વારંવાર મનન કરવું. તે જ આ મનુષ્ય જન્મમાં આત્માને હિતરૂપ છે, માટે વારંવાર ચિંતવન–મનન કરવા યોગ્ય છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## વૈરાગ્ય પ્રસંગે પ્રેરણા

જીવે આ અનિત્ય શરીર ધારણ કર્યું છે તેનો ત્યાગ તો થવાનો જ છે, પરંતુ ચૈતન્ય આત્માની આરાધનાપૂર્વક દેહ છૂટે તે આ મનુષ્ય ભવની સફળતા છે.

આવા પ્રસંગથી સૌએ આત્મ પ્રાપ્તિ કરવાની રુચિ વધારે જગાડવા યોગ્ય છે. આત્મ પ્રાપ્તિ થાય અને પૂર્ણદશાને પ્રાપ્ત કરીને આત્મા શરીર રહિત દશાને પ્રાપ્ત કરે ને અવિનાશી આનંદને ભોગવે તે જ આ મનુષ્ય ભવમાં કરવાનું છે.

સાક્ષાત્ શુદ્ધાત્માને પ્રાપ્ત થાય, કેવળજ્ઞાન થાય એટલે જેવું જ્ઞાનમાં જાણ્યું—શ્રદ્ધામાં શ્રદ્ધેય કરી તેવું જ આચરણ કર્યું તેવો જ સાક્ષાત્ પ્રગટ થયો, એવી સાક્ષાત્ ચેતના, જે સાધ્ય લક્ષમાં લીધું છે, તે સાક્ષાત્ પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે, એવો સ્યાદ્વાદરૂપ ગુરુનો ઉપદેશ છે.

### સુપ્રભાત

નિર્વિકલ્પ સ્વભાવ તે જ ખરું સુપ્રભાત છે, અને કેવળજ્ઞાન પૂર્ણ સુપ્રભાત છે. પ્રભુ! અમને એવો સૂર્ય ઊગે કે જે ફરીથી અસ્ત જ ન થાય. સમ્યગ્દર્શન અંશે સુપ્રભાત છે અને કેવળજ્ઞાન પૂર્ણ સુપ્રભાત છે.

### સત્સમાગમ

તારે તારા જીવનની રક્ષા કરવી હોય તો વિવેકી પુરુષોના સમાગમમાં રહેવું, તેનો સત્ સમાગમ કરવો યોગ્ય છે.

સાચા સાધર્મીના સંગમાં રહી તેની રુચિ કર તેવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. શ્રદ્ધા બરાબર કરજે, અને ન થઈ શકે તેમ કહીશ નહિ. વિભાવના ગુણ તારા નષ્ટ થતાં, સ્વભાવ તરફ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વળે અને સાચી પાત્રતા પ્રગટતાં સ્વભાવ સન્મુખ થવાશે.

દુષ્ટ પરિણામની સંગતિ કરીશ નહિ, રાગી–દ્વેષી જીવની સંગતિ કદી કરીશ નહિ, આચાર્યદેવ તો કહે છે કે તું ભૂલથી પણ તેની સંગતિ કરીશ નહિ. જે સિદ્ધિ કરવા તું નીકળ્યો છે, ત્યાં તું મોહને છોડી દે તો જ તારી સિદ્ધિ થશે. જે ધ્યેયને પકડવાનો નિશ્ચય કર્યો છે તે ધ્યેયે તું બરાબર પકડી આત્મ સન્મુખ થઈ સમ્યક્નો અનુભવ કર. **આત્માની પુષ્ટિ એ જ જ્ઞાન અને ધ્યાન છે.**

જેવી રીતે તીર્થંકર ભગવાન મોક્ષ ગયા છે તેમ તું પણ જા અને ચાર ગતિનું ભ્રમણ છોડ. નરકના દુઃખડા સાંભળ્યા જતા નથી, તો પછી ભોગવ્યા કેમ જાશે? હવે એવા કારણ ઊભા કર કે જ્ઞાન–દર્શન ઊભા થાય તો તેવું કાર્ય આવશે. ઈષ્ટમાંથી અનિષ્ટ કાર્ય ઊભા થાય છે તો એવા કાર્યો શા માટે કરે છે? સ્વતંત્રપણે આત્માનું એવું કાર્ય કર કે તને અવશ્ય મોક્ષ મળે, માટે દુઃખના કાર્ય મત કર.

વાસ્તવિક રીતે જો ભગવાનને સ્વીકાર્યા હોય તો શુદ્ધાત્માના કારણો ઊભા થાય અને નિર્વાણની તૈયારી થાય છે. જેવી ભાવના ભાવે તેવી જ ફળીભૂત થાય.

**જે મનુષ્ય જીવનમાં આત્માને ન પામે તો તેને પોતાના આત્માને ઠગ્યો છે. મહા મોંઘાકાળે મહાદુર્લભ મનુષ્યજીવન મળ્યું છે, અને આત્મા ન પામે તે આત્માને ઠગે છે–લૂંટી લ્યે છે. જે આત્માને પ્રાપ્ત કરવાનો હતો તે ન કર્યો, તેથી તું દોષિત છો. એકેન્દ્રિયથી ચતુરઇન્દ્રિયથી મનુષ્યભવ પામ્યો તે મહાદુર્લભ છે. ઉત્તમ કુટુંબીજનો મળવા તે પણ દુર્લભ છે. તેમાં સત્યધર્મ શ્રવણ કરાવનારા ગુરુ મળવા પણ મહા દુર્લભ છે. ધર્મશ્રવણ તો મળ્યું પરંતુ ધર્મ શ્રવણ કરવું તે મહાદુર્લભ છે. ધર્મ શ્રવણ અને ગુરુ શ્રવણથી ધર્મ ધારણ થાય છે.**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**તું તારી ગરજ કર અને ચૈતન્યની ઓળખાણ કર. ચિંતામણી આત્મા પ્રગટ કર. મનુષ્યપણામાંથી કેવળજ્ઞાન મોક્ષ મળે છે.**

હે પ્રભુ! અનંતકાળથી આપનો ભેટો થયો નહિ અને હવે આપ જેવા પ્રભુ મળ્યા પછી હું આપને કેમ હવે છોડું? ન જ છોડું.

સંસારનો સંગમ છોડી મોક્ષનો સંગમ કર

ચૈતન્યની ભાવના કદી પણ નિષ્ફળ જતી નથી.

હે ભવ્ય! તું શુદ્ધ આત્મારૂપી હંસનો ચારો ચર, શિવ સંગમ આત્માનું ધ્યાન કર અને તેનો ચારો ચર. સારામાં સારો આત્માનો પરિચય કર, આ એક જ ઉપાય છે.

**જો મનુષ્ય જન્મની કિંમત ન કરી તો તે રાખ થઈ જશે. મનુષ્ય જન્મ ઊંચો છે. મનુષ્ય જીવનમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ કર એ જ મનુષ્ય જીવનનો સાર છે, બીજો ભવ હવે ન મળે તેવું બીજ વાવી દે.**

શુદ્ધાત્માની સાધના કરવી તે જ ખરેખરું જીવન છે, તે પવિત્ર આત્માની જ આરાધના કરવી જોઈએ.

શુદ્ધાત્મામાં એવો ગુણ છે કે તે કેવળજ્ઞાન પામશે, તે જ કરવા જેવું છે.

તું પોતે જ જાજ્વલ્યમાન જ્ઞાનસ્વરૂપી શુદ્ધ સ્વરૂપી જ્યોત છો. જેમ આત્મામાં નિર્મળ ઔષધી નાખે તો નિર્મળ પવિત્ર ભગવાન આત્મા બરાબર અનુભવાય છે.

શરીર પરથી એકત્વપણાની મમતા છોડ તો આત્માની મહિમા જરૂર આવશે.

આ શરીર તે દુઃખનો વિધાતા છે, દુઃખનો પિંડલો છે, અશુચિનો પિંડલો છે અને પાપનો પિંડલો છે, માટે એવું કર કે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



શરીર રહિત દશા પ્રાપ્ત કરવા માટે તું આવા શરીરને છોડ. આ દેહ પણ વ્યવહારથી છે. શરીરનો સ્વભાવ વિપરીત છે, અશુચિ છે. દેહ પાપરૂપ છે. ત્રણલોકના પાપથી ભરેલો ઢગલો આ શરીર છે.

ચિદાનંદ ચિદ્‌રૂપ આત્મા દેહથી અત્યંત ભિન્ન છે. આત્મા મહા પરમ પવિત્ર છે. આત્મા મહા પરમ શુચિરૂપ છે. દેહમાં બિરાજમાન ભગવાન આત્મા અત્યંત ભિન્ન છે. આ શરીરમાં આનંદ માનવો તે તો શરમાવાની વાત છે, તે દુર્ગંધમય છે. આ બધા વિકલ્પ છોડી દે અને આત્માની વીતરાગતાની ભાવના ભાવવા જેવી છે.

આત્માનો સ્વભાવ સ્વસંવેદનમય છે માટે આત્મામાં સંતોષ કર. સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ દેખાય છે. આત્માની પ્રાપ્તિ માટે ચિત્તને સ્થિર કર.

વીતરાગી સંતો મુનિઓને જોતા હું સમરસી ભાવથી મન–વચન–કાયાથી સર્વસ્વ પ્રકારે વંદું છું. આવા નિર્ગ્રંથો પ્રત્યે વારંવાર નમસ્કાર કરું છું. સુખ અમૃત રસનો સ્વાદ–અતીન્દ્રિય આનંદ રસ જેણે ચાખ્યો છે તેઓનો ખોરાક તે જ છે અને સુધા અમૃતરસમાં મારી પુષ્ટિ છે. આવી ગુપ્તિને ધરનારા સમાધિ સ્વરૂપની બલિહારી છે.

**‘‘તપની શોભા આત્મજ્ઞાનપૂર્વક જ હોય છે.’’**

જ્ઞાનીને જ્યારે કર્મનો ઉદય તીવ્ર આવે છે, ત્યારે શાંતિ રાખી અને ચિત્તને શાંત રાખવું તે તેનો ઉપાય છે.

ઉદયમાં આવેલા કર્મ પર સમભાવ રાખું છું. જેથી કર્મનો ક્ષય થાય છે. કર્મનો ઉદય આવતાં સમભાવનાપૂર્વક વૃદ્ધિ કરે છે. જેથી કર્મો ખપાવે છે, ઉદયમાં જે કર્મો આવે છે તે ભોગવવા પડે છે, પરંતુ તેમાં રાગ–દ્વેષ કરતા નથી અને પુરુષાર્થમાં વૃદ્ધિ કરે છે. ઉગ્ર

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તપશ્ચર્યા કરે છે અને નિર્વિકલ્પ ધ્યાનની ભાવના ભાવે છે.

આ જગતમાં ઊંચામાં ઊંચું ''જ્ઞાન'' જ પ્રધાન છે. 'જ્ઞાન' નો સ્વભાવ જ શાશ્વત છે. જ્ઞાન કદી પણ ચૈતન્યનો સાથ છોડતું નથી સાથે જ રહે છે.

આ જગતમાં જાણનારો શ્રેષ્ઠ પદાર્થ આત્મા છે. તે આત્મા સાચો જિનવરનો દાસ સમ્યગ્દર્શન વગર થઈ શકતો નથી.

શ્રી વીતરાગ જિનેન્દ્રદેવ પ્રત્યે જેના ભક્તિના ભાવ હોય તેના પુણ્ય પણ અલૌકિક બંધાય, વીતરાગ પ્રત્યે ભાવ અલૌકિક તો તેના પુણ્ય પણ અલૌકિક.

હે મૃગ! તેરી સુવાસસે ભયા વન ચકચૂર,<br>
કસ્તુરી તુજ પાસ હૈ ક્યા ઢૂંઢત હૈ દૂર.

હે મૃગ! આ તારી સુવાસથી કસ્તુરી તારી પાસે છે, અને બાહ્યમાં ક્યાં ગોતવા (ઢૂંઢત) જાય છે, તું દૂર દૂર ગોતી રહ્યો છે.

તેમ ભગવાન આત્મા આનંદનું દળ પોતાની પાસે છે. આનંદ લેવા બહાર ફરે છે પરંતુ ભાઈ આનંદ તો તારી પાસે જ છે. તે આનંદ તારામાંથી જ આવે છે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે, ક્યાંય બહારથી આનંદ આવતો નથી, આનંદનું દળ તું પોતે છો એ દળનો આનંદ લેવા જેવો છે. મુનિરાજને જ્યારે ઉપસર્ગ પરીષહ આવે છે, ત્યારે મુનિરાજ તો શાંતિ અને સમતાના સાગર છે, મારાથી હવે સહન થતું નથી એવા ભાવ નથી આવતા. શાંતિ–સમતાથી ઉપસર્ગ પરીષહ સહન કરે છે. પાંડવ મહામુનિરાજ શત્રુંજય પહાડ ઉપર આત્મામાં લીન હતા, ત્યારે દુર્યોધનના ભાણેજે લોખંડના દાગીના પહેરાવ્યા. ત્યારે શાંતિ–શાંતિ કેટલી સમતા! તેમાં ત્રણ મુનિરાજ તો કેવળજ્ઞાન પામી ગયા. શાંતિરૂપી બરફના ઢીમમાં તો લીન થઈ ગયા કે શાંતિ પર દૃષ્ટિ મૂકી તે અપ્રતિહતધારાએ લીન થયા જે દૃષ્ટિ હવે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પાછી નહીં ફરે અને ક્ષપક શ્રેણી માંડી કેવળજ્ઞાન લીધે છૂટકો, બે પાંડવોને જરા વિકલ્પ (રાગ) આવ્યો કે ગુરુરાજને શું થાતું હશે? એટલા જ વિકલ્પ બંનેને આવતાં સર્વાર્થ સિદ્ધિનો બંધ થઈ ગયો. તેઓને સહન થતું નથી એવો ભાવ ન હતો, પરંતુ પ્રશસ્ત રાગ આવ્યો ત્યાં દેહ છૂટી ગયો, સર્વાર્થ સિદ્ધિમાં ગયા. ત્રણ મુનિરાજ અપ્રતિહતધારાએ ચડ્યા તે ચડ્યા કે જે પાછા હવે ન ફરે, તુરત કેવળજ્ઞાન પામી સિદ્ધપદને પામ્યા, શાશ્વત આનંદ શાશ્વત સુખને પામી ગયા.

હવે મારાથી સહન થતું નથી એવો બોલવાનો જે ભાવ આવે છે તે ભાવ કલંકરૂપ છે, તે તું તારા ગુણને દોષ લગાવે છે. એ તારો ગુણ તો અમાપ છે, ક્ષમારૂપ, અમર્યાદિત છે તે તારા ગુણોને તું કલંક લગાડે છે.

શરીરમાં વેદના હોય ત્યાં કહે અરે ભાઈ! શાંતિ રાખો ત્યારે કહે કે બહુ શાંતિ રાખી. હવે નથી રહેતી, ભાઈ! તારી શાંતિ અમર્યાદિત છે, તું શાંતિનો પિંડ છો. શાંતિનો સાગર છો, બરફનો ઢીમ છો.

શ્રી સીમંધર ભગવાનના પુણ્ય પ્રતાપે પગલે—પગલે આખા સૌરાષ્ટ્રમાં દેશ—વિદેશમાં પણ શ્રી જિનેન્દ્રદેવ પધાર્યા; ગુરુદેવના પરમ પ્રતાપે ગામોગામ પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ, ગુરુદેવે તે જિનેશ્વરનું સ્વરૂપ સમજાવ્યું. જિનેન્દ્રદેવનું માહાત્મ્ય સમજ્યા અને જે કાંઈ થોડીઘણી ભક્તિ આપણને હૃદયમાં આવી, તે ભક્તિપૂર્વક શ્રી જિનેન્દ્ર ભગવાનના ચરણોમાં જલ્દી જલ્દી જઈએ અને દિવ્યવાણી સાંભળીએ એવી ભાવના ભાવીએ છીએ. સીમંધર ભગવાનનો ઘણો પ્રતાપ છે. આપણે યથા શક્તિપૂર્વક ભક્તિ કરીએ છીએ તેનું ફળ આપણને પ્રાપ્ત હો.

સૌના પરિણામમાં અંતરાયનો નાશ થાઓ, એક માત્ર

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આત્માનું કામ કરવું. બીજા બધા સાથે શું પ્રયોજન છે.

જ્ઞાયકનું અસ્તિત્વ પકડાયું એટલે જ્ઞાયક જ આખેઆખો ખ્યાલમાં આવે ને પછી રાગ મારામાં નથી એ તો આપોઆપ ભિન્ન જ થઈ જાય. ''જ્ઞાયક'' પકડાયો એટલે તેમાં વૃદ્ધિ માટે વારંવાર ઉપયોગને જ્ઞાયકમાં જોડવા માટે પુરુષાર્થ બહુ કરવાનો છે.

**સવિકલ્પમાં જ્ઞાયક બરાબર પકડાય, ભલે નિર્વિકલ્પ અનુભૂતિ ન થઈ હોય તો પણ જ્ઞાયકનું અસ્તિત્વ બરાબર પકડાય છે, ત્યાર પછી અંદરમાં લીન થવા વારંવાર ઉપયોગને જ્ઞાયકમાં લીન કરવાનો પ્રયત્ન કરે; એકદમ સાક્ષાત્ સ્વરૂપ આત્માના અનુભવનું વેદન થઈ જાય છે. જ્ઞાયકદેવ ખ્યાલમાં આવ્યો તે જ વેદન છે, તે જ નિર્વિકલ્પ અનુભૂતિ છે.**

જ્ઞાનમાં સત્તાગુણને ગ્રહણ કરવા જેવું છે. ત્યાં આખી દિશા બદલાઈ જાય છે. પછીનું ચિંતવન એની સામે જોઈને થાય છે. અજ્ઞાનરૂપી અંધારું હતું તે જ્ઞાન પ્રકાશ વડે દૂર થાય છે. જ્ઞાયકનો પ્રકાશ પ્રાપ્ત થયો.

''જીવન''ની દિશા—ચૈતન્યની દિશા જ બદલાઈ ગઈ. ત્યાર પહેલાં સ્વ—રૂપે હતો જ નહિ. પર રૂપે જ હતો. આ તો ''સ્વ'' સહિત જ બધું થઈ ગયું. જ્યાં સુધી વીતરાગી ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, અકષાયભાવ ન થાય ત્યાં સુધી વીતરાગતા ન થાય.

અનુભવ પ્રકાશમાં અનુભવનું રહસ્ય ઘણું જ સરસ આવ્યું છે. જેમ છે તેમ જ વ્યાખ્યા ઘણી સારી આવી છે.

''અનેક સંત સમાધિ ધરી—ધરી પાર ભયો હૈ'' તે શબ્દ સાંભળતા અનુભવીઓને પ્રશસ્ત ઉલ્લાસ આવી જાય છે, તે ઉપયોગનું વલણ અનુભવ તરફથી વિશેષ કરીને પ્રણમવા માંડે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



તેમાં કોઈવાર ઉપયોગ તદ્દન નિર્વિકલ્પ ઉપયોગે પ્રણમે છે, ને કોઈવાર સવિકલ્પ સ્થિરતા વિશેષ થાય છે. જો કે અનુભવી આત્માની સહજ સ્થિતિ જ આ પ્રકારની હોય છે. છતાં પણ આવા ગ્રંથો કેટલીકવાર વિશેષ લાભનું કારણ બની આવે છે. સંપૂર્ણ સમાધિસ્થ પરિણામી આત્માઓને ધન્ય છે. વારંવાર નમસ્કાર છે. તથા સર્વસંગ પરિત્યાગ સ્વરૂપે મહા સમાધિસ્થ થયેલા આત્માઓને પણ વારંવાર ધન્ય છે.

**વાંચન વિચાર ચાલતા ચાલતા જ્ઞાતા પરિણતિ સહજ હોવાથી આત્મધ્યાન સહજ સહજ થાય છે. જ્ઞાતાનો સ્વભાવ હોવાથી પુરુષાર્થ ધારા જે પ્રકારે ઉપડે છે તે પ્રકારે તે થયા કરે છે અને જ્ઞાતા ધારા સહજ ઊભી હોય છે. ત્યાં તે પ્રકારનો પુરુષાર્થ પણ હોય છે. તે દ્વારા તે જ્ઞાન–ધ્યાનની શ્રેણી વડે વારંવાર પોતાના સ્વરૂપને અનુભવતો આગળ જાય છે. આ પ્રકારે આગળ જતા જતા જ્ઞાતા અખંડ ઉછળીને તે સ્વરૂપને પૂર્ણતાએ અનુભવશે તે દિવસ 'ધન્ય થશે.' ''કૃતાર્થ થશે.''**

ધન્ય છે જે મહાત્માઓ સર્વાંશપણે જ્ઞાતાના ઉછાળાને વેદી રહ્યા છે, અનુભવી રહ્યા છે, સર્વ લોકાલોકના ભાવો જ્ઞાનમાં ઝળકતાં હોવા છતાં પોતાના નિજ ભાવને સર્વાંશ અખંડ એક સ્વરૂપ વેદીને આસ્વાદી રહ્યા છે. તે મહાત્માઓને વારંવાર ધન્યવાદ નમસ્કાર હો. સ્વરૂપના સર્વ અંશ સુખ દાતા છે. કાર્મણ અંશ પણ બિલકુલ સુખદાતા નથી.

આ સ્વરૂપ અનુભવી આત્માઓને જ યથાપ્રકારે સમજાય છે.

શ્રી સદ્‌ગુરુદેવ પ્રતાપે જ્ઞાન પૂર્ણ થાય એ જ વારંવાર ભાવના છે. નિરુપાધિને ઈચ્છનારને નિરુપાધિ જ મળે છે. વસ્તુના જે સ્વભાવો જેમ છે તેમ જ તે સ્વભાવના વેદનને ઈચ્છે છે એટલે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સ્વભાવ તરફ વળે તે તે સ્વભાવમય પ્રણમી જ જાય છે. આ વાત નિઃસંશય નિઃશંક છે. પર સંયોગથી જે છૂટવા માગે છે, તે છૂટે છે અને જે બંધાવા માંગે છે તે બંધાય છે, આ વાત સર્વ જ્ઞાનીઓની સર્વથા પ્રકારે સત્ય છે. ખરેખર સત્ય છે. અનંત શક્તિવાન ચૈતન્યદેવ જાગે પછી જડની તો કેટલી શક્તિ હોય.

ધન્ય છે જે મહાપુરુષો બાહ્ય અને અભ્યંતર સર્વ ઉપાધિથી સર્વથા વિરક્ત થઈ જ્ઞાતાની સુખ અને શાંતિની—આનંદની લહેરમાં જે આત્માઓ બિરાજમાન હશે તેમને ધન્ય છે. વારંવાર નમસ્કાર છે.

સર્વથા રાગનો અભાવ થઈને વીતરાગતા પ્રગટ થાય તો જ સર્વથા સુખ થાય એવો અવસર જલ્દી પ્રગટ થાય એ જ અંતરની ભાવના છે. સ્વરૂપમાં સર્વથા લીન થવાય તે દિવસ ધન્ય થાશે. અંશે લીનતા તો થાય છે પણ હવે તો સર્વથા લીનતામાં રહું એ જ ભાવના થાય કે ક્યારે મુનિપણું પ્રગટ કરી આત્મ લીનતામાં વધીને પૂર્ણતા પ્રાપ્ત થાય. હે પ્રભુ! આપના પ્રતાપે હવે મુનિપણાની વનવાસી સ્થિતિમાં આત્મદશામાં લીન થઈ નિસ્પૃહ થઈ રહીએ, ત્યારે બધા વિકલ્પ છૂટી અને એક માત્ર આત્મ સ્વરૂપની જ શ્રેણીમાં રહીએ અને પૂર્ણાનંદ પ્રાપ્ત થાય, એ જ પ્રગટ હો. મહાપુરુષોના પરમ પ્રતાપે જરૂર તે દશા પ્રગટ થાશે, પરંતુ વિલંબ રહિત ત્વરિત તે દશા પ્રગટ થાય એવો સમય ક્યારે દેખીશું.

શ્રી સમયસાર વાંચતા એટલી મહિમા આવે છે કે 'સમયસાર'ના એક એક શબ્દના રહસ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં જાણે તેમાં ઘણા રહસ્યો—આશયો ભર્યા છે. તેમ ભાસ્યા જ કરે છે. એમાં સદ્‌ગુરુદેવે અણમૂલા રહસ્યો બતાવ્યા છે. તેમાં જેટલી પ્રગટ શક્તિ ઉછળે છે, તેટલો આનંદ આવે છે. બાકી તો જ્ઞાન અનંત શક્તિવાળું છે. એટલે તે સંપૂર્ણ ઉઘડ્યા વગર પૂર્ણજ્ઞાન તો ક્યાંથી થાય? શ્રી સદ્‌ગુરુદેવના ઉપકારના શું કથન કરીએ, સદ્‌ગુરુદેવ તો પ્રથમથી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ઠેઠ સુધી ઉપકાર જ કરી રહ્યા છે. 'ગુરુકૃપાએ થઈશું તે જ સ્વરૂપ જો.' તે જ વસ્તુનો નિયમ છે.

સર્વાંશ સમાધિ થાય ત્યારે જ સર્વ રીતે શાંતિ થવા યોગ્ય છે. અમુક અંશ સમાધિ હોવા છતાં જ્યાં સુધી સર્વાંશ સમાધિ ન થાય ત્યાં સુધી સંતોષ કોઈપણ પ્રકારે થાય તેમ નથી.

પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાં શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રોમાં તેત્રીશમાં વર્ષનો પત્ર ઉપયોગ લક્ષણે સનાતન સ્ફૂરિતનો જે પત્ર છે, તે વાંચતા સ્પષ્ટીકરણ ઘણું સારું થયું હતું. તીવ્ર અશાતાના ઉદય સમયે વીર્ય વિશેષ જાગૃતપણે હોય છે. તે જ્ઞાનીની સ્થિતિ છે. તે અશાતાનો ન્યાય જે પ્રમાણે અનુભવાયો હતો, તે જ પ્રમાણે શ્રીમદ્જી તથા ગુરુદેવ સ્પષ્ટીકરણ કરતા હતા.

સંપૂર્ણતાએ આત્મા—આત્મા ને આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી ને બીજે ક્યાંય દૃષ્ટિ આપવી ગમતી નથી, છતાં ઉદયના કારણે બધી ક્રિયા થાય પણ છે.

## પૂજ્ય ગુરુદેવનો ઉપકાર ક્યાંથી ભૂલાય?

ગુરુદેવે તો ઉંચામાં ઉંચી વસ્તુ આપી છે. જે કોઈ ન આપે એવી અદ્ભુત ચૈતન્ય નિધિ આપી ગયા છે. જે ચેતના પોતે જ છે. સર્વ આત્મા ચેતના સ્વરૂપે છે, પોતે નજર કરીને જુવે તો હાજરા હજુર જ્ઞાયકદેવ દેખાય એવું જ્ઞાયક દેવનું સ્વરૂપ ગુરુદેવે પોતાના અનોખા શ્રુતજ્ઞાન વડે ઝીણવટથી સ્પષ્ટ રૂપે સમજાવ્યું છે. એવો જ્ઞાયક દેવનો માર્ગ ચોખ્ખો કરીને ભક્તો ઉપર અપાર ઉપકાર કરી ગયા છે. જેથી આત્માર્થીઓને સહેલું પડે તેમ છે.

પૂજ્ય ગુરુદેવનો જન્મ ચૈતન્ય આત્માની ચમત્કૃતિ બતાવવા માટે છે. દેહથી ભિન્ન જાજવલ્યમાન જ્યોતિ સ્વરૂપ વર્તમાનમાં બિરાજી રહ્યો છે. તેનો ધ્વજ ફરકાવવા માટે જન્મ થયો છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવ વ્યાખ્યાનમાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, શ્રી ધવલરાજ, અષ્ટપાહુડ, પંચાધ્યાયી, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગ પ્રકાશક, સમાધિશતક, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, પદ્મનંદી વગેરે દિગંબર આચાર્યોના શાસ્ત્રો વાંચે છે ને તેમાંથી એવું સરસ સમજાવે છે. ને આચાર્યોના હૃદય બતાવે છે. તે વાત જ્યારે સમજણમાં આવે છે ત્યારે એવું લાગે છે કે આચાર્ય ભગવંતોએ કેવો સરસ ચોખ્ખો માર્ગ બતાવ્યો છે. એકદમ જડ ચૈતન્ય જુદા અને એકદમ ભેદજ્ઞાનની વાત ચોખ્ખી દીવા જેવી બતાવી છે. જો કે અત્યારે આ કાળે તો પૂજ્ય ગુરુદેવે તીર્થંકરોનો માર્ગ એકદમ ચોખ્ખો બતાવ્યો છે. જરા પણ ભેળસેળ વગરનો એકદમ ચોખ્ખો ભેદજ્ઞાનનો માર્ગ પૂ. ગુરુદેવ અત્યારે બતાવી રહ્યા છે. અત્યારના જીવોના ઘણા સદ્ભાગ્ય છે કે આવી ભેદજ્ઞાનની ચોખ્ખી દીવા જેવી વાત પ્રત્યક્ષ સાંભળવા મળે છે. પૂ. ગુરુદેવના પરમ પ્રતાપે ઘણા જીવો અત્યારે આ કાળે મુક્તિ પામવાની લાયકાત પ્રગટ કરી લેશે.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે. જે ભવનો અંત સાક્ષાત્ તીર્થંકરદેવની સમીપે ન આવ્યો તે ભવનો અંત એકદમ નજીકમાં ભવનો અંત જેમના પ્રતાપે થયો તે પરમ કૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત—અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો.....

સાક્ષાત્ તીર્થંકરદેવની સમીપે ભવનો અંત ન આવ્યો, તેમાં આ આત્માની જ લાયકાત નહોતી, તેમાં પોતાનું જ કારણ હતું. સાક્ષાત્ તીર્થંકરદેવ તો સાક્ષાત્ મોક્ષ પમાડવાના પરમ પરમ નિમિત્ત છે, તેમના સાક્ષાત્ યોગમાં જીવ ન સમજ્યો, તેમાં પોતાની જ ખામી છે.

ભેદજ્ઞાન થયા પછી એમ થાય કે હું પોતે જ જ્ઞાયક આત્મા છું, મારો જ્ઞાયક, હું સુખથી ભરેલો છું. મારામાં જ સુખ છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મારામાંથી જ સુખ પ્રગટે છે. જ્ઞાયકમાં જ લીન રહેવાથી સુખ અને શાંતિ લાગે છે. જ્ઞાયક સિવાય બીજા વિકલ્પોમાં જરાપણ સુખ ભાસતું નથી, દુઃખ જ લાગે છે.

જેમાં સુખ ન હોય તેમાં સુખ ક્યાંથી ભાસે? જેમ જેમ જ્ઞાયકમાં લીન થવાય છે, તેમ તેમ જ્ઞાયકની તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની તીવ્રતા તે જ રુચિકર લાગે છે. વ્યાખ્યાન પછી સવારે મંદિરમાં બેસીએ છીએ ત્યારે તો જ્ઞાયકમાં લીન એકદમ થઈ જવાય છે.

વ્યાખ્યાનમાંથી પૂ. ગુરુદેવ પાસેથી ચૈતન્ય આનંદનું ઘોલન સાંભળીને સવારે મંદિરમાં બેસીએ છીએ, ત્યારે ધ્યાનમાં એકદમ લીન થઈ જવાય છે. શ્રી જિનેન્દ્રદેવની ધ્યાનસ્થ મુદ્રાની છત્ર છાયામાં આ આત્મા પણ ચૈતન્ય સ્વરૂપમાં એકદમ લીન થઈ જાય છે.

卐 卐 卐

વાસ્તવિક રૂચિ તેને કહેવાય કે જે અનંતગુણો સહિત પ્રગટે છે. અભેદના લક્ષે પ્રગટેલી રૂચિ અભેદતા લેતી જ પ્રગટે છે. તે સ્વરૂપનું કોઈ અદ્ભૂત અપૂર્વ માહાત્મ્ય આવે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# પૂજ્ય બેન શાન્તાબેનના જીવનની કથા

શાન્તાબેનનો જન્મ મોસાળમાં ઢસા ઢોલરવા (અમરેલીની બાજુમાં) ગામે વિ.સં. ૧૯૬૬ માં (ઈ.સ. ૧૯૧૦) ફાગણ સુદ ૧૧ ના શુભ દિને પિતાશ્રી મણીલાલભાઈ તથા માતુશ્રી દિવાળીબાને ત્યાં થયો હતો. ખારા પરિવારમાં આ દીપક પ્રકાશતા કૂળ ધન્ય બન્યું. ભાઈ–બહેનોમાં સૌથી મોટા શાન્તાબેન હતા. તેમને ચાર બેનો તથા એક ભાઈ મુકુંદભાઈ છે. બેનોમાં (૧) શાન્તાબેન (૨) કાન્તાબેન (૩) મંજુલાબેન (૪) સવિતાબેન (૫) લાભુબેન.

નાનપણથી જ તેમનું જીવન વૈરાગ્યમય અને આદર્શ હતું.

પૂજ્ય બેન દેખાવમાં એકદમ રૂપવાન, તેજસ્વી, વીર્યવાન, સૌમ્યમુદ્રા અને વાત્સલ્યયુક્ત હતા. બાળપણથી જ તેઓશ્રી વિચારશીલ અને જે કાર્ય કરે તે વ્યવસ્થિત જ કરતાં. જે કામ કરવા પોતે ધારે તે કામ પૂર્ણ કરે ત્યારે જ જંપીને રહે, એવી તેમની તીવ્ર લગની હતી. બાળપણથી જ વૈરાગી હતા અને તીક્ષ્ણબુદ્ધિ હોવાથી પૂજ્ય બેનના પ્રત્યે કુટુંબીજનોને ખૂબ જ માન હતું. નાની વય હોવા છતાં બધા તેમની સલાહ લઈને જ કાર્ય કરતા અને તેઓના પિતાશ્રીને તો પૂજ્ય બેન પ્રત્યે અથાગ પ્રેમ હતો. જેથી વહાલથી 'બેન' એવું સંબોધન કરીને જ બોલાવતા.

પૂજ્ય બેને કલકત્તામાં પાંચમી સુધી અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી મૂળ ગામ અમરેલીમાં રહ્યા. તેઓને નાનપણથી જ ધાર્મિક રુચિ વિશેષ હતી, તેથી નિયમિત ઉપાશ્રયમાં જતા હતા અને સામાયિક, પ્રતિક્રમણ કરાવતા અને શાસ્ત્રનો અભ્યાસ કરતા. તીક્ષ્ણ બુદ્ધિ હોવાને કારણે હજારો શ્લોક કંઠસ્થ કરતા. એક જ વખત વાંચે ત્યાં જ કંઠસ્થ થઈ જતા હતા. પોતે ભક્તિના તથા વૈરાગ્યના ભજનો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બનાવી–બનાવીને ગાતા હતા. કંઠ એકદમ મીઠો અને મધુર હોવાથી બધા તેમની પાસે ગવરાવતા હતા, ભરતગૂંથણ તથા મોતીના તોરણો બનાવવામાં નિપૂણ હતા.

વ્રત–તપ નિયમમાં સંયમી હતા, ઉપવાસ, એકાસણા પોતે કરતા અને કરાવવામાં અનુમોદના પણ વાત્સલ્યપૂર્વક આપતા, ઉપવાસને દિવસે આરંભ–પરિગ્રહનો ત્યાગ કરી ઉપાશ્રયમાં વીતાવતા હતા. સાધર્મીઓ સાથે વાંચન મનન–ભક્તિ સહિત સમય ગાળતા. બીજે દિવસે સાધર્મીઓને પારણા કરાવવાનો ઘણો જ પ્રેમ ધરાવતા. તેમજ બધાને પોતાના ઘરે બોલાવીને પારણા કરાવતા. પૂજ્ય બેન નાનપણથી જ વાત્સલ્યની મૂર્તિ હતા.

## ૧૬ વરસની વયે દીક્ષાની ભાવના

પૂજ્ય બેનને વૈરાગ્ય તથા ત્યાગના અને બ્રહ્મચર્યથી રહેવાના ભાવ ઉત્કૃષ્ટપણે હતા કે મન–વચન–કાયાથી અખંડ જળવાઈ રહે તેની નિરંતર ચિંતા રહ્યા કરતી. જેમ આત્મ પ્રાપ્તિનું વેદન રહેતું તેવું જ બ્રહ્મચર્ય અખંડ રહે તેવું વેદન રહેતું અને દીક્ષા લેવાની ભાવના નાનપણથી જ હતી.

પૂજ્ય બેને માતા–પિતાજીને કહ્યું કે પિતાજી! હવે આ ભવમાં એવું કાર્ય કરવું છે કે આ ભવમાં કોઈ કર્મનો ઉદય આવો આવશે જ નહિ, તમે મારી ચિંતા કોઈપણ પ્રકારથી કરશો નહિ. મને અંદરથી એવા ભણકારા આવતા હતા કે મારે તો મારા આત્માનું કલ્યાણ કરવું છે. હું સ્વતંત્રપણે રહી મારા આત્માનું હિત કરવાની છું, હું તો કોઈ જુદી જ રીતે જીવન વીતાવવાની છું. એ સમયે પૂજ્ય ગુરુદેવ પણ મળ્યા ન હતા. બાપુજીને કહ્યું કે તમે મારી કોઈપણ પ્રકારની ચિંતા ન કરો, ‘‘હું બધી રીતે વર્દ્ધમાન રહેવાની છું.’’

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



મારું શરીર રૂપવાન હતું તેનો ડર હતો કે કોઈપણ આપણા પર નજર કરે એવું શરીર શું કામનું? માથે એવી રીતે ઓઢું કે કોઈ મારી સામે જોઈ શકે નહિ. અતિ રૂપ પણ કલંકરૂપ લાગે છે, ઉપસર્ગ રૂપ લાગે છે.

પૂજ્ય ગુરુદેવના દર્શન કરવાની ઝંખના ઘણી જ હતી, પિતાજીએ સંપ્રદાયમાં પણ ગુરુ તરીકે કાનજીસ્વામીને જ સ્વીકાર્યા હતા, જેથી પિતાશ્રીને વિચાર આવ્યો કે બેન દીક્ષા લેવાનું બહુ કહે છે તો આપણે બધા કાનજીસ્વામીના દર્શન કરવા જઈએ. પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ ત્યારે ગઢડા ગામમાં હતું, ત્યારે કુટુંબના પોણોસો જેટલા માણસો સહિત દર્શન કરવા ગયા.

સંવત ૧૯૮૧ (ઈ.સ. 1925) ની સાલમાં ગુરુદેવના દર્શન સૌ પ્રથમ કર્યા ત્યારે પૂ. બેનની ઉંમર ૧૬ વરસની હતી, દર્શન કરતાં એમ થયું કે 'આ કોઈ મહાપુરુષ જેવા લાગે છે, આ મહાપુરુષના દર્શન કરતાં બહુમાન આવ્યું કે આ પુરુષનો જાણે કોઈ પૂર્વનો પરિચય ન હોય? તેમ હૃદયમાં થયા કરતું. તેમના પ્રત્યે બહુમાન ઘણું આવતું હતું અને ત્યાર પછી સ્વપ્નમાં પણ ઘણીવાર આવતા. આ કોઈ પરમેશ્વર સ્વરૂપે છે કે શું? એમ થયા કરતું—'આ ગુરુથી જ મારું હિત થાશે એવો ભાવ થયો.' અ.....હો......હો! આ તો કોઈ મહાપુરુષ કોઈ ગજબ છે, અને એમની વાણીમાં સૌ પ્રથમ આવ્યું કે ''આત્મા મન—વાણી—દેહથી પેલે પાર છે.'' પહેલીવાર સાંભળ્યું કે આત્મા પેલે પાર છે. અને બીજું એમ કહેતાં કે ''જેમ પહાડમાં વીજળી પડે અને બે ટુકડા થઈ જાય તે ભેગા ન થાય—સંધાય નહિ. તેમ આત્મામાં ભેદજ્ઞાન—પ્રજ્ઞારૂપી વીજળી પડતાં પરથી જુદો પડ્યો તે હવે ફરીથી પર સાથે એકત્વબુદ્ધિથી એકમેક થઈ જતો નથી. આવી વાત સાંભળીને અંતરમાં ઘણો જ ઉલ્લાસ આવતો, અને હૃદય ઉછળી જતું કે આવો આત્મા ક્યાં હશે? આવું

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પહેલીવાર સાંભળતા એવી નવાઈ લાગી કે આવી વાત તો કોઈ કરતું જ નથી. આ મહાપુરુષના ચહેરા પર એવું તેજ તથા પુણ્ય ઝળકે છે કે આહાહા! એમની વાણી એવી મીઠી ને મધુરી લાગે છે જેવી શેરડી.....

પૂજ્ય ગુરુદેવ મૂળ પ્રયોજનભૂત જે કહેતાં તે હું ગ્રહણ કરતી, તે ગ્રહણ કરી આખું વ્યાખ્યાન લખી લઉં અને તેમાંથી વિચાર કરવા પૂરતું અને આત્માના લક્ષ કરવા પૂરતું જુદું લખી લઉં, પૂજ્ય ગુરુદેવ કહેતાં કે બંને જુદા પડી જાય તે વાણી બહુ ગમતી. કહેતા કે આત્મા મનથી–વચનથી–કાયાથી પેલે પાર છે, ત્યારે જ્ઞાન ચક્ષુ ન હતું. એટલે થાય કે મનથી–વચનથી–કાયાથી પેલે પાર છે. તેવા આત્માને મારે જોવો છે. અને તેનો જ પ્રયત્ન કરવો છે. પૂજ્ય ગુરુદેવ બહુ કહેતાં કે મન–વચન–કાયામાં શુદ્ધાત્મા નથી તે બહુ ગમતું હતું.

પિતાજીને કહ્યું કે હવે હું બીજા કોઈનું વ્યાખ્યાન નહિ સાંભળું, જ્યાં કાનજી મહારાજનું ચોમાસુ હશે ત્યાં જ સાંભળવા જઈશ. પિતાજીએ કહ્યું કે ભલે તમને જેમ ઠીક લાગે તેમ કરજો. ત્યાર પછી દરેક ચોમાસામાં જવા લાગ્યા. પૂજ્ય ગુરુદેવના ચોમાસા જ્યાં હોય ત્યાં જઈએ બાકી તો પછી ક્યાંય જવાય નહિ.

સંવત ૧૯૮૨(ઈ.સ. **1926**) માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ વઢવાણ શહેરમાં હોવાથી તેઓશ્રીની ઘણી જ ભાવના હતી, પણ જઈ શકાયું નહિ હોવાથી મનમાં ક્ષોભ રહ્યા કરતો.

સંવત ૧૯૮૩(ઈ.સ. **1927**) માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ દામનગરમાં હતું. ત્યાં જવાની ભાવના ઘણી જ હતી તેથી તેઓના પિતાશ્રી દામનગર મૂકી ગયા. દામનગરમાં ત્રણ મહિના પૂજ્ય ગુરુદેવની વાણીનો લાભ મળ્યો. પહેલ વેલા વાણી સાંભળવાના લાભથી ઘણો જ પોતાને લાભ થયો.

સંવત ૧૯૮૪(ઈ.સ. **1928**) માં શેષકાળ માટે (૧ માસ)

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવ અમરેલી પધાર્યા—પોતાના ગામે પધાર્યા એટલે આનંદ હૃદયમાં સમાતો ન હતો. ત્યાં લાયબ્રેરીમાં દિગંબરના શાસ્ત્રો હોવાથી વારંવાર ગુરુદેવ પધારતા. તેઓશ્રીને દિગંબર શાસ્ત્રો વાંચવાની ઘણી જ ધૂન હતી અને તેમાંથી વ્યાખ્યાન પણ આત્માના ભેદજ્ઞાનરૂપે જ આપતા. ત્યારે પૂજ્ય બેનને તો ભેદજ્ઞાનની વાત સાંભળતાં ચૈતન્ય આખો ઉછળી જતો—અનંત ગુણો ઉછળી જતા, એવો ઉલ્લાસ આવતો. અમરેલીથી ચાતુર્માસ કરવા માટે પૂજ્ય ગુરુદેવ રાણપુર પધાર્યા. ત્યારે પૂજ્ય ગુરુદેવ દીક્ષા માટે એટલો પ્રહાર કરતા કે દીક્ષાનું આવું સ્વરૂપ છે, તે બધું પ્રવચનમાં સાંભળ્યું. ત્યાર પછી મારી બાની તબિયત નરમ થઈ જવાથી મને અમરેલી બોલાવી.

પૂજ્ય બેનના પિતાશ્રીએ ગુરુદેવને કહ્યું કે હે ગુરુદેવ! બેનને દીક્ષા લેવી છે, તો આપ સમજાવો. દીક્ષા લેવાની ઘણી જ તૈયારીમાં છે, તેમની બા તો રડે છે, ઘરમાં પાત્રા પણ આવી ગયા છે.

પૂજ્ય ગુરુદેવે ઘણી જ કરુણાથી દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું કે ‘‘આત્માના અનુભવ સિવાય જીવનની ધન્યતા થતી નથી.’’ અનુભવ સિવાય દીક્ષાર્થી જીવન સાર્થક થતું નથી વગેરે ઘણું ઘણું કહ્યું. તે સાંભળીને મનનો પલટો થયો અને બે હાથ જોડીને કહ્યું કે પ્રભુ! હવે મારે દીક્ષા નથી લેવી આપે જે ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું તેવું ભેદજ્ઞાન શીઘ્ર પ્રાપ્ત કરવું છે.

તે સમયે પૂજ્ય ગુરુદેવ અમરેલી પધાર્યા હતા, ત્યારે ગુરુદેવે મને કહ્યું કે કેમ બેન! હવે દીક્ષા લેવી છે ને? મેં કહ્યું ના સાહેબ હવે દીક્ષા નથી લેવી. ગુરુદેવે કહ્યું કે મણિભાઈ (બાપજી) ખાનગીમાં કહી ગયા હતા કે શાન્તાબેન દીક્ષા—દીક્ષા લેવાનું કહે છે, ત્યારે (ગુરુદેવ) મેં કહ્યું કે તમે ચિંતા કરો નહીં, ચોમાસું પૂરું થવા દ્યો પછી કહે તો મને કહેજો. પૂજ્ય બેન કહે સાહેબ! આપ જે કહો છો તે સત્ય જ હોય. મેં દીક્ષાની પૂરી તૈયારી કરી હતી, શાસ્ત્ર પણ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



લઈ લીધા હતા. હાથના લખેલા આચારાંગ–સુયગડાંગ આ બે શાસ્ત્રમાં આત્માની વાત આવતી હતી એટલે તે બે લીધા હતા. એટલે મારી બાને એમ થયું કે બેન દીક્ષા લેશે જ, જેથી બા બહુ જ રુદન કરતા હતા.

ગુરુદેવ મળ્યા એટલે મેં બાને કહ્યું કે બા! તમે ચિંતા કરશો નહીં મારે હવે દીક્ષા લેવી નથી. પરંતુ કાનજીસ્વામીનું જ્યાં ચોમાસુ હોય ત્યાં મને ચાર મહિના મોકલશો? ત્યારે બા કહે 'બેન' જેમ તું કહે તેમ, તું જે માગે તે બધું આપું પણ તું દીક્ષા નહીં લેતી. મેં (પૂ. બેને) બાને કહ્યું કે ગુરુદેવે ઘણું જ સમજાવ્યું છે, હવે મારે દીક્ષા લેવી નથી. મારે તો આત્માને ઓળખવો છે.

પૂજ્ય ગુરુદેવે સમજાવ્યું કે દીક્ષામાં સાર નથી, પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ પછી દીક્ષા લેવાય. ત્યારે એમ થયું કે મને તો સમ્યગ્દર્શ નથી એટલે દીક્ષા નથી લેવી. ત્યારે બાનું ચિત્ત એવું શાંત થઈ ગયું. ત્યારથી ગુરુદેવ સાથે ચોમાસા કરવા મારા માસીબાને સાથે મોકલતા હતા. સાથે સાથે ત્યાગ વૈરાગ્યની ભાવના બહુ રહેતી હતી. પૂર્વના સંસ્કાર પણ હતા.

સંવત ૧૯૮૫ માં (ઈ.સ. ૧૯૨૯) લાઠીમાં ચાતુર્માસ થયું. ત્યાં પણ પૂજ્ય બેને લાભ લીધો અને પુરુષાર્થમાં વૃદ્ધિ થઈ અને મનમાં નિર્ણય કરતા કે પૂજ્ય ગુરુદેવની સાથે સાથે આત્મ સાધના સાધવી છે અને ભવિષ્યમાં આત્મકલ્યાણ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરવું છે. **આવા મહાન સંત પ્રત્યે તેઓશ્રીને ઘણું જ બહુમાન આવતું અને આ જ સાચા સંત છે એવો દૃઢ નિશ્ચય કર્યો હતો.**

આવા સંતની હાજરીમાં જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લેવું છે. **''મારે તો આ ભવમાં જ એવું કાર્ય કરવું છે કે આ સ્ત્રી પર્યાયનો છેદ થઈ જાય.'**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



સંવત ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦) માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ ફરી અમરેલીમાં થયું. ત્યારે નારણભાઈ હોવાથી તત્ત્વની રેલમછેલ ચાલતી હતી. બહારગામથી ઘણા માણસો આવ્યા હતા, તેથી પૂજ્ય ગુરુદેવને ઉલ્લાસ ઘણો હતો અને એવા રસિક તત્ત્વજ્ઞાનથી ભરેલા વ્યાખ્યાન આવે અને વ્યાખ્યાનમાં અધ્યાત્મ પદો પણ ગાઈને બોલતા હતા, તેથી વ્યાખ્યાન સાંભળતા તત્ત્વના રસિકજનો શ્રોતા તો ડોલી ઊઠતા હતા. નારણભાઈ સાથે તત્ત્વની ચર્ચા ચાલતી હોવાથી પૂજ્ય બેનના દિવસો આનંદમય—ધર્મમય જતા.

ત્યાંથી પૂજ્ય ગુરુદેવ વીંછીયા પધાર્યા, ત્યાં પણ પૂજ્ય બેન દર્શન કરવા ગયા હતા. ત્યારે પૂજ્ય બેન ચંપાબેન પણ દર્શન કરવા આવ્યા હતા. **ત્યાં બંને બેનોનું પ્રથમ મિલન થયું,** ત્યારે પૂજ્ય બેનને ચંપાબેનને જોતાં જ તેમનું હૃદય તેમના પ્રત્યે આકર્ષાયું અને જાણે પૂર્વના સંબંધી હોઈએ એવું તેમના પ્રત્યે હૃદય એકતાની માફક ખેંચાયું. એકબીજા સામે ટગટગ જોઈ રહ્યા, પછી વિશેષ પરિચય ન થયો. આ રીતે વીંછીયામાં પૂજ્ય ગુરુદેવ તથા બંને બેનોનો સંગમ થયો અને મહાવિદેહની વિખૂટી પડેલી ત્રિપૂટી અહીં ફરી ભેગી થઈ ગઈ. પૂજ્ય બેનશ્રીએ પૂજ્ય બેનને પહેલાં કોઈવાર જોયા ન હતા, ત્યારે વાંકાનેરમાં સ્વપ્નમાં પૂજ્ય બેનને જોયા, તેમાં પૂજ્ય બેન જેવા રૂપાળા.......જેવો ચહેરો.....જેવો પહેરવેશ હતો તેવા જ દેખ્યા.......પૂર્વ પ્રેમને લીધે આ પ્રકારની કુદરતી આગાહી આવી ને પછી તુરત જ મિલન થઈ ગયું. ત્યારે બેનશ્રી બોલ્યા કે **મેં સ્વપ્નમાં તમને આવા જ દેખ્યા હતા.**

**પૂજ્ય ગુરુદેવે પૂજ્ય બેનને (શાન્તાબેનને)** બોલાવી કૃપાદૃષ્ટિથી કહ્યું કે તમારે આ ચંપાબેનનો પરિચય કરવા જેવો છે. આવા આદેશથી પૂજ્ય બેનને પૂર્વભવની પ્રીતિ અને પોતાના

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આત્માની તૈયારી.........પછી શું ખામી રહે!! અને હર્ષ–ઉમંગથી પરિચય શરૂ કર્યો. બંને સખી જાણે મળી હોય તેમ અંતરની વાતો એકબીજાએ શરૂ કરી. પૂજ્ય ચંપાબેન કહેતાં કે મને પણ એમ વિચાર આવતો હતો કે હું પણ પૂજ્ય ગુરુદેવના ચોમાસામાં રહીને ત્યાં શાન્તાબેનનનો સહવાસ કરીશ. આ રીતે પૂજ્ય ચંપાબેનને પણ પૂજ્ય બેન (શાન્તાબેન) પ્રત્યે ઘણી કૃપા હતી આમ સહવાસ કર્યો.

સંવત ૧૯૮૭ (ઈ.સ. ૧૯૩૧) માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ પોરબંદરમાં થયું હતું. ત્યાં પણ પૂજ્ય બેન ગયા. ત્યાં ગુરુદેવની વાણીમાં આવ્યું કે ભેદજ્ઞાન–સમ્યગ્દર્શન વગર બધું જ નકામું છે. આવી પહેલેથી જ પુરુષાર્થ પ્રેરક પૂજ્ય ગુરુદેવની વાણી હતી અને સમ્યગ્દર્શન ઉપર પહેલેથી જ વજન દેતા.

સંવત ૧૯૮૮ (ઈ.સ. ૧૯૩૨) માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ જામનગરમાં થયું ત્યાં પણ પૂજ્ય બેન ગયેલા. મહારાજ સાહેબના પ્રવચન અપૂર્વ આવતા હતા. પોતાને તીવ્ર આત્મ પ્રાપ્તિની ઝંખના હોવાથી નીંદર પણ ન આવતી, ખાવા–પીવામાંથી પણ રસ ઊડી ગયો અને એક જ લગની કે ક્યારે હું આત્માનું અસલી સ્વરૂપ પામું. અને આવા 'ગુરુ' મળ્યા છે તેનાથી જ મારા આત્માનું હિત થાશે જ એવી નિઃશંકતા આવી ગઈ.

## સં. ૧૯૮૯ (ઈ.સ. ૧૯૩૩) રાજકોટ = ચાતુર્માસમાં પૂજ્ય શ્રી ગુરુસાહેબના કહેલા ન્યાય :

## તે પૂજ્ય શાન્તાબેનના ઝીલેલા ન્યાય :—

જે કાંઈ પણ કાર્ય આત્માના હિતના હેતુથી થાય, તે લાભ છે. અને આત્માના હિતના હેતુ સિવાયના જે કાંઈ પણ કાર્ય થાય તે સ્વચ્છંદ છે. અનાદિ કાળથી જીવ ચઢવા ધારે છે, છતાં પણ ચઢી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



શકતો નથી. તેનું કારણ એ છે કે "હું કાંઈ છું" તેમ ગમે તે પ્રકારે પણ "હું કાંઈક છું" તેવો અભિપ્રાય તે "સ્વચ્છંદ" છે. તે સ્વચ્છંદને મુખ્ય કરીને પોતે ચઢવા ધારે છે, તેથી તે આગળ વધી શકતો નથી.

ચૈતન્યની જેટલી કિંમત છે તેટલી કિંમત લક્ષમાં આવ્યા વગર જેવો જોઈએ તેવો પુરુષાર્થ ઉપડતો નથી.

પુરુષાર્થ ન ઉપડે ત્યારે એમ વિચારવું કે મને કેમ પુરુષાર્થ ઉપડતો નથી, કેમ મને હજી પૂરતી કિંમત લાગતી નથી, એમ વિચારતાં પૂરતી કિંમત જણાય જાય. પ્રથમથી જ પુરુષાર્થ ઉપાડતાં પ્રમાદ આવે ને પુરુષાર્થ પાછો ફરે ત્યારે ફરી પુરુષાર્થ કરવો ને પાછો પ્રમાદ આવે તો ફરી પુરુષાર્થ કરવો. તેમ ફરી ફરી પુરુષાર્થ કર્યે જ રાખવો તો અવશ્ય કાર્ય આવે જ.

સંવત ૧૯૮૯ (ઈ.સ. ૧૯૩૩) માં રાજકોટ શહેરમાં ચાતુર્માસ હતું. ત્યારે એક આશ્ચર્યકારી બનાવ બન્યો કે પૂજ્ય ચંપાબેન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પધાર્યા. ત્યારે તેમને દેખીને પૂજ્ય બેનને થયું કે પૂજ્ય ગુરુદેવના ટૂંકા પરિચયમાં પણ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું. અહો ધન્ય દશા!

**પૂજ્ય બેન શાન્તાબેનના પુરુષાર્થ બાબત પૂજ્ય બેનશ્રી ચંપાબેન એમ કહેતા કે આ બેનની તો ભક્તિ અને અર્પણતા ઘણી. એમનો તો પુરુષાર્થ એવો હતો કે હું જે ન્યાય કહું તે ઝીલીને તે પ્રકારે તેમનો આત્મા પરિણમી જાય. હું જેમ કહું તેમ તેમની પર્યાય એ રૂપે પરિણમી જાય. એમને જોઈએ તો મને આશ્ચર્ય થતું કે આ કેવો પાત્ર જીવ છે કે જેમ કહ્યું કે તરત તે ભાવરૂપે પરિણમી જાય છે!**

**ધન્ય આ પરિણમાવનાર.....ધન્ય આ પરિણમનાર.......**

**"પૂજ્ય બેનને જેમ કહીએ છીએ તેમ તેમનું દ્રવ્ય પરિણમે છે. તેટલી તેમનામાં લાયકાત, નરમાશ અને પાત્રતા**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**છે....''** તેથી તેઓ અનુભવનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ રહસ્ય આપતા સ્વસન્મુખ વિચારધારામાં પ્રોત્સાહન આપતા અને માર્ગ સુગમ કરી દેતા. પૂજ્ય ચંપાબેનના સાન્નિધ્યમાં પૂજ્ય બેનનો પુરુષાર્થ, આત્મા પ્રત્યેની લગની, જોરદાર વૃદ્ધિ પામી કે ક્યાંય ચેન પડતું નહિ. ખાવા–પીવામાં ઉદાસીનતા વર્તતી. ઊંઘ આવે નહિ અને એકાંતમાં બેસી ત્રણ–ત્રણ કલાક સુધી આત્માની શોધખોળ કર્યા કરે. કોઈ વખત તેઓશ્રીના માતુશ્રી આવતા તો પણ સામું ન જુએ. ''ત્યારે તેમના માતુશ્રી કહેતા કે બેન! તમને શું થઈ ગયું છે કે અમારી સામે પણ જોતા નથી, એમ કહીને તેઓ રડી પડતા.'' પૂજ્ય બેન એટલો જ જવાબ આપતા કે ''મને મારું કરવા દ્યો.''

એકવાર શ્રીમદ્ રાજચંદ્રજીનું શાસ્ત્ર વાંચતા વાંચતા એવો વિચાર આવ્યો કે આ શાસ્ત્રમાં કહ્યું છે તે રૂપે મારી પરિણતી ક્યારે પરિણમે? ત્યારે શોધખોળ અંતરંગમાં કરતા અને વાંચન ત્યાં જ અટકી જાય. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાં જ્યાં ક્ષમાનું સ્વરૂપ આવે કે સમતાનું સ્વરૂપ આવે કે સાચી ક્ષમા અને સમતા તો આત્માનો સ્વભાવ છે. તે વાત તો એવી મીઠી લાગે કે આવા સ્વભાવરૂપે મારી પરિણતી ક્યારે થાય? મારે તો એવો ક્ષમા સ્વભાવ જોઈએ છે. આ ઉપર–ઉપરથી ક્ષમા કે શુભભાવરૂપી ક્ષમાના ભાવથી મને સંતોષ નથી થતો. તે સ્વભાવભાવ પ્રગટ કરવા માટે તો એટલું બધું વેદન થતું કે જેનું વર્ણન થઈ શકે નહિ. **''એ તો વેદનાર પોતે જ જાણે.''** આત્માના વેદન આગળ કાંઈ જ ગમતું નથી.

સંવત ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪) માં ચાતુર્માસ રાજકોટ સદરમાં હતું. ત્યાં પૂજ્ય બેનશ્રી તથા પૂજ્ય બેન ગયેલા. તે સમયે પૂજ્ય ગુરુદેવ એક જ વખત પ્રવચન કરતા હોવાથી નિવૃત્તિ ઘણી મળતી હોવાથી સવારનાં એકાંતમાં વાંચન કરતા હતા.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂજ્ય ગુરુદેવના પ્રવચનો ચાલતા હતા, ત્યારે પૂ. બેન કહેતા કે બુદ્ધિ ધારણાની હતી, એટલે ઘરે આવીને રાત્રે આખું પ્રવચન ધારેલું બધું—બધા સાથે ચર્ચા કરતા, તો શબ્દે શબ્દ બોલી જતી. એ સમયે ધારણાની લગની હતી. પછી પૂજ્ય ગુરુદેવ વાંચતા તે ભાવો આ આત્મા સાથે મેળવવા પ્રયત્ન ચાલતો. પૂજ્ય ગુરુદેવ જે સ્વરૂપ બતાવે છે, તે આ ચૈતન્ય સાથે મેળવવાનો પ્રયત્ન થાય એટલે ધારણાની બુદ્ધિ છૂટી ગઈ અને આચાર્યદેવ કહે છે તે રૂપ આત્માની બુદ્ધિ મેળવવાની થઈ ગઈ. ગુરુદેવ કહેતા હોય શાસ્ત્રના આધારે શાસ્ત્ર સામું હોય ત્યારે ગુરુદેવ શું ભાવ બતાવે છે, શાસ્ત્રમાં શું કહી ગયા છે, તે પ્રમાણે આત્માની સાથે મેળવી લઈએ, તે મેળવવાની બુદ્ધિ મુખ્યપણે રહેતી અને બીજું ગૌણ થઈ જતું, મુખ્યપણે આ ચૈતન્ય પરિણતી છે એ પરિણતી સાથે આચાર્યદેવની વાત તથા ગુરુદેવની વાત કઈ રીતે મળે છે તે વાત મુખ્યતારૂપ થઈ ગઈ. તે મુખ્યતા તો કરવા જેવી છે.

આવી વાણી સાંભળીને મને આવું ભેદજ્ઞાન ક્યારે પ્રાપ્ત થાય એવી ઝંખના થયા કરતી અને ભેદજ્ઞાન પ્રાપ્ત કરવા માટે અંતરમાં મંથન ચાલ્યા કરતું હતું.

વર્તમાનમાં જે ચૈતન્ય પરિણતી પરિણમી રહી છે તે ચેતનારૂપ પરિણતીને વર્તમાન કહે છે.

પ્રવચનસારમાં પૂજ્ય ગુરુદેવ બહુ ખીલતા હતા, ત્યાર પછી અમે બંને બેનો ઘરે આવીને ચર્ચા કરતા કે ઓ.....હો......હો! પૂજ્ય ગુરુદેવ કેવું સરસ કાઢે છે કે આંખ મીંચીને બોલ્યા જ કરે છે. ત્યારે ધારણા પર દૃષ્ટિ નહિ, પરંતુ આ આત્મા સાથે મેળવવાની દૃષ્ટિ અને પછી તો ધારણા તરફની અપેક્ષા જ છૂટી ગઈ. આત્મા સાથે મેળવવાની દૃષ્ટિ વધી ગઈ. ધારણાની અપેક્ષા ઓછી થઈ ગઈ અને ઓછી થઈ જવી જ જોઈએ. એક આત્માની જ મુખ્યતા થવી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જોઈએ. પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે આચાર્યદેવ અનુભવમાં કલમ બોળી બોળીને લખે છે, તેમ આ અમૃતચંદ્ર આચાર્યદેવે આ ગાથામાં તો કમાલ કરી છે.

બધા પદાર્થની વચ્ચે એક ઊંચામાં ઊંચું તત્ત્વ છે, પણ તે તત્ત્વ પકડાય ત્યારે કે તે તત્ત્વને પકડવાની અંદર એક સમજણની રીત છે. તે સમજણની રીતિ જો આવડે તો તે તત્ત્વ એવો આત્મા સમજાય તેમ છે.

પંચેન્દ્રિયને મારવાનો અભિપ્રાય જેના હૃદયમાં વર્તતો હોય તે ભૂમિકામાં સારા પરિણામ ક્યાંથી આવે? શ્રી ગુરુસાહેબ કહે છે કે તું છતી વસ્તુને ઉડાડે છે, તે ઉડાડતા ઉડાડતા એવો ટાઈમ આવી જશે કે તું એક તારા આત્માની હયાતી પણ નહિ માને. માટે છતી વસ્તુને દેખીને તું તેનો નકાર કરીશ નહિ.

પૂજ્ય બેનશ્રીના સમાગમથી પણ પુરુષાર્થ વધે તેવી સરસ ચર્ચા થતી હતી. એક વખત બંને બેનો ફરવા જતા હતા ત્યારે પૂજ્ય બેનશ્રીએ રાગ વખતે પણ આત્માને કઈ રીતે દેખવું તેનું દૃષ્ટાંત આપ્યું કે જેમ સ્ફટિકમણિ સ્વભાવથી તો સફેદ જ છે, પરંતુ તેની સામે જાસુદ ફૂલ રાખવાથી તેની લાલાશ દેખાય છે, છતાં પણ તે લાલાશ વખતે સ્ફટિક તો સફેદ જ છે. તે શુદ્ધાત્માને સ્વભાવથી જોઈએ તો શુદ્ધ જ છે, પણ તેમાં થતી રાગ–દ્વેષની પરિણતીને લઈને વર્તમાનમાં અશુદ્ધ દેખાય છે. પરંતુ તેની અશુદ્ધ પરિણતી વખતે તેની સામે ન જોતાં શુદ્ધ ચૈતન્ય તરફ દૃષ્ટિ દેતાં શુદ્ધાત્મા શુદ્ધ જ દેખાય છે. આવી ચર્ચાથી મારી વિચાર શ્રેણી જોરશોરથી ચાલવા લાગી ત્યારે આત્માનો નિર્ણય થયો–એવો નિર્ણય થયો કે અમુક સમયમાં નિર્વિકલ્પ અનુભવ થાય.

તે દિવસે પૂજ્ય ચંપાબેને મને કહ્યું કે આ રીતે વિચાર કરો– આત્માનો અમુક વિચાર કરવાનું કહ્યું હતું, તે ઉપર વિચાર કરતાં

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કરતાં અંદરથી–આત્મ સ્પર્શી નિર્ણય થયો. આ ચાલુ જીવોને જે નિર્ણય છે, તેવો નહિ પણ જુદી જ જાતનો નિર્ણય થયો. ત્યાર પછી તો હજી પ્રયત્ન ઘણો જ કરવાનો બાકી છે. ''મારે આમ કરવાનું છે, આ વસ્તુ પકડવાની છે.''—એ નિર્ણય થતાં તો એવો આનંદ આહ્લાદ થયો અને હું તો નાચી ઊઠી. સિદ્ધ શું? મુનિરાજ શું? મહારાજ સાહેબ? બેન શું? તે બધી ત્યારે ખબર પડી. ત્યાં સુધી તો ઉપરનું હતું, અને ખરી ખબર પડી ત્યારે બહુ આનંદ થયો.

સિદ્ધના સુખની આજે ખબર પડી. અહો! તે વખતે તો અંદરથી આત્મા ઉલ્લસી જતો હતો. ''આ હું'' એવો અંદરથી નિર્ણય થયો. **હજી નિર્વિકલ્પ વેદનનો પ્રયત્ન તો બાકી હતો.** આ પછી નિર્વિકલ્પ અનુભવને માટે અંદરનો ઘણો જ પ્રયત્ન કરવાનો હોય છે. અંદરથી નિર્ણય આવ્યો તે એવો કે જરૂર હવે સમ્યગ્દર્શન થવાનું જ છે–માટે તેને ''કારણ'' કહ્યું. આવો નિર્ણય થતાં પોતાને ખબર પડે–તે હવે અલ્પકાળમાં સમ્યગ્દર્શન થવાનું જ. છતાં તેને હજી ઘણો તીવ્ર પુરુષાર્થ કરવાનો હોય છે. કોઈને નિર્ણય થયા પછી તરત અનુભવ થઈ જાય, કોઈને અમુક ટાઈમ લાગે છે. પણ આ નિર્ણય એવો કે અમુક કાળમાં સમ્યગ્દર્શન જરૂર થાય જ. પણ તેના માટે અંતરમાં ઘણો જ પ્રયત્ન કરવો પડે છે. નિર્ણયના પ્રયત્ન કરતાં પણ નિર્વિકલ્પ અનુભવનો પ્રયત્ન તો જુદો અપૂર્વ છે. **સાંજે લગભગ ચારેક વાગે રાગ–દ્વેષની પરિણતીથી જુદો શુદ્ધ ચૈતન્ય એકદમ લક્ષમાં આવ્યો કે ''અહ્ય! આ શુદ્ધ ચૈતન્ય હું પોતે જ છું.'' એમ આખો આત્મા પ્રતીતિમાં આવ્યો, શુદ્ધ આત્મા અને રાગ–દ્વેષના ભાવોનું ભિન્નપણું એકદમ થઈ ગયું. આ હું આત્મા છું જેનું વેદન અત્યાર સુધી થતું ન હતું ને આત્મા આત્મારૂપે ખ્યાલમાં આવતો નહોતો તે આત્મા ખ્યાલમાં આવ્યો. અત્યાર સુધી દેહ ને આત્મા એકપણામા**

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



**અંધારું જ દેખાતું હતું તે આ આત્મા ખ્યાલમાં આવતાં ''એકદમ ચૈતન્ય જ્યોત પ્રગટ થઈ.''** ઉપયોગની દશા ઉલટપલટ થઈ ગઈ, અજ્ઞાનીની દશા ને આ જ્ઞાનની દશામાં અંતરમાં એકદમ પલટો થઈ ગયો. કેવળજ્ઞાનીનું સ્વરૂપ સમજાયું, મુનિઓનું સ્વરૂપ જણાણું, ગુરુદેવનું સ્વરૂપ જણાણું.

અત્યાર સુધી એમ થતું હતું કે નમો અર્હંતાણં બોલીયે છીએ પરંતુ અર્હંતના આત્માનું સ્વરૂપ કેવું હોય તે તો કાંઈ ખબર નથી. તે આ આત્મા લક્ષમાં આવતાં અર્હંતનું પૂર્ણ સ્વરૂપ આવું હોય તેમ બરાબર સમજાણું. **પૂર્ણતાને લક્ષે શરૂઆત જે પૂ. ગુરુદેવ કહે છે તે પણ હવે સમજાણું.** પૂજ્ય ગુરુદેવનો ઘણો ઉપકાર એમ થતું હતું, પણ પૂ. ગુરુદેવનો આત્મા શું કરે છે તે તો સમજાતું નહોતું, તે હવે સમજાણું. અજ્ઞાનતામાં પુરુષાર્થ કરવા જતાં પણ એકદમ અંધાધૂંધી લાગતી હતી. કાંઈ માર્ગ જ દેખાય નહીં, તો હવે આત્માનું સ્વરૂપ લક્ષમાં આવતાં મોક્ષનો માર્ગ એકદમ ચોખ્ખો થઈ ગયો, મોક્ષનો માર્ગ હાથમાં આવી ગયો. મેં બેનશ્રીને કહ્યું કે તમારા આત્માનું સ્વરૂપ મને સમજાણું. તમે અંતરમાં શું કરો છો તે મને હવે સમજાણું.

આત્માની પૂર્ણ જ્ઞાન—આનંદ દશા જલ્દી પ્રાપ્ત થાય ને નિજ સ્વરૂપમાં પૂર્ણ સ્થિત જલ્દી થાય એ જ ભાવના.....

卐 卐 卐

## પૂજ્ય ગુરુદેવના હૃદયોદ્ગાર

ક્ષમા સ્વરૂપ જ હું છું, માટે મારું સ્વરૂપ જોવું છે; કષાયને મંદ કરવા, સમતા સ્વરૂપમાં લીન થાવું.

આજે આત્મા સાથે ક્ષમાવવાનો દિવસ છે. મેં પરથી લાભ માન્યો હોય કે પરને મારા માન્યા હોય તો ''મારા આત્મા તરફથી

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આજે ક્ષમા છે.'' ભાઈ! હવે સંસારની સાથે ક્ષમા આપ અતીન્દ્રિય નાથમાં જા ને!! એના ભેટા કરને!

''હું પરમાત્માનો નાથ છું એ જ મારું જીવવું સફળ થયું.''

પોતે પોતાના સહજ ભાવથી ક્ષમારૂપી સમતા ભાવમાં લીન થાય છે. એક ગુણ પ્રગટે એટલે બધા ગુણો પ્રગટે છે. સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ, બધા ગુણો અંશે એકીસાથે પ્રગટ થાય છે.

ભેદજ્ઞાન થતાં બધા ગુણો એકીસાથે ઉછળે. હું શાંતસ્વરૂપ જ આત્મા છું. માટે ભેદજ્ઞાન કરવું. આત્માનો જે જ્ઞાનોપયોગ છે તેમાં અંદર રાગ અને જ્ઞાનમાં ભેદ પાડવો. જ્ઞાન સ્વરૂપ હું છું, રાગ મારું સ્વરૂપ નથી, એમ માત્ર વિકલ્પથી જ નહિ. યથાર્થ તળિયામાંથી એનું સ્વરૂપ સમજી ''રાગને રાગરૂપ અને જ્ઞાનને જ્ઞાનરૂપ'' સમજવું, વસ્તુ સ્વરૂપ એમ જ છે.

卐 卐 卐

## પ્રતિકૂળ સંયોગોમાં અકંપ જ્ઞાની

સંસારમાં જીવોને સદા અનુકૂળ પ્રસંગોની પ્રાપ્તિ હોતી નથી. ઉત્તમ મનુષ્ય ભવમાં પણ અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. પૂર્વ કર્મના ઉદય અનુસાર ક્યારેક જીવને સાતાનો ઉદય મુખ્યપણે હોય છે. ક્યારેક અસાતાનો ઉદય મુખ્યપણે હોય છે. સદાય એકરૂપ સ્થિતિ હોતી નથી. ધર્મી જીવને પણ અસાતાનો ઉદય જોવા મળે છે. પૂર્વ કર્મના ઉદય નિમિત્તે ધર્મી જીવને પણ અનેક પ્રકારના પ્રતિકૂળ સંયોગો આવી પડે છે, સંસારી જીવોને કંપાવનાર આકરો અસાતાનો ઉદય આવી પડવા છતાં પણ ધર્માત્માની પરિણતી અકંપપણે જ રહે છે.

ગમે તેવા આકરા અસાતાના સંયોગ કાળે પણ ધર્માત્મા એમ વિચારે છે કે આ પ્રસંગમાં તો ખરેખર સત્તામાં રહેલું અસાતા કર્મ ખરી ગયું છે અને પોતાની પરિણતી સ્વભાવ સન્મુખ વૃદ્ધિને પામે

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



છે, ઉદાસીન વૃત્તિમાં રહે છે, તેથી બહારમાં પ્રતિકૂળતા આવવા છતાં ખરેખર તો પ્રતિકૂળતા ટળી જાય છે અને જેટલું અસાતા કર્મ ખર્યું તેટલું તેનાથી ઋણ મુક્ત થઈ જવાય છે. તો આ પ્રસંગે મારું અનિષ્ટ શું થયું છે? ''કાંઈ પણ નહીં.''

આ પ્રસંગમાં ધર્મી જીવ કર્મ–નિર્જરાના વિચાર કરે છે અને પોતાની પરિણતીમાં ધૈર્ય ને શાંતિ સમાધાન રાખે છે, આ સમયે પરિણામોમાં શુદ્ધિની વૃદ્ધિ કરી રહ્યા છે.

વળી પ્રતિકૂળતાના પ્રસંગમાં અજ્ઞાની શું ન કરે? અજ્ઞાનીની દૃષ્ટિ જ વિપરીત છે, માટે અજ્ઞાનપણે કષાયવશ થઈ જાય છે અને કષાયની લાળ વધારે છે.

કર્મનો તીવ્ર ઉદય આવતા પ્રતિકૂળતાના સમયમાં શાંતિ અને સમભાવ રાખવા માટે પૂજ્ય ચૈતન્ય સ્વરૂપી બેને અમૃતમય શાંતિ મંત્રો આપ્યા હતા.

પ્રભુ જિન ભજો પ્રભુ જિન ભજો.......
ચિંતામણી ચિત્ત સદાય ભજો.

ચિંતામણિ જેવા પ્રભુને નિત્ય ભજો કે જેથી તમારું જીવન ચિંતામણિ જેવું નિર્મળ થઈ જાય.

હે ભગવાન! બધાને સદ્‌બુદ્ધિ આપો જેથી પૂજ્ય શ્રી કૃપાળુ ગુરુદેવના શાસનમાં અપ્રભાવના થાય નહીં.

પૂ. બેન આત્માર્થી બહેનોને સંબોધીને કહેતા.......તમારે એવી દૃષ્ટિથી જોવું કે રાગ–દ્વેષ થાય નહીં, એક આત્મ–ઉન્નતિની જ દૃષ્ટિ રાખવી જેથી તમારા આત્મામાં લાભ થશે અને જેમ બને તેમ મિથ્યાત્વ મંદ પડે તેમ કરશો કે જેથી સમ્યગ્દર્શન નજીક આવે.

તમે કહો છો ને કે અમારે આપની સાથે મોક્ષપુરીમાં આવવું છે, તો કેવી રીતે અવાય?

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



આ વસ્તુ કાંઈ એવી નથી કે તમને હાથમાં આપીએ. જે વિધિ બતાવી છે તે પ્રમાણે કરો તો અમારી સાથે રહેવાશે. આત્માની આરાધના એવી કરો કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય, તો સાથે જરૂર આવશે. આત્માની ભાવના કરતાં કરતાં પામી જાઓ તો તો ઘણું જ સારું, પરંતુ કદાચિત્ આ ભવમાં ન પમાય, ભલે આખી જિંદગી ચાલી જાય પણ આ સત્‌ના સંસ્કાર છોડશો નહીં જેથી બીજા ભવમાં જલ્દી અને સુગમતાથી મળી જશે. અમે પણ પૂર્વે આત્માની આરાધના કરીને આવ્યા છીએ, જેથી પરમ પૂજ્ય શ્રી ગુરુદેવના પ્રતાપે આટલી નાની વયમાં "આત્મા" "આત્મા" કરતાં ઊભા થયા અને આત્મા મળ્યો.

પ્રશ્ન :—અમારે આત્માની શોધ માટે શું કરવું?

ઉત્તર :—એક આત્માના જ વિચાર કરો કે આ હું જાણનાર કોણ છું? દેખનાર કોણ છું? આ દેહથી જુદો આત્મા કોણ છે? અંદર જઈને શોધખોળ કરો. આ વિચાર નિરંતર કરો જેથી કોઈ સમયે આત્મા જણાઈ જશે. આવા વિચાર કરતાં કરતાં મિથ્યાત્વ ઘણું જ મંદ પડે છે.

આ સિવાય પૂજા–ભક્તિ આદિમાં પણ પ્રભુના ગુણોનું સ્તવન–કીર્તન કરતાં વિચારવું કે જેવા પ્રભુના ગુણો છે તેવા જ મારામાં છે. ભગવાનના ગુણોનું બહુમાન આવે તો મિથ્યાત્વ મંદ પડી જાય.

પગલે પગલે પ્રભુના ગુણો સંભારતા,
અંતરના વિસરે ઉચાટ રે.....
મોક્ષગામી ભવથી ઉગારજો..........

હે પ્રભુ! પગલે પગલે તારા ગુણોનું સ્મરણ કરતાં અંતરના બધા ઉચાટ વિસરી જવાય છે. હે પ્રભુ! જેવા આપ અનંતા ગુણોથી બિરાજી રહ્યા છો, તેવા અનંતા ગુણો મારામાં છે, તે મને પ્રગટ થાઓ.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ભગવાનની ભક્તિ કાંઈ એકલા ગાવા માટે જ છે કે અંદર ઉતારવા માટે છે?

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવના વ્યાખ્યાન સાંભળતા બસ ચૈતન્ય ચૈતન્ય જ થાય છે. જાણે એક ચૈતન્ય આત્મા જ તરવરી રહ્યો છે, તેમ જ થાય છે. માટે તમારે પણ આ લક્ષે વ્યાખ્યાન સાંભળવું.

અમે મંદિરમાં ધ્યાનમાં બેસીએ છીએ ત્યારે સામાયિકરૂપ થઈએ એવી ભાવના ભાવીએ છીએ. અમે સમ્યગ્દર્શન તો પ્રાપ્ત કરી લીધું છે તેમાં કંઈ પણ ફેર નથી અને ચારિત્ર પ્રાપ્ત કરવાના પુરુષાર્થની વૃદ્ધિમાં છીએ, નિર્જરા પણ થતી જાય છે. અહીં તો આત્મામાં શીતળતા જ વર્તે છે અને ઘણી જ શાંતિ છે. મૌન સેવવાથી આત્મ—આરાધનામાં વૃદ્ધિ થાય છે.

પ્રતિકૂળતાના સંયોગમાં આ આત્મા ઘણી વૃદ્ધિને પામ્યો છે. માટે તમે કોઈ અમારા નિમિત્તે રાગ—દ્વેષ કરશો નહીં; જેમ બને તેમ મિથ્યાત્વના રસ મંદ પાડવા.

તમે દેવ—ગુરુ—શાસ્ત્રના શરણે આવ્યા છો માટે દેવ—ગુરુ—શાસ્ત્રની પ્રતીતિ ભક્તિ ભાવથી કરશો. તેમનું બહુમાન કરો જેથી તમારા આત્મામાં લાભ થાશે.

"હું તો તમને એક જ આશીર્વાદ આપું છું કે સમ્યગ્દર્શન પામો પામો."

તમારે કસોટીનો સમય આવ્યો છે, કર્મ છોડવાના ટાણા આવ્યા છે. અમે તો કર્મ છોડીએ છીએ, તો તમે શા માટે બાંધો છો?

તમે આ સમૂહ પૂજા કરો છો તે મને બહુ જ ગમે છે, જિનેન્દ્ર ભગવાનની પૂજા ભક્તિ ઉલ્લાસ ભાવથી કરવી, એવી મહિમાથી કરવી કે કોઈ સમયે એવા ભાવ થઈ જાય કે તેમાં આત્માના ભવનો અંત આવી જાય.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પં. બનારસીદાસજી કહે છે કે જિન પ્રતિમા જિન સારખી કહી જિનાગમ માંહિ. જિનેન્દ્ર ભગવાનની મહિમા જ એવી છે કે જીવને ઉલ્લાસ ભાવ થતાં પરિણામ ઉત્કૃષ્ટ થઈ જાય તો નક્કી આત્માનો ભાવ સુધરી જાય. ભવનો અંત નજીક આવે. ઉલ્લસિતવીર્યથી ભગવાનની પૂજા કરવી.

નાના રહેવામાં ગુણ છે, જેમ બને તેમ નાનાપણે રહેવું એમાં જ લાભ છે, સારા પરિણામથી, ઉત્કૃષ્ટ પરિણામથી પોતાને લાભ જ થાય. પોતે આત્માની નજીક થઈ જાય. સારાની અસર લેવી કે જેથી તમારી અસર બીજા સારી જ લે.

તમારે કોઈની અપેક્ષા રાખવી નહીં. નિરપેક્ષભાવ જ રાખવો.

અહીં તો આ આત્માને કાંઈ નથી, શાંતિ શાંતિ ને શાંતિ જ છે. અંદર આત્મામાં તો શીતળતા શીતળતા જ છે. જાણે કાશ્મીરનો હિમ છે, જાણે બરફનો ઢગલો થયો હોય.

શાસ્ત્ર–સ્વાધ્યાયને વૈરાગ્યથી શ્રવણ કરતાં મિથ્યાત્વના રસ મંદ પડે છે તેથી જેમ બને તેમ શાસ્ત્ર–સ્વાધ્યાય, ભક્તિને વૈરાગ્ય વધારવો.

આ પ્રસંગ એવા છે કે મિથ્યાત્વ કર્મના બંધ પણ પડે અને મિથ્યાત્વના રસ ઘટે પણ ખરા. માટે મિથ્યાત્વના રસ મંદ પડે તેમ કરવું.

આ આત્મામાં મને તો ખૂબ શાંતિ છે, તમે બધા પણ શાંતિ અને ધીરજ રાખો. કોઈના પ્રત્યે દોષ–દૃષ્ટિથી જોવું નહીં. ઉપેક્ષાભાવ જ બધા પ્રત્યે રાખો.

પૂ. બેને પ્રતિકૂળતાના આવા પ્રસંગોમાં ધીરજ અને શાંતિ રાખવાની પ્રેરણાં આપતાં નીચે મુજબ પદ્ય રચના કરી છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ધીરજ સ્વભાવી દેવ,
ચેતન ધીરજ ધારો,
ધીરજમાં શાંતિ અપાર ચેતન ધીરજ ધારો.......

ધીરજમાં છે સાથે ગુણ અનંતા,
ઝગમગતા પ્રગટે અપાર......ચેતન ધીરજ ધારો......

પ્રભુ ઉપદેશ દે છે રે ભવ્યને,
પ્રભુ સેવકને સમજાવે રે......ચેતન ધીરજ ધારો.....

જ્ઞાયક સ્વભાવી તું દેવ છો શાશ્વત,
આકુળ–વ્યાકુળતાનો નાશ......ચેતન ધીરજ ધારો.....

ધીરજનો પિંડ તું ચેતન રાજા,
જ્ઞાયક સ્વભાવમાં દેખ રે દેખ......ચેતન ધીરજ ધારો.....

ધીરજમાં આનંદ આનંદ અપાર છે,
શરણું છે તારામાંય.......ચેતન ધીરજ ધારો......

આનંદથી કરો રે પ્રયત્ન જી,
ધીરજથી પહોંચશો ભવપાર રે......ચેતન ધીરજ ધારો.....

ધ્યેયને ધ્યાનમાં લેજે રે, ચેતન,
એક ઉપાય છે તારે રે.....ચેતન ધીરજ ધારો.....

ધીરજ સ્વભાવી તું દેવ રે.....ચેતન ધીરજ ધારો.....
મનવાંછિત કાર્ય સિદ્ધ થાય છે,

પ્રભુ શરણમાં તમે આવો રે.....ચેતન ધીરજ ધારો.....
સમય નથી હવે ઝાઝો રે મ્હારો,

ભગવંતને ભક્ત મળી જાય રે.....ચેતન ધીરજ ધારો......
ટૂંક સમયમાં હું આવું પ્રભુ દ્વારે,

દાસને પ્રભુ સમજાવે રે......ચેતન ધીરજ ધારો.....

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



## કર્મનો તીવ્ર ઉદય આવતાં પણ જ્ઞાનીની અકંપદશા

સંવત ૨૦૩૨(ઈ.સ. 1976) ની સાલમાં અચાનક પડી જવાથી પગમાં ફ્રેક્ચર થવાથી તીવ્ર વેદના સમયે પગની પીડામાં પણ જ્ઞાયકદેવ પોતે હાજરાહજૂર હોવાથી આત્મશાંતિનું વેદન વધારે થતું હતું તે જ્ઞાનીઓની વિશેષતા છે. તે જ ભાવો પૂજ્ય બેનના જ શબ્દોમાં.

જેઠ માસમાં આ શરીર પડી જવાથી ડાબા પગના હાડકામાં ફ્રેક્ચર થયું ને પગનું ઓપરેશન પણ થયું, તે વખતે પગની પીડાના વેદન વખતે જ પીડા કરતા આત્મશાંતિનું વેદન વધારે હતું, ''જ્ઞાયકદેવ પોતે હાજરાહજૂર જાગતો હતો તેમાં જ્ઞાયકદેવના સુખનું જ વેદન મુખ્ય હતું. જ્ઞાયકદેવ જ જ્ઞાનમાં તરવરતો હતો, તેમાં કેટલીકવાર તો પીડાનો ખ્યાલ પણ રહેતો ન હતો.''

આત્મા પોતે અશરીરી છે તે અશરીરીપણું જ નજરે દેખાતું હતું. દ્રવ્ય ને ભાવે અશરીરી થવું જ છે. શરીર મળવાનું જ નથી પછી રોગ ક્યાં આવવાનો જ છે.

શરીરનો યોગ છે ત્યાં સુધી જે ઉદય હોય તે આવે.

ઓપરેશનના કારણે શરીરમાં ઘણી જ નબળાઈ થઈ જતી હતી ને શરીર કદાચ છૂટી જાય એમ પણ લાગતું હતું તો શરીર છૂટે તેનો ભય જરા પણ ન હતો. શરીરનો સંયોગ છૂટે, આત્મા તો કાયમ ટકનાર છે પોતે ધ્રુવ સ્વરૂપે શાશ્વત છે, જ્યાં સુધી જ્ઞાન આનંદ સ્વભાવની પૂર્ણ પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી બીજો દેહ તો મળશે અને તે દેવનો જ ભવ છે!

જ્ઞાન આનંદાદિ અનંત ગુણની પૂર્ણતા કરીને ચૈતન્ય પિંડ શરીર રહિત એકલો ચૈતન્યદેવ પોતાના અનંતગુણમાં કેલી કરે તેની બલીહારી છે. શ્રી જિનેન્દ્રદેવ અને શ્રી ગુરુદેવના પરમ પ્રતાપે તે પદ પ્રાપ્ત થવાને જાજી વાર નથી. તેનું આરાધન ચાલે છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



એકવાર કર્મનો ઉદય ઘણો જ આકરો આવ્યો હતો પણ તે ઉદયના સમયે જ્ઞાયકનો સામ્યભાવ સારી રીતે વૃદ્ધિને પ્રાપ્ત થયો છે.

કર્મના આકરા ઉદયના સમયે પણ આત્મામાં શાન્તિ સમાધિની પ્રાપ્તિ સારી થઈ છે. ઉદયે ઉદયનું કામ કર્યું, આત્માએ આત્મ શાન્તિનું કામ કર્યું.

આ શરીરમાં છાતીમાં ભીંસ આવવાનું દર્દ ઘણીવાર થતું, ત્યારે જેમ ભીંસનું જોર વધે તેમ જ્ઞાયકભાવની પણ તીવ્રતાનું સાચું જોર વધે. તે ભેદજ્ઞાનનો પરમ પ્રતાપ છે.

આ આત્માને ભેદજ્ઞાન થયું ત્યારથી સાથોસાથ શરીરમાં પણ અસાતાનો ઉદય હતો. પેટમાં વાયુ, ગેસ, છાતીમાં દુઃખાવો ભીંસ પણ એ અસાતા જ્યારે વધારે દેખાય ત્યારે આત્મ–સમાધિ આત્મશાન્તિ, જ્ઞાયકભાવની વૃદ્ધિ પણ વધારે થતી એ પ્રત્યક્ષ અનુભવશીલ વાત છે.

卐 卐 卐

આ ગુરુદેવના પરમ પ્રતાપે આ આત્માએ પોતે પોતાના સ્વસ્વરૂપને ઓળખ્યું. પોતાનો જ્ઞાયક પોતે જ્ઞાનનો જ્ઞાતા ત્રણે પોતાના એકરૂપ અભેદરૂપ થઈને પરિણમ્યા. અનંતગુણ ઉછળી આત્મા પ્રત્યક્ષપણે દેખાય તેમ આત્માના દર્શન થયા આનંદનો અનુભવ થયો.

જ્ઞાયક મન-વચન-કાયાની ક્રિયામાં હર સમયે પરિણમન કરે છે. રાગ–દ્વેષના ભાવો જ્ઞાયકદેવના વેદનમાં છે જ નહીં.

આત્મા જ્ઞાનનો અવતાર છે જ્ઞાનપિંડ છે સમતાસ્વરૂપ છે, આનંદ સ્વરૂપ આદિ અનંત ગુણસ્વરૂપ છે. આત્મા પોતે પરથી નિરપેક્ષ છે, નિરપેક્ષ સ્વરૂપે જ પોતે છે. પરની અપેક્ષા તે આત્માને

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



કલંકરૂપ છે. પોતે પોતાના ગુણથી જ ભરપૂર છે. પછી પરની અપેક્ષા એમા ક્યાં છે જ. એવા નિરપેક્ષ સ્વરૂપને નિહાળતા શાંતિ સમતા આનંદ ઉછળે છે.

卐 卐 卐

પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાંથી ચૈતન્ય આનંદનું ઘોલન સાંભળીને સવારે મંદિરમાં (બંને બેનો) અમો બેસીએ છીએ ત્યારે ધ્યાનમાં એકદમ લીન થઈ જવાય છે. શ્રી જિનેન્દ્રદેવની ધ્યાનસ્થ મુદ્રાની છત્ર છાંયામાં આ આત્મા પણ ચૈતન્ય સ્વરૂપમાં એકદમ લીન થઈ જાય છે.

પૂજ્ય કૃપાળુ ગુરુદેવના પરમ પ્રતાપે શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેતશિખરજીની યાત્રા પણ ઘણીવાર થઈ! પૂજ્ય ગુરુદેવ સાથે પણ યાત્રા કરતાં શાશ્વત તીર્થના દર્શન થતાં રોમરોમ ઉલ્લસી જતાં હતા, જાણે કે કોઈ સિદ્ધ ભગવાનના ધામમાં આવ્યા હોઈએ એવો ઉલ્લાસ આવતો હતો. જાણે સાક્ષાત્ સિદ્ધ ભગવાનના દર્શન થતાં હોય. જાણે મુનિવરોના દર્શન થયાં એવા ભાવો ભાસ્યમાન થતા હતા. વન જંગલ દેખીને મુનિરાજ યાદ આવે અને આપણને એવી દશા ક્યારે પ્રાપ્ત થશે કે સર્વ ઉપાધિથી મુક્ત થઈને આત્મ સમાધિમાં લીન થઈને સંયમભાવ પ્રાપ્ત કરીને વન જંગલમાં આત્મ સાધના સાધીએ એવો ઉત્તમ સુઅવસર ક્યારે આવશે યાત્રા કરતાં આવા સંયમ ભાવની પણ સારી પુષ્ટી થાય છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ॐ

## સહજ ચિદાનંદ

### સહજ ॐ ચિદાનંદ

# પૂજ્ય ગુરુદેવના સ્વાધ્યાયમાંથી ચૂંટેલા સિદ્ધાંતો

૧. ક્રમબદ્ધ પર્યાય
૨. ઉપાદાન–નિમિત, ઉપાદાન–ધ્રુવ અને ક્ષણિક ઉપાદાન
૩. મુખ્ય તે નિશ્ચય–ગૌણ તે વ્યવહાર
૪. દ્રવ્ય દૃષ્ટિ–શુદ્ધ દૃષ્ટિ
૫. સમ્યકદર્શન–આત્મધર્મ
૬. પારિણામિક ભાવ–સ્વભાવ
૭. સિદ્ધ સમાન સદા પદ મેરો–ધ્રુવ સ્વભાવ
૮. પ્રત્યેક કાર્ય–પાંચ સમવાય પૂર્વક થાય છે.
૯. ભૂતાર્થ આશ્રિત–મોક્ષ તત્ત્વ
૧૦. सुद्धणयं वियाणीहि—હે શિષ્ય! તું શુદ્ધનયથી જાણ
૧૧. परसदि जिणसासणं सव्वं–જિનશાસન બાહ્ય
૧૨. દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.
૧૩. કારણશુદ્ધ પર્યાય–પૂજિત પંચમભાવપરિણતી
૧૪. સ્વરૂપપ્રત્યક્ષ–અનુભવ પ્રત્યક્ષ
૧૫. કારણ પરમાત્મા–ત્રિકાળી આત્મા
૧૬. સામાન્ય દ્રવ્ય–વિશેષ પર્યય બંને સ્વતંત્ર સત્ત છે.
૧૭. ઉત્પાદ–ઉત્પાદના આશ્રયે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૧૮. અલિંગગ્રહણમાં દ્રવ્ય તથા પર્યાય—આત્મા દ્રવ્યથી નહીં આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે.

૧૯. મહાસત્તા—અવાંતર સત્તા

૨૦. શાસ્ત્ર તથા સૂત્રનું તાત્પર્ય—વીતરાગતા છે.

૨૧. મોક્ષમાર્ગ એક જ છે તેના કથન બે પ્રકારે છે. (નિશ્ચયથી—વ્યવહારથી)

૨૨. કારણ શુદ્ધ જીવ—કાર્ય શુદ્ધ જીવ

૨૩. જ્ઞાયક જ્ઞાયકભાવે અનાદિથી રહેલો છે.

૨૪. ષટ્ કારક નિરપેક્ષ છે—પંચાસ્તિકાયમાં આવે છે.

૨૫. ચાર અભાવ થાય

૨૬. છ સામાન્ય ગુણો

૨૭. નિમિત્ત—નૈમિત્તિક સંબંધ

૨૮. ઉત્પાદ—વ્યય—ધ્રુવયુક્તં સત્

૨૯. સત્ત દ્રવ્ય લક્ષણં

૩૦. પ્રવચનસાર ગાથા—૯૯—હારના દૃષ્ટાંતે દ્રવ્યને પરિણમતું સિદ્ધ કરવું છે.

૩૧. પર્યાયનું કારણ પર્યાય જ છે, પર્યાયની સત્તા ગુણ વિના જ પર્યાયનું કારણ છે.

૩૨. નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે.

૩૩. ભૈયા ભગવતીદાસજીના ૪૭ દોહા, બનારસીદાસજીના ૭ દોહા, ૪૭ શક્તિ, ૪૭ નયો

૩૪. સમ્યક્ત્વમાં જ્ઞાની જ નિમિત્ત થાય

૩૫. વિકાર પણ પરિણામિકભાવે (જયધવલ પુસ્તક એક પા.—૩૧૯)

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૩૬. મતિશ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય થઈ જાય છે.

૩૭. સાધુ સલ્લેખના સમયે ફરીથી પચ્ચખાણ કરે છે.

૩૮. કર્મ પ્રકૃતિની સ્થિતિ પણ સ્વતંત્ર છે.

૩૯. સ્વ–પર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ જ છે.

૪૦. છ દ્રવ્યની કાળલબ્ધિ–પર્યાયની સ્વતંત્રતા દર્શાવે છે.

૪૧. जं जस्स जम्मिदेसे, जेए विहाणेण जम्मि कालम्भि।

૪૨. णादं जिणेण एयदं, जम्म वा अहव मरणं वा।

(कार्तिकेयानुप्रेक्षा गा--329)

૪૩. બંને મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રગટ થાય છે.
(દ્રવ્ય સંગ્રહની ૪૭ ગાથા)

૪૪. સ્વામી કાર્તિક અનુપ્રેક્ષા–કાળના અધિકારમાં કારણકાર્ય એક જ સમયમાં હોય છે.

૪૫. દ્રવ્ય–ગુણ–પર્યાયના કર્તા–કર્મ અને કારણ

૪૬. સ્વચતુષ્ટય–પરચતુષ્ટય પોતાના કાળમાં હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે વડે સત્‌પણું છે.

૪૭. એકત્વવિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું.

૪૮. ભેદવિજ્ઞાન તે સિદ્ધા

૪૯. पूव्व परिणामजुतं दव्वं कारणं
उत्तर परिणामजुतं दव्वं कार्य ॥

૫૦. પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગ કર્તાપણાનું નામ પોતાને નથી.

૫૧. સ્વભાવમાં ક્ષાયોપશમિકભાવનો પણ અભાવ છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૫૨. છ દ્રવ્યરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે, તે અવ્યક્ત છે. (સમયસાર ગાથ ૪૯)

૫૩. આત્માને અને ક્રોધાદિને પ્રદેશભેદ છે. તેથી વસ્તુ ભિન્ન છે. (સમયસાર ગાથા ૧૮૧–૧૮૩)

૫૪. આત્મા પોતાને જાણે છે તેમાં પણ સ્વ–સ્વામીઅંશરૂપ વ્યવહાર છે. જ્ઞાયક જ્ઞાયક જ છે.

૫૫. જે પર દ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી, તથા છાડી શકાતું નથી, એવો જ કોઈ આત્માનો પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે. (સમયસાર ગાથા–૪૦૬)

૫૬. અનાદિરુઢ વ્યવહારમાં મૂઢ–પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ (સમયસાર ગાથા–૪૧૩)

૫૭. સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી સ્વયંભૂ કહેવાય છે. (પ્રવચનસાર ગાથા–૧૬)

૫૮. અનાદિ અનંત અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે. (પ્રવચનસાર ગાથા–૨૧)

૫૯. તિર્યંચ–મનુષ્યો પ્રત્યે કરુણાબુદ્ધિ એ મોહનું ચિહ્ન હોવાથી પ્રેક્ષાયોગ્ય છે. (પ્રવચનસાર ગાથા–૮૫)

૬૦. અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને જ, અજ્ઞાની સમસ્ત ક્રિયાક્લાપને છાતી–સરસો ભેટવાથી મનુષ્ય વ્યવહારનો આશ્રય કરે છે. (પ્રવચનસાર ગાથા–૯૪)

૬૧. હું એકલો જ કર્તા–કર્મ–કરણ અને કર્મફળ હતો કે જે ઉપરોક્ત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવ વડે નિપજાવવામાં આવતું હતું. (પ્રવચનસાર ગાથા–૧૨૬)

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૬૨. તે સંસાર અવસ્થામાં આત્મદ્રવ્યથી ઉત્પન્ન થતા સ્વપરિણામનો કર્તા થતો થકો કર્મરજ વડે ગ્રહાય છે અને કદાચિત મૂકાય છે. (પ્રવચનસાર ગાથા–૧૬૭)

૬૩. નિશ્ચયનય સાધકતમ હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે અને વ્યવહારનય સાધકતમ નથી માટે ગ્રહવા યોગ્ય નથી. (પ્રવચનસાર ગાથા–૧૮૯)

૬૪. શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિ વડે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરીને સિદ્ધ થયા તે એક જ માર્ગ છે. (પ્રવચનસાર ગાથા–૧૯૯)

૬૫. કારણસ્વભાવદર્શન ઉપયોગ–સ્વરૂપ શ્રદ્ધાન માત્ર જ કારણદૃષ્ટિ છે. (નિયમસાર ગાથા–૧૩)

૬૬. શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે નિયમ/કારણ નિયમ છે. (નિયમસાર ગાથા–૩)

૬૭. કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. (નિયમસાર ગાથા–૪૫–૪૬)

૬૮. જિસ કાલ વિષેં જૈસી હોની હૈ ત્યોં હી હોય, જો ભી જિસ જિસ ભાવકી જૈસી જૈસી રીતિ કરી પ્રવર્તના હૈ તિસી તિસી રીતિ પાય પરિણમે સો ભી નિશ્ચય. (ચિદ્ વિલાસ પા.–૫૩)

૬૯. પર્યાયકા કારણ પર્યાય હી તે હૈ. (ચિદ્ વિલાસ–પા. ૪૦)

૭૦. પર્યાય કી વ્યાખ્યા–અગુરુલઘુ અખંડિત ત્રિકાળ સમયવર્તી હૈ.

૭૧. કર્મ વિના ચાર ભાવ નથી. –પંચાસ્તિકાય ગાથા–૫૮

૭૨. મુક્ત જીવ એકસમયવર્તી અવિગ્રહગતિ વડે સ્વભાવિક ઉર્ધ્વગમન કરે છે.

૭૩. દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગનો અનુસરણ કરીને તે શુભ પરિણામ ભાવપુણ્ય છે. (પંચાસ્તિકાય ગાથા–૧૩૨)

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૭૪. મોક્ષમાર્ગ ખરેખર એક સંવર જ છે. (પં. ગાથા—૧૪૧)

૭૫. દોડતો આયતસામાન્ય સમુદાય = આયત એટલે લંબાઈ અર્થાત કાલ અપેક્ષિત પ્રવાહ.

૭૬. વ્રતાદિ જૈનધર્મ નથી—પુણ્ય છે.

૭૭. વ્યવહારનય તે કાળે જાણેલો પ્રયોજનવાન છે.
(સમયસાર ગાથા—૧૨)

૭૮. હું દેહ નથી, મન નથી તેમ જ વાણી નથી; તેમનું કારણ નથી, કર્તા નથી, કારયિતા નથી કર્તાનો અનુમોદક નથી.
(પ્રવચનસાર ગાથા—૧૬૦)

૭૯. અનેકાન્તમય આગમ/દ્રવ્યશ્રુત તેમ જ ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમે છે. (પ્રવચનસાર ગાથા—૨૩૫)

૮૦. સ્વ—પર પ્રકાશક જ્ઞાનને આત્મરૂપ કરતો પ્રગટ દેદીપ્યમાન થાય છે. (પ્રવચનસાર ગાથા—૨૦૦ નો કળશ—૧૧.)

૮૧. શુદ્ધોપયોગીને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું.
(પ્રવચનસાર ગાથા—૨૭૪)

૮૨. મિથ્યાત્વઆદિ ભાવોના જ્ઞાન સમયે જ્ઞાન અજ્ઞાનત્વ પેદા કરે છે.

૮૩. ‘‘सामान्यशास्त्रतो नूनं विशेषो बलवान भवेत’’
‘‘સામાન્યશાસ્ત્રથી વિશેષ બળવાન છે.’’
મોક્ષમાર્ગ પ્રકાશક સાતમો અધિકાર પાના નં. ૨૦૮

૮૪. સાધુ પુરુષોએ રત્નત્રય નિત્ય સેવવા યોગ્ય છે, તેમજ વ્યવહારે બીજાને પણ એ જ ઉપદેશ કરવો.
સમયસાર ગાથા—૧૬.

૮૫. અનંત પર્યાયમાળાથી અલિંગિત સ્વરૂપે સૂચિત.....
પ્રવચનસાર ગાથા—૨૩.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૮૬. શુદ્ધ ચિદ્રૂપોહં.

૮૭. સ્વાધીન તે સુખ, પરાધીન તે દુઃખ.

૮૮. ખરેખર આગમ વિના પદાર્થોનો નિશ્ચય કરી શકાતો નથી; કારણ કે આગમ જ, જેને ત્રણે કાળે ત્રણ લક્ષણો પ્રવર્તે છે, એવા સકળ પદાર્થ સાથેના યથાતથ્ય જ્ઞાન વડે સુસ્થિત તરંગથી ગંભીર છે = પ્ર. સા. ગાથા—૨૩૨

૮૯. નિશ્ચય તે સત્યાર્થ એમ જ છે, વ્યવહાર તે એમ નથી. મોક્ષમાર્ગ પ્રકાશક.

૯૦. જ્ઞાતૃતત્ત્વ નિશ્ચયનય દ્વારા સૂત્રોના અને પદોના અર્થોના નિશ્ચયવાળું હોય છે.

૯૧. પોતાનો ગુરુ પોતે છે.

૯૨. બંને નય સમાન અને સત્યાર્થ માનવા તે ભ્રમ છે.

૯૩. સમ્યક એકાન્ત + અનેકાન્ત = અનેકાન્ત.

૯૪. અભેદ—ભેદ.

૯૫. શુદ્ધ—અશુદ્ધ.

૯૬. નિરપેક્ષ—સાપેક્ષ.

૯૭. સમયસાર કળશ ૨૧૧—શિલ્પીના દૃષ્ટાંતે અધિકારે—પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે.

૯૮. દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. સમયસાર કળશ—૧૩

૯૯. સ્વભાવમાં વિકારનો અત્યંત અભાવ છે.

૧૦૦. આદિ—મધ્ય—અંત સહિત અને રહિત.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં, સ્પર્શે નહીં.
(સમયસાર ગાથા–૩)

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.
(સમયસાર ગાથા–૩૦૮ થી ૩૧૧)

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે. વ્યય કે ધ્રુવથી નથી.
(પ્રવચનસાર ગાથા–૧૦૧)

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકનના પરિણમનથી થાય છે.
(પંચાસ્તિકાય ગાથા–૬૨)

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.
(સમયસાર ગાથા–૧૮૧-૧૮૩)

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.
(સમયસાર શક્તિ–૩૩)

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યક્દર્શન થાય છે.
(સમયસાર ગાથા–૧૧)

૮. ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.
(પંચાસ્તિકાય ગાથા–૧૭૨)

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન પણ વેદન નહીં અને પર્યાયનું વેદન પણ આલંબન નહીં.

૧૧. સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ
પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના
સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુના પ્રદેશ
પરક્ષેત્ર એટલે પ્રદેશમાં ભેદ પાડવો તે
સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પરકાળ એટલે એક સમયની પર્યાય

સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ

પરભાવ એટલે ગુણભેદ (ગુણમાં ભેદ પાડવો તે)

(કળશ ટીકા કળશ–૨૫૨)

૧૨. પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.

પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે.

પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે.

પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.(ચિદ્દવિલાસ પાના–૮૯)

૧૩. અનેકાન્ત–એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું એકી સાથે પ્રકાશવું તે અનેકાન્ત છે.

(સમયસાર કળશ–૨૬૩, સમયસાર પાના–૬૦૯)

૧૪. એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે.(ચિદ્દવિલાસ પાના–૭૫)

૧૫. (૧) એક દ્રવ્યમાં અનંત ગુણ છે.

(૨) એક ગુણની અનંત પર્યાય છે.

(૩) એક પર્યાયમાં અનંત નૃત્ય છે.

(૪) એક નૃત્યમાં અનંત ઘટ છે.

(૫) એક ઘટમાં અનંત કળા છે.

(૬) એક કળામાં અનંત રૂપ છે.

(૭) એક રૂપમાં અનંત સત્ત છે. (સત્તા)

(૮) એક સત્તામાં અનંત ભાવ છે.

(૯) એક ભાવમાં અનંત રસ છે.

(૧૦) એક રસમાં અનંત પ્રભાવ છે.

(–અધ્યાત્મ પંચ સંગ્રહ પાના–૧ જ્ઞાનદર્પણ પાના–૨૬)

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૧૬. (૧) સ્વદ્રવ્ય અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.

(૨) સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

(૩) સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

(૪) સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

(૫) સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.

(૬) સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

(૭) સ્વદ્રવ્યની રક્ષકતા પર લક્ષ રાખો.

(૮) પર દ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

(૯) પર દ્રવ્યની રમણતા ત્વરાથી તજો.

(૧૦) પર ભાવથી વિરક્ત થાઓ.

(શ્રીમદ્ રાજચંદ્ર પાના–૧૩)

૧૭. ભાવશક્તિ–વિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય જ એવાપણારૂપ ભાવશક્તિ)

ભાવશક્તિ–(કર્તા–કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (હોવામાત્રમયી–થવામાત્રમયી)

ભાવાય–આત્મદ્રવ્ય, પુરુષ સમાન 'પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્ત્વકાળના પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે–પ્રતિભાસે છે.

(પ્રવચનસાર નય–૧૫)

૧૮. નિત્ય સ્વાધ્યાય :—

(૧) સમયસાર ગાથા–૧ થી ૧૬, (૨) સમયસાર ૪૭ શક્તિ, (૩) પ્રવચનસાર પરિશિષ્ટ–૪૭ નયો (૪) પ્રવચનસાર અલિંગગ્રહણ–૨૦ બોલ–ગાથા–૧૭૨ (૫) અવ્યક્તના ૬ બોલ. (૬) શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૦ બોલ (સ્વ–દ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ) (૭) પાંચ બાલ

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



બ્રહ્મચારી તીર્થંકર (૮) ૨૪ તીર્થંકર.

૧૯. પરમાં અકિંચિત્કર હોવાથી આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી. (સમયસાર ગાથા—૨૬૭)

૨૦. दंसणभट्ठा भट्ठा दसणभट्ठास्य णत्थि णिव्वाणं।
सिज्झंति चरियभट्ठाआ दंसणभट्ठा ण सिज्झंति॥

(દર્શન પાહુડ ગાથા—૩)

૨૧. जीवादिबहित्तच्च हेयमुवादेयमप्पणो अप्पा।
कम्मापाधिसमुब्भवगुणपज्ञाएहिं वदिरित्तो॥

(જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. —નિયમસાર ગાથા—૩૮.)

૨૨. पुव्वत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अतरतच्च हवे अप्पा॥

(જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ શુદ્ધનિશ્ચયનયના બળે હેય છે. કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે નિયમસાર ગાથા—૫૦)

૨૩. એક જ સમયમાં સર્વદર્શિત્વશક્તિ અને સર્વજ્ઞત્વ શક્તિ છે. આ અદ્‌ભૂત રસ છે—અધ્યાત્મપંચ સંગ્રહ (પરમાત્મપુરાણ પાના—૫૨.)

૨૪. પ્રવચનસાર પૃ. ૧૫૦, અનુભવપ્રકાશ પૃ. ૬, રાજવાર્તિક પૃ. ૫૫૯, પદ્મનંદી પંચવિંશતિકા પૃ. ૧૮૧, પરમાત્મપુરાણ પૃ. ૩૫ ના આધારે બીજી શક્તિઓ.

| | | |
|---|---|---|
| ૧. સમકિત | ૨. ચારિત્ર | ૩. સ્વયંસિદ્ધત્વ |
| ૪. અજ | ૫. અખંડતા | ૬. વિમળ |
| ૭. ભેદ | ૮. અભેદ | ૯. નાસ્તિ |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



| | | |
|---|---|---|
| ૧૦. સાકાર | ૧૧. નિરાકાર | ૧૨. વસ્તુત્વ |
| ૧૩. અચળ | ૧૪. ઉર્ધ્વગમનત્વ | ૧૫. સત્ત |
| ૧૬. અસત્ત | ૧૭. સૂક્ષ્મ | ૧૮. સ્થૂલ |
| ૧૯. અપ્રમેયત્વ | ૨૦. અન્યત્વ | ૨૧.અનંત અગુરુલઘુત્વ |
| ૨૨. ભવ્ય | ૨૩. અભવ્ય | ૨૪. સર્વગતત્વ |
| ૨૫. દ્રવ્યત્વ | ૨૬. અવગાહન | ૨૭. સૂક્ષ્મ |
| ૨૮. અગુરુલઘુ | ૨૯. અવ્યાબાધ | ૩૦. વિભાવ |
| ૩૧. યોગ | ૩૨. અવગાહન | ૩૩. ક્રિયાવર્તી |
| ૩૪. ભોક્તૃત્વ | ૩૫. અસર્વગતત્વ | |
| ૩૬. અનાદિ સંતતિબંધનબદ્ધત્વ | | ૩૭. પૂર્ણ |
| ૩૮. નિત્ય | ૩૯. પરમ ભાવ | ૪૦. નિજધર્મભાવ |
| ૪૧. ધ્રુવભાવ | ૪૨. કેવળભાવ | ૪૩. શાશ્વતભાવ |
| ૪૪. અતુલ ભાવ | ૪૫. અછેદ્યભાવ | ૪૬. અમિતભાવ |
| ૪૭. પ્રકાશભાવ | ૪૮. અપાર મહિમાભાવ | ૪૯. અકલંકભાવ |
| ૫૦. અકર્મભાવ | ૫૧. અધરભાવ | ૫૨. અખેદ ભાવ |
| ૫૩. નિઃસંસારભાવ | ૫૪. કલ્યાણભાવ | |

## ૨૫. અનેકાન્તને હજુ વિશેષ ચર્ચે છે.

૧. ક્રમરૂપ અને અક્રમરૂપ અનંત ધર્મસમૂહ જે કોઈ જેવડો લક્ષિત થાય છે તે સઘળોય ખરેખર એક આત્મા છે.

૨. જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની અનંત શક્તિ ઉછળે છે.

૩. ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે.

૪. એકેક શક્તિ અનંતમાં વ્યાપક છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



૫. એક શક્તિ અનંતને નિમિત્ત છે.

૬. એક શક્તિ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વ્યાપે છે.

૭. એ શક્તિમાં ધ્રુવઉપાદાન ક્ષણિક ઉપાદાન છે.

૮. એકેક શક્તિમાં વ્યવહારનો અભાવ છે.

૯. તે જ અનેકાન્ત છે, સ્યાદ્વાદ છે.

૧૦. શક્તિ પારિણામિકભાવે છે.

૧૧. કર્તા આદિ છ કારકો અભિન્ન છે અને નિરપેક્ષ છે.

૧૨. એકેક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે.

૧૩. જન્મક્ષણ તે જ નાશક્ષણ છે.

૧૪. ઉત્પાદ, ઉત્પાદનાઆ કારણે.

૧૫. કાળલબ્ધિ

૧૬. પોતપોતાના અવસરે થાય છે.

૧૭. નિશ્ચય–વ્યવહાર

૧૮. શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી.

૧૯. ક્રમવર્તી જ્ઞાનપર્યાય, તે પરને જાણે એ પણ વ્યવહાર.

૨૦. જાણનાર જાણનારની છે એવા સ્વસ્વામી અંશથી શું સાધ્ય છે.

૨૧. રાગને ઉપાદેય માને, તે આત્માને હેય માને છે; આત્માને ઉપાદેય માને, તે રાગને હેય માને છે.

૨૨. દરેક શક્તિમાં અકાર્ય–કારણનું રૂપ છે.

૨૩. દરેક શક્તિમાં ત્યાગ–ઉપાદાન શૂન્યત્વ છે.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ॐ

## नमो चतुर्विध आराधनाय नमो नमः

(१) णमो जिणाणं
(२) णमो ओहिजिमाणं
(३) णमो परमोहिणाणं
(४) णमो सव्वोहिजिणाणं
(५) णमो अणंतोहिजिणाणं
(६) णमो कोट्ठबुद्धिणं
(७) णमो बीजबुद्धिणं
(८) णमो पदाणुसारीणं
(९) णमो संमिण्णसोदाराणं
(१०) णमो उजुमदीणं
(११) णमो विउलमदीणं
(१२) णमो दसपुव्वियाणं
(१३) णमो चोद्दसपुव्वियामं
(१४) णमो अट्ठंगमहाणिमित्तकुसलाणं
(१५) णमो विउव्वणपत्ताणं
(१६) णमो विज्जाहराणं
(१७) णमो चारणाणं
(१८) णमो पण्णसमणाणं
(१९) णमो आगासगामीणं
(२०) णमो आसीविसाणं
(२१) णमो दिट्ठिविसाणं
(२२) णमो उग्गतवाणं
(२३) णमो दित्ततवाणं
(२४) णमो तत्ततवाणं
(२५) णमो महातवाणं
(२६) णमो घोरतवाणं
(२७) णमो घोरपरक्कमाणं
(२८) णमो घोरगुणाणं
(२९) णमो ऽघोरगुणबंभचारीणं
(३०) णमो आमोसहिपत्ताणं
(३१) णमो खेलोसहिपत्ताणं
(३२) णमो जल्लोसहिपत्ताणं
(३३) णमो विट्ठोसहिपत्ताणं
(३४) णमो सव्वोसहिपत्ताणं
(३५) णमो मणबलीणं
(३६) णमो बचिबलीणं
(३७) णमो कायबलीणं
(३८) णमो खीरसवीणं
(३९) णमो सप्पिसवीणं
(४०) णमो महुसवीणं
(४१) णमो अमडसवीणं
(४२) णमो अक्खीणमहाणसाणं
(४३) णमो लोस सव्वीसद्धायदणाणं
(४४) णमो बद्धमाणबुद्धरिसिस्स

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org


## પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં થયેલ દિગમ્બર જૈન મન્દિરોની પ્રતિષ્ઠા

| ક્રમ | ગામ | મંદિર | તિથિ | વિ.સં. | ઈ.સ. | મૂળનાયક ભગવાન |
|---|---|---|---|---|---|---|
| (૧) | સોનગઢ | જિનમંદિર | ફાગણ સુદ—૨ | ૧૯૯૭ | (1941) | શ્રી સીમન્ધર ભગવાન પંચકલ્યાણક |
| (૨) | સોનગઢ | સમવસરણ મંદિર | વૈશાખ વદ—૬ | ૧૯૯૮ | (1942) | શ્રી સીમંધર ભગવાન પંચકલ્યાણક |
| (૩) | વીંછીયા | જિનમંદિર | ફાગણ સુદ—૭ | ૨૦૦૫ | (1941) | શ્રી ચંદ્રપ્રભુ ભગવાન પંચકલ્યાણક |
| (૪) | લાઠી | જિનમન્દિર | જેઠ સુદ—૫ | ૨૦૦૫ | (1949) | શ્રી સીમંધર ભગવાન પંચકલ્યાણક |
| (૫) | રાજકોટ | જિનમંદિર | ફાગણ સુદ—૧૨ | ૨૦૦૬ | (1950) | શ્રી સીમંધર ભગવાન પંચકલ્યાણક |
| (૬) | સોનગઢ | માનસ્તંભજી | ચૈત્ર સુદ—૧૦ | ૨૦૦૯ | (1953) | શ્રી સીમંધર ભગવાન પંચકલ્યાણક |
| (૭) | પોરબંદર | જિનમંદિર | ફાગણ સુદ—૩ | ૨૦૧૦ | (1954) | શ્રી પાર્શ્વનાથ ભગવાન પંચકલ્યાણક |
| (૮) | મોરબી | જિનમંદિર | ચૈત્ર સુદ—૨ | ૨૦૧૦ | (1954) | શ્રી મહાવીર ભગવાન પંચકલ્યાણક |
| (૯) | વાંકાનેર | જિનમંદિર | ચૈત્ર સુદ—૧૩ | ૨૦૧૦ | (1954) | શ્રી વર્દ્ધમાન ભગવાન પંચકલ્યાણક |
| (૧૦) | વઢવાણ | જિનમંદિર | ચૈત્ર વદ—૮ | ૨૦૧૦ | (1954) | શ્રી સીમંધર ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૧૧) | સુરેન્દ્રનગર | જિનમંદિર | વૈશાખ સુદ—૩ | ૨૦૧૦ | (1954) | શ્રી શાન્તિનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૧૨) | રાણપુર | જિનમંદિર | વૈશાખ સુદ—૧૩ | ૨૦૧૦ | (1954) | શ્રી મહાવીર ભગવાન વેદી પ્રતિષ્ઠા |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧૩) | બોટાદ | જિનમંદિર | વૈશાખ વદ—૭ | ૨૦૧૦ **(1954)** | શ્રી શ્રેયાંસનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૧૪) | ઉમરાળા | જિનમંદિર | જેઠ સુદ—૪ | ૨૦૧૦ **(1954)** | શ્રી સીમંધર ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૧૫) | સોનગઢ | નૂતન જિનમંદિર | કારતક સુદ—૧૨ | ૨૦૧૩ **(1957)** | શ્રી નેમિનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૧૬) | પાલેજ | જિનમંદિર | માગશર સુદ—૧૧ | ૨૦૧૩ **(1957)** | શ્રી અનન્તનાથ ભ. વેદી પ્રતિષ્ઠા |
| (૧૭) | લીંબડી | જિનમંદિર | વૈશાખ સુદ—૧૩ | ૨૦૧૪ **(1958)** | શ્રી પાર્શ્વનાથ ભ. પંચકલ્યાણક |
| (૧૮) | મુંબઈ | જિનમંદિર | મહા સુદ—૬ | ૨૦૧૫ **(1959)** | શ્રી સીમંધર ભગવાન, પંચકલ્યાણક |
| (૧૯) | ખેરાગઢ | જિનમંદિર | ચૈત્ર સુદ—૧ | ૨૦૧૫ **(1959)** | શ્રી શાન્તિનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૨૦) | વડિયા | જિનમંદિર | ચૈત્ર સુદ—૬ | ૨૦૧૬ **(1960)** | શ્રી નેમિનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૨૧) | જેતપુર | જિનમંદિર | મહા સુદ—૧૧ | ૨૦૧૬ **(1960)** | શ્રી શ્રેયાંસનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૨૨) | ગોંડલ | જિનમંદિર | મહા સુદ—૧૫ | ૨૦૧૬ **(1960)** | શ્રી શાન્તિનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૨૩) | જામનગર | જિનમંદિર | મહા સુદ—૭ | ૨૦૧૭ **(1961)** | શ્રી મહાવીર ભગવાન પાંચ કલ્યાણક |
| (૨૪) | સાવરકુંડલા | જિનમંદિર | ફાગણ સુદ—૧૨ | ૨૦૧૭ **(1961)** | શ્રી શાન્તિનાથ ભગવાન વેદી પ્રતિષ્ઠા |
| (૨૫) | જોરાવરનગર | જિનમંદિર | વૈશાખ સુદ—૧૩ | ૨૦૧૯ **(1963)** | શ્રી આદિનાથ ભ. પંચકલ્યાણક |
| (૨૬) | દહેગામ | જિનમંદિર | વૈશાખ વદ—૮ | ૨૦૧૯ **(1963)** | શ્રી મહાવીરસ્વામી વેદી પ્રતિષ્ઠા |
| (૨૭) | રખિયાલ | જિનમંદિર | ફાગણ વદ—૩ | ૨૦૨૦ **(1964)** | શ્રી નેમિનાથ ભ. વેદી પ્રતિષ્ઠા |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



| | | | | | |
|---|---|---|---|---|---|
| (૨૮) | ભોપાલ | જિનમંદિર | જેઠ સુદ–૫ | ૨૦૧૯ **(1963)** | શ્રી મહાવીર સ્વામી વેદી પ્રતિષ્ઠા |
| (૨૯) | બોટાદ | જિનમંદિર ઉપર | ચૈત્ર સુદ–૮ | ૨૦૨૦ **(1964)** | વેદી પ્રતિષ્ઠા |
| (૩૦) | દાદર | જિનમંદિર | વૈશાખ સુદ–૧૧ | ૨૦૨૦ **(1964)** | શ્રી મહાવીર સ્વામી તથા |
| | | સમવશરણ | | | સીમંધર ભગવાન પંચકલ્યાણક |
| (૩૧) | ઉજ્જૈન | જિનમંદિર | મહા વદ ૬ | ૨૦૨૧ **(1965)** | શ્રી સીમંધર સ્વામી વેદી પ્રતિષ્ઠા |
| (૩૨) | ભોપાલ | જિનમંદિર | | ૨૦૨૧ **(1965)** | શ્રી આદિનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૩૩) | રાજકોટ | સમવસરણ અને | | | |
| | | માનસ્તંભજી | વૈશાખ સુદ–૧૨ | ૨૦૨૧ **(1965)** | શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણક |
| (૩૪) | જસદણ | જિનમન્દિર | પોષ વદ–૮ | ૨૦૨૩ **(1967)** | શ્રી મહાવીર સ્વામી વેદી પ્રતિષ્ઠા |
| (૩૫) | આંકડિયા | જિનમંદિર | મહા સુદ–૧ | ૨૦૨૩ **(1967)** | શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક |
| (૩૬) | હિંમતનગર | જિનમંદિર | મહા સુદ–૧૧ | ૨૦૨૩ **(1967)** | શ્રી પાર્શ્વનાથ ભગવાન પંચકલ્યાણક |
| (૩૭) | જયપુર | જિનમંદિર | ફાગણ સુદ–૨ | ૨૦૨૩ **(1967)** | શ્રી સીમંધર સ્વામી વેદી પ્રતિષ્ઠા |
| (૩૮) | ઉદયપુર | જિનમંદિર | ચૈત્ર વદ–૮ | ૨૦૨૩ **(1967)** | શ્રી ચન્દ્રપ્રભુ વેદી પ્રતિષ્ઠા |
| (૩૯) | અહમદાબાદ | જિનમંદિર | ફાગણ સુદ–૫ | ૨૦૨૫ **(1969)** | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક |
| (૪૦) | રણાસણ | જિનમંદિર | ફાગણ વદ–૨ | ૨૦૨૫ **(1969)** | શ્રી આદિનાથ પંચકલ્યાણક |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



| | | | | | |
|---|---|---|---|---|---|
| (૪૧) | મલાડ | જિનમંદિર | વૈશાખ સુદ—૭ | ૨૦૨૫ **(1969)** | શ્રી આદિનાથ પંચકલ્યાણક (વીસ વિહરમાન) |
| (૪૨) | ઘાટકોપર | જિનમંદિર | વૈશાખ સુદ—૮ | ૨૦૨૫ **(1969)** | શ્રી નેમિનાથ પંચ કલ્યાણક |
| (૪૩) | ઈન્દૌર (તિલક નગર) | જિનમંદિર | વૈશાખ વદ—૫ | ૨૦૨૫ **(1969)** | શ્રી વેદી પ્રતિષ્ઠા |
| (૪૪) | મક્સી(પાર્શ્વનાથ) | | વૈશાખ વદ—૭ | ૨૦૨૫ **(1969)** | શ્રી પાર્શ્વનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૪૫) | અન્તરીક્ષ પાર્શ્વનાથ શીરપૂર | | ફાગણ સુદ—૨ | ૨૦૨૬ **(1970)** | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક |
| (૪૬) | જલગાઁવ | જિનમંદિર | ફાગણ સુદ—૬ | ૨૦૨૬ **(1970)** | શ્રી વેદી પ્રતિષ્ઠા આદિનાથ ભ. |
| (૪૭) | કાનાતળાવ | જિનમંદિર | ચૈત્ર વદ-૧૧ | ૨૦૨૬ **(1970)** | શ્રી ધર્મનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૪૮) | ભાવનગર | જિનમંદિર | વૈશાખ સુદ—૩ | ૨૦૨૬ **(1970)** | શ્રી સીમંધર સ્વામી પંચ કલ્યાણક |
| (૪૯) | અમરેલી | જિનમંદિર | ફાગણ સુદ—૫ | ૨૦૨૮ **(1971)** | શ્રી શાન્તિનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૫૦) | ઘાટકોપર | જિનમંદિર (સર્વોદય) | ફાગણ વદ—૩ | ૨૦૨૮ **(1971)** | શ્રી આદિનાથ સ્વામી પંચકલ્યાણક |
| (૫૧) | ફતેપુર | સમવશરણ | વૈશાખ સુદ—૩ | ૨૦૨૮ **(1971)** | શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણક |
| (૫૨) | રામપુરા | જિનમંદિર | વૈશાખ વદ—૫ | ૨૦૨૮ **(1971)** | શ્રી આદિનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૫૩) | બામણવાડા | જિનમંદિર | વૈશાખ સુદ—૬ | ૨૦૨૮ **(1971)** | શ્રી આદિનાથ વેદી પ્રતિષ્ઠા |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



| | | | | | |
|---|---|---|---|---|---|
| (૫૪) | જામ્બૂડી | જિનમંદિર | કારતક સુદ–૧૩ | ૨૦૩૦ **(1974)** | શ્રી વેદી પ્રતિષ્ઠા |
| (૫૫) | સોનગઢ | પરમાગમ મંદિર | ફાગણ સુદ–૧૩ | ૨૦૩૦ **(1974)** | શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક |
| (૫૬) | ગઢડા | જિનમંદિર | વૈશાખ વદ–૨ | ૨૦૩૦ **(1974)** | શ્રી પાર્શ્વનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૫૭) | જુનાગઢ | માનસ્તંભ | મહા સુદ–૫ | ૨૦૩૧ **(1975)** | શ્રી નેમિનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૫૮) | ભોપાલ | જિનમંદિર પીપલાની | મહાવદ–૩ | ૨૦૩૧ **(1975)** | શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક |
| (૫૯) | ખૂરઈ | માનસ્તંભ | મહાવદ–૭ | ૨૦૩૧ **(1975)** | શ્રી આદિનાથ વેદી પ્રતિષ્ઠા |
| (૬૦) | સનાવદ | સમવસરણ | મહા વદ–૧૧ | ૨૦૩૧ **(1975)** | શ્રી સીમંધર સ્વામી વેદી પ્રતિષ્ઠા |
| (૬૧) | બેંગલોર | જિનમંદિર સમવસરણ | ચૈત્ર સુદી ૧૩ | ૨૦૩૧ **(1975)** | શ્રી મહાવીર સ્વામી પંચ કલ્યાણક |
| (૬૨) | વઢવાણ | જિનમંદિર | ફાગણ સુદ–૮ | ૨૦૩૨ **(1976)** | શ્રી વર્ધમાન સ્વામી પંચ કલ્યાણક |
| (૬૩) | મદ્રાસ | જિનમંદિર | ફાગણ સુદ–૩ | ૨૦૩૪ **(1978)** | શ્રી મહાવીર સ્વામી પંચ કલ્યાણક |
| (૬૪) | કુરાવડ | જિનમંદિર | વૈશાખ સુદ–૧૩ | ૨૦૩૪ **(1978)** | શ્રી સીમંધર સ્વામી પંચ કલ્યાણક |
| (૬૫) | નાઈરોબી | જિનમંદિર | મહા સુદ–૨ | ૨૦૩૬ **(1980)** | શ્રી મહાવીર સ્વામી પંચ કલ્યાણક |
| (૬૬) | વડોદરા | જિનમંદિર | ફાગણ સુદ–૧૩ | ૨૦૩૬ **(1980)** | શ્રી આદિનાથ પંચ કલ્યાણક |

પૂજ્ય ગુરુદેવશ્રી હસ્તે ૩૩ પંચકલ્યાણક અને ૩૩ વેદી પ્રતિષ્ઠા થઈ હતી.

卐 卐 卐

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

दंसण मूलो धम्मो

श्री जैन मुमुक्षु महिला मंडळ, देवलाली

Printed By : "MERCURY", A'bad. 079-27545211, M. 93270 07016

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com